पित्रे

Scientific thought does not mean thought about scientific subjects with long names There are no scientific subjects The subject of science is the Human Universe that is to say, everything that is, that has been, or may be related to man W. K. Clifford

વૈજ્ઞાનિક વિચારનો અર્થ એમ નથી થતો કે લાંબા લાંબા નામવાળા વૈજ્ઞાનિક વિષયો સંબંધી વિચાર. ખરેખર વૈજ્ઞાનિક વિષયો છે જ નહિ. મનુષ્યનું વિશ્વ એ જ વિજ્ઞાનનો વિષય; એટલે મનુષ્યના ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની બધી બાબતોનો તેમાં સમાવેશ થાય છે.

કલીફર્ડ

અનુક્રમ

વિષય		પાનું
નિવેદન	પહેલી આવૃત્તિનું...	૬
,,	ત્રીજી આવૃત્તિનું...	૮
,,	ચોથી આવૃત્તિનું...	૧૧
પ્રકરણ	૧ લું. વિજ્ઞાન એટલે શું?	૧
,,	૨ જું. વૈજ્ઞાનિક વૃત્તિ–વૈજ્ઞાનિક સ્વભાવનાં લક્ષણો	૨૫
,,	૩ જું. વિજ્ઞાનના કેટલાએક મૌલિક સિદ્ધાન્તો...	૫૦
,,	૪ થું. વિજ્ઞાનનો નકશો	૬૭
,,	૫ મું. વિજ્ઞાનના ઇતિહાસનું હિંદુસ્થાન–પ્રાચીન ઓપ	૭૮
,,	૬ ઠું ,, ,, પ્રાચીન હિંદમાં વિજ્ઞાન	૯૦
,,	૭ મું. ,, ,, યુરોપમાં મધ્યકાલ	૧૨૨
,,	૮ મું. ,, ,, યુરોપમાં અર્વાચીન સમય	૧૩૦
,,	૯ મું. પદાર્થવિદ્યા	૧૪૦
,,	૧૦ મું. ભૌતિકશાસ્ત્રો	૧૫૫
,,	૧૧ મું. રસવિદ્યા	૧૮૪
,,	૧૨ મું. માનસશાસ્ત્ર	૨૦૧૭
,,	૧૩ મું. વિજ્ઞાન અને રસવૃત્તિ	૨૧૭
,,	૧૪ મું. ગુજરાત અને વિજ્ઞાન	૨૩૩
	અંદર્શ પુસ્તકોની યાદી	૨૪૪
	પરિભાષિક શબ્દકોષ : અંગ્રેજી	૨૪૩
	,, ,, : ગુજરાતી	૨૫૭

પ્રથમ આવૃત્તિનું નિવેદન

ગુજરાતી ભાષામાં વિજ્ઞાન સંબંધી પુસ્તકો ઘણાં જ થોડાં છે તેમાં ઉમેરો કરતાં જરાયે સોજા થતો કોઈએ નહિ અને આવાં પુસ્તકોને માટે લાંબા નિવેદનની જરૂર રહેતી નથી.

ગુજરાતીમાં વિજ્ઞાનની વિવિધ શાખાઓ વિષે પણ નજીવાં પુસ્તકો અનુવાદરૂપે અથવા સ્વતંત્ર રીતે તૈયાર થયેલાં છે; પરંતુ વિજ્ઞાનનું પારમાર્થિક સ્વરૂપ સમજવા માટે સ્વતંત્ર વિવેચનાત્મક પુસ્તક મારી જાણમાં નથી. શિક્ષણમાં ઉપયોગી પુસ્તકોની માગણી વધારે થવાથી પ્રથમ પ્રકારનાં પુસ્તકો જલદીથી તૈયાર થાય એ સ્વાભાવિક છે; પરંતુ વ્યાપારૂ જનસમાજમાં વિજ્ઞાનને વધારે જાણીતું અને વધારે લોકપ્રિય કરવાને માટે વિજ્ઞાનના મુખ્ય સિદ્ધાન્તો સરળતાથી સમજવવાને પુસ્તકોની વધુ જરૂર છે. સન ૧૯૧૫ માં હેમ યુનિવર્સિટી લાઇબ્રેરીનાં પુસ્તકમાં થોમસનનું 'Introduction to Science' વાંચવાથી તેના જેવું એક સ્વતંત્ર પુસ્તક લખવાનું મને સ્ફુરણ થયું. એ પુસ્તક સુંદર શૈલીમાં લખાયું હોવા છતાં તેનો તરજુમો કે અનુવાદ ગુજરાતી વાચકને અનુકૂળ નહિ આવે એમ મને તરત સૂઝયું હતું. આ કામ હાથમાં લીધા પછી પૂરું થતાં ઘણોજ સમય લાગ્યો અને તે સમયમાં બીજાં અનેક પુસ્તકો વાંચવામાં આવ્યાં, થોમસનના પુસ્તકના કરતાં જૂદું તદ્દન જુદું જ પુસ્તક લખાયું છે અને ધારવા કરતાં લાંબું પણ વધારે થયું છે. દરેક સ્થળે સંબંધિત પુસ્તકોનો ઉલ્લેખ કરવો અશક્ય હોવાથી તેમની યાદી જુદી આપવામાં આવી છે; તેમાંથી આ વિષયના વધારે અભ્યાસ કરનારને સાધન અને માહિતી મળશે.

આ પુસ્તકના મુખ્ય ત્રણ ભાગ પાડી શકાય: પહેલા વિભાગમાં વિજ્ઞાનના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વિજ્ઞાન એટલે શું?

વિજ્ઞાનની પદ્ધતિ, વૈજ્ઞાનિક વૃત્તિનાં લક્ષણો, વિજ્ઞાનના કેટલાકે મૌલિક સિદ્ધાન્તો, વિજ્ઞાનની વિવિધ શાખાઓનો પરિચય કરાવનાર, વિજ્ઞાનનો નકશો, વગેરે પ્રકરણો પહેલા વિભાગમાં સમાપ્ત છે.

બીજા વિભાગમાં વિજ્ઞાનના ઇતિહાસનું દિગ્દર્શન કરવામાં આવ્યું છે. વિજ્ઞાનનો ઇતિહાસ જાણ્યા વિના, વિજ્ઞાનની હાલની સ્થિતિ અને હાલના અજ્ઞાનના પ્રશ્નોનું વિવેચન સમજવું મુશ્કેલ છે; પ્રાચીન ભારતમાં થયેલી વિજ્ઞાનની શોધો અને તેમનું મૂલ્યાંકન વિવેચન ગુજરાતી વાચકને ખાસ ઉપયોગી અને રસપ્રદ લાગશે એમ ધારીને "પ્રાચીન હિંદમાં વિજ્ઞાન" એ વિષયનું પ્રકરણ બહુ પાછળથી ઉમેરવામાં આવ્યું છે. ભૂમિતિવિદ્યા, જ્યોતિષશાસ્ત્રો, રસાયનવિદ્યા, જીવવિદ્યા, માનસશાસ્ત્ર એ બધા વિષયોનું માત્ર દિગ્દર્શન કરવા જતાં આ વિભાગ જરા લાંબો થયો છે. પરંતુ તે વાંચ્યા વિના કોઈપણ વિભાગમાં મૂકાયેલા વિજ્ઞાનના અજ્ઞાનના પ્રશ્નોનું વિવેચન કઠિન લાગશે.

વિજ્ઞાન અને રસવૃત્તિ, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન અને ધર્મજ્ઞાનના એ ત્રણ પ્રકરણમાં કોઈનો વિષય સમાપ્ત થાય છે. વિજ્ઞાનની વાસ્તવિક કિંમત અને અર્વાચીન સંસ્કૃતિમાં વિજ્ઞાને આપેલા ફાળાની સમજૂતી આ પ્રકરણોમાં આપવામાં આવી છે. છેવટે "ગુજરાતને વિજ્ઞાનની જરૂર" એ પ્રકરણમાં વિજ્ઞાનની ઉપયોગિતા અને આવશ્યકતા દર્શાવીને પુસ્તકની સમાપ્તિ કરી છે.

આ ઉપરાંત વિજ્ઞાનની પદ્ધતિના ઉદાહરણરૂપે વિજ્ઞાનની શાખાઓ અને ઉપશાખાઓના વિષયોનો પરિચય કરાવવાના હેતુથી મેં જુદા જુદા સ્વતંત્ર રીતે લખેલા, પરંતુ આ પુસ્તક લખ્યું થયા પહેલાં અપ્રગટ એવા લેખસંગ્રહ "વિજ્ઞાનવિનોદ" એ નામથી ગુજરાતી સાહિત્ય પરિષદ લોકોપયોગ કમિટી તરફથી જુદો પ્રગટ કરવામાં આવ્યો છે. આ બંને પુસ્તકો સ્વતંત્ર હોવા છતાં બન્નેનું લક્ષ્ય એક જ હોવાથી તેમને સાથે વાંચવાથી વાચકને ઉપયોગી થઈ પડશે.

આ પુસ્તકમાં વપરાયેલા પારિભાષિક શબ્દોનો કોષ અંતમાં

ચાલવામાં આવ્યો છે. વૈજ્ઞાનિક પરિભાષાના અંગ્રેજી પર્યાયોના વિષયમાં હજુ વ્યવસ્થા અને નિશ્ચિતતા પ્રાપ્ત થઇ નથી: આ વિષયમાં "સાહિત્ય" પરિષદ ૧૯૨૧ માં અપનાવેલા બારા વિચારોમાં ફેરફાર કરવાની અને જરૂર લાગતી નથી. કેવળ નવીનતાને ખાતર સંસ્કૃત શબ્દોજ શોધવા જોઇએ, અને ફારસી કે અંગ્રેજી ભાષાના શબ્દોનો તદ્દન જ ત્યાગ કરવો જોઇએ એ અભિપ્રાય મને માન્ય નથી. પરિભાષા સરળ અને અર્થસૂચક હોવી જોઇએ એ દૃષ્ટિબિંદુ સર્વોપરિ રાખીને બીજી ભાષાના શબ્દોને સ્વીકારતાં અચકાવું જોઇએ નહિ.

આ નિવેદનમાં મારો પરમ મિત્ર ડૉ. ક્રાન્તિલાલ છબીલદાસ મુંબઇના સંબંધનો ઉલ્લેખ કર્યા વિના રહેવાય તેમ નથી. ૧૯૧૮ માં બેએસોસ્ટ્રાયન્સ ઇન્ડસ્ટ્રીટ્યૂટમાં સાથે રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં તેમના તરફથી ગુજરાતીમાં લખવાનું મને પ્રથમ પ્રોત્સાહન મળ્યું હતું. આ પ્રોત્સાહનને પ્રતાપે અને તેમના જ ઉત્સાહ અને ઉમંગને લીધે ૧૯૧૬ માં આ પુસ્તક લખવાનું મેં માથે લીધું હતું. ત્યાર બાદ પણ તેમની તીવ્ર પણ ઉદાર વિવેચકબુદ્ધિનો લાભ મને અનેક વાર મળ્યો છે અને હું કે તેનો પૂરેપૂરો ઉપયોગ કરી શક્યો નથી તે છતાં આ પુસ્તક તેમનું અનેક રીતે ઋણી રહેશે.

આ પુસ્તક લખાતી અને છપાતી વખતે અનેક ઉપયોગી સૂચનો કરવા માટે પ્રોફેસર સાંકળચંદ્ર જોશીલાલ શાહનો અને પુસ્તકની છપામણીમાં કરેલી મદદને માટે સોમાભાઇના આફ્રોસ એસિસ્ટંટ સેક્રેટરી રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખનો ઉપકાર માનવાની આ તક લઉં છું.

છેવટમાં મારે જણાવવું જોઇએ કે મારા જીવનવ્યવસાયમાંથી આ પુસ્તકને જોઇએ તેટલો સમય ઓછી વખતે આપી નહિ શકવાથી અનેક પ્રકારની ત્રુટીઓ રહી જવા પામી હશે એમ હું કબૂલ કરી શકું છું: તે દૂર કરવાની સૂચનાઓ મળશે તો તે ઉપર ધ્યાન આપવાને હું તત્પર રહીશ. ગુજરાતી સાહિત્યમાં વિજ્ઞાનનું જોઇએ તેવું પોષણ થયું આવ્યું છે;

અને તેથી આનંદ કરતાં સારું પુસ્તક લખવાના પ્રયાસ બીજી વેળા બીજા કોઇના હાથે થશે એમ આશા રાખીને આ પુસ્તકને પ્રસિદ્ધિમાં મૂકતાં મને આનંદ થાય છે.

કલકત્તા
૩૧-૧-૨૧

ચીમનલાલ ગોવિંદલાલ શાહ

બીજી આવૃત્તિનું નિવેદન

આ પુસ્તક પ્રથમ ૧૯૨૧ માં પ્રસિદ્ધ થયેલું. ત્યાર પછી તેની બીજી આવૃત્તિ ૧૯૩૮ માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ મને પૂછ્યા વિના છાપી નાખેલી તેથી પુસ્તક સુધારવાની મારી આશાઓ મનમાં જ રહી ગયેલી.

આજે ઓગણીસ વર્ષે આ પુસ્તકની નવી આવૃત્તિ કરવાનો પ્રસંગ આવે છે તેનો લાભ લઇને તેમાં ઘણા મહત્વના ફેરફારો કરીને, અને ઘણી નવી વૈજ્ઞાનિક માહિતી આપીને તેને અદ્યતન કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ કરતાં પુસ્તક ઘણું મોટું થઇ જવાનો ભય હતો તેથી કેટલાંકેક પ્રકરણો આ સમયમાં જૂના લાગવાથી છોડી દીધાં છે અને કૉલેજના વિદ્યાર્થીઓને રસ પડે તેવી માહિતી વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વળી તત્ત્વજ્ઞાન અને ધર્મના પ્રશ્નોને નવી દૃષ્ટિથી છણવાને માટે તે વિષયનાં પ્રકરણો ઉમેરી દેવામાં આવ્યા છે. તેમને નવા રૂપમાં, નવી માહિતી, નવા વિચારો અને નવા વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી તપાસીને અર્વાચીન અને પ્રાચીન વિજ્ઞાનનો સમન્વય કરવાની દૃષ્ટિથી 'વિજ્ઞાનવિવેક' નામના નવા પુસ્તકમાં સમેલ કરવામાં આવશે. આમ કરવામાં મુખ્ય દૃષ્ટિ આ પુસ્તકને જેમ બને તેમ વધારે સરળ લોકોપયોગી તેમ જ અદ્યતન બનાવવાની છે.

વિજ્ઞાનની પરિભાષા હજુ પણ અપરિચિત કે અંતિમ સ્વરૂપ પામી નથી. આ લેખકે વિજ્ઞાન પરિષદના રિપોર્ટ (૧૯૨૧) આ, અને સાહિત્ય પરિષદના વિજ્ઞાનવિભાગના પ્રમુખ તરીકે ૧૯૩૭ માં, શ્રી ફાર્બસ

ગુજરાતી સભા તરફથી પ્રસિદ્ધ કરેલા "વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ"માં તેમ જ આ પુસ્તકમાં આ દિશામાં પ્રયત્ન કર્યો છે. બીજાએ પણ પ્રયત્નો થયા છે, તે સઘળાને સ્થાયી રૂપ આપવાનું કામ ગુજરાત યુનિવર્સિટી જેવી સર્વ-માન્ય સંસ્થાના હાથે જ થઈ શકે. પરંતુ ઘણા વિચિત્ર શબ્દોમાં સુધારણા કરવાની જરૂર છે. મોલેક્યુલ માટે અણુ શબ્દ અને ઍટમ માટે પરમાણુ શબ્દ યોગ્ય હોવા છતાં દૈનિક છાપાંઓમાં અણુબૉમ્બ જેવા તરજુમિયો શબ્દ પ્રચલિત થઈ ગયો છે. જાતિ શબ્દ માનવકુલસમૂહોને માટે જ યોગ્ય હોવા છતાં પણ "જાતીય" શબ્દ ખોટા અર્થમાં વાપરવામાં આવે છે. આ અવ્યવસ્થા દૂર કરવાનું અગત્યનું કામ ત્વરાથી ઉપાડી લેવું જોઈએ. ઘણા શબ્દોને લોકભોગ્ય બનાવવાને માટે એકસાથેને બદલે સાદાક્ષ ઉપર અમુક અંશ સુધી બારાખડીની પ્રથા પડવી જોઈએ. વિદ્યુતને બદલે વીજ શબ્દ, વિદ્યુદ્ધને બદલે વીજાણુ શબ્દ એ આ જ દૃષ્ટિએ વાપર્યા છે. વૈજ્ઞાનિક, વૈમાસિક જેવા શબ્દને બદલે વિજ્ઞાની, ત્રિમાસી, એવા સાદા પણ અર્થસૂચક શબ્દોનો ઉપયોગ શિષ્ટ સાહિત્યમાં અપનાવવો ઘટે છે. આ પુસ્તકમાં સાહિત્યેતર વિષયના વાચકોને પણ સમજ અને રસ પડે તેવી સાદાક્ષ અને સરળતા સાચવતાં શિષ્ટ સાહિત્ય અને બોલીના નિયમોનો અજાણતાં અનાદર થયો હોય તો દરગુજર કરવામાં આવશે એવી આશા છે.

ગુજરાતી વાઙ્મયમાં વૈજ્ઞાનિક સાહિત્યની ઊણપ બધા જ હિતચિંતકોને ખૂંચે એ સ્વાભાવિક છે. પરંતુ અંગ્રેજી સાહિત્ય અને અંગ્રેજી વાચકોની સંખ્યાના પ્રમાણમાં ગુજરાતી સાહિત્યમાં વૈજ્ઞાનિક પુસ્તકોની સંખ્યા ઓછી ન ગણાય. ગુજરાતમાં નવા યુગમાં વિજ્ઞાનને જેવું સ્થાન મળે છે તે વાત ખરી છે. પરંતુ વિજ્ઞાનના વિષયો લેનાર વિદ્યાર્થીને સાહિત્ય, ભાષા, સમાજશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર વાંચવાના કે સમજવાના પ્રસંગો મળતા નથી તેથી વૈજ્ઞાનિક વિષયમાં ગ્રેજ્યુએટ થઈ જવાના સંભવ વધતા જાય છે. વૈજ્ઞાનિકોએ કેવળ પોતપોતાના વિષયો કે ઉપવિષયોમાં દટાઈ જવું જોઈએ નહિ:

તેમણે તો વિષયને સંકલિત અને સમન્વિત રૂપમાં જોયું જોઈએ—એ વિચાર ઉપર ભાર મૂકવાની દૃષ્ટિએ આ પુસ્તકને નવું રૂપ આપ્યું છે. ગુજરાતના નવવિધાનમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોને યોગ્ય સ્થાન મળે, અને વૈજ્ઞાનિકો પ્રબળ પોતાના દૃષ્ટિબિંદુ ઉપરાંત સકળ સૃષ્ટિને સમન્વિત રૂપમાં જોઈ શકે, અને વ્યક્તિ તેમ જ સમષ્ટિના કલ્યાણના માર્ગો સાધી શકે, તેને માટે યોગ્ય માર્ગદર્શન મળે અને પોતાની સાથે સામાન્ય પ્રજાને પણ વિજ્ઞાનપ્રેમી અને વિજ્ઞાનબુભુક્ષાતુરાગી બનાવે એવી આશાથી નવી આવૃત્તિ ગુજરાતી વાચક સમાજને અરપે પરતાં લેખકને આનંદ થાય છે.

પ્રકાશનનું કાર્ય ગુજરાત વર્નાક્યુલર સોસાયટી પાસેથી તેમની સંમતિથી લઈને ગુજરાત સંશોધન મંડળને સોંપવામાં આવ્યું છે. ને કેરફારની રજા આપવા માટે એ સંસ્થાને ધન્યવાદ ઘટે છે.

લલિત કુંજ : ભાર — પોપટલાલ ગોવિંદલાલ શાહ

મુંબઈ-૨૧ : તા. ૧૬-૫-૬૭

ચોથી આવૃત્તિનું નિવેદન

લગભગ એક જ વર્ષમાં નવી આવૃત્તિ છાપવાનું કામ હાથમાં લેવું પડેલું હોવાથી પુસ્તકમાં અત્યંત કોઈપણ ફેરફાર કરવાની અનુકૂળતા રહી નથી. આ ટૂંક સમયમાં દેશમાં બહુ જ્વલંત પ્રગતિ થઈ. ૧૫ મી ઑગસ્ટ ૧૯૪૭ ના રોજ હિંદને આઝાદી મળી; દેશના ભાગલા પડ્યા, અસંખ્ય કુટુંબો નષ્ટ થયાં—ઉન્મૂલિત થયાં—નિર્વાસિત થયાં—કાશ્મીર ઉપર આક્રમણ થયું—બોમ્બમારો, કાળાબજારો, જોડો-તપાસ એ કારણોને લીધે ભ્રમજ્વાળાઓ ભેકૂતો અને મધ્યમવર્ગની દુઃખદાયક સ્થિતિ—બધામાં ગાંધીનું કરપીણ ખૂન વગેરે દરેક બનાવ ઇતિહાસમાં અમર થઈ જશે.

મારી અશક્તિમાં ઉતાવળને લીધે ઘણી ભૂલો સુધારવા વિના રહી ગઈ હતી. એ અકલ્પ્ય સ્થિતિ સુધારવાને માટે અધ્યાપક ભાઈ ત્રિપિન ઝવેરીએ અત્યંત શ્રમ ઉઠાવ્યો છે તેમનો આભાર માનવાની તક લઉં છું.

વધારે સમય મળ્યો હોત તો અર્વાચીન વિજ્ઞાનની ક્ષિતિજમાં દેખાતાં નવાંકુરો અને નવકિરણોના પ્રકાશનો કોઈક લાભ આપવાનો વિચાર કરત. વિજ્ઞાનની અસંખ્ય શાખાઓ અને ઉપશાખાઓ જુદા જુદા ચીલાઓમાં ઢળી જવાથી માનવસંસ્કૃતિ વિખંડ અને તૂટક થતી જાય છે. તેમાંથી બચવાને માટે મનુષ્યની-માનવસંસ્કૃતિની એકતા સાધવાને માટે વિજ્ઞાનનું કેન્દ્રીકરણ અને સમન્વય થાય એ દિશામાં આપનો યત્ન છે તેના વિષે વધારે સમાલોચના કરી શકાત. પરંતુ આ બધા વિષયો "વિજ્ઞાનવિવેક" નામના નવા પુસ્તકમાં ચર્ચવામાં આવશે, અને આશા છે કે તે પુસ્તક તૈયાર થતાં હવે બહુ સમય નહિ લાગે.

લલિતકુંજ, આણંદ, પોપટલાલ ગોવિંદલાલ શાહ
મુંબઈ-૨૬ : તા. ૧-૬-૪૮.

પ્રકરણ ૧

વિજ્ઞાન એટલે શું?

અંગ્રેજીમાં જે વિષયોને "સાયન્સ" કહેવામાં આવે છે, તેને માટે ગુજરાતીમાં વિજ્ઞાન શબ્દ હવે રૂઢ થઈ ગયો છે. "સાયન્સ" શબ્દનો મૂળ અર્થ "જ્ઞાન" થાય છે; તેને બદલે ગુજરાતીમાં "વિજ્ઞાન" શબ્દ વાપરવાનું ખાસ પ્રયોજન છે. સંસ્કૃત તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મવિદ્યામાં જ્ઞાન અને વિજ્ઞાન એ બે શબ્દો જુદી રીતે વપરાયા છે; જ્ઞાન ધ્યાન અને ચંદનથી પ્રાપ્ત થાય છે, અને વિજ્ઞાન પ્રત્યક્ષ અનુભવથી (સાક્ષાત્કાર કરે) પ્રાપ્ત થાય છે. લગભગ આવો જ ભેદ અર્વાચીન જ્ઞાન અને વિજ્ઞાનમાં છે. વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન; અને તે પ્રત્યક્ષ અનુભવ અને નિરીક્ષણથી પ્રાપ્ત થયેલું જ્ઞાન. આ ઉપરાંત વિજ્ઞાનની વિશેષતા વ્યવસ્થા અને નિયમમાં સમાયેલી છે. સાધારણ જ્ઞાન છૂટક વસ્તુઓ કે વિચારોનું હોય છે. પણ જ્યારે આ છૂટક જ્ઞાનને વ્યવસ્થાપૂર્વક ગોઠવવામાં આવે ત્યારે તેમાંથી વિજ્ઞાનનાં તત્ત્વોનો આવિર્ભાવ થાય છે. સાધારણ જ્ઞાનને ઈંટોના ઢગલાની સાથે સરખાવીએ તો વિજ્ઞાનને તેમાંથી ચૂનાને નિયમસર ગોઠવીને બાંધેલી ઇમારત સાથે સરખાવી શકાય. સાધારણ જ્ઞાનને જળબિન્દુની સૃષ્ટિ સાથે સરખાવીએ તો વિજ્ઞાનને તેમાંથી ઉત્પન્ન થતાં સ્રોત, ઝરા અને નદીની સાથે સરખાવી શકાય. જલસૃષ્ટિ જે ઠેકાણે પડે તે ઠેકાણે જ સમાઈ જાય છે અને તેટલી જ જમીનને પોષી શકે છે; પરંતુ પ્રબળ વેગવાળા જળસ્રોતથી કુંવારોની કઠણ જમીન ફાડીને પોષી પણ છે અને તેના જળમાર્ગની બાજુપર સ્થળે સ્થળે નીલોતરી ઉત્પન્ન થાય છે, જળચક્કી ચાલી શકે છે, અને ઘૂળતાળાં રાહેરોની તરસી વસતીને માટે જળપ્રપાત ખડો કરી શકાય છે. સાધારણ જ્ઞાનને વિશિષ્ટજ્ઞ, અસંબદ્ધ, વિશ્રંખલ, અક્રમ અને ગમે ત્યાં રાખવાને બદલે વસ્તુઓ તો વિજ્ઞાન સંયોજિત, સંબદ્ધ, વિશ્રંખલ, ક્રમોત્પાદક અને કાર્યસાધક હોય છે.

જ્ઞાન અને વિજ્ઞાનનો સંબંધ

જ્ઞાન અને વિજ્ઞાનનો સંબંધ અને જ્ઞાનમાંથી વિજ્ઞાનનો પરિપાક કેવી રીતે થાય છે તે સમજવાને એક દૃષ્ટાંત બસ થશે. દરિયાની નજીક આવેલા ખંભાત, ઘોઘા, સુરત, મુંબઈ વગેરે સ્થળોએ દરિયાની ભરતી અને ઓટ જોનારને તે સંબંધી થોડુંઘણું જ્ઞાન આમે થાય છે: દિવસમાં ભરતી બે વખત ચઢે છે, અને બે વખત ઊતરે છે; અને આ ભરતી અને ઓટનો સમય દરરોજ બદલાય છે; વળી અમુક વખતે મોટી ભરતી–કુદરત–આવે છે; આ બધી જુદી જુદી હકીકતોને જ્ઞાનનું રૂપ આપી શકાય. પરંતુ તેમાં ક્યાંસુધી ચોક્કસાઈથી આ ભરતીઓટનું આપ ન થાય અને આ હકીકતોને વૈજ્ઞાનિક તથ્યનું રૂપ ન અપાય ત્યાંસુધી વિજ્ઞાનનો ઉદ્ભવ થતો નથી. નાના ભુચાળમાં ભરતીનું પાણી ૧૦–૧૧ ફીટ ઊંચું ચઢે છે અને મોટા ભુચાળમાં પાણી ૧૪–૧૫ ફીટ ઊંચું ચઢે છે; આ પાણીનું વજન કેટલું અને તે વજન ઉપાડવાને કેટલું બળ જોઈએ? સાધારણ કૂંડી કે ડોલમાંનું પાણી ઊંચકવાને આપણને કેટલું બળ જોઈએ છીએ તે આપણે સમજી શકીએ છીએ; પરંતુ દરિયામાં ભરતી આવવાથી કરોડો મણ જેટલા પાણીની ઊથલપાથલ થાય છે તેને માટે કેટલું બળ જોઈએ તેનો ખ્યાલ આપણને સહેલાઈથી આવી શકે નહિ. આ પાણીને ખેંચનાર સૂર્ય અને ચંદ્રનું બળ કેટલું છે; આ સૂર્ય આપણી પૃથ્વીથી નવ કરોડ માઇલ જેટલા અંતરે છે અને ચંદ્ર અઢી લાખ માઇલ જેટલો દૂર છે; આ બધી હકીકતો મેળવ્યા પછી પણ જાણવાનું ઘણું બાકી રહે છે. ગુરુત્વાકર્ષણના બળના નિયમો અને પરિણામો સમજ્યા પછી જ આ ભરતીઓટનું ખરું સ્વરૂપ સમજી શકાય છે; અને અત્યારે એટલી ચોકસાઈથી આ હકીકતો સમજાઈ છે કે અમુક દિવસે અમુક સ્થળે ભરતી કેટલે વાગતે, અને કેટલા સમય માટે, કેટલી નાની મોટી આવશે તેની અગાઉથી પંચાંગોમાં આપવામાં આવે છે.

બરતીઓટ થાય છે એ સાધારણ બાદિતી મેળવવી એને જ્ઞાન કહેવાય; પરંતુ તેના વિષે કાર્યકારણનો સંબંધ નક્કી કરી તેનું ચોકકસ અને વિગતવાર વર્ણન મેળવવું એ વિજ્ઞાનનું કાર્ય ગણાય.

વિજ્ઞાનની વ્યાખ્યા

આ પ્રમાણે જોતે કે હકીકતો એકઠી કરવાનું કામ ઘણું જ અગત્યનું છે તો છતાં ફકત હકીકતોનું જ્ઞાન મેળવવું એ વિજ્ઞાનને માટે બસ નથી. હકીકતોને વિવેકપૂર્વક એકઠી કરીને તેમાંથી બીજા બનાવોથી જુદી પાડી શકે એવા રૂપમાં તેમને વ્યવસ્થાપૂર્વક ગોઠવીને, તેમાંથી નિયમો તારવવા, પૂર્વાનુપૂર્વી+ સંબંધો શોધવા, અને દરેક બનાવની સંપૂર્ણ સાબ્તીની મેળવણી એ વિજ્ઞાનનાં મુખ્ય કાર્ય છે. ફકત જ્ઞાન મેળવવામાં જ અને તેનો સંગ્રહ કરવામાં જ વિજ્ઞાનનું કાર્ય સમાપ્ત થતું નથી. બરતીઓટ સંબંધી જુદાજુદા હકીકતોના જ્ઞાનમાંથી વિજ્ઞાનનો પરિપાક થતાં પહેલાં બાકી કામ કરવાનું બાકી રહે છે. તે કામ કેવી રીતે થાય છે અને વિજ્ઞાનની પદ્ધતિ કેવી છે તે વિષે પછીથી વિવેચન કરીશું. પરંતુ અત્યારે એટલું સમજાવવું બસ છે, કે વિજ્ઞાનની વ્યાખ્યા * ટૂંકામાં એમ આપી શકાય કે નિરીક્ષણ અને અનુભવ ઉપરથી વ્યવસ્થા પ્રમાણે અને નિયમશોધનની દૃષ્ટિએ ગોઠવેલું જ્ઞાન, તે વિજ્ઞાન.× આ પ્રકારનું જ્ઞાન બધાથી સમજી શકાય અને તેની વાસ્તવિકતા વિષે ચોકસી કરી શકાય તેવા રૂપમાં હોવું જોઇએ અને અનુભવની અંગત છાપોથી બને ત્યાં સુધી અકલુષિત હોવું જોઇએ. વિજ્ઞાનની શાખાઓ અને ઉપશાખાઓ એટલી બધી વધતી જાય છે, અને તે દરેકની કાર્ય-

---

+ Uniform Antecedent.

* Science is organised and formulated observation and experience.

× Science is verifiable, communicable, impersonal knowledge.

પ્રવૃત્તિના પ્રેરકો, અને તેમની કાર્યની પદ્ધતિ જોઈતી ભિન્ન હોવાપ છે કે તેમનો પરસ્પર સંબંધ સાધારણ દૃષ્ટિએ સ્પષ્ટ દેખાય નહિ. તોપ છતાં વિજ્ઞાનની બધી પ્રવૃત્તિનું પ્રયોજન એ છે કે સૃષ્ટિની દરેક ઘટનાનું સર્વદેશીય જ્ઞાન મેળવીને, સૃષ્ટિનું રહસ્ય સમજવું. વિજ્ઞાનની વ્યાખ્યા થોડા શબ્દોમાં આપવાથી આપણને વિજ્ઞાનના સ્વરૂપનો પૂરો ખ્યાલ આવતો નથી. તે સમજવાને માટે વિજ્ઞાનનું ક્ષેત્ર, વિજ્ઞાનનો ઉદ્દેશ, વિજ્ઞાનની પદ્ધતિ, વિજ્ઞાનના મૌલિક સિદ્ધાન્તો, અને વૈજ્ઞાનિક કૃતિ વગેરે વિષયો સમજવાની જરૂર છે.

વિજ્ઞાનનો ઉદ્દેશ

વિજ્ઞાનનું ક્ષેત્ર શું એ સમજવા પહેલાં "વિજ્ઞાનનો મુખ્ય હેતુ શો? વિજ્ઞાનનો ઉદ્દેશ શો?" એ પ્રશ્નોનો ઉત્તર મેળવવો આવશ્યક છે. "જોય સૃષ્ટિનું દૃશ્યમાં વર્ણન કરવું એ વિજ્ઞાનનો મુખ્ય હેતુ છે"* એ સાદા વાક્યમાં ઉપરનું રહસ્ય સમાયેલું છે. જોય સૃષ્ટિ જોઈસે જાણી શકાય એવી સૃષ્ટિ આપણું ચોકસાઈથી જ્ઞાન મેળવવું, અને તે જ્ઞાનને વ્યવસ્થાપૂર્વક અને ગોઠવીને, તેમાંથી દૃશ્ય સ્વરૂપ નિયમોમાં તેમનું "વર્ણન કરવું" એ વિજ્ઞાનનો હેતુ છે. આ સ્થળે "વર્ણન" શબ્દનો વૈજ્ઞાનિક અર્થ સ્પષ્ટ કરવો જરૂરનો છે: જોય ચિત્રમાં કે ફોટોગ્રાફમાં અસલ વસ્તુનું વર્ણન આપણને મળે છે અથવા તો પ્રતિભાશાળી લેખકોનાં શબ્દચિત્રોથી આપણને વસ્તુ-સ્થિતિનો આબેહૂબ ખ્યાલ આવે છે. પરંતુ તેમાં વસ્તુસ્થિતિનું બાહ્ય વર્ણન જ હોય છે. વૈજ્ઞાનિક "વર્ણન"માં વસ્તુસ્થિતિનાં બાહ્ય વર્ણન ઉપરાંત આંતરરચના, તેમની પૂર્વાનુપૂર્વી, વસ્તુસ્થિતિની ઉત્પત્તિ અને નાશનો સંબંધ, અને તે બધું દર્શાવનાર સૂત્રરૂપી દૃશ્ય

* The primary aim of science is the concise description of the knowable universe.

નિયમોના વર્ણનનો સમાવેશ થાય છે. સાદામાં સાદા અને ઓછામાં ઓછા સાંકેતિક શબ્દોનો ઉપયોગ કરીને વર્ણન આપી શકાય તેવા જ કુદરતી નિયમો ખરા ઉપયોગી ઘટી પડે છે; કારણ કે તેમાંથી જ સૃષ્ટિરચનાની ખરી સમજૂતી મળી શકે. વળી આ નિયમોનું "વર્ણન" એકબીજાથી અસંગત ન હોય અને કોઈ પણ હકીકત મુખ્ય સમજૂતીની વિરુદ્ધ ન જાય તેની સંભાળ રાખવી પડે છે. આ દૃષ્ટિએ અનુભવજન્ય જ્ઞાનનું સાદામાં સાદી અને સ્પષ્ટ ભાષામાં સંપૂર્ણ અને સુસંગત વર્ણન x આપવું એ જ વિજ્ઞાનનું કર્તવ્ય છે. આ વર્ણન કરવામાં જ કારણની શોધ ઘણીવાર થાય છે. સાધારણ દૃષ્ટિએ જેને આપણે કારણ કહીએ છીએ તેના કરતાં વૈજ્ઞાનિક કારણ જુદા જ પ્રકારનું છે.

અસાધારણ રીતે કારણમાં કર્તાનો કર્તૃત્વશક્તિનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિક કારણમાં આ કર્તૃત્વ ભાવના કરતાં કેવળ પૂર્વાનુપૂર્વી સંબંધોનો જ સમાવેશ થાય છે. ન્યાયશાસ્ત્રની દૃષ્ટિએ કારણો બે જાતનાં હોય છે. એક તો આદિકારણ કે જેમાં પ્રયોજન, ઉદ્દેશ, ઇચ્છા, અને કર્તૃત્વ-ભાવના સ્પષ્ટ હોય છે; જેવી રીતે મેજને બનાવનાર સુતાર. બીજી જાતનાં કારણો ઉપાદાન અથવા નિમિત્તકારણ કહેવાય છે. તેમાં અમુક પરિસ્થિતિ પ્રાપ્ત થતાં અમુક ક્રિયા અથવા કાર્યના પ્રાદુર્ભાવનો સંબંધ દેખાય છે; જેવી રીતે મેઘધનુષ્યનું કારણ સૂર્યનાં કિરણો. આ બે જાતનાં કારણોમાંથી બીજી જાતનાં કારણો ઉપર વિજ્ઞાન વધારે ધ્યાન આપે છે એ સ્પષ્ટ કરવું આવશ્યક છે. વિજ્ઞાનમાં 'આ શા માટે' અથવા તો 'આ કોણે બનાવ્યું' એ પ્રશ્ન અનુચિત છે; તેને બદલે 'આ શી રીતે થાય છે' એ પ્રશ્નનો ઉત્તર મેળવવા વિજ્ઞાન યત્ન કરે છે. કેવલ બનાવનારમાં નહિ પણ કેવલ બનાવવાની રીતમાં જ વૈજ્ઞાનિકોને રસ પડે છે. અંતિમ કારણો શોધવા કરતાં અમુક બનાવો

x Comlete and consistent description of the facts of experience in simplest possible terms.

અને અમુક ઘટના કેવા સંયોગોમાં, કેવી રીતે થાય છે, અને ફરીથી કયારે અને કેવી રીતે થશે તે શોધવાનું કામ જેટલું વધારે ઝીણું છે તેટલું જ વધારે કુતૂહલપ્રદ છે. વળી અમુક ઘટના શા માટે થાય છે તે સમજવા કરતાં તે કેવી રીતે થાય છે, અને બીજી વસ્તુઓ અને બીજી ઘટનાઓ સાથે અને બીજા જાણીતા નિયમો સાથે તેનો સંબંધ કેવો જળવાય છે તે જાણવાનું વધારે અગત્યનું છે. નિત્ય અને સર્વથી પૂર્ણપૂર્ણ વ્યાપ્તિસંબંધ શોધવામાં જ વિજ્ઞાનનો ઉદ્દેશ પરિપૂર્ણ થાય છે. આવા વસ્તુનિદર્શક અને કારણરૂપ નિયમો-સૂત્રો-જેમ બને તેમ ટૂંકા, સાદા, સંપૂર્ણ અને સુસંગત રૂપમાં શોધી કાઢવાનો વૈજ્ઞાનિકો સતત પ્રયાસ કરે છે. ગુરુત્વાકર્ષણનો નિયમ એટલે શું, વિશ્વમાં દ્રવ્યના કણોની ગતિ કેવા પ્રકારની છે અને તે દરેક કણની ગતિ બીજા કણથી કેવી રીતે અને કેટલી અટકાયત છે એનું ટૂંકું વસ્તુન એટલે ગુરુત્વાકર્ષણનો નિયમ: આ કણો શા માટે અથવા શા પ્રેરણાથી કરે છે, અને પૃથ્વી અને બીજા ગ્રહો શા માટે સૂર્યની પ્રદક્ષિણા અમુક કક્ષામાં જ કરે છે તેનું કારણ સમજાવવાનો આજ પણ પ્રયત્ન આ નિયમમાં થતો નથી. ગ્રહો ને તારાની ગતિ સંબંધી વિશાળ ઘટનાની ટૂંકાણમાં સમજૂતી આપણને આ નિયમમાં મળે છે. આ 'વસ્તુન' કેવળ ચિત્ર જેવું નહિ, પણ વિવેકપૂર્વકના અન્વેષણ અને પૂર્વાનુપૂર્વી સંબંધથી યુક્ત હોવાને લીધે ઘણું ઉપયોગી હોય છે.

વિજ્ઞાનનું ક્ષેત્ર

ઇમર્સનના શબ્દોમાંx "વિજ્ઞાનની બધી શાખાઓનો એક જ ઉદ્દેશ છે, અને તે એ કે સૃષ્ટિનિયમો શોધવા, અને વિશ્વરચનાની સંપૂર્ણ સમજૂતી મેળવવી. વિજ્ઞાનની શાખાઓ વહેંચણી હોય છે. તે દરેકનો

x All science has one aim—to find a theory of nature—R. W. Emerson.

વિષય અને તેમના અભ્યાસની યુક્તિપ્રયુક્તિઓ ભિન્ન હોવા છે તેથી વિજ્ઞાનની શાખાઓ સ્વતંત્ર અને અસંબદ્ધ છે એવો ઘણીવાર ભાસ થાય છે. પરંતુ વિજ્ઞાન માત્રનો ઉદ્દેશ એક જ છે અને તે દરેક શાખાની પદ્ધતિ તો એક સરખી જ છે. વિજ્ઞાનની ભિન્ન શાખાઓ અને તેમના સંબંધ વિષે હવે કંઈક વિવેચન કરવામાં આવશે, તેથી એ શાખાઓ વિષે વધુ ન કરવાની અત્રે જરૂર નથી. પરંતુ વિજ્ઞાનનું ક્ષેત્ર અને તે ક્ષેત્રની સીમા અને સીમાન્તો સમજવાનો અત્રે પ્રયત્ન કરીશું. જેવી રીતે વિજ્ઞાનનો ઉદ્દેશ વિશાળ છે, અને આખા વિશ્વને સ્પર્શે છે, તેવી જ રીતે વિજ્ઞાનનું ક્ષેત્ર પણ વિશાળ અને વિશ્વવ્યાપી છે. ક્લીફર્ડ નામના પ્રસિદ્ધ અંગ્રેજ તત્ત્વવેત્તાના શબ્દોમાં* કહીએ તો મનુષ્યનું વિશ્વ એ જ વિજ્ઞાનનો વિષય; એટલે મનુષ્યના ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની બધી ઘટનાઓનો તેમાં સમાવેશ થાય છે. મનુષ્યનું જ્ઞાનમાત્ર એ વિજ્ઞાનનો વિષય છે: મનુષ્ય જે વસ્તુ, પદાર્થ કે વિચારને સમજી શકે તે દરેકને વિજ્ઞાનની પદ્ધતિથી તપાસી શકાય તો તે વિજ્ઞાનનો વિષય થઈ શકે. મનુષ્યની બુદ્ધિથી સમજી શકાય તેવા બધા વિષયો વિજ્ઞાનની પદ્ધતિથી હાલમાં તપાસી શકાય તેવા નથી. પરંતુ વિજ્ઞાનની પ્રગતિની સાથે તેનાં સાધનો અને તેની સરહદો વધતાં જાય છે—તેના સીમાન્તો દૂર ખસેડાતા જાય છે. તત્ત્વવિદ્યા અને ધર્મવિજ્ઞાના વિષયોમાં વૈજ્ઞાનિક પદ્ધતિ સંપૂર્ણ રીતે લાગુ પડતી નથી, પરંતુ પ્રતિવર્ષ આ સીમાન્ત પ્રદેશમાં વિજ્ઞાન પોતાના ઊજવાળા પ્રકાશનાં કિરણો નાખ્યા કરે છે; અને અજ્ઞેય અને અજ્ઞાતના પ્રદેશો ઉપર પોતાની સત્તાનો વાવટો ફરકાવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્નના પરિણામે એમ આશા રાખી શકાય કે મનુષ્યની બુદ્ધિને પ્રાપ્ય જ્ઞાનમાત્રને વિજ્ઞાનની

* The subject of science is the human universe, that is to say, everything that is or has been or may be related to man.—K. Clifford.

કરવામાં લઈ જશે.

પરંતુ હાલમાં તો વિજ્ઞાનના ક્ષેત્રની સરહદો સ્વીકારવી જોઇએ. જે પદાર્થનું જ્ઞાન બીજાને દર્શાવી શકાય તેમ ન હોય, અને બીજા અનુભવોથી ખાત્રી થઈ શકે તેવા સ્વરૂપમાં મૂકી શકાય તેમ ન હોય, જેને પ્રત્યક્ષ નિરીક્ષણ અને પ્રયોગની પદ્ધતિ લાગુ પાડી શકે તેમ ન હોય અને જેના આધારરૂપ કૂંકા સુસંગત અને સુનિશ્ચિત સૂત્રરૂપ નિયમો મળી શકે નહિ, તે તે પદાર્થો વિજ્ઞાનના ક્ષેત્રની બહાર રહી જાય છે. પણ તે હમેશને માટે રહેવાં જોઈ શકે નહિ. સર જગદીશચંદ્ર બોઝે વનસ્પતિ અને પ્રાણીઓ વિષે છીણામાં ક્રીણી દબાકતો એકઠાં કરી મેળવી શકાય તેવા નાજુક યંત્રોની શોધ કરી તે પહેલાં વનસ્પતિની વૃદ્ધિ, તેમની ચેતનશક્તિ, અને તેમના આંતરસ્વરૂપ વિષે વૈજ્ઞાનિકો શંકાની નજરે જોતાં, અને એ વિષયોનું સ્થાન વિજ્ઞાનના ક્ષેત્રની બહાર ગણાતું. તેવી જ રીતે બીજા વિષયોમાં પણ ધીમે ધીમે વિજ્ઞાનની એકસરખી અને વિજ્ઞાનની પદ્ધતિ પ્રવેશ કરતી જાય છે. ઇતિહાસ,* સાહિત્ય, કવિતા, વ્યાકરણ, ચિત્રણ, વગેરે વિજ્ઞાનથી દૂર ગણાતા વિષયોમાં પણ વિજ્ઞાનની પદ્ધતિની અસર જણાવા લાગી છે; અને ટીકાકારો અને વિવેચકો તે દરેકને વૈજ્ઞાનિક પદ્ધતિ, વૈજ્ઞાનિક આશયો, વૈજ્ઞાનિક બુદ્ધિ, અને વૈજ્ઞાનિક વિચારના ધોરણોથી તપાસવા મંડે છે. રાજપુરુષો પણ રાજનીતિના પ્રશ્નોમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો દરેક રીતે ઉપયોગ કરવાનો યત્ન કરે છે. હાલમાં યુરોપમાં તેમ જ આપણે ત્યાં દેશના વિકાસને માટે આયોજનની પદ્ધતિ સ્વીકારવામાં આવી છે, તેમાં વિજ્ઞાન તો ડગલે અને પગલે આવશ્યક થઇ પડ્યું છે. આવી રીતે પણ વિજ્ઞાનનું ક્ષેત્ર વિશાળ થતું જાય છે. પરંતુ તે સર્વમાં વિજ્ઞાનની પદ્ધતિ એ પ્રથમ લક્ષણ છે. તો વિજ્ઞાનની પદ્ધતિ શી છે તે જોઇએ.

---

* ઇતિહાસ અને અર્થશાસ્ત્રમાં વિજ્ઞાનની પદ્ધતિના ઉપયોગ વિષે લુબ્બોક વિષે ઉપરનું અવતરણ: Lectures on the Method of Science, પૃ. ૧૭૩ થી ૧૭૫

વિજ્ઞાનની પદ્ધતિ

વિજ્ઞાનની પદ્ધતિ વિલક્ષણ છે તે છતાં કાંઈ તદ્દન અપૂર્વ નથી એમ કહેવાય નહિ. એક રીતે ન્યાયમંદિરની ઊંચામાં ઊંચી કસોટીની સાથે આ પદ્ધતિને સરખાવી શકાય, પરંતુ આલમકોની પદ્ધતિ અને વિજ્ઞાનની પદ્ધતિમાં થોડોઘણો ફેર છે. વિજ્ઞાન બુદ્ધિ સિવાય બીજા કશાને પ્રમાણ ગણતું નથી. અદાલતોમાં લેખિત અથવા બીજા પુરાવાને સ્વીકારવો પડે છે. ન્યાયમંદિરમાં સત્યની પૂજા થતી નથી, પરંતુ ન્યાય તોલાય છે અને તે કાયદાની બારીકી પ્રમાણેઃ વિજ્ઞાનમંદિરોમાં કેવળ સત્યની પૂજા થાય છે—એમ કે સત્યની પૂજા વિજ્ઞાનના નિયમો અને વિજ્ઞાનની પદ્ધતિ પ્રમાણે થાય છે—તે છતાં જૂના રુઢિવાદ અથવા ન્યાયપ્રણાલિકાના જેવા બંધનોથી મુક્ત હોવાને લીધે વિજ્ઞાન અને વિજ્ઞાનની પદ્ધતિ વધારે રોકડાં અને સત્યપ્રધાન હોય છે. વિજ્ઞાન હમેશ પોતાના જૂના નિષ્કર્ષો અને રુઢિવાદો નવી રીતે તપાસતું રહે છેઃ એટલું જ નહિ પણ પ્રણાલિકાબંધના બધની દરકાર રાખ્યા સિવાય હમેશ વધારે શાબિતી અને નવા સાક્ષીની શોધમાં રહે છે, અને ક્યારે એકવાર નહિ પણ અનેકવાર ખાતરી થાય કે અમુક હકીકત અને શાબિતીમાંથી અમુક સિદ્ધાન્ત ફલિત થાય છે ત્યારે જ તે સંબંધી ચોકકસ અભિપ્રાય દર્શાવે છે. ન્યાયશાસ્ત્રના નિયમો પ્રમાણે જોતાં વિજ્ઞાનની પદ્ધતિ મિશ્રિત જણાય. કારણ કે આગમન નિગમન બંનેનો તેમાં સમન્વય થાય છે. એમ કહી શકાય કે નિરીક્ષણ અને પ્રયોગોથી જોગવેલી હકીકતોને વ્યવસ્થાપૂર્વક ગોઠવીને, તેમાંથી તર્ક અને બુદ્ધિથી નિયમો શોધવા, અને પછી આ નિયમો પાછા વધુ નિરીક્ષણ અને પ્રયોગથી સિદ્ધ કરવા એ વિજ્ઞાનની પદ્ધતિનું મુખ્ય રૂપ છે. આ પ્રમાણે વિજ્ઞાનની પદ્ધતિના ચાર વિભાગ કરી શકાય. એક ખરી હકીકતો-તથ્યોનું સંશોધન, બીજું તેમનું વર્ગીકરણ, ત્રીજું કાર્યકારણના સંબંધ દર્શાવનાર નિયમનું શોધન અને ચોથું નિયમ-સિદ્ધિ. આ ચાર વિભાગનું વિવેચનવાર વર્ણન હવે કરીશું.

તથ્ય

વિજ્ઞાનનો મુખ્ય હેતુ સૃષ્ટિની વિવિધ ઘટનાઓ સમજીને તેમના પૂર્વાનુપૂર્વી સંબંધ શોધવાનો છે એ આપણે જોઈ ગયા. પરંતુ આ કામ થઈ શકે તે પહેલાં ખરી હકીકતો મેળવવાની, અને સંબંધસૂત્ર બાંધો રચવાની જરૂર રહે છે. સાધારણ દૃષ્ટિથી ખરી હકીકતો તપાસ કરતાં ખોટી માલૂમ પડે છે તેથી મૂળ પાયામાંથી જ ખરી બાતમી મેળવવી અને ખોટી બાતમીને દૂર રાખવી એ પ્રથમ કામ ધર્યું સંશોધનનું છે. ખરી બાતમી–ખરી હકીકત–સિદ્ધ થયેલી હકીકતને અંગ્રેજીમાં "ફેક્ટ" કહે છે. તેને માટે આપણે ગુજરાતીમાં તથ્ય શબ્દ યોજ્યો. "તથ્ય" એટલે વાસ્તવિક અને ખરી હકીકત: બનેલ-હાથપોથાકારી, કોઈનાએ, અમેરે અનેક બાજુ દંતકથી છેતરાયા વિના પ્રાપ્ત કરવામાં આવેલું બનવાનું વાસ્તવિક સ્વરૂપ એ તથ્ય. ચાલતી ગાડીમાંથી આપણને ઝાડ અને ખેતરો દોડતાં લાગે છે, તેમ જ રીતે સૂર્ય પૃથ્વીનું પરિભ્રમણ કરે છે એમ લાગે છે. એ પ્રત્યક્ષ નજરથી જોઈ શકાતી હકીકતો ખરી છે કે ખોટી છે, અને ખરું તથ્ય શું છે તે શોધી કાઢવાનું કામ કઠિન અને અગત્યનું છે. વૈજ્ઞાનિક તથ્યનાં બે સ્વરૂપ આપણે જ ખ્યાનથી શરૂ રાખવાનાં છે. (૧) ખરી બનેલી, અને ચોકસાઈથી પણ જોયેલી હકીકતને જ અને (૨) અન્ય નિરીક્ષકોથી અનુભવી શકાય, અને તેમનાથી પણ ખાત્રી કરી શકાય એવા રૂપમાં મૂકેલી હકીકતને જ "તથ્ય" નું નામ આપી શકાય. આ પ્રમાણે જોવાનો રાખવાથી અન્વેષકોના મનના તરંગો અને અપૂર્ણતાઓ દૂર રાખી શકાય છે, અને ખોટી માન્યતાઓ અને ખોટા પાયા ઉપરથી ખોટા સિદ્ધાંતો રચાતા અટકે છે. આ ક્રમ બહારથી દેખાય છે તેટલું સહેલું નથી.

માન્યતા અને તથ્ય

પ્રત્યક્ષ નિરીક્ષણ અને પ્રયોગાત્મક પદ્ધતિ અર્વાચીન સમયમાં

બે-ત્રણ શતકથી જ પ્રચલિત થઇ છે. પ્રાચીન દેશોમાં, ખાસ કરીને પ્રાચીન હિંદમાં, આ પદ્ધતિ અમુક અંશે પ્રચલિત હતી, પરંતુ એકવાર તે લુપ્ત થયા પછી મધ્યકાલીન સમયમાં અને તે પછીના કાળમાં પ્રયોગથી પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાની પદ્ધતિ તદ્દન ભુલાઇ ગઇ હતી. યુરોપમાં લિયોનાર્દો ડ વીન્સી, રોજર બેકન, અને ફ્રાંસિસ બેકન વગેરેના પ્રયાસોથી આ પદ્ધતિનાં બીજ રોપાયાં હતાં; અને આ પદ્ધતિ પ્રમાણે તપાસ કરવાને અને સત્યશોધનને માટે ઈંગ્લંડમાં રોયલ સોસાયટીની સ્થાપના સન ૧૬૬૨માં થઇ હતી. આ સભાનો મુખ્ય ઉદ્દેશ સમસ્ત પ્રકૃતિની ઘટનાનાં કારણોની શોધ કરવાનો અને પ્રયોગાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવાનો હતો. તે સમયમાં સાધારણ માન્યતાઓ અને ખરી હકીકતો-તથ્યનો ભેદ સમજવાનું હજી અપરિચિત હતું. અભિપ્રાયોને પ્રમાણ માનવાને બદલે પ્રત્યક્ષ નિરીક્ષણ અને પ્રયોગથી સિદ્ધ કરવાના પ્રશ્નોની પાછળ નીચેના પ્રશ્નો હતા:—

"લોહચુંબક હાથમાં રાખવાથી સધિરા દૂર થાય છે."

"હીરો, એ કોઇ પદાર્થ છે અને હીરાકણી સિવાય બીજા કશાથી કાપી શકાતો નથી. છતાં બકરાના લેંડીયો તે નરમ માંસ-રૂપ છે."

"તુલસીથી વીંછી ઉત્પન્ન થાય છે અને તેના પાંદડાં સૂંઘવાથી માણસના મગજમાં વીંછી ઉત્પન્ન થાય છે."

"હાથીના શરીરમાં સાંધા હોતા નથી, તેથી જમીન ઉપર સૂઇ શકતો નથી અને ઝાડને અઢેલીને સૂએ છે. તેથી આ ઝાડ પડી જાય તો હાથી પણ મરી જાય છે."

ઉપરનાં દષ્ટાંતો ઉપરથી દેખાશે કે તે સમયમાં વિજ્ઞાનના પ્રાથમિક તથ્યો વિષે કેટલું અજ્ઞાન હતું. તેમ છતાં આ અજ્ઞાન દૂર કરનારાઓને તે સમયમાં લોકો ઘણું પજવતા, અને ગેલેલીયો અને ગ્રુસીપ્પ જેવા લેખકો પણ બધા વૈજ્ઞાનિકોની મજાક કરવાનું છોડતા નહિ.

ગોલ્ડરંગીએ લખેલું કે અમુક જાતનાં પતંગિયાં શું ખોરાક ખાય છે તે જાણ્યાથી જગત કાંઈ વધારે સુખરૂપ નથી કે સુધરવાનું નથી; અને બુલીમરે કાકડીમાંથી સર્પનાં કિરણો કાઢવાને આઠ વર્ષ સુધી પ્રયોગ કરનાર વૈજ્ઞાનિકનું વર્ણન આપ્યું છે! પરંતુ સાહિત્યકોનો આ વિરોધ થોડો જ સમય રહ્યો. વિજ્ઞાનની પ્રતિષ્ઠા અને વિજ્ઞાનની પદ્ધતિ હવે સુસ્થાપિત થઈ છે. તે છતાં સાધારણ માન્યતા અને વૈજ્ઞાનિક તથ્યનો ભેદ સમજતાં હજી મનુષ્યો ડગલે ડગલે ભૂલો કરે છે આની ખોટી કરેલી અર્વાચીન માન્યતાનાં થોડાં દૃષ્ટાંત બસ થશે :—

"પુષ્યિ'માતે દિવસે વાદળાં ઓછાં થાય છે"*
"ચંદ્રની વધઘટની સાથે હવામાનમાં ફેર થાય છે"+
"ગ્રહો અને તારાની ગતિથી હવામાનમાં ફેરફાર થાય છે."×
"તોપોના ભડાકા થવાથી વરસાદ બહુ થાય છે"=

---

* પંદર વર્ષ સુધી નિરીક્ષણ કરનાર એક પાદરી વૈજ્ઞાનિકે લખ્યું છે કે વાદળાં પુનમને દિવસે ઓછાં થતાં જ નથી બલ્કે તેને દિવસે ઓછાં વાદળાં સવારમાં જોવાને હોય છે અને સાંજને ઓછાં થાય છે તેથી પૂર્ણચંદ્ર જોવાની બાબતે વાદળાં ઓછાં હોવાનો ખ્યાલ થાય છે

+ ચંદ્રને લીધે હવામાં દરિયાની પેઠે ભરતીઓટ આવે છે પરંતુ તેનાથી એક ઇંચના પચાસમા ભાગ કરતાં વધારે ફેર પડતો નથી, તેથી નબળા અંતઃ આકૃતિ ઉપર કંઈક અસર થાય બહુ તેથી કાંઈ વરસાદ કે તોફાનનો સંબંધ સિદ્ધ થતો નથી.

× આ માન્યતા જ્યોતિષની ઉત્પત્તિના સમયથી ચાલતી આવે છે. પરંતુ આ ગ્રહો અને તારા પૃથ્વીથી એટલા બધા દૂર છે કે તેમની કાંઈ પણ અસર પૃથ્વીના હવામાન ઉપર થઈ શકતી નથી આખા તારામંડળમાંથી જેમાંના પ્રકાશ એકઠો કરવામાં આવે તો છત્રીસ કીટ જેટલે છેટે મૂકેલી એક મીણબત્તી જેટલો થાય! આટલી ઉષ્ણતાથી હવામાન શી રીતે ફરી શકે? વાયુ અને ગ્રહોમાંથી કોઈ અજ્ઞાત પ્રકારનાં કિરણો આપણને આ હવામાનમાં ફેરફાર કરતા હોય તો તે અજ્ઞાત ન અજ્ઞાય, પરંતુ તારા અને ગ્રહોની અતિની સાથેનો હવામાનનો સંબંધ હજુ સુધી સિદ્ધ થયો નથી

= આ સબબથી એટલું અજ્ઞાન છે કે ૧૮૭૧ માં ફ્રાન્સ-જર્મનના એક સંગ્રામદરમ્યાન અમુક ભાગમાં બહુ વરસાદ થતો હોવાથી ત્યાંથી દૂર જઈને વરસાદોને કાયમ રોકાવાની મેહરબાની કરવાને વિનતિ કરી હતી પરંતુ કેટલાયેક વર્ષોના

"વીજળીના કડાકાની સાથે વજ્ર પૃથ્વી પર પડે છે." ×
"દેડકાં પથ્થરના પોલાણમાં અસંખ્ય વર્ષો સુધી જીવે છે." ×

સમયના અભાવને લીધે, અને વિષયાંતર થવાના ભયને લીધે ઉપરની દરેક માન્યતા ખોટી છે એ બતાવી શકાય તેમ નથી. પરંતુ તે દરેક વિષે ટૂંકામાં દિગ્દર્શનથી સમજાવવામાં આવ્યું છે તે ઉપરથી દેખાશે કે આવી માન્યતાઓ ને વૈજ્ઞાનિક તથ્યની વચ્ચે કેટલો ભેદ છે, અને વૈજ્ઞાનિક તથ્યની પ્રાપ્તિ કરવી એ કેટલું કઠિન છે.

તથ્યપ્રાપ્તિ

વિજ્ઞાનના અંતિમ પરિણામોના સત્યનો મુખ્ય આધાર આ પ્રાથમિક તથ્યની વાસ્તવિકતા ઉપર રહે છે અને તેથી આ કાર્ય ઘણું જ સંભાળથી કરવું પડે છે. વિજ્ઞાનની "ચોકકસ" ગણાતી શાખાઓમાં પ્રયોગવિદ્યા પ્રથમ છે: કારણ કે તેનાં તથ્યો હજારો વર્ષોથી નિશ્ચિંત થતાં આવે છે. પ્રાચીન સમયમાં જ્યોતિષની દૃષ્ટિએ પ્રયોગ-વિદ્યાનો અભ્યાસ થતો તેથી ગ્રહો અને નક્ષત્રો સિવાય દૂરના તારાઓ સંબંધી ઘણું ઘણું જ્ઞાન ઘણું ઓછું હતું. તે જ્ઞાન ચોકકસપણે

મેળવનારા અને આકાશનો નકશો તૈયાર કરનારા અગોળવેત્તાઓએ વર્ષો સુધી મહેનત કરી છે. હાર્ષલ (૧૫૪૬–૧૬૦૧) નામના ઇંગ્લંડના એક અગોળવેત્તાએ પચીસ વરસ સુધી ફક્ત આકાશના તારાઓનું નિરીક્ષણ કરી તેની નોંધ લીધા કરી હતી. તેના ચોક્કસ નિરિક્ષણને લીધે કેપ્લરનું નિયમશોધનનું કામ સરળ થયું હતું. હુર્ષલ નામનો અગોળવેત્તા વર્ષો સુધી આખી રાત તારાની ગતિની દૂરબીનવતી નોંધ કરતો. ફ્રાન્સે નામના એક અગોળવેત્તાએ સૂર્યમાં દેખાતાં ધાબાં ત્રીસ વરસથી વધુ સમય સુધી રોજ દૂરબીનથી તપાસ્યાં છે. હજુ પણ આકાશ જોવાનું અને નવા તારાઓ નીરખવાનું અને તેમના ચોક્કસ સ્થાનનું નિર્ણય કરવાનું કામ પૂરું થયું નથી. સૌકડો વર્ષો પહેલાં શરૂ થયેલું તારાની વાદી બનાવવાનું કામ અપૂર્વ મહેનત અને સમય ઊંચવતા છતાં હજુ પણ સમાપ્ત થયું નથી. એ ઉપરથી વિજ્ઞાનની હકીકતો ઉપરથી તર્યો ઉપજાવવાનું કામ કઠિન છે તેનો ખ્યાલ આવશે

તથ્યની વ્યવસ્થા

આ પ્રમાણે તથ્યો એકઠાં કર્યાં પછી પણ તેમને વર્ગ પાડીને વ્યવસ્થાપૂર્વક ગોઠવવાનું કામ સહેલું નથી. અસંખ્ય હકીકતોને જુદા જુદા રીતે એકઠી કરવાથી અને તેમની બાબત મોટી સંખ્યાથી અનુભવની ખાતરી તેમાંથી બાદ ઊઠતી થકતી નથી, પરંતુ આ જુદા જુદા હકીકતોને ક્રમવાર અને વ્યવસ્થાપૂર્વક ગોઠવતા તેમાંથી કોઈક નિયમ અને વ્યવસ્થાનો ઊદ્ભવ થાય છે ત્યારે જ જ્ઞાનનો ખરો વધારો થાય છે વિચાર અને વ્યવસ્થા વગર હકીકતો પ્રાપ્ત કરવામાં સમય અને મહેનતનો વ્યય વ્યર્થ જાય છે નવા પ્રાણીઓની શોધ કરવી, નવાં નવાં રાસાયણિક દ્રવ્યો બનાવવાં, ખૂણેખાંચરાના અજ્ઞાત પ્રદેશોની શોધ અને નોંધ કરવી વગેરે કેવળ તથ્ય એકઠાં કરવાનાં કામ અગત્યનાં છે, પરંતુ આ તથ્યોને જ્યાંસુધી ક્રમવાર અને વ્યવસ્થાપૂર્વક ગોઠવવામાં આવે નહિ ત્યાં સુધી તે ઉપયોગી થતાં નથી. કેવળ નવાં

તથ્યો શોધવાની જિજ્ઞાસાને બદલે જૂના નિયમોની શોધમાં અને તેમની વાસ્તવિકતાની વધુ ખાતરી મેળવવાને માટે જ પ્રયાસો થતા જોઈએ. નવાં રાસાયનિક દ્રવ્યો ફક્ત શોખને માટે બનાવાતાં નથી. પણ અમુક રાસાયનિક સંયોજન કે બંધારણના નિયમોની વાસ્તવિકતા સિદ્ધ કરવાના હેતુથી જ એ પ્રયોગો કરવામાં આવે છે. નહિ તો પછી હેતુ વગરની એ બધી પ્રવૃત્તિ વ્યર્થ બને છે. આવી જ રીતે બીજા વિષયોમાં પણ વિજ્ઞાનનાં નવાં તથ્યો અમુક નિયમ કે અમુક વિચારપદ્ધતિના સમર્થનને માટે શોધવામાં આવે છે. તેની શોધમાં વખતોવખત નવી નવી વિચિત્ર ઘટનાઓ પણ બની આવે છે, અને તે ઘટનાઓની વ્યવસ્થાપૂર્વક ગોઠવણ કરવાનું કામ બહુ અગત્યનું છે. પક્ષીઓના સંચાર સંબંધી તથ્યો એકઠાં કરનાર એક વૈજ્ઞાનિકને તો તથ્યો એકઠાં કરતાં જેટલો સમય લાગ્યો હતો તેના કરતાં વધુ સમય તેમનું પૃથક્કરણ કરીને, તેમને વ્યવસ્થાપૂર્વક ગોઠવવામાં લાગ્યો હતો. ડૉ. એ. એલ. વૉલેસ જેવા અનેક અન્વેષકોનાં દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

આ વ્યવસ્થાપૂર્વક વર્ગીકરણનું પ્રયોજન નિયમશોધનનું છે. અસંખ્ય તુરંત અને અસંબદ્ધ લાગતાં તથ્યોમાંથી એક નિયમ તારવવો એ બહુ શ્રમનું કામ છે. કેટલાએક પ્રતિભાશાળી વૈજ્ઞાનિકો પોતાની કલ્પનાશક્તિ ઉપર આધાર રાખીને આ શ્રમ બચાવી લે છે. જડ અંધકારમાંથી જેમ પ્રભુના ચિંતનથી[x] સૃષ્ટિનું સર્જન થયું મનાય છે, તેવી જ રીતે તુરંત અસંખ્ય અને વિવિધ હકીકતોના અંધકારમાંથી વૈજ્ઞાનિકોને ચિંતનથી એ હકીકતો સમજાવનાર નિયમનું ધણીવાર ઓચિંતું સ્ફુરણ થાય છે; આ સ્ફુરણમાં કલ્પનાશક્તિ બહુધા ઉપયોગી થઈ પડે છે. ન્યૂટનને ગુરુત્વાકર્ષણનો નિયમ ઝાડ પરથી સફરજનને પડતું જોવાથી સ્ફુર્યો હતો એમ કહેવાય છે. ડાર્વિનને ઉત્ક્રાન્તિ-વાદ માલ્થસના 'અતિ-પ્રજનન' એ વિષયના પુસ્તક ઉપરથી સ્ફુર્યો હતો; ગણિતના સમશ્રેણીનો નિયમ પણ ઉપર નામના શાસ્ત્રકારને બક્ષવામાં ઘણી-

x "Spirit brooding over chaos."

ઓના અશુદ્ધ રક્તનો અસાધારણ લાલ રંગ જોવાને લીધે રહ્યો હતો. (હિમ્બુ મદદોમાં લોહીનું ઓક્સીકરણ + ઓછું થાય છે, તેથી ખોરાક ઓછો લેવાય છે; તેથી ખોરાક અને પાણના સંબંધ વિષે વિચાર રહ્યા હતા.) તે છતાં આવાં રહસ્યોમાં કે કેવળ કલ્પનામાં સાફલ્ય નથી; ત્રણે દૃષ્ટાંતોમાં રહસ્યો મળ્યા પછી તેમની કલ્પનાને સિદ્ધ કરતાં એ દરેક અન્વેષકને પંદરથી વીસ વર્ષ લાગ્યાં હતાં, અને એટલાં વર્ષના અંતે જ તેમણે પોતાના સિદ્ધાન્તો જાહેર કર્યા હતા. એમની કલ્પનાશક્તિના કરતાં એમની મહેનત, ધૈર્ય અને ધીરજ એ વિજ્ઞાનના ઇતિહાસમાં વધારે પાદભાર રહેશે.

નિયમશોધન

કેવળ કલ્પનાશક્તિથી પ્રાપ્ત કરેલા નિયમો અધૂરા વા ખોટા પડે છે; અને અધૂરા વા ખોટા નિયમો ઉપયોગી થતા નથી. વસ્તુઓ વસ્તુઓ તત્ત્વોને બીજા વર્ગમાં મૂકવાથી, તેમની વાસ્તવિક ઓળખ મુશ્કેલ બને છે અને તેથી પરિણામો પણ દોષિત થાય છે. માટે તત્ત્વોનું એકઠાં કર્યા પછી પણ તેમનું પૃથક્કરણ અને વર્ગીકરણ કરવાનું અને તેમાંથી વ્યવસ્થાનાં તત્ત્વો શોધવાનું કામ ઘણું જ સંભાળ અને ચતુરાઈથી કરવાનું છે. તેમાં નકશા, પત્રકો, કોઠા, રેખાઓ,* વગેરે સૂચિતઓના લાભ લેવાથી કામ સરળ થાય છે, નિયમિત અને અનિયમિત વર્તન સહેલાઈથી જણાઈ આવે છે, અને તેથી બનેલો બોધ અભ્યાસને તેમાંથી વધુ પ્રયોગ અને નિરીક્ષણની નવી દિશા અને નવાં ક્ષેત્ર શોધવાની તક મળે છે. રસાયનવિદ્યામાં મેન્ડેલીફ નામના રશિયન વિદ્વાને બધાં રાસાયનિક તત્ત્વોને તેમના અણુવજનની સંખ્યા પ્રમાણે ગોઠવવાથી, અને તે પ્રમાણે એક કોષ્ટક તૈયાર કરવાથી રાસાયનિક અન્વેષણને ઘણી રીતે ઉત્તેજન મળ્યું છે. કોષ્ટકમાં આવી રહેલી જગ્યાએ નવાં તત્ત્વો હોવાં જોઈએ એ વિચારથી તેની શોધ કરવાની પ્રવૃત્તિ થઈ અને સામગ્રી પણ મળી. ઘણી જૂની જાણીતી તત્ત્વોની અણુભારોમાં

+ oxidation * curves

પ્રયોગાત્મક એટ અથવા અમુક શોધવાનું નવું સાધન પ્રાપ્ત થયું.

તથ્યોની વ્યવસ્થા કરવાનું કામ ફક્ત બહારની ચોકસાઈમાં જ પૂરું થતું નથી. દરેક તથ્યને વ્યવસ્થાપૂર્વક ગોઠવવામાં અને તેની પરીક્ષા કરવામાં તે વિષયના ખાસ શિક્ષણની જરૂર પડે છે. રાસાયણિકોના હાથે પદાર્થના વાસ્તવિક સ્વરૂપની તપાસ કરવાને માટે પૃથક્કરણ કરવામાં આવે છે. તે કામથી શિક્ષા અને પરમ્પરની બારીક પતરી બસીને સૂક્ષ્મદર્શક યંત્ર નીચે જોવાનું કામ જુદા જ પ્રકારનું હોય છે, અને તેથી પ્રાણીવિદ્યાના અભ્યાસીઓનું પ્રાણીઓની અંદરની રચના જોવાનું કામ અથવા તો જંતુશાસ્ત્રીઓનું કામ કરવાની યુક્તિઓ જુદા જ પ્રકારની હોય છે, તે છતાં વિજ્ઞાનની બધી શાખાઓના અભ્યાસની પ્રણાલિકા ઉપરટપકે એકસરખી જ હોય છે. દરેક બાબતના સંબંધી સઘળું જ્ઞાન મેળવ્યા પછી, ખરી બોટી હકીકતો જુદી પાડ્યા પછી અને બધાં તથ્યોને એકઠાં કર્યા પછી અથવા તો એકઠાં કરવાની ક્રિયામાં જ જાતે પ્રકારના સંબંધો સ્પષ્ટ થાય છે, તેમની પૂર્વાનુગામી વસ્તુસ્થિતિ સ્પષ્ટ થાય છે અને સાથેના કાર્યકારણના સંબંધની દિશાનું કાંઈક દેખાઈ આવે છે. તે ઉપરથી વ્યાપ્તિઓ પણ સ્ફુરી આવે છે. આ સ્ફુરણો નૈસર્ગિક શોધકબુદ્ધિવાળાઓને ફક્ત કલ્પના અને ચિંતનથી જ સ્ફુરે છે;* પરંતુ સાધારણ વૈજ્ઞાનિકને તો ઘણી મહેનત અને ચિંતનને જ પરિણામે પ્રાપ્ત થાય છે. પહેલા પ્રકારના સ્ફુરણોનાં દૃષ્ટાંત ન્યૂટન અને ડાર્વિન અને એવરનાં આપણે જોઈ ગયા. બીજા પ્રકારનાં સ્ફુરણોનાં ખાસ દૃષ્ટાંત તો વૈજ્ઞાનિકોનાં કાર્યમાં રોજ મળે છે. સૂર્ય ઉપરના ડાઘનો સતત બાર વર્ષ અભ્યાસ કરનાર કેથાએ ફક્ત એક જ વ્યાપ્તિરૂપ નિયમ શોધી કાઢ્યો હતો કે સૂર્ય ઉપર દેખાતા આ ડાઘ નિયમિત રીતે વધતા-ઘટતા દેખાય છે

* જુઓ Tyndall, On the Scientific use of Imagination.

અને આ વધઘટ-ક્રાંતિ લગભગ દર દસ વર્ષે ફરીથી આવે છે. પરંતુ તેથી ચલાવેલું કામ વ્યર્થ ગયું એમ કહી શકાય નહિ. તેના જેવા અસંખ્ય વિજ્ઞાનીઓ કેવલ તથ્યો ચોકસાઈથી એકઠાં કરીને રાખી મૂકે છે; આ તથ્યોમાંથી કેપ્લર, ન્યૂટન કે ફેરાડે જેવા કોઈ એક પ્રતિભા-શાલી વિચારકો જ વ્યાપિભૂત નિયમોની શોધ કરી શકે છે. વસ્તુનામક વનસ્પતિશાસ્ત્ર, વસ્તુનામક ભૂસ્તરવિદ્યા, વસ્તુનામક રસાયનવિદ્યા વગેરે અનેક વિજ્ઞાનની શાખાઓના વસ્તુનામક વિભાગોમાં કેવલ તથ્યોનો સંગ્રહ હોય છે, પરંતુ તે વસ્તુનામક વિજ્ઞાનમાંથી નવા નિયમો અને સિદ્ધાન્તો કૂલિત થાય ત્યારે એક વિજ્ઞાન ઉદ્ભવે છે. દાઢીકાબાદી જેવા ભૂગોલવેત્તા ખંડો તથ્યો એકઠાં કરે ત્યાર પછી જ કેપ્લર જેવા વિચારકોને નિયમ-શોધનનું કામ સૂઝે અને ત્યાર પછી જ ન્યૂટન જેવા મહાવિજ્ઞાનીનું કામ સિદ્ધ થઈ શકે. તથ્ય શોધવાનું અને નિયમ શોધવાનું એ બે કામ જુદા જુદા જ પ્રકારનાં છે. એ વિષે લૉર્ડ કેલ્વીન બહુ ભાર દેતા. તેઓ પહેલા કામને "પ્રકૃતિનો ઇતિહાસ" અને બીજા કામને "પ્રકૃતિનું તત્ત્વજ્ઞાન" એમ કહેતા. આ શબ્દો હવે વપરાતા નથી, પરંતુ તે ઉપરથી નિયમશોધનના કામની અગત્ય સમજાય છે.

નિયમસિદ્ધિ

"નિયમશોધન" પછી વિજ્ઞાનની પદ્ધતિનું બીજું પદ "નિયમસિદ્ધિ"નું આવે છે. ન્યાયશાસ્ત્રના કે નીતિશાસ્ત્રના નિયમો કરતાં વિજ્ઞાનના નિયમોની સિદ્ધિ વિલક્ષણ પ્રકારની હોય છે. પ્રયોગ કે નિરીક્ષણથી નિયમો સિદ્ધ થાય નહિ ત્યાંસુધી નિયમોને સિદ્ધાન્તનું રૂપ આપી શકાતું નથી. સત્યનો જ વિજય થાય છે, અને પ્રામાણિકતા જ વ્યવહારમાં કેવળ આપે છે એ નિયમોના અપવાદ જોઈને સામાન્ય અનુભવની એ નિયમોમાં શ્રદ્ધા નષ્ટ થાય છે: પરંતુ વિજ્ઞાનના સિદ્ધાન્તો સ્વીકારાતાં પહેલાં તેમની ચોકસી સખ્ત કસોટી થાય છે કે પછી

થાય છે એમ સિદ્ધ થાય તો જ દાર્પકારણનો સંબંધ સિદ્ધ કરી શકાય, અને તે પણ ક્યારે બને કે પ્રયોગો કે નિરીક્ષણમાં બીજી બધી પરિસ્થિતિ લગભગ સરખી જ રાખવામાં આવી હોય. પ્રયોગની બીજી બધી પરિસ્થિતિ સરખી જ રાખવી અને એકલ એક કારણ-રૂપ પરિસ્થિતિ જુદી રાખીને તેને પ્રયોજકની ઇચ્છા પ્રમાણે નજીક કે દૂર કરી શકાય એવી વ્યવસ્થા કરવી ઘણી કઠિન છે. પણ તેવા નિર્દોષ પ્રયોગો વિના વિજ્ઞાનના સિદ્ધાન્તો નિશ્ચિત થવા મુશ્કેલ છે.

શીત જ્વરનું કારણશોધન

વૈજ્ઞાનિક પદ્ધતિનો એકમે દૃષ્ટાંત આપવાથી આ વિષય જરા સરળ થશે. સામાન્ય શીતજ્વર (ટાઢિયા તાવ) નું કારણ વર્ષો સુધી ઓરી હવા મનાતું. ઊંજણવાળી કળીનમાંથી ઓરી હવા નીકળે છે અને આ હવાથી ટાઢિયો તાવ આવે છે એમ મનાતું. મેલેરિયા અંગ્રેજી શબ્દનો અર્થ જ એ છે "ખરાબ હવા". અત્યારે આપણે બધાએ જાણીએ છીએ કે મચ્છરથી આ રોગ થાય છે, પરંતુ તે સિદ્ધ થતાં પહેલાં વર્ષો સુધી ઘણાએક વૈજ્ઞાનિકોને તે વિષે પ્રયાસ કરવો પડ્યો હતો. પહેલાં તો મેલેરિયા સંબંધી બધી હકીકતો-તથ્યો-મેળવવાનું કામ કઠિન હતું. દાક્તરો અમુક હવાથી તાવ આવે છે એ માનીને જ સંતોષ માનતા. આ તાવથી શરીરમાં શું ફેરફાર થાય છે તેનો અભ્યાસ જ નહોતો થયો : જંતુવિદ્યાની પ્રગતિ સાથે એમ નક્કી થયું કે મેલેરિયાના કેસમાં લોહીમાં અમુક જાતના પરોપજીવી જંતુઓ હમેશ દેખાય છે. તેમાં પણ જુદા જુદા મેલેરિયા તાવમાં જુદાં જુદાં જંતુઓ દેખાય છે. આ બધાં તથ્યોનું વર્ગીકરણ કરતાં એક પ્રકારનો જંતુઓ અને મેલેરિયાનો સંબંધ જણાયો. પરંતુ કેવલ બહારના સંબંધથી અટકી ન જતાં આ વ્યાપ્તિસંબંધને નિર્દોષ પ્રયોગથી સિદ્ધ કરવાની જરૂર હતી. આ જંતુઓનો નવો સમૂહ બનાવીને તેને તંદુરસ્ત મનુષ્યના શરીરમાં દાખલ કરતાં મેલેરિયા જેવા પ્રકારો જોવામાં

ગયો; તેવો મેલેરિયા તાવનું કારણ આ જંતુઓ છે એ તો નક્કી થયું. પરંતુ તેનો અને મચ્છરનો સંબંધ શું ? મેલેરિયાનાં જંતુઓ કેવી રીતે જીવે છે, મરે છે, જન્મે છે અને જન્મ આપે છે એ સર્વ હકીકતો મેળવતાં વર્ષો ગયાં. આ કામ સર રોનલ્ડ રોસના હાથે કલકત્તામાં થયું હતું. તેમણે સિદ્ધ કર્યું કે આ જંતુઓ મચ્છરના શરીરમાં જ જીવી શકે છે; અને એક મનુષ્યને ચઢેલો મેલેરિયા બીજા મનુષ્યને આ મચ્છર મારફત ચઢી શકે છે. આ સિદ્ધ કરવાનું કંઈ સહેલું નહોતું; કારણ કે મચ્છરની આશરે ત્રણસો જાત છે; પણ તેમાંથી અમુક જાત જ અને ખાસ કરીને "એનોફેલીસ" નામના ખૂંચવાળા મચ્છરો જ આ જંતુઓને નિભાવી શકે છે. આ જાતના મચ્છરો જુદા પાડીને તેમાંથી જંતુઓનાં જીવન, વૃદ્ધિ અને ઘરસુ સંબંધી સર્વ હકીકત મેળવતાં સર રોનલ્ડ રોસને ઘણાં વર્ષો લાગ્યાં. ત્યારપછી પણ મચ્છરો અને મેલેરિયાના સંબંધ વિષે નિર્ણાયક પ્રયોગો કરવા પડયા હતા. આ પ્રયોગોના અંતે નક્કી થયું કે સાજાસરખા તંદુરસ્ત માણસને મેલેરિયા લાગુ પડવાનો એક જ રસ્તો તેના લોહીમાં અમુક જાતના મચ્છરની મારફત આ રોગનાં જંતુ દાખલ થવાં જોઈએ છે; એટલે કે તે જાતના મચ્છરોનો નાશ કરવામાં આવે તો, આ જંતુઓ બીજા સાજા મનુષ્યોમાં દાખલ થઈને પોતાનું જીવનચક્ર પૂરું કરી શકે નહિ, અને મેલેરિયા રોગનો નાશ થઈ જાય. સાજા મનુષ્યને મેલેરિયાવાળા મચ્છર કરડવાથી તે રોગનાં જંતુ તેના લોહીમાં દાખલ થાય છે અને મચ્છરદાની વગેરે વડે આ મચ્છરોને દૂર જુબવાથી શીતજ્વર લાગુ પડતો નથી એ પણ નિર્ણાયક પ્રયોગોથી સિદ્ધ થયું છે. કોઇન એ આ શીતજ્વર માટે અનુભવસિદ્ધ દવા છે તેનું પણ વૈજ્ઞાનિક સંશોધન થયું છે; આ દવાથી લોહીમાંના જંતુ ઉપર થતી અસર નોંધવાથી આ દવા કેવળ અનુભવસિદ્ધ નહિ પણ વિજ્ઞાનસિદ્ધ બનાવ છે, કારણ કે તે રોગના મૂળ કારણરૂપ જંતુનો નાશ કરે છે એમ સૂક્ષ્મદર્શક મંત્ર વડે જોઈ શકાય છે.

આ પ્રમાણે કાર્બનડાયક્સાઇડ સર્વત્ર સ્થાપિત થવાથી મેલેરિયા દૂર કરવાનાં સાધનો પણ જણાવાયાં હતાં; અને હવે દરેક ગામમાં મેલેરિયા દૂર કરવાને મચ્છરોનો અને તેમને જીવડવાને અનુકૂળ આબોહવાનો નાશ કરવાનો, અથવા તો તેમાં ઘાસતેલ નાખીને તેનાં ઈંડાંને મારી નાખવાનો વિચાર સાધારણ થઈ પડયો છે. હિંદુસ્તાનમાં દર વર્ષે લાખોક માણસો આ રોગથી જ મરે છે. તેમાં કંઈક ઘટાડો થવાનો સંભવ હવે લાગે છે. મેલેરિયાની માફક બીજા તાવનું કારણ પણ અમુક જાતના મચ્છર છે એમ સિદ્ધ થયું છે અને તે થવા પાછી પ્રાણીની નહેરના પ્રદેશો, અને દક્ષિણ આફ્રિકાના કેટલાકોક પ્રદેશો વસવાને લાયક થયા છે. આ લાભ કરતાં કાર્બનડાયક્સાઇડની ચોકસાઈ વધારે અગત્યની છે; અને તે ઉપર ધ્યાન આપવાનું છે.

નિષ્ફળ પ્રયોગો

વિજ્ઞાનની પદ્ધતિમાં નિષ્ફળ પ્રયોગનું સ્થાન સારો દેખાવનાર પ્રયોગ જેટલું જ મહત્ત્વનું છે. એકવાર કૃત્રિમ રીતે શીતળા કાઢવા પછી બીજી વાર શીતળાનો રોગ મનુષ્યને થતો નથી અથવા તો થાય છે તો ઘણા જ નરમ રૂપમાં થાય છે એ પ્રયોગોથી જેનરે સિદ્ધ કર્યું હતું. તેવા જ પ્રયોગો પાશ્ચરે "એન્થ્રાક્સ"ના સંબંધમાં કર્યા હતા અને તેણે બનાવેલી રસીનો ઉપયોગ કરવાથી આ રોગ થતો નથી અને થાય તો ઘણા જ હીણા રૂપમાં થાય છે એવું પ્રતિપાદન કર્યું હતું. પરંતુ પાશ્ચરનો આ વિચાર કોઈએ કબૂલ રાખ્યો નહિ, અને બનવાના કાકતાલ, અને કોરોના અનુયાયીઓએ તેના અભિપ્રાયને હસી કાઢયો: અને છાપાંઓમાં તેના વિરુદ્ધ ઘણી ટીકા થઈ. બધું વાતાવરણ તેની પ્રતિકૂલ હતું, પરંતુ છેવટે નિષ્ફળ પ્રયોગ કરવાની રાજાની અને પ્રજાની સમર્પણ શક્તિઓની માફક એક વિજ્ઞાનાર્થે-વિજ્ઞાનભક્ત-વૈજ્ઞાનિકોમાં જાગ્યો. પચાસ બેઠાં લોકમાં આવ્યાં પછીથી એ આફ્રિકાના મૂલ વતનીઓમાંથી બનાવ-

પેલી રસી મૂકવામાં આવી, બીજા પચીસને એમને એમ રહેવા દેવામાં આવ્યાં. બીજા દિવસ પછી આ બધાં ઘેટાંને સાથે ઓક્સિજનનાં જીવતાં જંતુઓની બીજી જાતની રસી મૂકવામાં આવી. પછી બધાં ઘેટાંને જોવાં કરવામાં આવ્યાં અને મોટા હોકટરો, અનુભવીઓ, અને વૈજ્ઞાનિકોની કમિટીની દેખરેખ નીચે રાખવામાં આવ્યાં. ૧૮૮૧ ના જૂન માસની બીજી તારીખે આ પ્રયોગનું છેવટ આવવાનું હતું; તે દિવસનો ઉત્સાહ અને આનંદ વિજ્ઞાનના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે. જે પચીસ ઘેટાંને પહેલેથી રસી મૂકવામાં આવી ન હોતી તે બધાં તે જ દિવસે અથવા રાત્રે ઓક્સિજનથી મરી ગયાં—પરંતુ બીજાં પચીસ જેને પહેલેથી રસી મૂકેલી હતી, તે તદ્દન સાજાં રહ્યાં. આ સભામંડપમાં જે વખતે પાશ્ચર દાખલ થયો તે વખતે તેને અભિનંદનો તાળીઓનો અવાજ અપૂર્વ પ્રકારનો હતો. પાશ્ચરે પોતાના પ્રયોગોની ચોકસાઈથી વિજ્ઞાનની પદ્ધતિ અને વિજ્ઞાનની ઉપયોગિતા વિષે બધી શંકા દૂર કરી હતી. આજ પદ્ધતિનો ઉપયોગ પછીથી પાશ્ચરે હડકવાના રોગ ઉપર કર્યો હતો, અને તેના આ અન્વેષણથી મનુષ્યના કષ્ટસાધ્ય રોગોમાંથી એક રોગ ઓછો થયો છે પાશ્ચરને નિષ્ફળિક પ્રયોગ ઉપર જોઈતી બધી શ્રદ્ધા હતી કે તે ઉપરથી તેના પ્રયોજનની બે બાજુ સાબતો, પણ તે કેટલાએક વેપારીઓ મોટા હિસાબના ચોપડા રાખે છે તેની દૃષ્ટિએ નહિ; અને પ્રયોગમાં પરિસ્થિતિ તદ્દન સરખી જ રાખીને નિષ્ફળિક કારણનો બોજ રહે એટલો જ ફેર રાખી બધું કારણ શોધવાને આટે જ.

ઉપરના વિવેચનથી વિજ્ઞાનના સિદ્ધાન્તો સ્વીકારાતા પહેલાં કેટલી સખત કસોટીમાંથી પસાર થાય છે તેનો ખ્યાલ આવશે. હકીકતો એળખી, તેમાંથી તથ્ય જૂદાં પાડી, તેમનું વર્ગીકરણ કરીને નિયમો મેળવવામાં આવે, અથવા તો કેવળ કલ્પનાથી નિયમો પ્રતિપાદન કરવામાં આવે, તોપણ છેવટની કસોટીમાંથી છૂટવાને બધા જ યોગ્ય સિદ્ધાન્તો ભાગ્યશાળી નીવડે છે. અમુક બટના કે

અમુક સૃષ્ટિક્રિયાની સમજુતી માટે નિયમરૂપ અમુક કૂંચીથી બધી સંભાળ કિલ્લા મળે તો જ તાળું ખૂલી શકે; તે વિષયનાં બીજાં તથ્યોનો ખુલાસો મળે, બધાં તથ્યોની સાથે બંધબેસતી થાય તો જ તે કૂંચી સ્વીકારાય છે, અને નિયમનો આદર થાય છે. પરંતુ તેમાં કોઈ પણ ત્રુટિ દેખાય તો તે કૂંચી નાખી દઈને બીજી બનાવવી પડે છે. વૈજ્ઞાનિક અન્વેષણના કારખાનામાં આવી નકામી પડેલી કૂંચીઓ અસંખ્ય છે. આ સંબંધી પ્રખ્યાત પ્રયોગશાસ્ત્રી હેરેડેએ કહ્યું હતું કે "વૈજ્ઞાનિક અન્વેષકના મનમાંથી પ્રસાર થતા અસંખ્ય વિચારો અને કલ્પનાઓમાંથી કેટલા મોટા ભાગનો નાશ પોતાના હાથે જ પોતાની તીવ્ર વિવેચક બુદ્ધિ અને સખ્ત ટીકાને લીધે થાય છે તેનો બહારના સાધારણ મનુષ્યને આવી શકે જ નહિ." આ મનોવ્યથા વૈજ્ઞાનિક અન્વેષકને કેટલો ત્રાસ આપે છે એ હકિકત ઉમાશંકર જોષીએ "ઋતનિર્ઝર (એક વૈજ્ઞાનિકની આત્મકથા)" એ કાવ્યમાં સુંદર અને ચોટદાર રીતે વર્ણવ્યું છે. "વિજ્ઞાન અને રસવૃત્તિ" એ પ્રકરણમાં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

વૈજ્ઞાનિક વૃત્તિ

વૈજ્ઞાનિકોના જીવનનું ખરું રહસ્ય તેમની માનસિક વૃત્તિમાં છે. અને તેથી વિજ્ઞાનનું ખરું સ્વરૂપ પીછાનવું હોય તો વૈજ્ઞાનિક વૃત્તિ બરાબર બાઝુવી જોઇએ. સાધારણ માનવને વૈજ્ઞાનિક પદ્ધતિનો સ્પર્શ થયા વિના તેમાં વિજ્ઞાનનાં તત્વો ઉદ્ભવતાં નથી; તેવી જ રીતે સાધારણ મનુષ્યની માનસિક વૃત્તિમાં ફેર થયા વિના તેનાથી વૈજ્ઞાનિક જીવનનો લાભ લઈ શકાતો નથી. ગીતામાં અર્જુને પ્રશ્ન પૂછ્યા છે કે યોગીઓ કેવી રીતે બેસે છે? કેવી રીતે ચાલે છે? કેવી રીતે વાતો કરે છે? કઈ ભાષામાં બોલે છે? આવા જ પ્રશ્નો વૈજ્ઞાનિકો અને તેમની માનસિકવૃત્તિ વિષે પૂછવા યોગ્ય છે. વિજ્ઞાનના ઉપાસકોને પણ ગીતામાં વર્ણવેલા યોગીઓના કેટલાએક લક્ષણો સંમત છે: "નિઃસ્પૃહઃ" "નિર્મમો," "નિરહંકારઃ". તે ઉપરાંત સત્યપ્રેમ, સત્યનિષ્ઠા, સ્થિરબુદ્ધિ, આગ્રહ નિશ્ચય, ધૈર્ય, અદ્વૈતભાવ, તીક્ષ્ણ નિરીક્ષણ શક્તિ વગેરે લક્ષણો પ્રાપ્ત કર્યા વિના ખરી વિજ્ઞાનપ્રકૃતિ અશક્ય જ છે. વિજ્ઞાને જગતને આપેલી નાનીમોટી શોધો ગુલાબી બાજુ બતાવતા તો તેમનો નાશ થઈ જાય તે પણ વિજ્ઞાનના ઉપાસકોએ જે બાહ્ય અને બોધ જગતને આપ્યાં છે, જે આત્મભોગ આપીને આદર્શમય જીવન ગાળ્યાં છે અને મનુષ્ય જીવનને કેવળ બૌદ્ધિક રીતે નહિ પણ માનસિક અને આધ્યાત્મિક રીતે પણ ઉન્નત કર્યું છે તે માનવજીવનના ઇતિહાસમાં ભુલાય એમ નથી. વિજ્ઞાનનો દુરુપયોગ ઘણી વખત થાય છે પણ તેથી વિજ્ઞાનના આદર્શની કે કાર્યની કિંમત ઘટતી નથી; નવલકથા, કાવ્ય, અને ચિત્રકળાનો પણ દુરુપયોગ ઘણીવાર થાય છે. ધર્મને બહાને થતા ઢોંગ, અન્યાય અને જુલમ, અને અનીતિનાં કૃત્યો લેવા દૂર જવું પડે તેમ નથી. તેવી જ રીતે વિજ્ઞાનની શોધનો દુરુપયોગ યુદ્ધમાં કે બીજા કોઇ કામમાં થાય, તો તેમાં દોષ નથી વિજ્ઞાનનો, પણ છે રાજનીતિનો કે સમાજવ્યવસ્થાનો. વિજ્ઞાન

પોતાના ઉચ્ચ આદર્શોથી, પોતાના વાકેફોના નિઃસ્પૃહી અન્વેષણોથી આ રાજનીતિ અને સમાજવ્યવસ્થાની અપૂર્ણતા અને દોષ પદે પદે દર્શાવે છે. પરંતુ સ્થાપી સુધીમાંથી અને રાજપુરુષો જ્યાંસુધી વિજ્ઞાનનાં સત્યોને સમજે નહિ ત્યાંસુધી સમાજનાં દુઃખો અને પ્રજાઓનાં યુદ્ધો અટકવાનાં નથી. કહ્યું પણ આ સ્થાપી રાજનીતિને જગતમાંથી દૂર કરનારી કોઈ પણ સત્તાનું બળ જામવાનો સંભવ કેમ તો તે વિજ્ઞાનની પુનિત ભાવનાઓમાં અને વિજ્ઞાનનાં અતિમ સત્યોની વાસ્તવિકતામાં જ છે. વિજ્ઞાનના ઇતિહાસમાં જડવાદ કેટલા દાનકમાં થોડો સમય પોતાનું સામ્રાજ્ય ચલાવી ગયો; પરંતુ જડવાદની અપૂર્ણતાઓ હવે સમજાતી જાય છે. વૈજ્ઞાનિકોના અંતર આધ્યાત્મિક જીવનના વિકાસની સાથે સમસ્ત વૈજ્ઞાનિક વિચારનો ઝોક આધ્યાત્મવાદ તરફ વળતો જાય છે. વિજ્ઞાનનાં પરાક્રમોની પરાકાષ્ઠા જડવાદમાં જ સમાપ્ત થાય છે એ સમજવું ભૂલ ભરેલી છે; વિજ્ઞાનનું મૂલ્ય કરવું હોય તો વિજ્ઞાનસમસ્તની તુલના કરવી જોઇએ. વિજ્ઞાનનું રૂપ દેખાતાં તથ્યો કે સિદ્ધાન્તોમાં જ વિજ્ઞાન પૂરું થતું નથી; વિજ્ઞાનના બીજા સ્વરૂપનું રહસ્ય વિજ્ઞાનની પદ્ધતિ અને વિચારપ્રણાલિકામાં છે તેવી જ રીતે વિજ્ઞાનના આદ્યનું રહસ્ય વૈજ્ઞાનિક વૃત્તિમાં —વૈજ્ઞાનિકોના સ્વભાવની વિશેષતામાં અને તેમના વિચાર અને કાર્યની અદ્ભુત શુદ્ધિમાં રહેલું છે.

જિજ્ઞાસા

આ વૈજ્ઞાનિક વૃત્તિનું પ્રથમ લક્ષણ જિજ્ઞાસા છે. આ જિજ્ઞાસા બીજાના આનંદી પત્રો વાંચવાના જેવી ક્ષુલ્લક અને ક્ષુદ્ર પ્રકારની નથી હોતી, પરંતુ નિઃસ્વાર્થી અને પવિત્ર હોય છે. ખરી બાતમી મેળવવી, સાધારણ હકીકતોમાંથી અસત્યનાં ફોતરાં ખરી તથ્યની પ્રાપ્તિ કરવી એ કાર્યમાં સત્યને માટે અનહદ પ્રીતિ વિશેષણ પ્રેરક બળ આપે છે. પ્રેમીઓની પિપાસા, દેશભક્તોની ધગશ, વ્યવસાયી મુમુક્ષુઓની જિજ્ઞાસા એ સર્વેના કરતાં વૈજ્ઞાનિકોની તથ્યોને માટે

તૃષ્ણા* વધારે નિઃસ્વાર્થી અને તેથી વધારે પવિત્ર હોય છે. ફ્રેન્કલૅંડ તેની શિશીનને શોધવાને માટે કુંભરો તોડવાને તત્પર હતો; દેશબંધુઓના દેશના માન કે મુક્તિને માટે આપ્યું આખ્યાનો દષ્ટાંતો દેશદેશના ઇતિહાસમાં મળી આવે છે; નાચિકેતા જેવા મુમુક્ષુઓ મોક્ષની ઇચ્છાથી પ્રેરાઈ યમરાજ પાસે જતાં ડરતા નથી—પરંતુ એમના સર્વ યત્નોમાં કંઈપણ લાભની આશા હોય છે. પણ વૈજ્ઞાનિક યત્નોમાં, ખાસ કરીને વિજ્ઞાનનાં તત્ત્વોની શોધમાં, કેવળ જ્ઞાનવૃદ્ધિ સિવાય વૈજ્ઞાનિકોને કંઈ લાભ થતો નથી, અર્થ સાધવામાં, દેહ પાતવામાં વા એનાં દષ્ટાંતો મારવાડના શુષ્ક પ્રદેશોમાંથી આવનારા, અને મુંબાઈ અને કલકત્તા જેવાં શહેરોને ધ્રુજાવનારા બાપારીઓમાં મળી આવશે. પરંતુ સર્વ સાધવામાં, દેહ પાતવામાં વા એના નિઃસ્વાર્થી શોધકબુદ્ધિવાળા સત્યપ્રેમીઓ તો વૈજ્ઞાનિકો સિવાય અન્ય મળવા મુશ્કેલ છે. ઈંડને બ્યમુરોથી બચાવવા બાતર પોતાનાં અસ્થિ આપવામાં દધીચિ ઋષિને પુષ્કળ મળતા દેવોની આવા કરવાજૂત હતી, પણ ધવલગિરિ કે ગૌરીશંકરના ઉચ્ચતમ શિખર ઉપર ચઢવા તો ઉત્તર કે દક્ષિણ ધ્રુવ સુધી પહોંચવા, અને ત્યાંના હવામાન-વગેરે તથ્યો વિષે જ્ઞાન પ્રાપ્ત કરવામાં જિંદગીનું જોખમ હોવા છતાં પણ તેને માટે ફરી ફરી યત્ન કરનારા વૈજ્ઞાનિકોને આત્મબોગની સ્વયંપ્રેરિત બાવના કારણભૂત હોય છે. કેટલાકોએ અહીં એમ કહી બતાવ્યું કે શિકારીઓની પેઠે નવું પરાક્રમ કરવાની જૈવિક લાલસા એમને પ્રેરે છે. પરંતુ આ લાલસા શિકારીઓની કેવળ શિકારી અને હિંસક વૃત્તિથી ભિન્ન પ્રકારની હોય છે: કારણ કે આ પ્રયત્નોનો અંતિમ ઉદ્દેશ તો નવાં તથ્યો પ્રાપ્ત કરવાનો—તથ્યોની તૃષ્ણા છે. આ તૃષ્ણા નિઃસ્વાર્થી હોવાને લીધે વિજ્ઞાનના ઉચ્ચ આશય અને પ્રગતિનું મુખ્ય સાધન બને છે.

જિજ્ઞાસા એ મનુષ્યસ્વભાવનું સાધારણ લક્ષણ છે. નાનાં

* passion for facts

બાળકમાં પણ આ જિજ્ઞાસા સ્વાભાવિક હોય છે અને "આ શું છે", "શા માટે", "કેવી રીતે" એવા પ્રશ્નોથી વધુવાર માતાપિતાને તેઓ પજવી મૂકે છે. ઘણી વાર આળસુ અને અજ્ઞાન માતાપિતા તરફથી આ જિજ્ઞાસાને ઉત્તેજન ન મળવાથી તે દબાઈ જાય છે, અને તેથી વૈજ્ઞાનિક બુદ્ધિને આવશ્યક માનસિક ગતિ બીજાના પામતી જ નથી. વૈજ્ઞાનિકોનાં જીવનચરિત્રોમાં તેમના બાલ્યકાળમાં બનેલી આ બાબતો વિષે વારંવાર વાંચવામાં આવે છે. કેપ્લર જેવા પ્રતિભાશાળી જ્યોતિષશાસ્ત્રીની બાલ્યાવસ્થામાં આ વિષે ખાસ ઉલ્લેખ છે: તેને સાધારણ ઉત્તરથી સંતોષ ન થતો અને દરેક પ્રશ્નને માટે ચોક્કસ ઉત્તર મેળવવા મથતો; "આનું કારણ શું" એટલાથી સંતોષ ન માનતાં "આનું ખાસ કારણ શું" એ પ્રશ્નથી વધારે માહિતી મેળવવા તે યત્ન કરતો. આ જિજ્ઞાસા અને જિજ્ઞાસા વૈજ્ઞાનિકોના જીવનરસરૂપ છે. પરંતુ તે બાળકોના પ્રશ્નોના જેવી ક્ષણજીવી અને ક્ષુલ્લક નથી હોતી સત્યશોધકના પવિત્ર આદર્શને લીધે આ જિજ્ઞાસામાંથી શુદ્ધ અને સાત્વિક માનસિક સ્થિતિ સ્વભાવ છે. તે સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ચોકસાઈ, બારીક નિરીક્ષણની ટેવ, સ્પષ્ટતા વગેરે ગુણો પણ આવશ્યક થઈ પડે છે.

-ચોકસાઈ

કેવળ સત્યને માટેની જિજ્ઞાસા આ ગુણો વિના નિષ્ફળ જાય છે. તથ્યો ચોકસાં કરવાની ઇચ્છા ઘણીયે તીવ્ર હોય તો પણ તે બારીક નિરીક્ષણ અને ચોકસાઇથી પ્રાપ્ત કરવામાં ન આવ્યાં હોય યથાર્થ તો તેમને સ્પષ્ટતાથી વર્ણવવામાં ન આવ્યાં હોય તો બધી મહેનત વ્યર્થ જાય છે. વિજ્ઞાનનો પાયો ચોકસાઇથી પ્રાપ્ત કરેલાં તથ્યો ઉપર રચાયલો હોય છે. તેથી તેમના નિર્ણયમાં કે વર્ણનમાં કોઇ પણ કોઇપણ અંશે અચોકસતા જણાય તો સર્વ કાર્ય દૂષિત થાય છે અને તજ્જ દેવું પડે છે. આ ચોકસાઇ જેટલી આવશ્યક છે તેટલી જ પ્રાપ્ત કરવી કઠિન છે. ઘણાં બાળકો પોતાના ભ્રમમાં અને સ્વપ્નમાં

વસ્તુના અનુકાર્ય વસ્તુનો ભેદ સમજી શકતાં નથી, અને સ્વપ્નને પણ સાચું માને છે, તેવી જ રીતે પ્રાચીન સમયના કેટલાએક મુસાફરોએ પોતાના અનુભવનાં વસ્તુને કરતી વખતે પોતે નજરે જોયેલી ખરી હકીકતો, બીજા લોકોએ કહેલી વાતો, અને પોતાના માનસિક અભિપ્રાયો એકઠા કરી નાખ્યાં છે. આવી નોંધપોથીઓ વૈજ્ઞાનિક અન્વેષણમાં નિરુપયોગી થઈ પડે છે. એક સાધારણ બનાવની હકીકત પણ ચાર જુદા જુદા મનુષ્યો જુદી જ રીતે કહેશે. તેને ચોકસાઈથી અને પોતાના અંગત અભિપ્રાયથી રંગ્યા સિવાય વર્ણન કરનારા બહુ ઓછા જ મળશે. પ્રયોગથી એમ સિદ્ધ થયું છે કે એક જ નાટ્યપ્રયોગનાં વર્ણનો પણ જુદા જુદા વિદ્યાર્થીઓ એકસરખી ચોકસાઈથી લખી શકતા નથી.

પરંતુ આ ચોકસાઈની ટેવ પ્રાપ્ત કર્યા વિના વૈજ્ઞાનિકોને ચાલે તેમ નથી. સર આર્થરકોનન ડોયલ નામના વિખ્યાત વૈજ્ઞાનિકના ગ્રન્થોમાં કહીએ તો "સાધારણ" અનભિજ્ઞ અવૈજ્ઞાનિક મનુષ્યોને "લગભગ" "આશરે," વાદળાં જેવા શબ્દોથી ઘણી વાર સંતોષ માને છે. પરંતુ કુદરતને તેથી સંતોષ થતો નથી. બે વસ્તુઓમાં ચોખ્ખાપૂર વ્યવહારો ચોખ્ખાના સદ્ગુણાંશ જેટલો પણ ફેર હોય તો કુદરત તો તે બંને વસ્તુઓને જુદી જ ગણશે. સાધારણ મનુષ્ય પોતાની દુનિયાદારીની ટેવ પ્રમાણે વૈજ્ઞાનિક ક્રિયાઓમાં આ સૂક્ષ્મ ભેદ સમજ્યા વગર કામ કરવાની ધૃષ્ટતા રાખે તો કુદરત તેને ક્ષમા આપવાની નથી. આ ઝીણા ભેદ જોઇ નહિ શકવાથી હાલનો માર્ગ હાથમાં આવેલો છતાં ફેંકી શકાતો નથી, અને કુદરતના ખજાનાની ચાવી સમીપ હોવા છતાં તેનો ઘા કર્યા શકાતો નથી. વરાણયંત્ર જેવા યંત્રની બનાવટમાં આવી ચોખ્ખાપૂર પણ ભૂલ કરવાથી કોઈવાર તે યંત્રની અને વાપરનાર મનુષ્યની પોતાની સલામતીનો પણ જોખમ વ્યાપવો પડે છે. આવી બારીકાઈ અને ચોકસાઈથી બનાવાતાં યંત્રો અને દુનિયારો દરેક દેશની ઔદ્યોગિક સ્વતંત્રતાના પાયા રૂપ છે.

સૂક્ષ્મ નિરીક્ષણની રીત

ચોકસાઇના ગુણની સાથે ઝીણવટથી નિરીક્ષણ કરવાની રીત, નાની અને મોટી દુરબીનોની પણ જોડ રાખીને તેનો ઉપયોગ અને તેનો અર્થ સમજવાની તત્પરતા એ વૈજ્ઞાનિક સ્વભાવમાં હાજર રહે છે. આ ઝીણવટને લીધે જ ઘણી અગત્યની શોધો થઈ રહી છે. તેનાં એકબે દૃષ્ટાંતો આપવાં આવશ્યક છે. વર્ષો વર્ષો સુધી આખણી હવામાં નાઇટ્રોજન, ઑક્સીજન, કાર્બોનિક ઍસિડ જેવા અને વરાળના અંશ સિવાય બીજું કાંઈ તત્ત્વો છે જ નહિ એમ મનાતું હતું. કેવન્ડીશ (૧૭૩૧—૧૮૧૦) નામના એક અંગ્રેજ રસાયનિકે નિરીક્ષણ કર્યું હતું કે હવામાંથી ઉપર દર્શાવેલા વાયુઓ દૂર કર્યા પછી પણ જરા જેટલો (નાના પરપોટા જેવો) વાયુ રહી જતો હતો. સાધનોના અભાવને લીધે આ વાયુના ગુણ અને લક્ષણની તપાસ તે કરી શક્યો નહોતો, અને સો વર્ષ સુધી આ વાયુ વિષે કોઇ પણ વૈજ્ઞાનિક વધારે તપાસ કરી નહોતી. પરંતુ ૧૮૯૪ માં લૉર્ડ રેલેને હવામાંથી મેળવેલા નાઇટ્રોજનના વજનમાં સહેજ ફેર માલુમ પડ્યો. આ વજનનો જોડ પણ જ ચોકો અને ઝીણો હતો—એક આમના દશ હજારમા ભાગ જેટલો પણ ખાખે હતો. આટલા નાના ફેરને પણ ધ્યાનમાં રાખવાથી, અને કેવન્ડીશના નિરીક્ષણને પાક રાખવાથી તથા આ જોદના કારણની તપાસ ચાલુ રાખવાથી, હવામાં રહેલા બીજા વાયુરૂપ તત્ત્વોના સમૂહની શોધ થઇ. આ શોધમાં રંગપટવિદ્યા+ ઘણી ઉપયોગી થઇ પડી હતી; તેમાં પણ ચોકસાઇ અને ઝીણવટથી કામ કરનારને આરગન, હીલિયમ, નિયોન, વગેરે નવાં તત્ત્વોની શોધ કરવાનો લાભ મળ્યો હતો. આ તત્ત્વોનું પ્રમાણ હવામાં પણ જ ચોકું છે. તે છતાં આ તત્ત્વોની શોધથી સૈદ્ધાંતિક રસાયનવિદ્યાના જ્ઞાનમાં કેટલીએક બાકી રહેતી જગ્યા પુરાઇ છે: અને એ તત્ત્વોના ગુણના અભ્યાસથી પૃથ્વી અને સૂર્યના સંબંધ વિષે, પૃથ્વીમાં રહેલા હીલિયમના

+Spectroscope

બ્રાંતો ઉપરથી પૃથ્વીની ઉંમર વિષે અને એવા બીજા અનેક વિષયો ઉપર પ્રકાશ પડયો છે.

બનાવટી રંગ બનાવવાના અર્વાચીન ઉદ્યોગની સ્થાપના આવા બારીક નિરીક્ષણની રૂએથી જ થઇ હતી. ઇ. સ. ૧૮૫૬ માં પર્કીન નામના એક ૧૭ વર્ષના યુવકને કોલસાના બનાવતાં અકસ્માત એક કાળો પદાર્થ જોવામાં આવ્યો. તેને નાખી દેવાને બદલે તેનો વ્યવસ્થાપૂર્વક અભ્યાસ કરવાથી 'એનીલીન મોવ' રંગની શોધ થઇ, અને એક નવા ઉદ્યોગની સ્થાપના થઇ. કોલસામાંથી બાળવા માટેનો ગૅસ બનાવતાં અને શુદ્ધ કરતાં જે પદાર્થો મળી આવે છે તેમાંના નકામી ગણાતા કોલતારમાંથી આ ઉપયોગી પદાર્થ બનવાથી રંગ બનાવવાના એક નવા કુલ્પરની સ્થાપના થઇ છે. અર્વાચીન જગતમાં રંગની વિવિધતામાં અને અદ્ભુતતામાં તેમ જ રંગથી બનતા સૌન્દર્યમાત્રમાં વૈજ્ઞાનિકોનો હાથ સર્વત્ર દેખાય છે. એનીલીનની માફક એલીઝરીન રંગની બનાવટમાં પણ પછી જ હીલબટ, બારીકાઇ અને ચોકસાઇનો ઉપયોગ થયો છે; એમ કહેવાય છે કે એક પ્રયોગમાં થર્મોમીટર તૂટી જવાથી અને તેમનો પારો બાટલીની અંદર પડવાથી, રાસાયનિક કાર્ય ઉત્તેજિત થયું હતું; અને મહિનાઓની મહેનતને બદલે એક જ અકસ્માતથી આ રંગ બનાવવાનું કાર્ય સહેલાઇથી સંપૂર્ણ થયું હતું. આમ અકસ્માતથી કોઈ વખતે વૈજ્ઞાનિકોનું કાર્ય સુલભ થાય છે, પણ તેનો લાભ બારીકાઇથી નિરીક્ષણ કરનારને જ મળે છે.

એવો જ બનાવ પેનીસીલીન નામની નવી દવાની શોધ વિષે બન્યો છે. ૧૯૨૯માં પ્રોફેસર ફ્લેમીંગ જંતુમાં જુદી જુદી જાતનાં સૂક્ષ્મ જંતુ* વિષે પ્રયોગ કરતા હતા: તેમાંના એક પ્રયોગમાં તૈયાર કરેલી બધી સામગ્રી બહારની કોઈ વસ્તુને લીધે ખરાબ થયેલી જણાઇ. અને વાદળી અને લીલા વર્ણોના રંગની ઉલ+ વધતી જોવામાં આવી. હવે

* Bacteria + Fungi

બીજા કોઈ પ્રયોગકારે આવી ઘટના જોઈને તે રહસ્યની ઉકેલ કીધી હોત અને તે વાત ભૂલી જાત. પરંતુ પ્રોફેસર જબુલાવી અને સૂક્ષ્મ નિરીક્ષક હોવાને લીધે તેમણે વધારે છીણબુદ્ધિથી જોયું અને શોધી કાઢ્યું કે આ ઉપદ્રવને લીધે મુખ્ય જંતુઓનો નાશ થયો હતો. વધારે શોધ કરતાં જણાયું કે આ 'ઉપ'ના જીવનમાં એવી એક રસાયનિક વસ્તુ નીકળતી હતી કે જેનાથી અમુક રોગોના સૂક્ષ્મજંતુઓનો આંતર નાશ થયો હતો. આ પ્રમાણે વધુ સંશોધન કરતાં ન્યુમોનિયામાં ફેફસાના કે મગજના સોજાના રોગોમાં અને બીજા કેટલાએક રોગોમાં તે રસાયણ અસર કરે છે એ પુરવાર થયું. આ અકસીર દવાની શોધ તે સૂક્ષ્મ નિરીક્ષણનું જ ફલ છે.

સ્પષ્ટતા

સત્યના વાસ્તવિક જ્ઞાનની પ્રાપ્તિને માટે વૈજ્ઞાનિકોને વિચાર તેમ જ વસ્તુઓની સ્પષ્ટતાનો ખૂબ ખેલવો પડે છે. ચોકસાઈ અને સ્પષ્ટતા બે જોડકી બહેનોની માફક સાથે જ અવતરે છે, પરંતુ કેટલીએક વખત ચોકસાઈની શોધમાં સ્પષ્ટતા ખુલાઈ જાય છે. તેથી વૈજ્ઞાનિકોનો સ્પષ્ટતા માટે ઘણોયે વધારે આગ્રહ હોય છે અને સ્પષ્ટતા પ્રાપ્ત કરવાને તેઓ ઘણોજ સતત અને અથાગ પ્રયત્ન કરે છે કે તેમને અસ્પષ્ટ વસ્તુઓ કે વિચારને માટે કેમ આપણી અણગમો થઈ પડે છે. કાચુંદરની આંખનું બંધારણ અને તેના મણિ*-ની રચના જ કેવી અપૂર્ણ હોય છે કે તેના દૃષ્ટિપટ પર સ્પષ્ટ ચિત્રો પડવાં જ અશક્ય હોય છે; ઘણા મનુષ્યનો સ્વભાવ પણ આવો જ હોય છે અને તેમના વિચાર કે વર્તણૂકમાં સ્પષ્ટતા ભાગ્યે જ જોવામાં આવે છે. તેઓ કાચુંદરની પેઠે કેટલીએક વસ્તુઓ સ્પષ્ટતાથી જોઈ શકે છે પરંતુ તે સિવાયની વસ્તુઓને તો આંખો જ દેખે છે. આ માનસિક અપૂર્ણતા દૂર કરવાને વૈજ્ઞાનિકો હમેશ મથે છે, અને વધતામાં વધતી સ્પષ્ટતા પ્રાપ્ત કરવાને યત્ન કરે છે.

* Lens

ચોકસાઇ વિના સ્પષ્ટતા પ્રાપ્ત થવી મુશ્કેલ છે. ચોકસાઇની કિંમત થતાં જ વિચાર અને વસ્તુઓની સ્પષ્ટતા આવી જાય છે. વિચારદર્શનમાં કે વસ્તુઓના વર્ણનમાં જેટલી ચોકસાઇની જરૂર છે તેટલી જ જરૂર સ્પષ્ટતાની છે. જગતમાં જાણવાનું એટલું બધું છે કે કેટલાં વિષયથી અજ્ઞાન રહેવાને માટે આપણે શરમાવું જોઇએ નહિ. પરંતુ ચોકકસ એક વિષય અથવા તો એક વસ્તુ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે તો પછી તે જ્ઞાન સ્પષ્ટ અને ચોકકસ હોવું જ જોઇએ, કારણ કે તે સિવાય જ્ઞાન અને અજ્ઞાન વચ્ચે અંતર રહેતું નથી. વૈજ્ઞાનિક નિરીક્ષણ કરનારને કોઇપણ વસ્તુ અથવા ક્રિયા સંબંધી બાબતો મેળવતી વખતે જેટલી બધી સંપૂર્ણ વિગતો પ્રાપ્ત થાય છે કે તે પછી તે સંબંધી સ્પષ્ટ, સંપૂર્ણ અને ચોકકસ વર્ણન કરતાં તેને અટકવું પડતી નથી. કોઇપણ વસ્તુ અથવા વિચારનું આપણા મનમાં સ્પષ્ટ વર્ણન કરવાથી, તેને ઉપર નીચે, અંદર બહાર, આડે તરછ વારંવારઊંડે તપાસવાથી તે સંબંધી આપણું જ્ઞાન જેટલું બધું સ્પષ્ટ થાય છે કે તે વસ્તુને લગતા પારદર્શક કહી શકીએ. વનસ્પતિશાસ્ત્રી વૃક્ષનો અભ્યાસ કરતી વખતે તેની ડાળની રચના, અંદરનું લાકડું અને તેના નરમ અને નક્કર વિભાગ કરીને પોતાના વસ્તુવિષ રચનો કળી શકે છે; તેમાં પાણી અને ક્ષારની ઊંચી ગતિ જોઇ શકે છે અને પાંદ અને ઝીણાંવાળાં મૂળાંની જમીન તરફની નીચી ગતિ પણ જોઇ શકે છે. એક નાની ગોકળગાય અથવા વાંદાને બહારથી જોવાથી જીવવિદ્યાના અભ્યાસીને તેની અંદરની રચના-તેનું પાચકતંત્ર, તેનું પેટ, તેનું ગતિમાન રકત અને તેના જ્ઞાનતંતુઓ અને મજ્જાતંતુઓ વગેરેનું જ્ઞાન તાદૃશ થાય છે. નવા નવા રંગ બનાવવાના કામમાં ગુંથાયેલો રસાયનશાસ્ત્રી તેની સામે રહેલા કાચના વાસણમાં મૂકેલા રંગ ને જોની અંદરની

રચનાનો અને તેમાં જુદા જુદા પ્રકારના અણુઓ, પરમાણુઓ અને તેમની પરસ્પર સ્થિતિ વિગેરેનો તાદૃશ ચિતાર પોતાની આંખ સન્મુખ રાખી શકે છે. શરીરરચનાશાસ્ત્રીના મનમાં મનુષ્યના શરીરની રચનાનો તાદૃશ ચિતાર હમેશા તૈયાર રહે છે; અને નિપુણ ભૂગોલશાસ્ત્રી આખી પૃથ્વીનું સ્પષ્ટ માનસિક ચિત્ર તૈયાર રાખ્યા સિવાય બહુ આગળ વધી શકતો નથી. આવી ઊંચી ભૂમિકા ઉપર કેવલ શબ્દ અને દૃષ્ટિની સ્પષ્ટતા નહિ પણ વિચાર જ્ઞાનની સ્પષ્ટતા પ્રાપ્ત કરવાને વૈજ્ઞાનિકો અર્થે છે. સૃષ્ટિની ક્રિયાઓની સ્પષ્ટ સમજુતી આપી શકે તેવું ચિત્ર તૈયાર કરવું એ વિજ્ઞાનનું મુખ્ય કાર્ય છે, અને તેમાં સ્પષ્ટતાની કેવી કેવી જરૂર પડે છે.

આવા સ્પષ્ટ વર્ણનથી વિજ્ઞાનના કાર્યમાં ઘણો લાભ મળે છે, કારણ કે આપણી ભૂલો અને બાકીઓનું પણ સ્પષ્ટ વર્ણન થઇ ન શકે ત્યાં સુધી તે દોષમાંથી મુક્ત થવાના પ્રયત્નો નિષ્ફળ જાય છે. જ્યાં સુધી આવી ચોકસાઇ અને સ્પષ્ટતા પ્રાપ્ત કરી શકાય નહિ ત્યાં સુધી આપણી ભૂલ પણ પકડી શકાય નહિ; તેથી સ્પષ્ટવક્તા ભુલી જાય એ સાદા વ્યાવહારિક સત્યમાં વિજ્ઞાનની દૃષ્ટિએ ઊંડું રહસ્ય સમાયેલું છે. સ્પષ્ટવચન એટલે આપણી લાગણીઓને ખુલ્લી કરી બતાવવાનું બહાનું એમ સમજવાનું નથી. મનુષ્યના ઉચ્ચમાં ઉચ્ચ વિચારો સ્પષ્ટતાથી અને બીજાથી સમજી શકાય તેવા રૂપમાં વર્ણવવા એ કામ સહેલું નથી; ઊલટું જેમ વિજ્ઞાનનો પ્રદેશ ઉચ્ચતર વિસ્તારનો બને છે તેમ તેમ આ કાર્ય વધારે ને વધારે કઠિન થતું જાય છે. માનસશાસ્ત્ર અને અધ્યાત્મવિદ્યાનાં તથ્યો પણ વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસી શકાય તે પહેલાં તેમાં સ્પષ્ટતા અને ચોકસાઇ પ્રાપ્ત થવાં જોઇએ. ભૂતની બદનામી અભ્યાસ થઇ શકે તે પહેલાં ભૂતનું ચોક્કસ અને સ્પષ્ટ વર્ણન, બીજાથી આવી થઇ શકે તેવા રૂપમાં, આપવું જોઇએ.

આપણી સ્પષ્ટતા તો આ વૈજ્ઞાનિક સ્પષ્ટતાનું એક બાલરૂપ છે,

તેમ છતાં તેને માટે પણ લૉર્ડ કેલ્વીન જેવા પ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રીને ખૂબ આદર હતો. તેમના વિષે તેમના જીવનચરિત્રકાર પ્રો. થોમ્સને લખ્યું છે કે "વક્તવ્યની અસ્પષ્ટતા અથવા વાક્યરચનાના દોષને લીધે ગેરસમજુતી થાય તેવી સ્થિતિ તરફ તેમને ધણો જ તિરસ્કાર હતો. તેમનું નિરૂપણ સ્પષ્ટ રહે તેને માટે તેઓ ઘણી જ મહેનત લઈને પત્ર કરતા; સાધારણ મનુષ્યો શબ્દની પસંદગીમાં ઘણીવાર ચોર્યા આવે એવા છે, પરંતુ તેઓ તો ભાષાના સૌંદર્ય અને અર્થની સ્પષ્ટતા જાળવવાને હમેશ યથાર્થ પ્રયત્ન કરવાનું ચૂકતા નહિ."

ધૈર્ય અને ખંત

વૈજ્ઞાનિકોના સ્વભાવમાં ધૈર્ય અને ખંત એ કેટલાં આવશ્યક છે એ તેમનાં જીવનચરિત્રોમાંથી સમજી શકાય છે. ન્યૂટનને ગુરુત્વાકર્ષણના નિયમો શોધતાં અને સિદ્ધ કરતાં ૨૨ વર્ષ લાગ્યાં હતાં અને સંપૂર્ણ રીતે સિદ્ધ થયા પછી પણ તેણે તે નિયમો પ્રસિદ્ધ કરવાની ઉતાવળ કરી ન હતી. હાર્વેએ રક્તપરિભ્રમણની ઘટના પોતે પૂરી સમજ્યા પછી ૨૦ વર્ષ વધુ ચાલતી અને પ્રમાણની શોધમાં ગાળ્યાં; તેના વિરોધીઓની શંકાનું સમાધાન કરવા માટે કુશલતાપૂર્વક પ્રયોગો યોજવામાં તેણે બીજાં આઠ વર્ષ ગાળ્યાં, અને એકંદર અઠ્ઠાવીસ વર્ષ સુધી આ વિષય ઉપર સતત કામ કર્યા પછી જ તે વિષે પુસ્તક પ્રસિદ્ધ કર્યું*. આ મહેનત અને ચોકસાઈનું ફળ તેને તરત જ મળ્યું; હાર્વેના જીવતાં જ તેની શોધ આખા યુરોપના વિદ્વાનોએ સ્વીકારી. ડાર્વિનનો ઉત્ક્રાન્તિવાદ એ કવિની કે ચિત્રકારની કલ્પોદ્ભાવની કલ્પના નહોતી; પરંતુ ૨૨ વર્ષનાં સતત મહેનત, વિચાર, પ્રયોગ અને નિરીક્ષણનું પરિણામ હતું. બીજાં વર્ષે પણ પુસ્તક પ્રસિદ્ધ કરવાની ઉતાવળ ડાર્વિનના મિત્રોના આગ્રહથી જ થઈ હતી; તો પ્રથમતા કે પ્રસિદ્ધિની આકાંક્ષા ડાર્વિનને નહોતી. પંત્રવિજ્ઞાના પિતારૂપ, વરાળયંત્રના શોધક

*જુઓ પ્રકરણ ૧૧

વૉટને પણ વરાળયંત્રની શોધને પરિપૂર્ણ કરતાં ૨૦ વર્ષ કરતાં વધારે સમય લાગ્યો હતો. વિસ્ફોટકની દવાનો શોધક ૬૦૫ નિષ્ફળ પ્રયોગ કર્યા પછી ૬૦૬ મા પ્રયોગમાં જ સફલતા પ્રાપ્ત કરી શક્યો હતો. અને તેથી એણે દવાનું નામ ૬૦૬ આપ્યું છે. તાર, અને તાર વગર સંદેશા મોકલવાની ફ્રાન્સની શોધ, લૅડ કૅલ્શીયમની દરિયાઈ મુસાફરીના સાધનોની શોધો, ઑક્ટીસનની ઍમોફોન, વીજળીના લૅમ્પ, અને સિને-મેટોગ્રાફ વગેરે અને બીજી અનેક શોધો સતત મહેનત અને ઉદ્યોગથી પ્રાપ્ત થઈ છે. પણ ખરું જ્ઞા શોધનો આર્થિક લાભ વૈજ્ઞાનિક કાર્ય કરનારને મળતો નથી, તે છતાં પણ તેઓ દુનિયા અને કળાની સાથે શુદ્ધ વિજ્ઞાનનો સંબંધ નિરપેક્ષ રીતે રાખે છે. શુદ્ધ વિજ્ઞાનની ભક્તિ છોડીને વૈજ્ઞાનિક ઉદ્યોગો અને કળાની ઉપાસના કરનારને લક્ષ્મીનો લાભ થયો છે ખરો, પરંતુ તે માટે પણ માનસિક અને શારીરિક શક્તિ ઓછી નથી ખર્ચાતી.

નિઃસ્પૃહી જીવન

વૈજ્ઞાનિકોનાં નિઃસ્વાર્થી જીવનનાં દૃષ્ટાંતો અનેક છે. તેમાં પણ પ્રાચીન હિન્દના ઋષિઓની માફક પોતાનું સર્વસ્વ વિજ્ઞાનની ભક્તિમાં અર્પણ કરનાર સર જગદીશચંદ્ર બોઝનું નામ અમર રહેશે પોતાના વિષયમાં ખ્યાતિ અને વક્તૃત્વ સંપાદન કર્યા પછી પોતાનું મકાન અને મિલકત તે જ વિષયના અભ્યાસને માટે અર્પણ કરનાર એ વીર વૈજ્ઞાનિકે એકવાર નહિ પણ અનેકવાર તેમની નાની વયમાં પણ લક્ષ્મીદેવીનો અનાદર કર્યો છે. એમના જીવનકાર્યમાં એમની વિચક્ષણ કલ્પનાશક્તિ ઉપરાંત નવાં ચારીક અને ઝીણી યુક્તિવાળાં યંત્રો બનાવવાની તેમની અદ્ભુત શક્તિ ઘણી ઉપયોગી છે. તેથી એમનાં નાજુક યંત્રો બનાવવાના અને વેચવાના ઢકમાંથી પણ દ્રવ્ય મેળવી શકે તેમ હતું. પણ એ રીતે વિદ્યા વેચીને લક્ષ્મીની પૂજા કરવાની તેમણે ના પાડેલી.

વાર વિનાના સંદેહના બોકસવાની મુક્તિમાં તેમણે બનાવેલા એક યંત્ર કોકીરસની શોધમાંથી જ તેમને બાપૂર્ણ લાભ મેળવવાનો પ્રસંગ હતો. પરંતુ તેમણે દુર્વાસામુનિની પેઠે, પણ તેમના જેવો ક્રોધ કર્યા વિના, શુષ્ક વિજ્ઞાન-ભક્તિના બાદશાહથી લક્ષ્મીને લાત મારી હતી. પાશ્ચાત્ય દેશોમાં પણ જડવાદના કહેવાતા સામ્રાજ્ય છતાં આવા નિઃસ્વાર્થી જીવનના દૃષ્ટાંતો મળી આવે છે. ઘણાએ વૈજ્ઞાનિકો પૈસા મળે તેના ઉદ્યોગો છોડીને ઓછા પગારે શુદ્ધ વિજ્ઞાનનું કામ કરે છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવના બિંદુએ પ્રથમ પહોંચવાની મહેચ્છાથી, બચવા તો હિમાલયના ઉચ્ચતમ શિખર પર ચઢવાની મહેચ્છાથી પોતાની જિંદગીનો પણ જોખમ આપનાર વીર વૈજ્ઞાનિકો ધનની લાલસાથી પ્રેરાતા નથી, પરંતુ કેવળ સત્યશોધકની જિજ્ઞાસાવૃત્તિથી એવા જોખમ ભરેલાં કાર્યો તરફ દોરાય છે. બેહદ જોખમ ખેડીને આમ કરેલું ધન અને સંપત્તિ જનકલ્યાણના જ કામમાં વાપરનાર મનુષ્યો જવલ્લે જ જોવામાં આવે છે, પણ એવા વૈજ્ઞાનિકો મળી આવે છે. દારૂગોળા બનાવવામાં અને બીજા કુલરમાં પ્રસિદ્ધ થયેલા મેળવીને ડા. નોબેલ નામના સ્વીડિશ રસાયનિકે પોતે સંપાદન કરેલી બધી સંપત્તિ નોબેલ પ્રાઇઝની સ્થાપનામાં અર્પણ કરી છે. તેમાંથી દર વર્ષે લગભગ બે લાખ રૂપિયાનાં ઈનામો દેશ કે રંગના ભેદ વિના અપાય છે. રેડિયમને રોગના ઉપચારમાં વાપરવાને માટે પ્રયોગ કરતાં મૃત્યુને શરણ થતાં ડાકતરોનાં નામ છાપાંઓમાં અઠવાડિયે વાંચવામાં આવે છે. આ પ્રમાણે નિઃસ્વાર્થી જીવનનાં દૃષ્ટાંતો અનેક મળી આવે છે. બધા વિજ્ઞાનીઓ નિઃસ્વાર્થી હોય એમ કહી શકાય નહિ, સત્યશોધનમાં નિઃસ્વાર્થી જીવન ગાળીને જરૂર પડે સર્વસ્વનું સમર્પણ કરવું એ તેમનો ઉચ્ચતમ અભિલાષ હોય છે; અને આ અભિલાષ વૈજ્ઞાનિક પદ્ધતિ, વૈજ્ઞાનિક વૃત્તિ, અને વિજ્ઞાનનું ધ્યેય એ સર્વથી અધિકતર અને તીવ્રતર વ્યાપ છે.

ખામીઓ

વૈજ્ઞાનિક સ્વભાવનું એક લક્ષણ નમ્રતા છે. સાધારણ વૈજ્ઞાનિક

કૃતિમાં અને વૈજ્ઞાનિક પદ્ધતિમાં જ આ નમ્રતા વ્યક્ત થાય છે; એટલું જ નહિ પણ સાચા વૈજ્ઞાનિકોના બાનની જીવનમાં પણ નમ્રતા પદે પદે તેમના જીવનને પુલકિત કરે છે. વૈજ્ઞાનિક પરિણામો દર્શાવવામાં સાવધાનતાની ટેવથી, અને પોતાના અંગત વિચારોથી અકલુષિત સિદ્ધાન્તોનો નિર્ણય કરવાની ટેવને લીધે જ તેમના અભિપ્રાયો અને તેમનું જીવન નમ્ર થઈ જાય છે. વિજ્ઞાનની શોધોનો દુરુપયોગ કરનારા સ્વાર્થી પુરુષોનાં જીવન કરતાં વૈજ્ઞાનિકોનું જીવન જુદા જ પ્રકારનું હોય છે. જેમ ઝાડની ડાળો પલ્લવ અને સરસ ફૂલોથી નીચી નમી પડે છે* તેમ સુજ્ઞ વૈજ્ઞાનિકોનો સ્વભાવ પણ તેમનાં પલ્લવ અનુભવ અને વિશાળ જ્ઞાનથી નમ્ર થાય છે. આ નમ્રતાનો થોડાં દૃષ્ટાંતો વિચારવા યોગ્ય છે.

ન્યૂટનનું નામ વિજ્ઞાનના ઇતિહાસમાં અનેક રીતે ઉજ્જ્વળ છે; ધન કીર્તિ અને જ્ઞાન એ બંને તે સંપાદન કરી શક્યો હતો. તે છતાં પણ તેના મૃત્યુ પહેલાં થોડા સમય પહેલાંનાં વાક્યોમાં સમાયેલી નમ્રતા યાદગાર રહી જશે. "જગતના લોકો મારે વિષે શું ધારે છે તે હું જાણતો નથી, પણ મારા મનથી તો હું સમુદ્રના કિનારા પર રમતા નાના બાળક જેવો લાગું છું. એક સુંદર લાગતી છીપ જોવા તો લીસો બનાવેલો પથ્થરનો ટુકડો મળે તેથી આનંદ અને સંતોષ પામું છું. પરંતુ મારી સમીપ રમી રહેલા સત્યના સાગરને જરા પણ ઉપયોગમાં અકબંધ છું."

લૉર્ડ કેલ્વીન પણ સાધારણ સ્થિતિમાંથી વિજ્ઞાનની ઉચ્ચતમ રચના પ્રાપ્ત કરી શક્યો હતો; તોય છતાં જ આખા યુરોપમાં તે અદ્વિતીય કૌતિકશાસ્ત્રી અને પ્રતિભાશાળી વૈજ્ઞાનિક ગણાયો હતો. તેના આચાર્યપદની પચાસ વર્ષની જયંતિના ઉત્સવ

*नवनिति नगाग्रलम्बिनः फलकुसुमैः
नैवाभ्युमिर्भूरि विलम्बिनो घनाः। वगेरे.

વખતે પૃથ્વી ઉપરના દરેક દેશમાંથી પ્રખ્યાત પુરુષો જોવા થયા હતા, તે સમયે તેને અપાયલા અભિનંદનનો ઉત્તર આપતાં તેણે ન્યૂટનના કરતાં વધારે અસરકારક રીતે વૈજ્ઞાનિક સ્વભાવની નમ્રતા દર્શાવી હતી; અને શ્રોતાજનને આશ્ચર્યચકિત કરી નાખ્યા હતા. "છેલ્લા પંચ્યાસન વર્ષમાં વિજ્ઞાનની વૃદ્ધિ માટે મેં બધા જ ભગીરથ પ્રયત્નો કર્યા છે. તે સઘળાને એક જ શબ્દમાં વર્ણવી શકાય; અને તે શબ્દ "નિષ્ફળતા" છે. આજથી પચાસ વર્ષ પહેલાં અધ્યાપક તરીકે ભૌતિકવિજ્ઞાના વિદ્યાર્થીઓ સમક્ષ મેં મારું પહેલું ભાષણ આપ્યું ત્યારે વિદ્યુત અને ચુંબકત્વ વિષે અથવા તો વિદ્યુત, રસપરંદ્રવ્ય, અને ઘુમરના સંબંધ* વિષે અથવા તો રાસાયનિક આકર્ષણ વિષે જેટલું જાણતો હતો તેના કરતાં વધારે હું આજે જાણતો નથી."

પ્રસિદ્ધ પોતાના વિષેનો અભિપ્રાય પણ આવી જ નમ્રતા, સત્યપ્રીતિ, સરળતા અને સ્પષ્ટતાથી દર્શાવે છે: "મને વૈજ્ઞાનિક તરીકે મળેલી કાંઈક સફળતા હું ખરું છું ત્યાં સુધી મારી વિશિષ્ટ માનસિક સ્થિતિ અને કેટલાકેક ગુણોને આભારી છે. તેમાંથી સર્વથી અગત્યના, (૧) વિજ્ઞાન પ્રત્યે પ્રેમ, (૨) દરેક વિષય ઉપર બહુ વિચાર કરવાનું નિઃસીમ ધૈર્ય, (૩) તથ્યનું નિરીક્ષણ અને સંગ્રહ કરવામાં ખંત અને ચોકસાઈ, (૪) બૌદ્ધિક શોધકબુદ્ધિ અને બીજા સાધારણ અક્કલ, જેવા છે. મારામાં જે સાધારણ ગુણો છે તે જોતાં મને આશ્ચર્ય થાય છે કે હું કેટલાકેક અગત્યના વિષયો ઉપર

* અણુ, પરમાણુ અને ધીમાણુ એ બ્રાતિકરાસ્ત્રના પાયારૂપ સાંકેતિક શબ્દો અને દ્રવ્ય, ઈથર અને શક્તિનો સંબંધ સમજવાને માટે લૉર્ડ કેલ્વીને પણ પ્રયાસ કર્યો હતા. આ બધા સાંકેતિક શબ્દો બોલ્યા કરીને ઈથર અને દ્રવ્ય અથવા દ્રવ્ય અને શક્તિ એ બે જ સંકેતોથી આપી વૈજ્ઞાનિક ઘટના સમજાવવાનો તેનો મુખ્ય હેતુ હતો. પરંતુ કેલ્વીનના મૃત્યુ પછી સાર કે, ચોકસાઈના અભાવથી દ્રવ્ય અને શક્તિનો સંબંધ વધારે રહસ્યમયી સમજાયો છે, અને ચમાર્ડનેટ્રાઝરની વિચારોથી ઈથરની કલ્પના અનાવશ્યક બની છે. જુઓ પ્રકરણ ૬ ઠું.

વૈજ્ઞાનિકોના વિચાર બદલાતી રહેશે છું.” અર્વાચીન વિચાર માત્રમાં ઉત્ક્રાન્તિવાદની સ્થાપના કરનાર આ મહાન નિરીક્ષક અને વિચારકનાં કેટલાં સાદાં વચનો! તેમાં કેટલી નમ્રતા રહેલી છે! એક સમયે ડાર્વિનને મળવા માટે અંગ્રેજ પ્રધાન ગ્લૅડસ્ટન બીજા મિત્રો સાથે ગયા હતા; તે વખતે તત્કાલીન વિષયો ઉપર ગ્લૅડસ્ટનનું વિવેચન ડાર્વિને ધ્યાનથી સાંભળ્યું, અને આવો મહાપુરુષ પોતાને મળવા આવે તેને માટે આનંદ અને સંતોષના ઉદ્ગાર તેમના ગયા પછી બીજા મિત્રોને કહ્યા. તેથી ઊલટું ગ્લૅડસ્ટનનો જીવનચરિત્રકાર લૉર્ડ મોરલી જણાવે છે કે ગ્લૅડસ્ટનની નોંધપોથીમાં ડાર્વિનનું નામ પણ નથી! વિદ્વાનો અને વિચારકોની કિંમત રાજપુરુષોના હાથે કેટલી થાય છે એ સુપ્રસિદ્ધ છે.

પાશ્ચર પણ નમ્રતાના આદર્શરૂપ એક બીજો પ્રતિભાશાળી વૈજ્ઞાનિક હતો. તેના વૈજ્ઞાનિક કાર્યની વિવિધતા અને અજબ પ્રતિભા વિષે તો મત હોઈ શકે જ નહિ. ફ્રાન્સના મહાપુરુષોને માટે મત લેવાતાં ફ્રેન્ચ પ્રજાએ પાશ્ચરને પ્રથમ મૂક્યો હતો, પછી નેપોલિયન અને તે પછી વિક્ટર હ્યુગોને મૂક્યો હતો. એ મહાપુરુષ એકવેળા લંડનમાં આંતરરાષ્ટ્રીય વૈદ્યક કૉન્ગ્રેસમાં ફ્રાન્સના પ્રતિનિધિ તરીકે હાજર રહ્યો હતો. સભામંડપ ચીકાર ભરાયો હતો અને પાશ્ચરને આવતાં જરા મોડું થયું. તે દાખલ થતાં તેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવ્યો. પરંતુ પાશ્ચરના મનમાં લાગ્યું કે આ હર્ષનાદ રાજપુત્ર પ્રીન્સ ઑફ વેલ્સ માટે હતો. અને તેણે પોતાના સાથીઓને કહ્યું કે “નક્કી યુવરાજ પધારતા હશે; મારે બહેરા આવવું જોઈતું હતું.” કૉન્ગ્રેસના પ્રમુખે જ્યારે કહ્યું કે “આ હર્ષનાદ તમારે માટે છે” ત્યારે જ આ માન પોતાને માટે હતું એમ તેને સૂઝયું અને પછીથી તેણે સભાને વંદન કર્યું તે વખતે બીજીવાર મોટો હર્ષનાદ થયો. આપણી સભાઓમાં માન

અને હર્ષનાદની અપેક્ષા રાખનાર કહેવાતા મહાપુરુષો કર્યા અને આ સ્વયં મહાપુરુષના હૃદયની નમ્રતા કેવી!

અભિપ્રાયમાં સાવધાનતા

જિજ્ઞાસા, ચોકસાઈ, સૂક્ષ્મ નિરીક્ષણની ટેવ, સ્પષ્ટતા એ સર્વે ગુણો ઉપરાંત વૈજ્ઞાનિકોને અત્યંત સંપ્રાપ્તિની જરૂર પડે છે. સત્ય માટે અરે પ્રેમ ઉત્પન્ન થાય તે પહેલાં સાવધાનતા આવશ્યક છે. કારણ કે સત્ય શોધવા જતાં સત્યને બદલે બીજું કાંઈ આપણને ગ્રહણ કરી લે તો તે અનિષ્ટ જ કહેવાય. વૈજ્ઞાનિક અભિપ્રાય આપતાં પહેલાં જે સંપૂર્ણ ખાતરી કરવાની આવશ્યકતા હોય છે તે આમ થાય નહિ ત્યાં સુધી અભિપ્રાય દર્શાવતાં અટકવું એ ખરા સાવધોધકનું લક્ષણ છે. અપૂર્ણ માહિતી ઉપરથી અને ઓછા અનુભવ ઉપરથી મોટા અનુમાનો બાંધવાને બદલે સંપૂર્ણ માહિતી અને વિશાળ અનુભવ ઉપરથી ઓછાં જ અનુમાનો બાંધવાં એ વિજ્ઞાનનું પ્રાથમિક સૂત્ર છે.* ઘણા અનુભવ પછી જ ઓછા નિયમો બાંધવા અથવા ઓછાં જ તથ્યો એકઠાં કરીને વધારે નિયમો બાંધવા એ બે રસ્તામાંથી બીજો રસ્તો વૈજ્ઞાનિકોને સ્વાભાવ્ય છે. આ સાવધાનતા અને સંકોચવૃત્તિ પ્રાપ્ત કરવી એ ઘણી જ કઠિન છે. સામાન્ય મનુષ્યના ઘણા અભિપ્રાયો આવી અપૂર્ણતાને લીધે ખોટા નીવડે છે તે વિષે પહેલા પ્રકરણમાં ઉલ્લેખ કરેલો છે. તે ઉપરથી એમ લાગશે કે આ સંકોચવૃત્તિ જેટલી ઉપયોગી છે તેટલી જ દુર્લભ છે. પ્રો. પોઇન્કેર નામના શાસ્ત્રવિદ્યાના અભ્યાસકના શબ્દોમાં કહીએ તો "બુદ્ધિના સર્વથી દુર્લભ ગુણોમાં વિચારયુક્ત સંકોચવૃત્તિ પ્રથમ સ્થાન ભોગવે છે; અને સર્વથી સુલભ દુર્ગુણ તે એ છે કે અમુક અભિપ્રાય માટે અપીલ ન મળે તો બીજા કોઈ અભિપ્રાયને સત્ય માની લેવો.....વૈજ્ઞાનિક

* Many facts and few generalisations rather than few facts and many generalisations.

શિક્ષણનો ઊંચામાં ઊંચો વિષય પોતાનો અભિપ્રાય રોપી રાખવો એ છે."

આ જાતની સંસ્કારમૂર્તિનું ઉજ્જ્વળ ઉદાહરણ હક્સ્લીના "ઝઘડ અને પક્ષો" માં મળી આવે છે. ડાર્વિને ઉત્ક્રાન્તિવાદ પોતાના "કુદ-જાતિઓની ઉત્પત્તિ" નામના પુસ્તકમાં પ્રતિપાદિત કર્યો તે પહેલાં એ વિષય ઉપર હક્સ્લી અને હુકર વચ્ચે પત્રો આનંદી વિષય થયો હતો. તે વખતે હક્સ્લી પોતાના અભિપ્રાય દર્શાવતાં લખે છે કે "મારા મિત્રની વાદવિવાદની કળામાં અપૂર્ણ નિપુણતા હોવા છતાં અને તેટલે અંશે યોગ્ય દલીલો આપેલી હોવા છતાં પણ તે વિષયમાં આપણે બધું જાણતા નથી એવો અજ્ઞાતતાનો અભિપ્રાય મારાથી પકડી રાખાય તેમ નથી. આમ થવાને મારી પાસે બે કારણ છે. એક તો જાતિમાંથી બીજી જાતિની ઉત્પત્તિ વિષે મારાથી આજીની બધી જ અપૂર્ણ છે. બીજું જાતિનાં રૂપાંતર વિષે કરવામાં આવતી સૂચના તે ઘટના સમજાવવા પૂરતી સાબૂત નથી. આ સ્થિતિ જોતાં અજ્ઞાતવાદ સિવાય બીજો કોઈ અભિપ્રાય નિભાવી રાખાય નહિ" ડાર્વિનનું પુસ્તક પ્રસિદ્ધ થયા પછી પણ બહુ લાંબા સમય સુધી હક્સ્લીએ તેની પ્રશંસા છોડી નહોતી. ડાર્વિનના સિદ્ધાન્તને આડે બધાં યુદ્ધ લડવામાં અને તેને માટે બીજા વૈજ્ઞાનિકોનો રોકડા મોરચામાં અને તેની સમજાવટી અને નિરૂપણમાં હક્સ્લીએ મોટામાં મોટું અગત્યનું કામ કર્યું હતું કે જેણે તેને ડાર્વિનનો બુચકોળા-પ્રધિયો કૂતરો-કહેતા. ડાર્વિનને માટે પિતૃતરીકેનો પ્રેમ અમર્યાદિત હતો, તે છતાં તેના સિદ્ધાન્તોને માટે હક્સ્લીની સંગ્રામવૃત્તિ અને સાવધાનતા હમેશ જાગ્રત રહેતી. તેનાં નીચેનાં વાક્યો શુદ્ધ વૈજ્ઞાનિક વાતાવરણનો અનુભવ કરાવે છે. "હસ્તપાત અને જાણીતા પ્રાણીઓના બાહ્ય સ્વરૂપનું રૂપાંતર કેવીરીતે થયું છે તે દર્શાવનારા અને પ્રત્યક્ષ અનુભવી શાસ્ત્ર તેનાં કારણોને બતાવનાર સિદ્ધાન્તોની અમે બધા રોષ કરતા, અને નિર્જીવ નીવડ્યા હતા. અમુક કલ્પનાને પકડી બેઠી જોસાડવાનો અમારો વિચાર

ન હતો; પરંતુ નિષ્પક્ષ અને સમજી શકાય તેવા અને જેના વિષે તથ્યોનું સાક્ષાત પ્રમાણ મળી શકે તેવા સિદ્ધાન્તની શોધમાં હતા. આવો વ્યાવહારિક સિદ્ધાન્ત અમને ડાર્વિનના "ઉપજાતિઓની ઉત્પત્તિ" વિષેના પુસ્તકમાં મળ્યો.....સત્યપ્રાપ્તિ સિવાય બીજો કોઈ હેતુ ન હોય તેવાઓને માટે એક જ ચુક્તિપૂર્ણ કેનેા રસ્તો હતો કે ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદને એક વ્યાવહારિક સિદ્ધાન્ત તરીકે માનવો અને પછી. તેનો શું ઉપયોગ થઈ શકે છે તે જોવું. અમો તો તે પ્રાણીજીવન સંબંધી આપણાં સર્વ જ્ઞાન અને તથ્યોને સમજવાની ચાવી તરીકે અથવા તો તેમ ન થઈ શકે તો તે કાર્યના ભાર નીચે સ્વયંદાબને નાશ પામશે."

જેને માટે પ્રોટેસ્ટ સાબિતી અને પ્રમાણ મળી શકે તેવાં જ તથ્યો અને સિદ્ધાન્તોને અનુમોદન આપવાની આવી પ્રણાલિકા અંધારામાં વૈજ્ઞાનિકોનું કામ ઘણું જ ધીમું થાય છે. આ સંબંધી ફ્રેરેડે નામના પ્રયોગશાસ્ત્રીના શબ્દો મનનીય છે: "વૈજ્ઞાનિકોના મનમાંથી પસાર થતા અનેક વિચારો, કલ્પનાઓ, અને સિદ્ધાન્તોમાંથી મોટા ભાગને પોતાની જ બુદ્ધિની સખ્ત ટીકા અને કસોટીથી પોતાના મનમાં જ શાન્તિથી દબાવી દેવામાં આવે છે. ઘણા જ સાહસવિજયી ગણાતા વૈજ્ઞાનિકો પણ પોતાની આશાઓ, પુરુષાઓ અને પ્રાથમિક અભિપ્રાયોમાંથી દશમો ભાગ પણ બહારે જ સિદ્ધ કરી શકતા હશે...દરેક વૈજ્ઞાનિકે બધી તરફથી સૂચના આવકારવાને તૈયાર રહેવું જોઈએ; પરંતુ, પોતાનો અભિપ્રાય તો પોતે જ સ્વતંત્ર રીતે બાંધતાં શીખવું જોઈએ. બહારના દેખાવ અને અંગત લાગણીઓથી પોતાના અભિપ્રાયને અકબુચિત રાખવો જોઈએ. કોઈ પણ સિદ્ધાન્ત ઉપર પક્ષપાત રાખ્યા વિના પોતાનું કાર્ય કરવું જોઈએ. આમ કરીને શબ્દપ્રમાણને તો ત્યાજ્ય ગણવું જોઈએ. મનુષ્યના નામને ન પૂજતાં તેમના અભિપ્રાયની વાસ્તવિકતા અને યથાર્થતાને સમજીને માન આપતાં શીખવું જોઈએ. સત્ય અને કેવળ સત્ય જ તેનો ઉદ્દેશ હોવો જોઈએ.

"ઉપરાંત શ્રમ અને ખંત હોય તો જ મનુષ્ય પ્રકૃતિના મંદિરના ગુપ્તતમ રહસ્યોમાં પ્રવેશ કરી શકે છે."

શંકાકુશંકા

વૈજ્ઞાનિક સ્વભાવની સાવધાનતા સર્વથી પ્રથમ તો અંગત અભિપ્રાયો અને વ્યક્તિદોષોના નિવારણના કામમાં વપરાય છે. જેમ મોટા સુથાર કે કડિયો કહ્યું-બહું જ કામ કરી શકે અને બીજું કોઈ કામ કરી શકે જ નહિ, અને જેમ કેટલાએક મનુષ્યોમાં સંગીત કે ચિત્રકલાની પરીક્ષક બુદ્ધિ હોતી જ નથી, તેમ વૈજ્ઞાનિકોમાં વધતી ઓછી ચોકસાઈ જોવામાં આવે છે. ચોકસાઈ અને સત્યપ્રાપ્તિ પ્રાપ્ત કરવાને માટે વૈજ્ઞાનિકોને વર્ષોનાં વર્ષો સુધી શિષ્યભાવે વિજ્ઞાનની સેવા કરવી પડે છે. તે છતાં પોતાના હાથે થતાં માપન અને નિરીક્ષણમાં અપૂર્ણતા રહી જાય છે તે વૈજ્ઞાનિકોને સ્વીકારવું પડે છે. અન્વેષણવિદ્યામાં ગણતરી અને નિરીક્ષણની આ અપૂર્ણતા માટે વ્યક્તિદોષનો સુધારો કરવામાં આવે છે. તેવી જ રીતે ભૌતિક અને રસાયનવિદ્યામાં પણ આ વ્યક્તિદોષનો અંદાજ રાખીને પરિણામ મેળવવામાં આવે છે. આપણામાં કહેવત છે કે "દૂધનો દાઝ્યો છાશથી ડરે" તે પ્રમાણે એક વખત ભૂલ કરવામાં આવ્યા પછી બીજીવાર તેવી ભૂલથી બચવાને માટે વૈજ્ઞાનિકો વધારે ને વધારે સાવધાન અને શંકાપ્રવૃત્ત રહે છે નિરીક્ષણના દોષથી, અથવા તો તથ્યમાં જ અપૂર્ણતા હોવાને લીધે, અથવા તો અપૂર્ણ પ્રમાણો ઉપરથી વિજ્ઞાને સામાન્ય નિયમોનું આકલન કરવાથી, અથવા તો કલ્પનાસૃષ્ટિના મોહક પ્રદેશોમાં ખેંચાઈ જવાથી, અથવા તો અંગત અભિપ્રાયોના ભાર નીચે દબાઈ જવાથી વૈજ્ઞાનિક અન્વેષકો વખતોવખત ભૂલો કરે છે; વખતોવખત મુદ્દલ બુદ્ધિયા ઊતરી જાય છે. આ ભૂલો સુધારવાનું કામ વધારે મુશ્કેલ અને અગત્યનું હોય છે. સાધારણ મનુષ્યોના વિચારો અને અભિપ્રાયો પોતપોતાના અંગત અનુભવ, સામાજિક

પરિસ્થિતિ અને બીજા સંયોગોને લીધે રૂંધિત થયેલા હોય છે; તે બધાને તોડીને, પ્રણાલિકાનો ભંગ કરીને પણ સ્વતંત્ર રીતે સત્યશોધન કરવામાં આવશ્યક નિર્ભયતા અને ઉત્સાહો પ્રાપ્ત કરવા દુર્લભ છે.

આ જ કારણથી વૈજ્ઞાનિક શિક્ષણની આજ્ઞા સર્વત્ર સ્વીકારાઈ છે. વિજ્ઞાનની કોઈપણ શાખામાં, પછી તે ક્રાંતિ રસાયનવિદ્યા કે ભૌતિકવિજ્ઞાનનું હોય અથવા ખગોલવિદ્યા કે જંતુવિજ્ઞાનનું હોય, નિરીક્ષણ દૂરદર્શક યંત્રથી કરવાનું હોય કે સૂક્ષ્મદર્શક યંત્રથી કરવાનું હોય, પણ યોગ્ય શિક્ષણથી એક જ પ્રકારની ચોકસાઈ, બારીક નિરીક્ષણ, સ્પષ્ટ વચન અને સત્યમયતાની શુભ ટેવો પ્રાપ્ત કરી શકાય તે નિર્વિવાદ છે. "જો બોલે સાચા ઉસકા ગુરુ કૃષ્ણ" એ કહેવતને ઉલટાવીને એમ કહી શકાય કે વૈજ્ઞાનિક અભ્યાસથી લૌકિક કોઈપણ મનુષ્યને સત્ય જ બોલવાની ટેવ ન પડે તો તેનો ગુરુ કોણે સમજવો. સત્યમયતા અને સત્યના પ્રચલનમાં સાવધાનતા એ વૈજ્ઞાનિક સ્વભાવનું મુખ્ય લક્ષણ છે. સાબિતી મળી શકે તે ઉપરાંત કોઈ પણ બધારે પડતાં વચનોનો આગ્રહપૂર્વક નિર્દેશ કરવો એ એક સામાન્ય ભૂલ નહિ, પણ રાજકીય કે સામાજિક ગુનો નહિ પણ સત્યની સામે ઘોર પાપ છે. રાજ્ય તરફથી કે સમાજ તરફથી તેને માટે શિક્ષા ન થાય તો પણ આ ઘોર પાપથી વૈજ્ઞાનિકો હમેશા ડરતા રહે છે, અને બનેચૂકે પણ સત્યથી દૂર ન જવાય તે માટે સતત પ્રયત્ન કરે છે.

સત્યને માટે આગ્રહ

બોધસાર્થ અને સત્યને માટે આવો અખંડ પ્રયત્ન કરવામાં જ વૈજ્ઞાનિક સ્વભાવની ઉદાત્તતાનું રહસ્ય સમાયેલું છે. ઉપનિષદોના શબ્દોમાં કહીએ તો સત્યને માટે આવો ઉત્સાહ અને બોધસાધને માટે આવું જનૂન એ વિદ્યા અને વિદ્યા કરતાં પણ વધારે કિંમતી છે; અને તેને જાળવવાની શક્તિ કરતાં પણ વધારે ઊંચી બક્ષીસ

-ગણી શકાય.

અર્વાચીન વૈજ્ઞાનિકોમાં વિચાર અને શબ્દોની ચોકસાઈ માટે અને સત્ય માટેના આગ્રહને માટે દુકરશીના કરતાં વધારે ઉદાહરણો નામ મળી શકે તેમ નથી. પોતાની આત્મકથામાં એ લખે છે કે " મારા જીવનના આરંભથી જ મારા જીવનના ઉદ્દેશ મેં નીચે પ્રમાણે રાખ્યા હતાઃ (૧) સૃષ્ટિવિજ્ઞાનની દૃષ્ટિને ઉત્તેજન આપવું, (૨) જીવવિદ્યાના પ્રશ્નોને વૈજ્ઞાનિક અન્વેષણની પદ્ધતિ પ્રમાણે જ ઉકેલવાનો યથાશક્તિ પ્રયાસ કરવોઃ કારણ કે મનુષ્યજાતિનાં દુઃખોને દૂર કરવાના બે જ ઉપાય છે. એક તો વિચાર અને આચારમાં, મનથી અને કર્મથી, સત્યનું પ્રતિપાદન કરવું; અને પવિત્ર ગણાતા મનુષ્યોએ રચેલાં ઢંગના આવરણો ભેદીને જગતનું વાસ્તવિક સ્વરૂપ સમજીને દૃઢતાથી સૃષ્ટિની સામા થવું અને તેને જીતવાનો યત્ન કરવો. આ મારો અભિપ્રાય જેમ જેમ મારી વય અને બળ વધતાં જાય છે તેમ તેમ દૃઢતર થતો જાય છે.... 'હું અમુક બાબતે સત્ય બોલ્યો હતો' એમ દૃઢતાથી કહેનાર મનુષ્ય પોતાના જીવનનું પવિત્રમાં પવિત્ર કાર્ય કરે છે. જીવનમાં ઉત્તમમાં ઉત્તમ ધનામ તે બારેમાં બારે શિક્ષા આ કાર્ય ઉપર અવલંબે છે."

અર્વાચીન હિંદના સત્યના ઉચ્ચ આદર્શોથી પરિચિત વાચનારને આ શબ્દોમાં નવાઈ ન લાગે. પરંતુ દુકરશીનો સત્ય માટેનો ઉત્સાહ તેના સમકાલીન વૈજ્ઞાનિકોને પણ અપૂર્વ લાગ્યો હતો. કોન કીરકે તેને માટે નીચેના શબ્દો વાપર્યા હતાઃ "સત્ય તરફ સંપૂર્ણ વફાદારી અને પ્રમાણ ગણતાં પોતાના અંગત વિચારને સત્વર છોડી દેવાનો આગ્રહ એ વૈજ્ઞાનિક અન્વેષકનો આદર્શ દુકરશી સિવાય બધા જ મોટા મનુષ્યોએ ઓછા કર્યો હશે. વૈજ્ઞાનિક તથ્યની સીધી લીટીમાંથી એક વાળ જેટલું પણ આઘુંપાછું થવાની બાબત કલ્પનાના આકર્ષણથી અથવા પ્રીતિ કે ભરવૃથી, ઉત્પન્ન થાય તો તેને એકદમ અસહ્ય નાખવામાં તે

લેશ માત્ર પણ અચકાયો નહિ. તેની બુદ્ધિ અંગત બાબતોથી કલુષિત થઈ તે પાપના કરતાં તેના જીવનમાં બીજી કોઈ બાબતનો બોધ તેને વધારે ન હતો."

પોતાના પહેલા બાળકના મૃત્યુ પછી લુકરેશીએ ફ્રીજ્યલી નામના પાદરી ઉપર લખેલા પત્રમાંનાં નીચેનાં વાક્યો તેની અનોદાસ અને અનેાશ્રુતિ સ્પષ્ટ રીતે દર્શાવે છેઃ "અનહદ લાડ મળે તેના કરતાં અલ્પ સ્વરૂપે રીતે ઓછું છે. મારા અસ્તિત્વવાદના ક્રમિક વિચારો મેં તપાસી જોયા છે તે છતાં પણ મારી પત્ની, મારું બાળક, મારું નામ, અને મારી કીર્તિ એ સઘળાનો ભોગ આપવો પડે તો પણ હું અસત્ય બોલવાને તૈયાર નથી." તેના મૃત બાળકનો આત્મા અમર છે એવું મત તેને સુખ આપનારો લાગવા છતાં પણ તેના પ્રત્યક્ષ અનુભવની બહાર હોવાને લીધે તે માનવાને તૈયાર ન હતો. લુકરેશી ચિરનામ સત્યને માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર વૈજ્ઞાનિકો બીજા વર્ગમાં થઈ ગયા છે; તેમાં બ્રુનો અને ગેલીલિયોનાં વૃત્તાંત ચિરસ્મરણીય રહેશે.

બ્રુનોએ ગેલીલિયોની માફક પ્રયોગ અને દૂરબીનથી ખગોળ-વિદ્યાનો અભ્યાસ કર્યો ન હતો; પરંતુ કોપર્નિક નિરીક્ષણ અને કોપર્નિક અંતઃપ્રજ્ઞાથી વિશ્વની અનંતતા અને વિપુલતા વિષે પોતાના સિદ્ધાન્તો પ્રાપ્ત કર્યા હતા. "પૃથ્વી તો અનંત નથી જ, પરંતુ પૃથ્વી જેવા ઘણાં ગ્રહો છે અને તેવા અસંખ્ય ગ્રહોનું વિશ્વ બનેલું છે. આ વિશ્વમાં એક સર્વવ્યાપી શક્તિને લીધે બધે જીવન, બુદ્ધિ, મતિ, અને સંપૂર્ણતા પ્રાપ્ત થયા છે." તેના આ અભિપ્રાયો પોપને અને તેના પાદરીઓને રુચ્યા નહિ; અને તેને આઠ વર્ષ સુધી કેદમાં નાખવામાં આવ્યો. આ સમયમાં તેના અભિપ્રાયો તોડી પાડવા તો તેને સંપૂર્ણ મારી મળત. પરંતુ તે ડરપોક નહિ અને છેવટે તેને

જીવતો બાળી મૂકવાની શિક્ષા કરવામાં આવી તે છતાં તે ડગ્યો નહિ. ગાયર અને બાયલા પુરુષની રીતે જીવવા કરતાં શૂરવીરની રીતે મરવાનું તેણે પસંદ કર્યું. વિચારની સ્વતંત્રતાને માટે, અને પોતાના અભિપ્રાયોના સત્યમાંથી નહિ ખસવાના આગ્રહને માટે સત્યદેવીને યજ્ઞમાં પોતાના જીવનનું બલિદાન આપ્યું. કષીંચિ ઋષિને પોતાના પ્રાણ ત્યાગ કરતાં ખાત્રી હતી કે તેનાથી દેવો સંતુષ્ટ થશે અને એક પ્રાણ કરતાં વધારે બચાશે: પરંતુ બ્રુનોને તેવો કોઈ સંતોષ કે સ્વાર્થ ન હતો; કેવળ સત્યને માટે જ તેણે પોતાનો પ્રાણ આપ્યો હતો.

ઇ. સ. ૧૬૦૦ માં બ્રુનોને શિક્ષા કર્યા પછી પણ ખ્રિસ્તીધર્મ-ધર્માધિકારીઓ મંડળને સંતોષ ન થયો. કેપરનીકસ (૧૪૭૩-૧૫૪૩) કેપ્લર (૧૫૭૧-૧૬૩૦) અને ગેલીલિયો (૧૫૬૪-૧૬૪૨) એ બધાને સત્યના શોધનમાં અને પ્રતિપાદનમાં ઠગલે ઠગલે અડચણો નડતી. તે છતાં પણ શબ્દપ્રમાણને બદલે અનુભવપ્રમાણને જ વળગી રહેવામાં તેમની સત્યપ્રીતિ સ્પષ્ટ હતી. પૃથ્વી અને બીજા ગ્રહો સ્વપ્રકાશિત નથી; પરંતુ સૂર્યપ્રકાશિત છે અને સૂર્યનું પરિક્રમણ કરે છે એ સિદ્ધાન્તો કેપરનીકસે, અને કેપ્લરે પ્રતિપાદિત કર્યા હતા; પરંતુ ધર્મોધ ઝનૂની પાદરીઓના ભયથી તે પુરુષો રીતે સ્વીકારાતા નહોતા. ગેલીલિયોએ આ બધથી ન બચવાતાં, પોતાના દૂરબીનથી શુક્ર અને બુધના ગ્રહોની ગતિ અને ચંદ્રની આકૃતિ તેમની વધઘટના દેખાવની ખાતરી કર્યા પછી પોતાના સિદ્ધાન્તો પ્રસિદ્ધ કર્યા. ગ્રહોની ગતિ દૂરબીનથી સ્પષ્ટ જોયા પછી ગેલીલિયોના સિદ્ધાન્તોની સત્યતા વિષે શંકા હોઈ શકે જ નહિ. પરંતુ ૧૬૧૨ માં તેના ઉપર ધર્મ વિરુદ્ધ અભિપ્રાયો દર્શાવવા માટે તહોમત મૂકવામાં આવ્યું; ૨૧ વર્ષ સુધી તેનો પજવ્યા પછી તેનો નિકાલ ૧૬૩૩ માં કરવામાં આવ્યો. પોતાના સિદ્ધાન્તો ' આટલા વર્ષોમાં તેણે આજ જેટલો બદલે વધારે મજબૂત પાયા ઉપર મૂક્યા. તેણે પોતાનો કહેવાતો ગુનો કબૂલ કર્યો:

પરિણામે તેને આગલેથી કેટલાની શિક્ષા ફરમાવવામાં આવી અને તે ઉપરાંત પોતાના ચિહ્નોમાં ખોટા છે એવું સોગંદપૂર્વક તેની પાસે બળાત્કારે બોલાવવામાં આવ્યું. "સૂર્ય ફરે છે અને પૃથ્વી સ્થિર છે," એ શબ્દો બોલીને, થૂંકવિષ્ટા ઊંચા પછી "તે છતાં ફરે છે" એવા શબ્દો ધીમેથી તે બોલ્યો હતો એવું કહેવાય છે. આ પાછળથી બોલેલા શબ્દો યુક્તિપ્રિયના નરી વા કુંજરો વા એ શબ્દોની યાદ આપે છે; છતાં અસત્ય બોલતાં તેને થયેલો માનસિક ક્ષોભ દર્શાવે છે. સદ્ય બોધવામાં અને વૈજ્ઞાનિક સત્યનું પ્રત્યક્ષ પ્રમાણ મેળવવા છતાં પણ તે સત્યનું પ્રતિપાદન કરવામાં કેટલું કષ્ટ પડે છે અને તેમાં કેટલું મનોબળ ખોવાઈ જાય છે તે ઘણાં અને જૈવશક્તિઓનાં દૃષ્ટાન્ત બતાવી આપે છે. આવાં કષ્ટ સહન કરીને પણ વિજ્ઞાનની ખૂબ કરકસરી સાધવાનું કામ વિજ્ઞાનના સૈનિકોએ કર્યું છે. અત્યારના કાળમાં આ કષ્ટ ઓછું થયું છે તો પણ હજુનો ઝનૂને ગયો નથી થયો. તે બાબતથી ચકિત થવાના પ્રસંગો ઘણા આવે છે એમ નીતિશાસ્ત્રીઓ અનેકવાર કહે છે. નીતિશાસ્ત્રથી ભિન્ન દૃષ્ટિએ વૈજ્ઞાનિક સત્યને પૂજે છે; આ પૂજા કઠિન અને કષ્ટસાધ્ય હોવા છતાં પણ આ સત્યપ્રાપ્તિમાં પોતાનું સર્વસ્વ હોમવાને વૈજ્ઞાનિકો હરઘડી તત્પર હોય છે એ ઓછા આશ્ચર્યની વાત નથી. વિજ્ઞાનના પ્રયોગો ધીમા અને ઠંડા હોય છે અને સ્વાર્થી દૃષ્ટિ પરંતુ સૌકોઈ વૈજ્ઞાનિક પ્રવૃત્તિ સ્વાર્થપ્રેરિત માટે છે અને તે પ્રવૃત્તિઓનું અવલોકન કે પરીક્ષણ કોઈ પ્રકારના લોભથી દૂર રહેવાનો આગ્રહ કરે છે. વૈજ્ઞાનિક સત્યનું બળ સહજમાં સર્વથી અમોઘ મનાય છે અને આગ્રહપૂર્વક કહે છે કે સત્યનિષ્ઠ વૈજ્ઞાનિકો

પ્રકરણ ૩ જું

વિજ્ઞાનના કેટલાએક મૌલિક સિદ્ધાન્તો

વિજ્ઞાનનું સ્વરૂપ, વિજ્ઞાનની પદ્ધતિ, વૈજ્ઞાનિક વૃત્તિનાં લક્ષણો એ જોયા પછી પણ વિજ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ સમજવાને માટે વિજ્ઞાનમાં સ્વતઃસિદ્ધ મનાતા કેટલાએક મૌલિક સિદ્ધાન્તો સ્પષ્ટ કરવા અગત્યના છે. સૃષ્ટિમાં વ્યવસ્થા અને નિયમ છે, સૃષ્ટિક્રિયામાં એકરૂપતા+ અને એકતા * છે; સકલ સૃષ્ટિ સમન્વિત છે, એ સાદા લાગતાં વાક્યોમાં સમાયેલું ગૂઢ રહસ્ય જરા વિસ્તારથી તપાસીએ.

સૃષ્ટિની એકરૂપતા

સૃષ્ટિમાં વ્યવસ્થા એકરૂપતા અને નિયમિતતા છે: સૃષ્ટિની ઘટના અમુક વ્યવસ્થા અને નિયમ પ્રમાણે થાય છે એ વાત તો હવે સાધારણ મનાય છે. આ વ્યવસ્થા અને નિયમિતતાની ભાવના વિજ્ઞાનના આધારરૂપ છે અને વિજ્ઞાનની બધી પ્રવૃત્તિ અને તેમના સાહચર્યના મૂલરૂપ છે. સૃષ્ટિક્રિયા હમેશ એકજ રીતે એકજ પદ્ધતિસર થાય છે; અમુક પરિસ્થિતિ કે અમુક સંયોગોમાં અમુક ઘટનાઓનો ફરી ફરીને આવિર્ભાવ થાય છે એ ક્રમ વિજ્ઞાન દૃઢ વિશ્વાસથી સ્વીકારે છે. આજે અમુક સમયે સૂર્યનો ઉદય થયો છે અને કાલે પણ અમુક સમયે તેનો ઉદય થશે એ કેવલ શ્રદ્ધા નથી પરંતુ વૈજ્ઞાનિક નિરીક્ષણ અને અનુભવથી પ્રાપ્ત થયેલું તથ્ય છે. આજ સવારે અને કાલ સવારના સમય વચ્ચેમાં કંઈ પણ વિક્ષેપકારક ફેરફારથી જગ કે પૃથ્વીનો નાશ થાય તો તે જુદી વાત, પરંતુ સાધારણ રીતે તો આ સંયોગોની નિયમિતતા સ્વતઃસિદ્ધ મનાય છે. આ નિયમિતતાનું મૂલકારણ સૃષ્ટિમાં પ્રસરેલી એકરૂપતા છે, તેથી નિયમિતતા એક વસ્તુ પણ અનેક ઘટનામાં જોવામાં આવે છે. તેથી જ વિજ્ઞાન નિયમો શોધવાના પ્રયત્નો કરી શકે છે, અને તેમાં સફળ થઈ શકે છે.

+ Uniformity * Unity

સૂર્ય, ગ્રહો અને તારાઓ અવકાશમાં ક્યાં ને કઈ રીતે છે; તેમની અને આપણી વચ્ચે કેટલું અંતર હોય તો તેમની વચ્ચેથી આવતા પ્રકાશ મારફત છે; તે સિવાય કોઈ બીજી વસ્તુ તેમની વચ્ચે આવતી હોવી જોઈએ તેમ નથી. આ પ્રકાશને પૃથ્વી ઉપર પહોંચતાં ઘણો સમય લાગે છે—સૂર્યથી નીકળતા કાર્યાંથી આવતું પ્રકાશનું કિરણ લગભગ આઠ વર્ષ પહેલાં નીકળ્યું હોય!—તે છતાં પણ સૂર્યના પ્રકાશના શુદ્ધો અને પૃથ્વી ઉપરના પ્રકાશના કુદરતો એક સરખા જ છે. આ એકરૂપતાને લીધે આપણે કહી શકીએ કીએ કે પ્રકાશનાં કિરણોમાં આપણે જાતનાં તાત્ત્વિક તત્ત્વો હોવાં જ જોઈએ. સૂર્યના વાતાવરણમાં હીલિયમ નામનું નવું તત્ત્વ છે એ રંગપટવિદ્યાના આધારે સિદ્ધ થયું ત્યારે પૃથ્વી ઉપર હીલિયમ તત્ત્વ શોધી કઢાયું નહોતું; પણ જેવી કરાયું ત્યારે સિદ્ધ થયું કે સૂર્ય ઉપરનું અને પૃથ્વી ઉપરનું હીલિયમ એ સર્વ રીતે એક જ છે તેવી જ રીતે સૂર્ય ઉપર કે બીજા કોઈ તારાઓ ઉપર હાઇડ્રોજન તત્ત્વ મળી આવે છે; તેનું કદ્રાવ, તેનું કુદરત, તેની રંગપટરેખાઓ, તેના અણુઓ અને પરમાણુઓનું બંધારણ એ બધે ઠેકાણે એકસરખાં જ છે.

સૃષ્ટિની નિયમિતતા

પ્રકૃતિની આ એકરૂપતા જેટલા પ્રમાણમાં વિજ્ઞાનશાખાઓમાં વધારે સારા અંશોમાં દેખાતી આવે છે, તેટલા અંશે નિયમશોધનનું કામ અને તેના ઉપરથી કરવામાં આવતી આગાહી વધારે સહેલાઈ ભરેલ છે. ખગોળવિદ્યા ગ્રહોની ગતિ, ગ્રહણોનો સમય, ભરતીઓટનો સમય વગેરે જેટલાકથી નક્કી કરી શકે છે, ભૌતિકવિદ્યા ભૌતિકશાસ્ત્ર અને તેમની રસાયનો વિષે જેટલાકથી નિર્ણય કરી શકે છે, પ્રાણીવિદ્યા અને વનસ્પતિવિદ્યા જેવા વિષયોમાં આવો નિર્ણય થઈ શકતો નથી. કારણ કે નિયમરૂપ કારણો ઉપરાંત અનેક અજ્ઞાતકારણો અને વધતા-ઓછા પ્રમાણમાં

નિયમોનો પ્રતિકાર કરી શકે છે. ગુરુત્વાકર્ષણના નિયમ પ્રમાણે સાધારણ પ્રાણીઓ પાણીમાં તરી શકે નહિ, પરંતુ તરતાં આવડે તો પછી તેમને ડૂબવું પણ અઘરું થઈ પડે છે. લોખંડની વસ્તુ પાણીમાં તરી શકે નહિ; અને હવામાં પણ અદ્ધર રહી શકે નહિ; તે છતાં લોખંડના વહાણો અને વિમાનો મનુષ્યની કારીગરી અને હિકમતને લીધે ગુરુત્વાકર્ષણના નિયમોનું ઉલ્લંઘન કરતાં હોય એમ લાગે છે. સાધારણ ભૌતિક નિયમો પ્રાણીઓ અને મનુષ્યના સમૂહોને લાગુ પાડી શકાય તે પહેલાં એ સમૂહોનાં વિશિષ્ટ વર્તન સમજવાં જોઇએ; તે સમજ્યા પછી આવાં વર્તન સંબંધી પણ નિયમો પ્રાપ્ત થાય છે. પ્રાણીવિદ્યા, નૃકુલવિદ્યા, સમાજવિદ્યા, અર્થવિદ્યા, એ બધી વિજ્ઞાનની શાખાઓ આવા નિયમોની શોધ કરે છે. પ્રાણીઓના જન્મમરણ સંબંધી, મનુષ્યની પ્રાચીન સ્થિતિમાં જાતિઓ અને જૂથો કેવી રીતે બંધાયા હશે તે વિષે, સમાજની ઉન્નતિ અને અવનતિ વિષે શું નિયમો શોધી શકાય છે તે વિષે, દેશની આર્થિક સ્થિતિ અને સમૃદ્ધિના નિયમો તારવી શકાય કે કેમ તે વિષે અન્વેષણ અને અભ્યાસ ચાલુ છે, તેમાં પણ નિયમો મેળવી શકાય છે; આ નિયમો અર્થોગશાસ્ત્ર કે ભૌતિકશાસ્ત્રના નિયમો જેટલા ચોકકસ ગણી ન શકાય, પણ એ નિયમો અમુક અંશે પણ ખરા પડે છે એ સૃષ્ટિની એકરૂપતા દર્શાવે છે અને સૃષ્ટિક્રિયા અમુક સંયોગોમાં અમુક જ રીતે પ્રાપ્ત થશે એમ ધારવાને સબળા રીતે પુષ્ટિ આપે છે.

વિજ્ઞાનનો આ નિયમિતતાનો સિદ્ધાન્ત મનુષ્યની સ્વતંત્ર પુરુષાર્થશક્તિના વિચારને સંપૂર્ણ રીતે અટકાવ આપે છે. ઈશ્વર વિષે સાધારણ વિજ્ઞાનને જો કાંઇ કહેવાનું હોય તો એટલું જ કે સૃષ્ટિની વ્યવસ્થા અને નિયમ એટલાં ચોકકસ છે કે તેમાં ઈશ્વર વિષે કાંઇ પણ વિચાર કર્યા સિવાય, અપવાદ અટકાવ કરીને, વિજ્ઞાન પોતાનું કાર્ય ચાલી શકે છે. વિજ્ઞાનની કાર્યપદ્ધતિમાં, વિચારપ્રણાલિકામાં અને વિજ્ઞાનની

આપણાં પણ ઓક અપેક્ષ મારણરૂપ ઈશ્વરને સ્થાન નથી; તે છતાં વૈજ્ઞાનિકોના અંગત અભિપ્રાયો ઘણા વાર ઓક હોઈ શકે છે અને બાલગંગાધર તિલકમાં વૈજ્ઞાનિકો ધર્મિષ્ઠ હોય પણ છે. પરંતુ વૈજ્ઞાનિક પરીક્ષણોમાં અને સિદ્ધાન્તોના નિર્માણમાં ઈશ્વરનો વિચાર કરવાને બદલે સૃષ્ટિની નિયમિતતા અને સૃષ્ટિક્રિયાની ઓકરૂપતાનો ખ્યાલ વધારે સ્પષ્ટ રીતે રાખવો પડે છે. બાકર કહેતો કે 'હું જ્યારે મારી પ્રયોગશાળામાં કામ કરું છું ત્યારે જડવાદ અને ઈશ્વરવાદ એ બંને તરફનાં દ્વાર બંધ કરી દઉં છું. હું કેવલ તથ્યોનું નિરીક્ષણ કરું છું. અને કઈ કઈ વૈજ્ઞાનિક પરિસ્થિતિમાં જીવનનો આવિષ્કાર થાય છે, જીવન શક્ય થાય છે તેની શોધ એ જ મારું કર્તવ્ય છે.

આપણી અસ્થિર દેખાતી અને અજ્ઞાતી સૃષ્ટિનાં નિયમ અને વ્યવસ્થા શોધવી એ દરેક વૈજ્ઞાનિકનું નિત્ય કર્મ છે એટલું જ નહિ પણ અનુભવક્ષેત્રના ઉચ્ચતમ અભિલાષોમાં આવાં નિયમ અને વ્યવસ્થા જોવાનું, શિવ અને સુંદર પ્રત્યક્ષ અનુભવવાનું અને તેને પ્રાપ્ત કરવાનું કામ વૈજ્ઞાનિકો, કવિઓ કે તત્ત્વવેત્તાઓ સહુથી અગત્યનું ગણે છે.

વૈજ્ઞાનિક નિયમોનું સ્વરૂપ

સૃષ્ટિના નિયમોનું શોધન એ વિજ્ઞાનનું મુખ્ય કાર્ય છે એ અગાઉના કહેવામાં આવ્યું છે. આ નિયમ કેવા પ્રકારના હોય છે, તેમનાં સ્વરૂપ અને વિશેષતા કેવી જાતનાં હોય છે, તેમનો અર્થ તાત્ત્વિક અર્થ અને ઉપયોગ કેવો હોય છે એ સર્વ સ્પષ્ટ કરવાની જરૂર છે. સામાન્ય જનસમાજમાં ઓવી માન્યતા હોય છે કે વિજ્ઞાનના નિયમો જડ જ હોય છે અને તેમની નિશ્ચિતતામાં કોઈ પણ ફેરફાર હોઈ શકે જ નહિ. કેટલાકો વૈજ્ઞાનિકો ઉત્સાહમાં

આ નિયમોને માટે અચલ સ્થિરતા અને શાશ્વત સત્યનો દાવો કરે છે. તેમાં પણ અતિશયોક્તિનો દોષ છે. નિયમશોધન એ વિજ્ઞાનનું મોટામાં મોટું કાર્ય છે અને ઉચ્ચતમ ઉદ્દેશ છે; પણ તે નિયમનો સંબંધ વ્યાપ્તિરૂપનો જ છે. જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોવો જ જોઇએ એ સાદી વ્યાપ્તિને વૈજ્ઞાનિક નિયમનું રૂપ ન આપી શકાય તે છતાં પણ આપણે એટલું યાદ રાખવું જોઇએ કે લગભગ દરેક વૈજ્ઞાનિક નિયમ ફક્ત આવા વ્યાપ્તિસંબંધ દર્શાવે છે. ભિન્ન વિશિષ્ટ ઘટનાઓના વર્ણીકરણ અને મનન ઉપરથી તેમનાં કાર્યકારણનો સંબંધ સ્પષ્ટ થાય, અમુક તથ્યો બીજાં અમુક તથ્યોનાં કારણરૂપ છે, એમ સ્પષ્ટ થાય તો પછી એ સાદો નિયમ ઉદ્ભવે છે.

આ પ્રમાણે કાર્યકારણનો સંબંધ દર્શાવતા હોવા છતાં, વૈજ્ઞાનિક નિયમોમાં હેતુત્વનો સંબંધ કે ભાવનાનો અંશ પણ હોતો નથી. અમુક પરિસ્થિતિમાંથી બીજી અમુક પરિસ્થિતિ ઉદ્ભવે છે એ વૈજ્ઞાનિક નિયમમાં પહેલી પરિસ્થિતિને હેતુત્વની ભાવના આરોપવામાં આવતી નથી. તેવી જ રીતે પ્રયોજન અથવા હેતુનો પણ નિર્દેશ કરવામાં આવતો નથી; એક કાર્ય "શા માટે" થાય છે તેને માટે વિજ્ઞાન અન્વેષણ કરતું જ નથી, પરંતુ "કેવી રીતે" થાય છે એ પ્રશ્નનો ઉત્તર મેળવવામાં જ સંતોષ માને છે. વૈજ્ઞાનિક નિયમો સામાન્ય ઘટનાનું તત્ત્વજ્ઞાન કે નૈયાયિકની દૃષ્ટિએ અંતિમ કારણ શોધવાને બદલે સાધારણ દૃષ્ટિગોચર અને સ્પષ્ટ કારણો શોધે છે. આ સાદી વાત યાદ રાખીએ તો પછી વૈજ્ઞાનિક નિયમોને વિષે ગેરસમજુતી થવાનો ભય નહિ રહે. રાસાયનિક સંયોજનના નિયમો, પદાર્થની ગતિના નિયમો, પ્રકાશ, વિદ્યુત કે ચુંબકબળના નિયમો, દ્રવ્યના સંરક્ષણના સિદ્ધાન્તો, પ્રાણીઓની ઉત્ક્રાંતિનો સિદ્ધાંત, અથવા તો ગુરુત્વાકર્ષણના નિયમ કે આકૃતી રચનાના નિયમો એ સર્વમાં અમુક જાતના સાર્વ-

ત્રિક બ્યાખિસંબંધોનું નિરૂપણ છે. આ સંબંધોને વખતોવખત જ્ઞાનની પ્રગતિની સાથે બદલવા પડે છે: નવી શોધો અને નવાં તથ્યોને અનુકૂલ થવ અથવા સમજણની દૃષ્ટિ તેવી રીતે તેમાં વિસ્તારવું કે સંક્ષિપ્ત કરવું પડે છે. આવા ફેરફારો કરવામાં વૈજ્ઞાનિકોની અથવા તો તેમના સિદ્ધાન્તોની પ્રતિષ્ઠાને જરાયે હાનિ થતી નથી. તેવું હોવું, જૂના નિયમોની અપૂર્ણતા કે ખામીઓ જાણવા છતાં અને નવા નિયમો કે સિદ્ધાન્તોની સાબિતી જોવા છતાં પણ તેને ન સ્વીકારનારને વૈજ્ઞાનિક કહેવરાવવાનો હક નથી. હક્સ્લેની પ્રતિભાશાળી અને લાક્ષણિક ભાષામાં કહીએ તો +"કોઈ પણ મતને વળગી રહેવાનો દુરાગ્રહ કરવાથી વિજ્ઞાન આત્મઘાત કરે છે." આ આત્મઘાતના દોષમાંથી બચવાને માટે અને વધુ સત્યપ્રાપ્તિના શુદ્ધ આદર્શને લીધે વૈજ્ઞાનિકો જૂના નિયમો અને સિદ્ધાન્તોમાં યોગ્ય ફેરફાર કરતાં અથવા તો તેમનો સદંતર ત્યાગ કરતાં જરાયે અચકાતાં નથી. વિશ્વઘટનાને સમજવવાને માટે અને જગતનો કોયડો ઉકેલવાને માટે જુદી જુદી જાતની કૂંચીઓ બનાવવી પડે છે; આ કૂંચીઓથી કયા સુધી અંધકારનાં દ્વાર ખૂલી શકે છે અથવા તો કયા સુધી તેમના ઉપર કાટ લાગવાથી અથવા તો બીજા કોઈ કારણથી તે નિરુપયોગી થઈ પડતી નથી ત્યાં સુધી તેમને કામમાં લેવામાં આવે છે: નવી મુશ્કેલીઓ ઊભી થતાં અથવા જૂની કૂંચીના કરતાં વધારે સારી અને સરળ કૂંચી મળતાં જૂની કૂંચીનો ત્યાગ કરવો એ સત્યશોધકને ઈષ્ટ છે.

વિજ્ઞાનના નિયમોની આ પ્રકારની અનિશ્ચિતતા જોઈને કોઈને નિરાશા થાય અને કોઈને અસંતોષ પણ ઊપજે. કોઈ એમ શંકા કરે કે આવા અનિશ્ચિત નિયમોનો ઉપયોગ શું? પરંતુ સત્યશોધકને આ શંકાની મુગ્ધતા સહેજમાં સ્પષ્ટ થશે. કલાકારની કૃતિઓનું પ્રયોજન કૃતિની અપૂર્ણતામાં જ સમાયેલ છે; કવિઓની કૃતિને પણ

+ Science commits suicide when it adopts a creed.

કૃતિનિર્માણ સિવાય બીજું પ્રયોજન હોય નહિ. પરંતુ વિજ્ઞાનના સિદ્ધાન્તો સત્યશોધનના આશયથી જ રચવામાં આવે છે અને તે સત્યપ્રતિમની રીતીના પગથિયારૂપ છે. વિજ્ઞાનનું અંતિમ લક્ષ્ય કયાંય નિયમસિદ્ધિ કે સિદ્ધાન્તપ્રાપ્તિ નથી; નિયમો તો સત્યશોધનના સાધનરૂપ છે. સાધન અને સિદ્ધિનો ભેદ ન સમજવામાં જે અનિષ્ટ બૂડો થાય છે તેથી દૂર રહેવાની જરૂર છે. વિજ્ઞાનના સિદ્ધાન્તોનું સાધ્યત્વ, તેમની પ્રાપ્તિ માટેની તૈયારી અને મહેનતમાં જ પ્રાપ્ત થાય છે. નવી ઘટનાનું જ્ઞાન પ્રાપ્ત થતાં અને તેમનો જૂના સિદ્ધાન્તોની સાથે વિરોધ દેખાતાં ઘણીવાર વર્ગીકરણની ખામીઓ અથવા જૂના પ્રયોગો કે નિરીક્ષણની ખામીઓ સ્પષ્ટ થાય છે, તેની સમજુતી માટે નવાં તથ્યોની શોધમાં નવા પ્રયોગો કે નવાં નિરીક્ષણની જરૂર પડે છે. આ રીતે નવું નિરીક્ષણ અને નવા પ્રકૃતિમાર્ગોની દિશા પ્રાપ્ત થાય છે અને તેથી જૂના સિદ્ધાન્તોનો ત્યાગ કરવા છતાં પણ જ્ઞાનની વૃદ્ધિ તો જરૂર થાય છે.

વિજ્ઞાનના નિયમો વિષે હક્સ્લીના ચમત્કારિક શબ્દો મનનીય છે: "આ નૃ પ્રકૃતિનું એક મોટી રમત સમજવું છું: [પાનાંની] આ રમતમાં આપણને—મુદ્દ મનુષ્યોને—હાથ ચેચાનો હક આપવામાં આવેલો છે. મહાપ્રભુઓએ આપણા આર્ય પુરુષોએ આ રમત હાથમાં કેમ રમાય છે તે વિષે થોડાઘણા નિયમો શોધી કાઢયા છે. આ નિયમોને "પ્રકૃતિના નિયમો" કહીએ છીએ અને તેને માન આપીએ છીએ; કારણ કે તે પ્રમાણે ચાલવાથી આપણી મહેનતનો સારો બદલો મળે છે. કલ્પનાઓ અને સિદ્ધાન્તો એ આપણાં પત્તાં છે અને પ્રયોગાત્મક નિર્ણયસિદ્ધિ એ આપણા હાથ છે."

સૃષ્ટિ જડ છે કે ચેતનમય છે એ પ્રશ્ન ઘણીવાર ચર્ચાય છે. પરંતુ સૃષ્ટિમાં નિયમ અને વ્યવસ્થાનું રાજ્ય છે તે વિષે શંકા નથી. ભૌતિકશાસ્ત્રના નિયમો પણ જડ નિયતિવાદને આધીન છે કે કેમ તે

અને ચર્ચાસ્પદ છે. વીજાણુની ગતિના નિયમો ન શોધી શકાય ત્યાં સુધી એમ લાગે કે વિષમાં અનિયમિતતા પ્રચલિત છે અથવા તો નિયતિવાદને બદલે અનિયતિવાદનો આશ્રય લેવો રહ્યો. પરંતુ એકંદરે વ્યાપકતાની અનિયતિવાદનો સિદ્ધાન્ત સત્યની કે 'ઉપયોગિતા'ની દૃષ્ટિએ પણ માન્ય નથી. પણ એટલું ખરું કે જડ નિયતિને બદલે કાર્યકારણનો સંબંધ હવે વધારે ઢીલો મનાય છે; વિજ્ઞાનમાં સૃષ્ટિના કર્તાને માટે સ્થાન નથી. કર્તૃત્વ ભાવનાની દરકાર રાખ્યા સિવાય અમુક ઘટનામાંથી બીજી ઘટના ઉત્પન્ન થાય છે કે નહિ અને તે બે વચ્ચે કાર્યકારણનો સંબંધ છે કે નહિ તે અન્વેષણમાં જડ નિયતિ ઉપર આધાર રાખ્યા વિના વિજ્ઞાન આગળ વધે છે, પરંતુ પ્રયોગમાં કેટલા ટકા સંબંધ જોવામાં આવ્યો છે એની નોંધ ઉપરથી નિયમ તારવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.+

વૈજ્ઞાનિકોના નિયમોમાં અપવાદને સ્થાન નથી, એમ ન કહી શકાય. અમુક પરિસ્થિતિમાં અમુક કારણોના પરિણામે અમુક કાર્ય અથવા અમુક ઘટના સિદ્ધ થતી જોવામાં આવે એ નિયમના અપવાદો પરિસ્થિતિમાં કે કારણોમાં ફેરફારોને લીધે થાય છે કે નહિ તે તપાસ કરવાની જરૂર તો હંમેશ રહેવાની જ; પરંતુ ૧૦૦ ઘટનામાંથી ૯૯–૯૫ ટકા સુધી પણ કાર્યકારણનો સંબંધ જોવા કે અનુભવી શકાય તો સંતોષ માન્યો ગણાય.

સૃષ્ટિની એકતા

વિજ્ઞાનનો ત્રીજો મૌલિક સિદ્ધાન્ત સ્પષ્ટ કરવાની જરૂર છે. વિજ્ઞાનની શાખાઓ વિવિધ છે તે છતાં વિજ્ઞાન તો એક જ છે; અભ્યાસની સરળતા માટે વિભાગ પાડવા છતાં વિજ્ઞાનની એકતા તો સ્વતઃસિદ્ધ છે એ વિશે ઘણીવાર આ પુસ્તકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિજ્ઞાનની આ એકતાની સાથે સૃષ્ટિની એકતા પણ ફલિત થાય છે; તેથી વિજ્ઞાનના વિવિધ પ્રશ્નોનું સ્વતંત્ર રીતે અન્વેષણ

+ Physical laws do not express absolute necessity but merely statistical probability.

કરવા છતાં પણ સૃષ્ટિસમરતનું જ્ઞાન મેળવવાને માટે આ વિવિધ પ્રદેશોના અભ્યાસનું એકીકરણ અને કેન્દ્રીકરણ કરવાની જરૂર પડે છે કારણ કે સૃષ્ટિની અનેક ઘટનાઓ એકબીજાની સાથે આંતર-સંબદ્ધ હોય છે અને તે સઘળાના સંબંધનાં મૂળ ઘણીવાર અકલ્પની રીતે ગુંચવાયેલાં હોય છે તેથી સૃષ્ટિઘટનાના વાસ્તવિક અન્વેષણને માટે આ સર્વ અનુભવોના એકીકરણની ખાસ આવશ્યકતા રહે છે, અને આ કારણે દરેક અન્વેષકને સ્પષ્ટ થતું જાય છે કે વિશ્વમાં એક જ સૂત્રરૂપે કાર્યકારણના પ્રવાહ વહે છે, અને સકલ વિશ્વમાં વ્યાપક આ સત્યની શોધ એ વિજ્ઞાનનું મુખ્ય કાર્ય છે વસુધૈવ કુટુમ્બકમ્ એ પ્રાચીન ઉક્તિનો પ્રત્યક્ષ અનુભવ વૈજ્ઞાનિકોને પ્રતિપળે થાય છે આ અનુભવથી વિમુખ થનારને સત્યપ્રાપ્તિનો લાભ મળી શકતો નથી

પૃથ્વી ઉપરના પ્રાણીઓના જીવનના આંતરસંબંધની વિવિધતા વિષે પ્રો. હેકલને એક અતિસુંદર શબ્દચિત્ર આપ્યું છે તેમાંથી અવતરણ કરવાનો લોભ રોકી શકાતો નથી "ડાર્વિને જીવ-તસૃષ્ટિને પથ્થરના કાષ્ઠની સાથે અને કરોળિયાના* જાળાંની સાથે સરખાવી છે તેનાં બધાં પુસ્તકોમાં સૃષ્ટિમાં પથરાઈ રહેલી સંબન્ધ અને સંકલનાની ભાવના, અને પ્રાણીઓના એકબીજાના આંતરસંબંધની ભાવના એ એક પ્રકાશમય અંતરપટ તરીકે જોવામાં આવે છે ડાર્વિન કહે છે કે બિલાડીઓનો સંવિગના પાકની સાથે અને નાનાં અળસિયાંનો પૃથ્વી ઉપરના ઘઉંના પાકની સાથે સંબંધ છે ખોટા ખ્યાલમાં ફૂલને અગિયાર પંક્તિ લાંબી પાંખડીઓ હોય તો ડાર્વિન કહેશે કે તેની બે લાંબી ઘટનાનું+ પતંગિયું પણ હેતુ જોઈશે, નહિ કે તે સિવાય ફૂલનાં સુગન્ધ અને રસ વ્યર્થ જાય દૂર દૂરથી

*મરખાવો દિ દુઃખાઓમાં ઉર્ણનાભિની કલ્પના અને તે ના વિવિધ ઉપયોગ.
+ Proboscis

આવેલાં પક્ષીના પગ જમીન ઉપર મુકાતાંજ તેનાં પગલાંનાં આદિલન દૂર સુધી પહોંચે છે; કારણ કે તેનાં પગલાં નીચેની માટીમાંથી ડાર્વિન એંશી ઝાડવાં ઉગાડી શકે છે; કેમ કોઈના મહેલની નજીકમાં જીવતા ઊંદરોની જાતો જાણવાથી તેને અમુક પ્રકારની માછલી ખાવાનો શોખ છે એમ કહી શકાય; તેના પગ ઉપરના ચોકના બૂટથી સીલ નામની માછલીની કલગ યાદ આવે છે: તેના મહેલમાં વપરાતી હાથીદાંતની ચીજોથી હાથી પકડવાની કળાનો અને પૂંછની ઉપરથી હાથીની જાતિનો નાશ થવાનો ખ્યાલ આવે છે. સૃષ્ટિમાં દ્રવ્ય અને શક્તિની સતત ગતિ અને પરિભ્રમણ ચાલુ રહે છે. આ ગતિનાં આદિલનો "ક" થી "જ્ઞ" સુધી પહોંચે છે અને પાછા "જ્ઞ" થી "ક" સુધી પ્રસરે છે, કોઈ પણ તેના દરેક અવયવને આ ગતિ અને તેની અસરનું જ્ઞાન હોતું પણ નથી. ઑસ્ટ્રેલિયામાં સસલાની જાત દાખલ થવાથી અથવા તો જર્મેકામાં નોળિયા જેવાં પ્રાણી * દાખલ થવાથી અથવા તો અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં અકસ્માતે દાખલ થવાથી ત્યાં ઉત્પન્ન થયેલાં સૃષ્ટિજીવનનાં આદિલનની અસરનો ખ્યાલ સાધારણ મનુષ્યને આવવો મુશ્કેલ છે. જંગલ કાપવાનો અને વરસાદનો સંબંધ, ઝાડ કાપવાનો અને તીડો વગેરેના ઉપદ્રવનો સંબંધ, જીવતાં પક્ષીઓએ બહુ બહુ કેટલાકે બીજ નાંખવાથી નવે રહેલે થતાં જાતિ અને ઉપજાતિઓના ફેરફાર, વનસ્પતિ અને પ્રાણીઓ ઉપર સૂર્યના પ્રકાશ અને તેજની અસર—આ સર્વે અને એના જેવી અનેક બાબતોથી સૃષ્ટિના સમત્વની ક્રિયાના દૃઢ થાય છે." ડાર્વિનનાં ઉપરનાં દૃષ્ટાંતો સજીવ સૃષ્ટિમાંથી લેવાયાં છે, પરંતુ નિર્જીવ ગણાતી સૃષ્ટિમાં પણ આ જાતના દૃઢ થવાના પ્રસંગો અનેક આવે છે. વરસાદનું પાણી ઝરા, નદીઓ, અને સમુદ્રમાં થઈને પર્વતો, ડુંગરો અને જમીનને અનેક દિશાઓથી કોતરે છે અને પૃથ્વીની ભૌગોલિક સ્થિતિનું રૂપાન્તર

* Mongoose

કરે છે, તેમાં ભરતીઓટ, પવન અને વાતાઝેડું વગેરે પણ મદદ કરે છે પાણીની છત અને અછત ઉપર, નદીના વટેશ્વ અને વનશ્વ ઉપર રહેવેરો અને બંદરોની આબાદી અને બરબાદીનો આધાર રહે છે. નિર્જીવ ગણાતા દ્રવ્યના અણુઓ પણ હમેશ ગતિમાન હોય છે. આ ગતિમાન અણુઓ, પરમાણુઓ અને વીજાણુઓથી જ સકળ સૃષ્ટિની રચના થઇ છે અને ઊઠે છે આ ગતિ, આ આંતર સંબંધ, અને સમન્વય એ સૃષ્ટિના અને તેથી વિજ્ઞાનના મૌલિક તત્ત્વરૂપ છે.

સૃષ્ટિસમન્વયની ભાવના

આ મૌલિકતાને લીધે એટલું પણ સ્પષ્ટ થાય છે કે મનુષ્યની સ્વતંત્રતા અને સાર્વભૌમતાને હદ છે, એક સમય એવો હતો કે વિશ્વનું મધ્યબિન્દુ-પૃથ્વી અને સૃષ્ટિનું મધ્યબિન્દુ-મનુષ્ય છે એમ મનાતું. બ્રહ્માંડ, સૂર્ય, ચન્દ્ર, તારામંડળો પૃથ્વીના લાભને માટે છે અને સૃષ્ટિ માત્ર મનુષ્યને રાજ્ય કરવાને માટે જ સર્જવામાં આવી છે એ માન્યતા ઘણા સમય સુધી પ્રચલિત હતી. અર્વાચીન વિજ્ઞાનની પ્રગતિની સાથે આ માન્યતાની બૂત સ્વીકારાતી ગઈ. ઉદ્ભાન્તિવાદે પણ મનુષ્યના મન અને બ્રહ્માંડના આવરણો ભેદીને પરમ સત્યની ઝાંખી કરાવી વિજ્ઞાનની શાખાઓ, ઉપશાખાઓ અને ઔપપત્તિક× વિભાગોના વિકાસની સાથે સૃષ્ટિના સમન્વયનો સિદ્ધાન્ત સ્પષ્ટ રીતે સ્વીકારાવા લાગ્યો, જડ અને ચેતન સૃષ્ટિ અસંબદ્ધ અને વિશ્લિષ્ટ નથી પરંતુ સૃષ્ટિમાત્ર સંબદ્ધ અને સમન્વિત છે એ સ્વીકારવાની સાથે કેવળ જડવાદની પ્રતિષ્ઠા ઓછી થઈ ગઈ માનવજાતે અને ભાસ કરીને તુલનાત્મક માનવજાતિનો વિકાસ થવાથી, પ્રાણીમાત્રમાં અમુક પ્રકારના માનસિક વ્યાપારો થાય છે તેના અભ્યાસથી, અને વનસ્પતિઓમાં પણ પ્રાણીના જેવા જીવનવ્યાપારો નિરખી શકાય છે તેના મનનથી, વૈજ્ઞાનિકોની ખાત્રી થતી જાય છે કે સૃષ્ટિમાં કેવળ

× Applied

જડ ઉપરાન્ત બીજું કાંઇ છે. જડના જુદા જુદા વિભાગો સમન્વિત છે, તેવી જ રીતે જડ અને ચેતનનો જુદા જુદા વિભાગો સમન્વિત છે, સકળ સૃષ્ટિ સમન્વિત છે. આ સમન્વયની ભાવના સૃષ્ટિ-નિરૂપણમાં અને વિષક્રિયા સમજવામાં ઘણી જ ઉપયોગી છે.

આ દૃષ્ટિથી વૈજ્ઞાનિક વર્ણનની વિશિષ્ટતા એક સાધારણ દૃષ્ટાંત લઈને તપાસીએ. એક સાધારણ પાટલો, ટેબલ, કે ખુરશીનું વર્ણન કરવું હોય તો પહેલાં તો તેનું બાહ્ય દરય—બહારનો દેખાવ—આકાર, ઊંચાઇ, નીચાઇ, પહોળાઇ, નરમાશ, રંગ-પોલીશ, વીગેરે જણાવવું પડે છે તે બાબતો સાથે પણ વનસ્પતિવેત્તાને જાણવાનું ઘણું બાકી રહે છે

વનસ્પતિવેત્તા તે કઇ જાતના લાકડામાંથી બનાવવામાં આવ્યો છે તે કહી શકે છે. સૂક્ષ્મદર્શકયંત્રથી તેની અંદરની રચના અને વનસ્પતિની જાત વિષે વધારે જ્ઞાન મેળવી શકે છે, અને વનસ્પતિના જીવનકોષમાંથી કેવી રીતે તે લાકડું બંધાયું હશે તે કહી શકે છે. ભૌતિકવેત્તા કહેશે કે આ લાકડાની નક્કરતા અને સ્થિતિસ્થાપકતા વગેરે ગુણો સમજવાને માટે તેનું બંધારણ ગુરુત્વ અણુઓનું બનેલું છે એમ કલ્પવું જોઇએ આ અણુઓનું વિભાજન રસાયનવિદ્યામાં થાય છે અને રસાયનવેત્તાઓ કહી શકશે કે આ અણુઓમાં કેટલા પરમાણુઓ રહેલાં હોય છે, તેમાં કાર્બન, હાઇડ્રોજન અને ઑક્સિજનના પરમાણુઓની સંખ્યા પણ તેઓ જોઇ શકે છે. લાકડું બળવાથી આ પરમાણુઓની અવસ્થા ફેરવાઇ જાય છે અને નવા રૂપાંતરો ઉત્પન્ન થાય છે, તે છતાં તેમનું કુલ વજન ઓછું તે ઓછું જ રહે છે આ પરમાણુઓનો વધારે અભ્યાસ કરતાં એમ સિદ્ધ થયું છે કે જેમ અણુઓ પોતે ગતિમાન હોય છે તેમ પરમાણુઓની અંદર પણ ગતિ હોય છે. આ પરમાણુની રચના સૂર્યમંડળના જેવી ગણાય છે, એક મધ્યસ્થ જડ અને ધન વિદ્યુની આસે તરફ ફરતા વજનનાં નિયુ

× Sense of inter-relatedness

દશ્યો નાચતા કૂદતા અને પરિભ્રમણ કરતા જણાય છે. આ વિદ્યુત્કણો, પરમાણુઓ અને અણુઓના એવા વિલક્ષણ બ્યૂહ રચાય છે કે જેમાંથી અમુક રંગના જ પ્રકાશનાં કિરણો નીકળે એવું નક્કર રૂપ, ઘાટકું પકડે છે. આ પ્રમાણે રૂપ, રંગ, વગેરે બાહ્ય સ્વરૂપ તેમ જ આંતર રચના વગેરેનો વિચાર જુદી જુદી દૃષ્ટિથી કરવાને પાટલાના બાહ્ય સ્વરૂપથી આપણે બહુ જ દૂર જવું પડે છે. પરંતુ આ બધું જ્ઞાન પ્રાપ્ત કર્યા સિવાય પાટલા જેવી સાધારણ વસ્તુનું અંતિમ અને યથાર્થ જ્ઞાન થઈ શકે નહિ. ઘટનું ઘટત્વ અને પટનું પટત્વ નૈયાયિક બુદ્ધિથી શોધવાના બધા પ્રયત્નો આવા સંપૂર્ણ જ્ઞાનવિના નિષ્ફળ થાય છે. સૃષ્ટિ સમન્વિત છે અને આ સમન્વયની ઉપેક્ષા કરવાથી સત્યપ્રાપ્તિ માટેના પ્રયત્નો વ્યર્થ કલ્પ છે. તેથી ઉલટું કેવળ ભૌતિકવિદ્યા કે કેવળ વનસ્પતિવિદ્યા કે વિજ્ઞાનની કોઈ એક જ શાખાથી અંતિમ સત્યના મંડાણ, અને વિજ્ઞાને પ્રશ્નોનો ઉકેલ-ઉત્તર આપી શકાય નહિ. આવા પ્રશ્નોનો ઉકેલ પરમાર્થશાસ્ત્રકારે થવો જોઈએ, પરંતુ આ પરમાર્થશાસ્ત્ર વિજ્ઞાનની સાથે સંબદ્ધ અને સમન્વિત હોવું જોઈએ. સૃષ્ટિના સમન્વયની સાથે જ્ઞાનનો સમન્વય પણ કરીકરવો જોઈએ; અને તેથી સત્યશોધકને એકલા તત્ત્વજ્ઞાન કે એકલા વિજ્ઞાનથી સંતોષ થઈ શકે જ નહિ. વિજ્ઞાન આ સંબંધ સ્વીકારીને જ આગળ વધવાનો આગ્રહ કરે છે અને તેથી આ સમન્વયની ભાવના વિજ્ઞાનમાં લાક્ષણિક જ ગણી શકાય. જીવન અને શક્તિ, શરીર અને મન, શારીરિક અને માનસિક ક્રિયાઓ, ભૌતિક વાતાવરણ અને કાર્યદક્ષતાનો વગેરે પ્રકારના સંબંધોના અન્વેષણમાં વિજ્ઞાનની અનેક શાખાઓનું સમીકરણ કરવું પડે છે. તેવી જ રીતે દેશના વિકાસના આયોજન માટે પણ વિજ્ઞાનની લગભગ બધી શાખાઓનો સમન્વય કરવામાં ન આવે ત્યાં સુધી કાર્યમાં સફળતા ન મળે.

+ Metaphysics

કરીશું. વસ્તુનાત્મક શાસ્ત્રમાં ભૌતિક સૃષ્ટિ અને જીવમય સૃષ્ટિનાં શાસ્ત્રો એમ બે મુખ્ય વિભાગ પાડીશું. ભૌતિક સૃષ્ટિનાં શાસ્ત્રોમાં ભૌતિકશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, ભૂવિદ્યા, ભૂગોળવિદ્યા, ખગોળવિદ્યા, યંત્રવિદ્યા વગેરે આવી જાય છે. જીવમય સૃષ્ટિનાં શાસ્ત્રોમાં પ્રાણીવિદ્યા વનસ્પતિવિદ્યા તેમ જ માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એ મુખ્ય ગણાય છે.

ભાવાત્મક વિજ્ઞાન

વિજ્ઞાનના ભાવાત્મક અને વસ્તુનાત્મક એ બે મુખ્ય વિભાગમાં ભાવાત્મક× અને વસ્તુનાત્મક+ એ શબ્દનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર છે. અનુભવને થતા જ્ઞાનના બે મુખ્ય વિભાગ પાડી શકાય; એક તો, વસ્તુઓનું વસ્તુનાત્મક જ્ઞાન; દાખલા તરીકે બાર પેન્સવાળી આપ જોવાથી તેનું વસ્તુન આપણા મનને પહોંચી શકે છે. બીજું, જ્ઞાનના ભાવ કેવી રીતે આપણને પ્રાપ્ત થાય છે, આપનો વિચાર કઈ રીતે આપણા મનને પહોંચે છે, તે પદ્ધતિનું જ્ઞાન. વસ્તુનાત્મક જ્ઞાનમાં આપણા અનુભવ અને અનુભવજન્ય પ્રમેયમાંથી જતાં અનુમાનનો સમાવેશ થાય છે. બીજી તરફથી ભાવાત્મક જ્ઞાનમાં અનુમાનની પદ્ધતિ, અન્વેષણનાં નવીન સાધનો, અને વિજ્ઞાનના નિષ્પન્નની સંપૂર્ણતા અને વાસ્તવિકતા વગેરેની પરીક્ષા અને વિવેચનનો સમાવેશ થાય છે.

સામાન્ય રીતે કાલ અને દિક્ એ બે દૃષ્ટિએ આપણા અનુભવો જુદા પડે છે. કયે કાલ અને દિક્‌ના ભિન્ન ભિન્ન ભાવો સ્વતંત્ર હોઈ શકે અથવા તો દિક્ અને કાલ બન્નેને લાગુ પડે તેવા સામાન્ય સંબંધો પણ ઉદ્ભવી શકે. આવા જ્ઞાનબોધનના સામાન્ય સંબંધો મુખ્યવાચક અથવા સંખ્યાવાચક હોઈ શકે અને તે પ્રમાણે વિજ્ઞાનની જુદી જુદી શાખાઓ નીકળે છે. (૧) મુખ્યવાચક સંબંધોનું વિવેચન ન્યાયશાસ્ત્રમાં થાય છે, અને તે વિવેચનમાં પદાર્થોના સાધર્મ્ય અને વૈધર્મ્યના બોધનના નિયમો, અથવા તો વિજ્ઞાનના નિષ્પન્નોનું શોધન

× Abstract + Concrete

થાય છે. આ નિયમો ઉપરાંત વિચારની નવાં ઉપકરણોના અને જ્ઞાનની પદ્ધતિના સંશોધનને માટે પદ્ધતિશાસ્ત્રીય નિયમ પણ બનાવવા પડે છે. આવા સંબંધોમાં નિરીક્ષણ અને નિર્ણય થયા પછી પણ જ્ઞાત જ્ઞાનની યથાર્થતાની પરીક્ષા કરવાને માટે પરમાર્થશાસ્ત્રોની જરૂર પડે છે. આ સમૂહનાં સઘળાં શાસ્ત્રો વિજ્ઞપ્તી-તત્ત્વજ્ઞાનના સામાન્ય નામથી ઓળખાય છે. (૨) સંખ્યાત્મક સંબંધોનું નિશ્ચિત સંખ્યા અને અનિશ્ચિત અથવા ચલિત સંખ્યા એ બે પ્રકારે પ્રયોજન થાય છે. નિશ્ચિત સંખ્યાની વિદ્યામાં અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ એ ત્રણ વિષયો તો પ્રસિદ્ધ છે, પરંતુ પરિમાણની માપણી કેવી રીતે કરવી છે અને કેવા પ્રકારની અને કેટલી ચોકસાઈ રાખવી જોઈએ તે સંબંધી આપણે ત્યાંજાણવું જોઈએ. આ ઉપરથી સાંખ્યિકીય અને ગણિતશાસ્ત્રી વગેરે માણસોના વિવેચનની જરૂર પડે છે. અને તે ઉપરાંત ઉપરની માપણીના સિદ્ધાન્ત તેમ જ ગણિતના સિદ્ધાન્ત, અને ગણનાશાસ્ત્રના મૂળ સિદ્ધાન્ત પણે નિર્ણય કરવા કે, કયા વૈજ્ઞાનિક અન્વેષણમાં જે કોઈ ગણિતના સિદ્ધાન્ત ઉપયોગમાં લેવાય તે પ્રયત્ન કરવામાં આવે છે તેમાં વૈજ્ઞાનિકની જરૂરિયાત પ્રમાણે ગણિતની ચોકસાઈ પોતાના નિર્ણય માટે યોગ્ય હોય કે નહિ તેવી ખાતરી કરવી પડે છે. વધારામાં ગણિતશાસ્ત્ર અને ગણનાશાસ્ત્ર પોતાના પરસ્પર સંબંધમાં કેવા પ્રકારના હોય છે તે સમજવું રહે છે.

વિભાગ—ચલન-કલન[1] અને ચલરાશિકલન[2] વગેરે વિષયો પ્રાપ્ત થાય છે. (૩) હવે દિગ્‌ના-સ્થાનાંતરના વિશેષ સંબંધ જે રીતે ઠરાવી શકાય. એક તો બિંદુઓ, લીટીઓ અને તલ-સપાટીના કલન પરસ્પર સંબંધનો જ વિચાર કરીએ અને બીજું તેમના ઉપર અંતર, ક્ષેત્રફળ અને ઘનફળના પરિમાણનાં માપ લઈ શકીએ. પહેલામાં સાદી ભૂમિતિ આવે છે તેની ઉપરથી યંત્રકળાને ઘણી મદદ મળી છે. અને તે રીતે તે વિદ્યાને હજુ વધારે વિકસવવામાં આવે છે. બીજી રીતે કદ, અંતર, ક્ષેત્રફળ અને ઘનફળ માપવામાં ત્રિકોણમિતિ[3] અને 'ક્ષેત્રાંમિતિ નામના બાકી વિષયોની જરૂર પડે છે. રથલ અને કાલ એ બંનેનું અંતર અને ફેર થકથી ગતિ થાય છે અને ગતિ સંબંધી વિદ્યા પણ એક સ્વતંત્ર ગણ્ય-ગતિવિદ્યા તરીકે ઓળખાય છે. આ બધા વિભાગોનો સંબંધ છેવટે આપેલા કોઠા ઉપરથી સ્પષ્ટ થશે. વિનિયુક્ત વિજ્ઞાનની ઉપશાખાઓ પણ ત્યાં જ દર્શાવવામાં આવી છે.

વસ્તુનામક વિજ્ઞાન

ભાવનામક જ્ઞાનના વિષયો આપણે જોઈ ગયા. હવે વસ્તુનામક શાસ્ત્રો પર નજર ફેરવીએ. સૃષ્ટિના વસ્તુનમાં સજીવ સૃષ્ટિ અને નિર્જીવ અથવા ભૌતિક સૃષ્ટિ એમ બે વિભાગ સ્પષ્ટ પડે છે. સજીવ અને નિર્જીવ સૃષ્ટિ વચ્ચે અંતર કોઈ વખત સાંકડું થઈ જાય છે, અને જગદીશચંદ્ર બોસના અન્વેષણ પ્રમાણે સજીવ અને નિર્જીવ વસ્તુઓનું કેટલાએક પ્રકારનું સામ્ય સિદ્ધ થયું છે. તે છતાં બંનેની વચ્ચેનો ભેદ પણ જ વિશાળ હોવાથી તે બે શાખાઓને જુદી પાડવી જરૂરની છે. ભૌતિક સૃષ્ટિમાં પણ બે મુખ્ય ભેદ જણાય છે; એક તો દ્રવ્ય[6] અને બીજી શક્તિ[7]. ભૌતિક પદાર્થોનું—તેમના સ્વરૂપનું

1. Differential 2. Integral 3. Trigonometry 4. Mensuration
5. Concrete Sciences 6. Matter 7. Energy

ચક્ષુ અને મૂળ પ્રકૃતિના પ્રકારણના પ્રશ્નોનો એક વિભાગમાં સમાવેશ થાય છે. શક્તિ અને ગતિ, તેમનાં સ્વરૂપ અને તેમની વિભૂતિઓ અને તેમનો વ્યાવહારિક ઉપયોગ વગેરે ચર્ચવાને માટે જુદાં જુદાં શાસ્ત્રોની જરૂર પડે છે.

ભૌતિકશાસ્ત્ર

હજુ પણ દ્રવ્ય અને શક્તિનાં મૂલતત્ત્વોના વાસ્તવિક સંબંધના સંશોધન માટે ભૌતિક વિદ્યાની નવી નવી શાખાઓ રચાતી જાય છે.

રસાયનશાસ્ત્ર

ભૌતિકશાસ્ત્રનું અંતિમ લક્ષ્ય શક્તિનું વાસ્તવિક સ્વરૂપ સમજવાનું છે; તેમ જ રીતે રસાયનશાસ્ત્રનું અંતિમ લક્ષ્ય પદાર્થનું સ્વરૂપ અને બંધારણ સમજવાનું છે. શક્તિ અને પદાર્થના અંતિમ સ્વરૂપ વિષે ભૌતિકશાસ્ત્ર અને રસાયનશાસ્ત્ર બંનેને કાંઈક કહેવાનું હોય છે અને તેમની સીમા પરનો કેટલોએક પ્રદેશ બંને શાસ્ત્રો વચ્ચે સમાન્ય ગણી શકાય. અણુ, પરમાણુ અને વીજાણુનું સ્વરૂપ અને અંતિમ બંધારણ વિષે બંને શાસ્ત્રોએ સારો પ્રકાશ પાડયો છે. દ્રવ્યોનું રાસાયનિક પૃથક્કરણ અને અવિભાજ્ય તત્ત્વોનું સંશોધન, રાસાયનિક સંયોજનના નિયમોનું અન્વેષણ, તેમ જ સૃષ્ટિની દરેક ઘટનાની રાસાયનિક દૃષ્ટિથી તપાસ એ રસાયનશાસ્ત્રનું ખાસ કામ છે. પદાર્થનાં અંતિમ તત્ત્વોના નિર્ણયમાં રસાયનશાસ્ત્રનું ખાસ કામ પડે છે અને આ મૌલિકતાને લીધે દરેક વિજ્ઞાનના અભ્યાસીને રસાયનશાસ્ત્રની થોડી ઘણી જરૂર પડે છે, અને તે કારણથી વિજ્ઞાનનો એવો કોઈ પ્રદેશ નહિ હોય કે જ્યાં કોઈપણ પગલે રસાયનશાસ્ત્રનું કામ ન પડે.

અવકાશવિદ્યા

સૃષ્ટિવર્ણનમાં પૃથ્વી અને પૃથ્વી બહારની સૃષ્ટિ એ બે સ્પષ્ટ વિભાગ પડે છે. મનુષ્યનું રહેઠાણ પૃથ્વી ઉપર જ થયાથી તે સંબંધી મનુષ્યનું જ્ઞાન વધારે હોય તે સ્વાભાવિક છે. પણ પૃથ્વી બહારની સૃષ્ટિ કાંઈ નાની અથવા તો અગત્ય વિનાની ન ગણી શકાય. અવકાશવિદ્યામાં સૂર્યમંડળ, ધૂમકેતુઓ-નિહારિકા-આકાશગંગા, વગેરેનું વર્ણન થાય છે. તે દરેકની ગતિ વિષે હજારો વર્ષથી નિરીક્ષણ થતું આવે છે

જાતો એવી મળી આવે છે કે જેમને કયા વર્ગમાં મૂકવી એ પ્રશ્ન ઘણો જ વિવાદગ્રસ્ત રહે છે. તે છતાં સાધારણ વનસ્પતિ અને પ્રાણી—ઝાડ અને ઢોર—વચ્ચેનો ફેર આપણે સહેલાઈથી સમજી શકીએ છીએ. આથી જીવવિદ્યાના મુખ્ય વિભાગ વનસ્પતિવિદ્યા અને પ્રાણીવિદ્યા એમ બે પડે છે. જેવી રીતે અચેતન સૃષ્ટિમાં બીજા તારા અને ગ્રહોના કરતાં પૃથ્વી વિષેનું આપણું જ્ઞાન વધારે વિશાળ અને સંપૂર્ણ છે તેવી જ રીતે બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્યનાં જીવન, ઉત્પત્તિ, અને વગ વિષે આપણે વધારે સારું જ્ઞાન પ્રાપ્ત કરી શકયા છીએ. આથી મનુષ્યસંબંધી જ્ઞાનની શાખા પ્રાણીવિદ્યાથી દૂર રાખવામાં જ સુગમતા છે. હવે સામાન્ય ઉપશાખાઓ.

વનસ્પતિ, પ્રાણી અને મનુષ્યસંબંધીનાં જ્ઞાનને જુદા જુદા વર્ગમાં રાખવા છતાં પણ સજીવસૃષ્ટિની અભ્યાસની પદ્ધતિના મુખ્ય ભાગ લગભગ સરખા જ છે. કોઈ નવી વનસ્પતિ અથવા નવું પ્રાણી જોતાં જીવવિદ્યાના અભ્યાસકને જે વિચારો ઉપસ્થિત થાય છે તે ઘણું કરીને ચાર જાતનાં પ્રશ્નોમાં પહેંચી શકાય. (૧) તે શું છે? તેનો બાહ્યાકાર અને સ્વરૂપ કેવાં છે? (૨) તે કેવી રીતે જીવે છે? તેની આંતરરચના અને તેના જીવનવ્યાપાર કેવા છે? (૩) તે કેવી રીતે જન્મે છે? તે પ્રાણીની વ્યક્તિ તરીકેની વૃદ્ધિ અને જાતિની વૃદ્ધિ કેવી રીતે થાય છે? (૪) તે જીવોની ઉત્ક્રાન્તિ શી રીતે થઈ હશે? તેમનું મૂળ સ્વરૂપ કેવું હશે અને તેમાંથી તેમનું હાલનું સ્વરૂપ કેવી રીતે ઉત્ક્રાન્ત થયું હશે? આ ચાર પ્રકારના પ્રશ્નોમાંથી ચાર ઉપશાસ્ત્રો (૧) રચનાશાસ્ત્ર[1] (૨) વ્યાપારશાસ્ત્ર[2] (૩) ગર્ભવિદ્યા[3] (૪) ઉત્ક્રાન્તિવિદ્યા[4] ઉદ્ભવે છે. વનસ્પતિશાસ્ત્ર અથવા પ્રાણીવિદ્યા અથવા મનુષ્યની શારીરવિદ્યા એ દરેકમાં આ ચાર દૃષ્ટિએ મોટા વિભાગ પડે છે. જ્ઞાનસંશોધન.

શરીરરચનાશાસ્ત્ર, શરીરવ્યાપારશાસ્ત્ર, જાતિવિકાસવિદ્યા,[3] અને ઉત્ક્રાન્તિવાદ એ ચારેની જુદી જુદી દૃષ્ટિથી દરેક પ્રાણી અને વનસ્પતિનો

1. Anatomy. 2. Physiology. 3. Embryology. 4. Evolution.

અભ્યાસ કરવામાં આવે છે એ આપણે જોયું. પ્રાણીઓની સૃષ્ટિના રાજા તરીકે મનુષ્ય શ્રેષ્ઠ સ્થાન ભોગવે છે, અને તેના સંબંધી જ્ઞાન મેળવવાનાં સાધનો અને સગવડો વધારે હોવાથી મનુષ્યસંબંધી શરીરરચનાશાસ્ત્ર, શરીરવ્યાપારશાસ્ત્ર, ગર્ભવિદ્યા, સુપ્રજાજનનવિદ્યા[1] મનુષ્યવિદ્યા[2] નૃકુલવિદ્યા[3] વગેરે વિષયો સારી રીતે ખેડાયેલા છે. બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્યનું મન અને માનસિક પ્રવૃત્તિ વિલક્ષણ હોવાથી તેના અભ્યાસને માટે વિજ્ઞાનની એક જુદી શાખા કરવી પડી છે, આ શાખાને માનસશાસ્ત્ર કહે છે. તે વિષયમાં મનુષ્યની લાગણીઓ, વૃત્તિઓ, તેના સામાજિક, માનસિક અને ધાર્મિક વિચારોના અભ્યાસનો સમાવેશ થાય છે. એક બાજુથી જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયના અભ્યાસને લઈને માનસશાસ્ત્ર પરમાર્થશાસ્ત્રની સાથે સંબદ્ધ છે અને બીજી બાજુએ મનુષ્યના માનસિક અને શારીરિક વ્યાપારના સંબંધને લઈને શરીરવિદ્યાની સાથે સંકલિત છે. મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓમાં પશુઓથી જુદી માનુષિકતાનું જે કંઈ દર્શન થાય છે તેનું મુખ્ય કારણ તેના માનસિક વ્યાપારનું છે. આ માનસ-વ્યાપારના અભ્યાસથી અર્વાચીન મનુષ્યવિદ્યાના દરેક પ્રદેશમાં ફેરફાર થયો છે. તે ફેરફાર વિષે ઓછું યા વધતું જોઈએ કે તત્ત્વજ્ઞાનીઓ અને પરમાર્થશાસ્ત્રીઓના પાસમાંથી છૂટીને સ્વતંત્ર થયા પછી જ માનસશાસ્ત્રનો વિકાસ સારો થયો કહેવો. પ્રયોગાત્મક માનસશાસ્ત્ર પર જ હાલના માનસશાસ્ત્રના સિદ્ધાન્તો રચાયેલા છે; અને તેથી તેને જીવવિદ્યાની એક શાખા તરીકે મૂકવામાં આવ્યું છે. તેનું બીજું કારણ એ છે કે મનુષ્ય સિવાય બીજાં પ્રાણીઓની માનસિક પ્રવૃત્તિનો અભ્યાસ હવે વિશાળ થતો જાય છે, કૂતરા અને ઘોડાની માનસિક પ્રવૃત્તિ વિષે ઘણા કાળથી સાધારણ વાતો સાંભળવામાં આવે છે; પરંતુ હવે તો મધમાખ અને કીડી જેવાં નાનાં પ્રાણીઓની માનસિક પ્રવૃત્તિઓનો પણ ચોકકસ અભ્યાસ થયો છે, અને તેમની સમજશક્તિ અને સમાજજીવન કેટલેક અંશે આપણા જેવાં જ છે એમ સિદ્ધ થયું છે.

1. Eugenics 2. Anthropology 3 Ethnology

* વિજ્ઞાન
  * ગણિતાત્મક વિજ્ઞાન
    * ગુણધર્મવાચક સંબંધો વિષે—યામશાસ્ત્ર, પટલશાસ્ત્ર, પરમાર્થશાસ્ત્ર
    * પરિમાણવાચક સંબંધો વિષે—ગણિતશાસ્ત્ર, અંકગણિત, અક્ષરગણિત, કલનવિદ્યા વગેરે
    * દિગ્ અને રેખાનાં સંબંધો વિષે—ભૂમિતિ, ક્ષેત્રમિતિ, ત્રિકોણમિતિ, (વિનિયુક્તશાખાઓ—ગતિરેખા, ભ્રમણગતિવિદ્યા, રજ્જુગતિવિદ્યા, ઉર્ધ્વગતિવિદ્યા, વીજગતિવિદ્યા)
    * શક્તિ અને તેની વિભૂતિઓ વિષે—સામાન્ય ભૌતિકશાસ્ત્ર, ધ્વનિશાસ્ત્ર, ઉષ્માશાસ્ત્ર, વીજશાસ્ત્ર, ચુંબકશાસ્ત્ર, પ્રકાશવિદ્યા.
  * ભૌતિક સૃષ્ટિવિજ્ઞાન.
    * પૃથ્વીના સ્તરમય ભાગો.
      * પૃથ્વિ—ખનિજવિદ્યા, ભૂગોલવિદ્યા, ક્ષમામાનવિદ્યા, સમુદ્રવિદ્યા, હિમવિદ્યા, અગ્નિજવિદ્યા, ભૂસ્તરવિદ્યા, ભૂસ્તરવિદ્યા, પ્રાચીનભૂવિદ્યા
      * અપૃથ્વિક—અબ્ભૂગોળવિદ્યા
      * સાર્વત્રિક રસાયનશાસ્ત્ર, અગ્નિજરસાયન, પ્રાણીજરસાયન ઔતિકરસાયન, ધનદરસાયન,[1] રંગપટરસાયન વ (વિનિયુક્ત શાખાઓ—પત્રવિદ્યા, નૌકાશાસ્ત્ર, અયનવિદ્યા, ધાતુવિદ્યા, કૃષિવિદ્યા, ઔદ્યોગિકરસાયન, રંગકર્મ, ક્ષારરસાયન.)
    * સજીવ સૃષ્ટિવિજ્ઞાન.
      * વનસ્પતિ—વનસ્પતિવિદ્યા, વનવિદ્યા, અન્ન—ઉદ્યાનવિદ્યા
      * પ્રાણી—પ્રાણીવિદ્યા, જન્તુવિદ્યા તુલનાત્મક પ્રાણીવિદ્યા
      * શારીરિક—શરીરરચનાશાસ્ત્ર, શરીરવ્યાપારશાસ્ત્ર, ઉત્પત્તિશાસ્ત્ર, ઉત્ક્રાન્તિવિચાર—આ ચાર ઉપશાસ્ત્રો સજીવસૃષ્ટિવિજ્ઞાનના દરેક વિભાગને સામાન્ય હોય છે
      * માનસિક—માનસશાસ્ત્ર, અધ્યાત્મવિદ્યા, ઔતિકમાનસ
      * સમાજાત્મક—સમાજશાસ્ત્ર, કુટુંબવિદ્યા, મનુષ્યવિદ્યા. (વિનિયુક્ત શાસ્ત્રો—વૈદ્યકશાસ્ત્ર, ઔષધવિદ્યા આરોગ્યવિદ્યા, સુશ્રૂષણવિદ્યા, રાજ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, કલાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, પૌરશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સાહિત્ય, કવિતા, કલા, નૃત્ય, સંગીત વગેરેનો શાસ્ત્રીય અભ્યાસ અને સંશોધન, અર્થોપાર્જનવિદ્યા, સમાજનિર્દેશ.)

1. Stereochemistry. 2. Spectroscopy.

ઇતિહાસ વિષે ત્રણ જુદાં પ્રકરણ પાડીને આ વિષયને કુલ સાત પ્રકરણમાં વહેંચી નાખ્યો છે. આ ઐતિહાસિક દિગ્દર્શનમાં સાંપ્રત-કાળ સુધીની વિજ્ઞાનની સ્થિતિનું વર્ણન આપવામાં આવ્યું છે કે-જેથી વિજ્ઞાનના અંતિમ અને સામાન્ય પ્રશ્નોના વિવેચન માટે આવશ્યક સામગ્રી પણ તૈયાર થાય. આ ઐતિહાસિક દિગ્દર્શનમાં ઉપયોગી થાય તેવી મહત્ત્વસૂચક તિથિઓની યાદી નીચે આપવામાં આવી છે, તેથી સ્પષ્ટ થશે કે વિસ્તારની અપૂર્ણતા માટે વિજ્ઞાન પાંગળા છતાં પણ સૃષ્ટિનો ઇતિહાસ સાંગોપાંગ છે. પૃથ્વીના અને મનુષ્યના ઇતિહાસનાં વર્ષો જોતાં વિજ્ઞાનની બાલ્યાવસ્થાનું આપણને કંઈક ભાન થાય છે. તેથી વિજ્ઞાનનાં પરાક્રમો કરતાં વિજ્ઞાનનું ભવિષ્ય ઘણું વધારે ઉજ્જ્વળ છે એમ આશા રાખી શકાય.

આઠ કરોડ વર્ષ	પહેલાં	નિર્જીવયુગ
છ ,,	,,	જીવનારંભયુગ
બે ,,	,,	પ્રથમિક જીવનયુગ, દરિયાઈ વીંછીનો યુગ
ચાર ,,	,,	પ્રાથમિક જીવનયુગનો ઉત્તર ભાગ (માછલી, મૂત્રસ્થયુગ)
એક ,,	,,	માધ્યમિક જીવનયુગ (સાપ, પગવાળાં પ્રાણીઓ)
ત્રેવીસલાખ ,,	,,	અર્વાચીન જીવનયુગ (સ્તનિણવાળાં પ્રાણીઓ)
૬	,, ,,	અર્વાચીન જીવનનો આરંભ
૫	,, ,,	પ્રથમ હિમયુગ
૧૦ હજાર	,, ,,	ચતુર્થ હિમયુગ-નિએન્ડરથાલ યુગના મનુષ્ય
૧૫ થી ૩૫	,, ,,	સાંપ્રતકાળના મનુષ્યનું આગમન
૧૫ હજાર	,, ,,	ઐતિહાસિક કાળની શરૂઆત
ઈ.સ. પૂર્વે	૨૪૦૦ ,,	ઋગ્વેદ
	૧૪૦૦ ,,	હિંદમાં અંધકારયુગનું નિર્માણ
	૧૨૧૦ ,,	મહાભારતનું યુદ્ધ

ઈ. સ. પૂર્વે ૮૦૦ ,, ,, બાણિનિ; શતપથબ્રાહ્મણ; કાર્થેજની સ્થાપના; હોમરનો સમય
૭૫૦ ,, ,, કપિલનો નિરીશ્વરવાદ
૫૪૩ ગૌતમબુદ્ધનો જન્મ; કપિલવસ્તુપતિનો શ્રવણકાળ
૫૦૦ ,, ,, ચરક-આપ્રેયાદિનો સંસ્થાપક-નો કાળ
૪૮૪ ,, ,, હિરોડોટસનો જન્મ
૪૮૨-૪૨૨ ,, ,, એરિસ્ટોટલ
૪૨૩ સિકંદરનું મૃત્યુ
૩૨૦ ચંદ્રગુપ્તનો સમય
૩૦૧-૨૮૩ સુકલીડ
૨૭૪ અશોક
૨૮૦-૨૫૦ એરેટાર્ટસ
૨૮૭-૨૧૨ આરકીમીડીસ
૪૪ જુલિયસ સીઝરનું ખૂન
ઈ. સ. ૩૦ ઈસુ ખ્રિસ્તને ફાંસી
૨૫—૩૯ પ્લીની
૭૮-૧૫૦ ટ્રાજન, ફ્રાઝર, ટ્રાજર્ન, ઓલાન, વગેરે દેશના શાસ્ત્ર કુનિષ્કનો સમય
૧૦૦ સુશ્રુતનો કાળ
૫૦૦-૫૫૦ વિક્રમાદિત્ય, કાલિદાસ વગેરેનો સમય
૫૭૦ મહમદનો જન્મ
૮૭૬-૧૩૦ અલબેરુનીનો ગ્રન્થ, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત, ભાસ્કરાચાર્ય, કવિ અને ધુર્યનો સમય
૧૦૦૦ ચાઝાર
૧૦૦૦ કૂરેઝમ-ઉરિસ્તાન અને ઈજીપ્ત ધર્મ વચ્ચે યુદ્ધ
૧૦૩૩ આલ્બેરુની
૧૨૧૦-૧૨૪૭ સારંગદેવનું સંગીત-રત્નાકર

૧૨૧૪ બોરકરોચાર્ય

૧૨૯૩ રોજર બેકન—પ્રયોગાત્મક વિજ્ઞાનના પિતાનું મૃત્યુ

૧૨૯૫ આર્નો પોલો

૧૩૫૦ સારંગધર

૧૪૪૬ છાપવાની કળાની શોધ. ફૈરફટન ૧૪૨૨–૧૪૪૬

૧૪૫૩ ઇસ્તંબુલ તુર્કોના હાથમાં

૧૪૭૬–૧૫૪૩ કૉપરનીકસ

૧૪૮૩–૧૫૪૬ માર્ટીન લ્યુથરનો સમય

૧૪૯૨ કૉલમ્બસના હાથે અમેરિકાની શોધ

૧૪૯૮ વાસ્કો ડી ગામા હિન્દમાં

૧૫૧૨ { લિયોનાર્દો ડ વીન્સીનું મૃત્યુ
એસેસ્કનની પૃથ્વીની પ્રદક્ષિણા

૧૫૨૬ બાબર–મોગલ વંશની સ્થાપના

૧૫૪૩ કૉપરનીકસનું મૃત્યુ

૧૫૬૦–૧૬૪૭ સંગીતરત્નોના કર્તા દામોદર

૧૫૬૧ ગેલીલિયોનો જન્મ; નેપલ્સમાં વિજ્ઞાન સભાની સ્થાપના

૧૫૭૧–૧૬૩૦ કેપ્લર

૧૫૭૮–૧૬૧૭ રેલપરિક્રમણના શોધક ફ્રાંચેનો સમય

૧૬૨૦ ઇંગ્લેન્ડે અમેરિકામાં સંસ્થાન સ્થાપ્યું છે

૧૬૨૬ ફ્રાંસ બેકનનું મૃત્યુ

૧૬૪૨ ગેલીલિયોનું મૃત્યુ; ન્યૂટનનો જન્મ

૧૬૫૫ { રોબર્ટ બોયલની સોસાયટીની સ્થાપના
રોબર્ટ બોયલ

૧૬૬૦–૧૭૩૪ ફ્રેંચ ઇતિહાસકાર વોલ્ટેર

૧૭૦૩ ફ્રીડ્રિચનો જન્મ

૧૭૨૭ ન્યૂટનનું મૃત્યુ

૧૭૩૩-૧૮૦૪ દ્રવ્યનું પૃથક્કરણ કરનાર ભીરટલી.
૧૭૩૬ નાદીરશાહે દિલ્હી લૂંટયું.
૧૭૩૬-૧૮૧૬ વરાળયંત્રકાર જેમ્સ વૉટ.
૧૭૩૬-૧૭૬૦ બેન્જામીન ફ્રેંકલીન.
૧૭૩૭-૧૭૬૮ ગેલ્વની
૧૭૪૫-૧૭૨૭ વોલ્ટા.
૧૭૪૯-૧૮૩૨ કવિ વૈજ્ઞાનિક ગેટે
૧૭૫૩ પ્લાસીનું યુદ્ધ
૧૭૮૧ યુરેનસની શોધ
૧૭૩૧-૧૮૧૦ જલનું પૃથક્કરણ કરનાર ફ્રેંચ-જીનિયા
૧૭૬૪ લેવોઝિયરને ફાંસીની સજા
૧૭૬૬-૧૮૪૪ અણુવાદના પ્રતિપાદક ડૉલ્ટન
૧૭૬૯-૧૮૩૧ પ્રાણીવેત્તા કુવિયર
૧૭૮૧-૧૮૬૧ બીજવેત્તા ડેરેડે
૧૭૮૧-૧૮૪૮ રેલ્વેનો રચાયક જ્યોર્જ-સ્ટીવન્સન
૧૭૮૮-૧૮૨૭ રસાયનવેત્તા ડેવી
૧૮૦૬-૧૮૮૨ ચાલ્સ્ ડાર્વિન ઉત્ક્રાન્તિવાદના સ્થાપક
૧૮૨૦-૧૯૦૩ ઉત્ક્રાન્તિવાદના આચાર્ય હર્બર્ટ સ્પેન્સર
૧૮૨૨-૧૮૯૫ પાશ્ચર
૧૮૨૫-૧૮૯૫ ગુસ્તવ કિર્ચહોફ
૧૮૨૪-૧૯૦૭ લૉર્ડ કેલ્વીન
૧૮૪૬ નેપ્ચ્યુન ગ્રહની શોધ
૧૮૫૮ ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદની પ્રથમ પ્રસિદ્ધિ
૧૮૬૩ રાસાયનિક ગુણોની નિયમિતતાની શોધ
ન્યુલેન્ડ્સ મેન્ડેલીફ
૧૮૭૬ ગ્રાહમ-ટેલીફોનનો જન્મ
૧૮૬૧ પ્રફુલ્લચંદ્ર રોયનો જન્મ
૧૮૬૪ વાયરલેસના શોધક માર્કોનીનો જન્મ

ઈ. સ. ૧૮૯૬ રેડિયમની શોધ, મેદામ કુરી ૧૮૬૮–૧૯૦૬
૧૮૯૦ ગુજરાતમાં કુમારાવસ્થાની સ્થાપના
૧૮૬૪–૧૯૨૧ પ્રો. ત્રિભુવનદાસ કુલચાકુલદાસ ગજ્જર
૧૯૦૧ પ્લાંકનો ક્વેન્ટમ–પુંજવાદ
૧૯૦૩ પરમાણુ વિભાજનઃ રૂથરફોર્ડ–બીગાકુવાદ
૧૯૦૯ બેંગલોરમાં વૈજ્ઞાનિક વિદ્યાપીઠની સ્થાપના
૧૯૧૨ વિદ્યાપીઠની શોધ
૧૯૧૪ હિંદી વૈજ્ઞાનિક કૉન્ગ્રેસની સ્થાપના
૧૯૧૬ આઇન્સ્ટાઇનનો સાપેક્ષતાનો સિદ્ધાન્ત
૧૯૧૭ સર જગદીશચંદ્ર બોસે પોતાનું વિજ્ઞાનમંદિર દેશને સમર્પણ કર્યું.
૧૯૧૯ આર્થર–સ્ટાર્ડિંગના પ્રકાશવક્રતાની પ્રત્યક્ષસમર્થનથી પ્રાપ્ત થયેલી સિદ્ધિ
૧૯૩૦ જનિ–રોગસૂત્રની શોધ
૧૯૩૯ બીગાકુ–સૂત્રમાલિકા
૧૯૪૦–૪૫ મગજના ચાદકાર્યથી મનના ભૌતિક ગુણોની સિદ્ધિ
૧૯૪૦ રેવન્ડ સોહરાબજીના પ્રથમ ગુજરાતી સાપ્તા. પ્રારંભ
૧૯૪૫ પરમાણુ બૉમ્બનો હીરોશીમા ઉપર નિર્દય ઉપયોગ
૧૯૪૬ પરમાણુશક્તિ નિયમન–વિચાર

પ્રાચીન કાળ

મનુષ્યની બુદ્ધિના ઉદ્ભવની સાથે જ વિજ્ઞાનનો જન્મ થયો કહેવાય. મનુષ્યજીવનના પ્રારંભથી જ બીજાં પ્રાણીઓની સાથે રહીને તેમની ઉપર વિજય મેળવવાને માટે મનુષ્યના મગજની પણે ઘણે જરૂર પડતી. આમ કરીને શારીરિક રચનામાં બીજાં પ્રાણીઓ કરતાં ચઢી જવાને લીધે તેને બુદ્ધિ, અને વિચારશક્તિનો ઉપયોગ કરવો પડતો. તેમાંથી જોવાવાની અને બીજાં મનુષ્યો સાથે વાત કરવાની શક્તિની શોધ થઈ; લાખોના પ્રારંભથી પ્રત્યેક મનુષ્યના ભિન્ન અનુભવની નોંધ થવા લાગી અને આ અનુભવોનો વિનિમય અને

સંગ્રહ અવસ્થા કાળની વૃદ્ધિ થવા લાગી. પશુવિજયમાં -શિકારમાં-આહારની પ્રાપ્તિમાં-અગ્નિની ઉત્પત્તિમાં-કૃષિકર્મમાં -ઘર બાંધવામાં—પહેરવાનાં વલ્કલ અને કપડાં બનાવવામાં -પ્રત્યેક હાલે સૃષ્ટિના પ્રેરક બળોનો અનુભવ દરેક મનુષ્યને થતો. પોતાના સાથીઓના અને પૂર્વજોના અનુભવનો સંગ્રહ અને સંભારીને પોતાને કામ લાગે તેવા વિજ્ઞાનના સિદ્ધાન્તો દરેક મનુષ્ય રચે એ સ્વાભાવિક છે; આવા સિદ્ધાન્તો પ્રજામાં પ્રચલિત થાય અને તે પ્રજાના શ્રેષ્ઠ વિદ્વાનો તેને સ્વીકારે તો પછી તેમને શાસ્ત્રનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. પૃથ્વીના જુદા જુદા વિભાગમાં રહેતી પ્રજાઓ, પોતપોતાની જરૂરિયાતો, હવામાન, અને ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે સૃષ્ટિજ્ઞાન અને સૃષ્ટિના નિયમોનું પ્રતિપાદન કરે છે. આવી રીતે બાબિલ્યા, ઍસીરીયા, મિસર, ગ્રીસ, હિન્દ, અને ચીન વગેરે દેશની પ્રજાઓએ પોતપોતાના અનુભવ પ્રમાણે જ્ઞાન-ભંડાર તૈયાર કર્યો હતો. આ દરેક દેશનું સૃષ્ટિજ્ઞાન-વિજ્ઞાન જુદા પ્રકારનું હતું; તેમાં શી ખામી હતી અને કેવી રીતે એ ખામી પ્રાપ્ત થઈ હતી તે આપણે જોઈએ.

બાબિલ્યા

બાબિલ્યા દેશના પ્રાચીન અવશેષ મકાનો, શિલ્પ કૃતિઓ, અને તેમની ઈંટો ઉપર લખાયેલાં પુસ્તકો ઉપરથી તેમની અને તેમની સમીપ રહેનારી પ્રજાઓની સંસ્કૃતિ અને ધર્મ વિષે ઘણું જાણવાનું મળે છે. અંકગણિત, આંકના પાડા, ધન અને મૂલના કોષ્ટકો, તે સમયની માટીની ઈંટો ઉપર લખાયેલાં મળી આવે છે; દશાંશ અને દ્વાદશાંશની પદ્ધતિ પ્રચલિત હતી, કૃષિકામની ઋતુની સાથે અને દર વર્ષે ફળે એવી વનસ્પતિની રોપણી માટે ઋતુવિભાગ અને પંચાંગની યોજના થઈ હતી; વર્ષ, બાર મહિના, દિવસ, કલાક, મિનિટ અને સેકંડ એ કાળના વિભાગની યોજના પણ બાબિલોનની પ્રજાના સમયથી થઈ હતી એમ મનાય છે. અનાજ

અને ખોરાકને લાયક વનસ્પતિ ઉગાડવાનું પ્રથમ જ્ઞાન ચીન, હિન્દ અને પૂર્વના દેશોમાં હતું; ત્યાંથી ભૂમધ્ય સમુદની પૂર્વ તરફ રહેનાર પ્રજાઓમાં તે જ્ઞાન પ્રસર્યું હતું. તેની સાથે જ સૂર્યની, પૃથ્વીની, તારાઓ ને ગ્રહોની ગતિ વિષે ઘણી પ્રજાઓમાં જ્ઞાન ફેલાયું હતું, કારણ કે ખગોળવિદ્યાના જ્ઞાન સિવાય ઋતુના ફેરફારોનું અને કૃષિકર્મના આવશ્યક પંચાંગનું જ્ઞાન અશક્ય હતું. બાબિલોની પ્રજાના ફેલાની પૂજામાં પશુપૂજાનો અંશ સ્પષ્ટ હતો. આકાશમાં સૂર્યની ગતિના માર્ગને બાર વિભાગમાં વહેંચવાથી થતા વિભાગને રાશિ કહેવામાં આવે છે. તે રાશિને દરેકને દેવનું નામ આપવામાં આવતું અને તે સંજ્ઞાથી આ રાશિઓ ઓળખાતી. આ સમયથી જ રાશિઓનાં નામ અને ચિત્ર પૃથ્વી ઉપરની બધી પ્રજાઓમાં પ્રચલિત છે. બાબિલોનની પ્રજામાં ખગોળવિદ્યાનું જ્ઞાન ઘણું સારું હતું. પરંતુ વૈજ્ઞાનિકમાં તેઓ બહુ પાછા હતા. વળી તેમના ધાર્મિક વિચાર વિજ્ઞાનના ખરા અભ્યાસને માટે અનુકૂળ નહોતા. તેમના દેવો અર્ધનર પશુના રૂપના હતા, તેમનાં ચિત્રો મનુષ્યને ઘડ ઉપરના જોયાં હતાં, અને મનુષ્યના ચરણ પંજી પશુ જેવા કેટલે સ્થળે ખોટા કલ્પ્યા હતા. વિધિના લેખ મિથ્યા કરવાને કાંઈ ઉપાય નથી એવી માન્યતાને લીધે સમસ્ત પ્રજા ઘણુંખરું નિરુદ્યોગી અને ઠોંગી પાદરી અને પુરોહિતોના હાથમાં રહેતું. આવા અજ્ઞાનયુક્ત ધાર્મિક જીવનમાં વાસ્તવિક તત્ત્વજ્ઞાનને અવકાશ ઘણો ઓછો હોય એ સ્વાભાવિક હતું.

નીલ નદીના નિયમિત ભરતીઓટ અને વાર્ષિક પૂરથી નિયમિત રીતે ફળદ્રુપતાનો લાભ મળતો અને હજુ પણ મળે છે. એથી ઊલટું ટીગ્રીસ અને યુફ્રતીસ નદીઓમાં અનેકવાર થતાં તોફાનથી અને જોરબોર અનિયમિત પૂરથી તેના તટ અસ્થિર અને જોખમ ભરેલા ગણાતા. ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિને લીધે, ચિત્રકથી, તેમજ પ્લેગ, મરકી જેવા દુષ્ટ રોગોના સંતાપથી બાદિકમા કરતાં બિસર વધારે મુકત રહેતું. વિરોધી પ્રાકૃતિક સંયોગોને લીધે વિરોધી દેવો અને દૈવોની કલ્પના પ્રચલિત થાય છે, અને તેથી તેમની કૃપા મેળવવાને યજ્ઞ હોમની અને બલિદાનની લાંચ આપવાનો, અથવા તો જાદુ અને મંત્રથી છેતરપિંડી કરવાનો રિવાજ પડી ગયા છે. પરંતુ જો દેવોને મિત્ર તરીકે મનાવામાં આવે, તો પ્રાકૃતિક સૃષ્ટિ અને સૃષ્ટિપણાનું જ્ઞાન સંપાદન કરવામાં ઉત્તેજન અને સગવડ મળી આવે એ સ્વાભાવિક છે. ગ્રીકપ્રજામાં અગ્નિના શોધક પ્રોમીથિયસને કુંભાર ઉપરથી ફેંકી દેવામાં આવ્યો હતો; જ્ઞાનના પ્રથમ શોધક આદમને શિક્ષા કરવાનો વિચાર પણ એવી જ વિચારદૃષ્ટિનું પરિણામ હોઈ શકે. પરંતુ હિન્દના પ્રાચીનતમ સમયમાં પણ જ્ઞાનપૂજા અપ્રતિમ હતી. સંતપ્ત અરણ્યમય પ્રદેશોમાં હિમાલયમાંથી ગંગાના શીતલજલનું આહ્વાન કરનાર ભગીરથ કુટુંબને અને દેશને તારનાર પ્રભાવશાળી અને પુણ્યશાળી વીર જ ગણાય છે. હિન્દની પેઠે મિસર દેશમાં પણ દેવો મનુષ્યના જ્ઞાનની વૃદ્ધિમાં મદદ કરવાને તત્પર રહેતા એમ મનાતું. તેમનો શૌટ નામનો દેવ બધી જાતનાં કામ કરવામાં સંતુષ્ટ અને તત્પર રહેતો. ચંદ્ર દેવ તરીકે, સૃષ્ટિના નિયમ(ઋતુ)ના પાલન કરનાર તરીકે, કાલની ગણતરી કરનાર તરીકે, દિવસ માસ અને વર્ષ વગેરે ગણતી નોંધ રાખનાર તરીકે, જ્યોતિ-અવાજના અધિષ્ઠાતા દેવ તરીકે, પુસ્તકોના નિષ્ણાત ગુરુ તરીકે અને લેખન-કલાના શોધક તરીકે પૂજાતો. જ્ઞાન માત્ર ઈશ્વર અને દેવોની કૃપાથી જ મળી શકે છે એમ મનાતું. પ્રજાના ભૂતકાળની

આશ્રિતતા ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા નહિ હોવાને લીધે બધું નવું જ્ઞાન ઇશ્વરપ્રણીત ગણાતું. અંકગણિત અને ભૂમિતિમાં મિસર દેશની પ્રજાનું જ્ઞાન બાબિલના કરતાં ઓછું નહોતું; પરંતુ ખગોળવિદ્યા અને જ્યોતિર્વિદ્યામાં બાબિલના વિદ્વાનો વધારે પ્રવીણ હતા; તેથી ઊલટું ઔષધવિદ્યામાં બાબિલનો બહુ અને ભૂગોળમાં મિસર ઉપર આધાર રાખતા. પણ મિસર દેશમાં મુખ્યથી જ આ વિદ્યાનો પ્રચાર સારો હતો. પુરોહિતો અને પાદરીઓની પાઠશાળાઓમાં વૈદકનો અભ્યાસ થતો. હાડકાં બેસાડનાર હાડવૈદોને ઉત્તમ શિક્ષણ મળતું. મૃત શરીર (મડી)ને સાચવી રાખવાના તેમના રિવાજથી શરીરની અંદરની રચનાનું અને જુદી જુદી ઔષધીઓના ગુણોનું તેમને સારું જ્ઞાન હતું. મિસરમાં વૈદકનું શાસ્ત્ર ઓછું બધું ઉત્તમ હતું કે તે ત્યાંથી ગ્રીક પ્રજાઓના હાથમાં જઈને યુનાની વૈદકને પુષ્ટિ આપવામાં સાધનભૂત થયું હતું.

ગ્રીસ

ગ્રીસ અને મિસર દેશની ભૌગોલિક રચના ઉપરથી તેમનો પરસ્પર સંબંધ સારો હોવો જોઇએ એમ અનુમાન થાય છે. આવો સંબંધ હોય કે ન હોય તો પણ ગ્રીક સંસ્કૃતિની ઉચ્ચતા વિષે શંકા છે જ નહિ. તે પ્રજાના ધાર્મિક અભિપ્રાયો, સૃષ્ટિજ્ઞાન અને વિજ્ઞાનના કેટલાએક પ્રશ્નોનો ઉત્તર મેળવવાને કરેલા પ્રયત્નો અને તેમાં કેટલાએક બાંધો બાંધેલો વિજય, અને તે પ્રજાના સાહિત્ય અને પુસ્તકોની રહેણી સંપૂર્ણ જોઇ, એ સર્વેને લીધે તે પ્રજાની શ્રેષ્ઠતા સ્વતઃ સિદ્ધ થયેલી છે. મનુષ્યના સૃષ્ટિસ્થાના વિષેના વિચાર બાંધવાને માટે તેનો ધર્મ, ધાર્મિક વિચાર, અને દેવોની કલ્પના ઘણી અગત્યની ધર્મ પડે છે. એ પ્રમાણે મિસર અને બાબિલની પ્રજાના ઇતિહાસ ઉપરથી જોયું છે. તેવી જ રીતે ગ્રીક દેવો અને ગ્રીક પ્રજાની ઉપરજાતના ઉપરથી ગ્રીસની પ્રજાની માનસિક વિચારસૃષ્ટિ અને ગ્રીસના પ્રજાજીવન ઉપર સારો પ્રકાશ પડે છે. જો કે પાછળથી તેમનામાં ભય, અહંકાર, રજપૂતી વર્તન વગેરે દુર્ગુણો ઉત્પન્ન થયા હતા, તો

પણ એક બહાદુર, પીર્યશાળી, વિજયી અને ખુલ્લા દિલવાળી પ્રજાને લાયક શ્રદ્ધા અને આનંદ અને ઉચ્ચ કોટિની પ્રીતિભાવના, તેમ જ સૌન્દર્યભાવના, તેમના જીવનમાં વિશેષતા જોવામાં આવતાં. અનુકૂળ વાતાવરણને લીધે તેમનું જીવન સરળ અને સહેલું હતું; દેશમાં સૌન્દર્ય સર્વત્ર જણાઈ આવતું હતું; અને સાનુકૂળ સમુદ્રતટને લીધે પૃથ્વીના સર્વ ભાગોમાંથી વ્યાપાર અને જ્ઞાનનો વિનિમય તેમને સુલભ હતો. વળી ગુલામોની અસંખ્ય સંખ્યાને લીધે તત્ત્વચિંતન, સાહિત્ય અને કલાના ઊંચામાં ઊંચા સ્વરૂપના આવિર્ભાવ માટે આવશ્યક આરામ અને ફુરસદ તેમને મળતાં. આવી પરિસ્થિતિમાં ગ્રીક પ્રજાનો વિજ્ઞાન-સંચય ઊંચા પ્રકારનો હોય એમાં નવાઈ નહિ.

ગ્રીક અણુવાદ

ઈસ્વી પૂર્વે ચોથા સૈકામાં નાકાશાસ્ત્ર અને પૃથ્વીપર્યટનના અનુભવથી એરેટૉસ્થેનીસે (૨૮૦ થી ૨૫૦ ઈ. પૂ.) પૃથ્વી ગોળ છે, પોતાની ધરી પર ફરે છે, સૂર્ય પૃથ્વી કરતાં મોટો છે અને સૂર્ય-મંડળના કેન્દ્રરૂપ છે એમ પ્રતિપાદન કર્યું હતું, પરંતુ એરિસ્ટૉટલ વગેરે વિદ્વાનોની પ્રતિકૂળ રીતિથી આ કલ્પના સ્વીકારાઈ નહોતી. અને ઈ. પૂ. ૧૩૦ માં હીપ્પાર્કસે પૃથ્વીની પાછળ સૂર્ય ફરે છે એ સિદ્ધાન્ત કરીથી પ્રતિપાદિત કર્યો હતો. ગ્રીક તત્ત્વવેત્તાઓ હિન્દુ-શાસ્ત્રોની પંચ મહાભૂતની કલ્પનાને મળતી આવતી; પૃથ્વી, જળ, વાયુ અને અગ્નિ એ ચાર જ તત્ત્વોની કલ્પનાથી દ્રવ્યનું બંધારણ સમજાવવાના પ્રયત્ન કરતા; એક આકર્ષક અને બીજી અપાકર્ષક એવી બે દૈવી શક્તિઓના બળથી આ ચાર તત્ત્વોમાંથી વિવિધ પ્રકારની વસ્તુઓ અને પદાર્થો બને છે એમ ધારતા. ભૌતિક પદાર્થો અને દૈવી શક્તિ એ બેની કલ્પના હિન્દુશાસ્ત્રોની પ્રકૃતિ અને પુરુષ, અર્વાચીન વિજ્ઞાન-ની દ્રવ્ય અને શક્તિની કલ્પનાને મળતી આવે છે. ગ્રીક અણુવાદની

સામે હિન્દુ અણુવાદની સાદૃશ્યતા સ્પષ્ટ દેખાય છે. વસ્તુમાત્રનાં રૂપ અને ગુણ એ વસ્તુના વસ્તુતત્ત્વનું પરિણામ ગણાતું; બરફની ભીંસ એ બરફનો જ ગુણ છે, પોદળાનો રંગ એ તેનો ગુણ છે; ઘટનું ઘટત્વ એ તેનો ગુણ છે. પરંતુ અણુવાદી ડેમોક્રીટસે આ ગુણનાં કારણ તપાસવાની ઇચ્છાથી જુદા જુદા રીતરીતે આ ગુણો અણુઓની રચનાથી ઉત્પન્ન થાય છે એમ પ્રતિપાદન કર્યું. આ અણુઓ શાશ્વત સ્વરૂપે અનાદિ છેઃ તે નાના મોટા હોય શકે પરંતુ તે સર્વદા એક જ જાતના હોય છે. અણુઓના કદ, આકારસ્વરૂપ અને અંતરસ્થિતિના ભેદને લીધે વસ્તુઓના ગુણના ભેદ ઉત્પન્ન થાય છે.

ઍરિસ્ટોટલ

ઍરિસ્ટોટલે (૨૮૪–૨૨૨ ઇ. પૂ.) પ્રત્યક્ષ પ્રમાણ નહિ મળી શકવાથી આ અણુવાદનો પ્રતિકાર કર્યો. અણુની કલ્પનાની સાથે શૂન્ય અવકાશ*ની કલ્પના પણ ઍરિસ્ટોટલની સમજમાં આવી શકી નહિ અને તેથી ખાલી અવકાશમાં બધા પદાર્થોની પડવાની ગતિ સરખી હોય એ ડેમોક્રીટસના સિદ્ધાન્તને પણ તેણે કબૂલ કર્યો નહિ. પદાર્થોનું વજન અને હવામાં પડવાની ગતિનો આધાર તેમની ઘનતા ઉપર છે એ વાતનો સંબંધ પણ તેના સમજવામાં નહિ આવવાથી પદાર્થોની ગતિ તેમના વજન પ્રમાણે બમણી ચડતી શકે એ માન્યતા તેણે સ્વીકારી હતી. ૧૬૦૦ વર્ષ પછી ગેલીલિયોએ પ્રત્યક્ષ પ્રયોગથી એ સિદ્ધાન્ત ખોટો છે એ બતાવ્યું ત્યાં સુધી આ ખોટી માન્યતા પ્રચલિત રહી હતી. તેવી રીતે ઍરિસ્ટોટલે પૃથ્વીને સ્થિર રાખીને સૂર્ય ચંદ્રની ગતિનો સિદ્ધાન્ત પ્રતિપાદન કર્યો હતોઃ અને તેની સામાને લીધે ૧૭૦૦ વર્ષ સુધી ખરો સૂર્ય સિદ્ધાંત સ્વીકારાયો નહોતો. આ પ્રમાણે પ્રાચીન ગ્રીક તત્ત્વજ્ઞોના અમુક સત્ય સિદ્ધાન્તોને અસત્ય ઠરાવીને, અને સત્ય શોધો પ્રગટ થતી અટકાવીને ઍરિસ્ટોટલે વિજ્ઞાનને

* Vacuum

કેટલાંએક અંશે નુકસાન પહોંચાડયું હતું, તે છતાં પણ તેના પછી લગભગ સત્તરસો વર્ષ સુધી તેનાં પુસ્તકો જ્ઞાનના સંબંધ તરીકે અપ્રતિમ ગણાતાં. ભૂગોળ અને જ્યોતિષશાસ્ત્ર સિવાય લગભગ બધા વિષયમાં તેણે પ્રત્યક્ષ પ્રયોગ અને નિરીક્ષણથી તે સમયના જ્ઞાનમાં વધારો કર્યો હતો. શરીરરચનાશાસ્ત્ર, શરીરવ્યાપારશાસ્ત્ર અને ગર્ભશાસ્ત્ર, દરેકમાં તેણે નવી શોધો નવું નિરીક્ષણ કર્યું હતું. સોક્રેટીસનો શિષ્ય પ્લેટો અને પ્લેટોનો શિષ્ય ઍરિસ્ટોટલ એ પરંપરામાં જેટલા શિષ્યને માટે આપણું માન વધે છે, કારણ કે તેના મહાન ગુરુઓના કરતાં તેણે વિજ્ઞાનની સમૃદ્ધિ ઘણી જ વધારી હતી. તે સિકંદરનો ગુરુ હતો અને સિકંદરે સમ્રાટ થયા પછી તેના અભ્યાસ અને આદિતી માટે અનેક રીતે તેને મદદ આપી હતી, અને દરેક દેશમાંથી તેના પ્રયોગો માટે સામગ્રી અને બીજી બાતમી મેળવવા માટે ઉત્તમ સગવડ કરી આપી હતી. અંતિમ પ્રશ્નો સંબંધી તર્ક કરવાને બદલે કેવળ જ્ઞાનપ્રાપ્તિ કરવી એ તેનો મુખ્ય ઉદ્દેશ હતો, અને આ ઉદ્દેશને લીધે જ તે સોક્રેટીસની માફક અપ્રિય થવા પામ્યો નહોતો.

ખાસ કરીને ભૂમિતિના જ્ઞાન અને યુક્લીડની પદ્ધતિને માટે ગ્રીક પ્રજાનું નામ વિજ્ઞાનના ઇતિહાસમાં અમર રહેશે. કિનારે કેટલાંએક સ્વતઃસિદ્ધ* ગુણો અને લક્ષણો ઉપરથી કેટલાંએક સ્વતઃસિદ્ધ નિયમોનું પ્રતિપાદન કરીને, સાધારણ ન્યાયશાસ્ત્રની મદદથી જે સ્પષ્ટ અને સરળ રીતે અનુક્રમ સિદ્ધાન્તો યુક્લીડે પ્રતિપાદન કર્યા છે તેના કરતાં સારી બીજી કોઈ પદ્ધતિ અદ્યાપિ સુધી કોઈને સૂઝી નથી.

આર્કીમેડીઝ

આર્કીમેડીસે (૨૮૭–૨૧૨ ઈ. પૂ.) પણ અર્વાચીન વિજ્ઞાનને શોભાવે એવા અનેક સિદ્ધાન્તોની શોધ કરી હતી; પદાર્થોની ઘનતા-ની કલ્પના, અને વસ્તુઓનાં દ્રવ્યમાં અને પાણીમાં વજનનો સંબંધ,

* Axioms.

ગુરુત્વમધ્યબિન્દુના સિદ્ધાન્તની કલ્પના વગેરે સિદ્ધાન્તો ઉપરાંત તેનું વ્યાવહારિક અન્વેષણાત્મક જ્ઞાન પ્રસિદ્ધ છે અને તેની શોધકબુદ્ધિ અને વિચક્ષણ શક્તિની સાક્ષી પૂરે છે. પૂલી, હવાનિલ મહાગોલક,* રકુપંપ, પવનીના અને હવાના દબાણથી ચાલતાં અનેક યંત્રો, અને રોગના વહાણોને ઊંચકીને ફેંકી દેવાને માટે બખારકરત ઊંટકા,* સૂર્યના પ્રકાશથી વહાણોને બાળવાને માટે મચ્છ આયનાના સમૂહ, અકાશમાં સ્થાપી બિન્દુ ભણી આવે તો પૃથ્વીને પણ ઊંચકવાને માટે "ઉચ્ચાકર્ષન" બનાવવાની ઉત્કંઠા, એ સર્વે એની શોધકબુદ્ધિના કીર્તિસ્તંભરૂપે અમર રહેશે; પરંતુ એ બધાં યાંત્રિક રમકડાંઓ અને યંત્રરચના એક નિરર્થકી વિદ્વાનના જાલ્પ તરીકે ગણાયાં નહોતાં પરંતુ તેના પ્રબળ રાગ હીવેલને સંતોષવાની અને રીઝવવાની ઉત્કંઠાનાં પરિણામ હતાં.

રોબર્ટ હુક

અને હુરપ્પુલેનિયમ નામનાં શહેરો વિસુવિયસના જ્વાળામુખી પર્વતના લાવામાં દબાઇ ગયાં હતાં તે વખતે પ્લીની રોમન નૌકા-સૈન્યનો ઉપરી હતો; અને લાવા અને જ્વાળામુખીની ઉપદ્રવાયપ જોવાની તીવ્ર ઇચ્છા તે જમીન ઉપર ઊતરીને પર્વતમુખ પાસે ગયો. પણ ત્યાં અચાનક જોસથી રાખ અને લાવા પડવાથી તેમાં દબાઇને મરણ પામ્યો.

ગ્રીસ અને હિંદનો સંબંધ

ગ્રીસની સંસ્કૃતિ એજેકઆન્ડ્રિયામાં ફરીથી સજીવન થઇ હતી, પરંતુ તે થોડા કાળને માટે જ. ઇ. સ. પૂર્વે ૩૨૦ માં સિકંદરે આ શહેરની સ્થાપના કર્યાથી ગ્રીક સંસ્કૃતિ અને ગ્રીક સાહિત્યનો પ્રચાર ભૂમધ્યસમુદ્રની સમીપના પ્રદેશમાં થવા માંડ્યો હતો; અને થોડા સમય પછી વ્યાપાર અને વ્યવહારને લીધે બીજા પૌર્વાત્ય પ્રજાઓમાં પણ તેની અસર થઇ હતી. તે છતાં ગ્રીક પ્રજાનો શિષ્ટાચારનો આખો ઇતિહાસ આપણે ૧૦૦૦ વર્ષ જેટલા સમય સુધી પહોંચતો હતો; યુરોપની બીજી પ્રાચીન પ્રજાઓની સંસ્કૃતિના ઇતિહાસનો સમય એટલો પણ વિશાળ નહોતો. પરંતુ હિંદમાં પ્રાચીન નિશાનની સમૃધ્ધિ વધારે વિશાળ કાળ ઉપર પથરાયેલી છે. યુરોપની પ્રાચીન પ્રજાઓ કરતાં એશિયાની પ્રાચીન પ્રજાઓનાં વિજ્ઞાનભંડારની સમૃધ્ધિ વિષે કંઇ નવીન હકીકતમાં આ વિચાર વધુ સ્પષ્ટ કરવામાં આવ્યો છે, તેથી અહીં વધારે વિવરણની જરૂર નથી. અત્રે કેવળ પ્રાચીન ગ્રીક અને હિંદુ પ્રજાઓના જ્ઞાનવિનિમય સંબંધી નીચેનું અવતરણ જ બસ થશે: "પ્રાચીન હિંદુની સંસ્કૃતિમાં ગ્રીસે ફાળો આપ્યો છે પરંતુ તે ઘણો જ થોડો. તત્ત્વજ્ઞાન, ધર્મવિદ્યા અને પુરાણ એ સર્વેનો વિકાસ લગભગ અલગ રીતે પણ સ્વતંત્ર રીતે થયો હતો. ગ્રીક પ્રજા તરફથી ખગોળ-વિદ્યા અને સિક્કા બનાવવાના હુનર વિષે હિંદને શીખવાનું ઘણું

ખરું હશે: પરંતુ તે વિષે હિંદે પહેલાંથી આરંભ તો કર્યો હતો. અને સંગીત, કાવ્યો અને મહાકાવ્યો, વ્યાકરણ, દેખનકળા, નાટ્યકળા, અને ગણિતવિદ્યામાં તો હિંદને ગ્રીસ તરફથી મદદ કે સૂચનાની જરાયે જરૂર ન હતી."*

★

*Greece has played a part but by no means a predominant part, in the Civilisation of Ancient India. The evolution of Philosophy, Religion and Mythology has gone along parallel but independent paths. India owes to Greece an improvement in coinage and Astronomy, but it had begun both, and in Lytic and Epic poetry, in Grammar, art of writing, the Drama, and Mathematics, it had no need to wait for the intervention of the initiative of Hellenism.—*Hellenism in India by Gayendranath Banerji.*

પ્રાચીન હિંદમાં વિજ્ઞાન

વિજ્ઞાનના ઇતિહાસનું દિગ્દર્શન (ચાલુ)

પ્રાચીન હિન્દના ઋષિઓ અને બીજા વિદ્વાનો જ્ઞાનનો બોધ ચારેકોર મૂકતા ગયા છે. તેમની માનસિક અને ધાર્મિક પ્રવૃત્તિએ જ્ઞાનના વિવિધ ક્ષેત્રોને રસાળ કર્યાં છે. સાહિત્ય, કવિતા, તત્ત્વજ્ઞાન, ધર્મવિદ્યા એ સર્વે ક્ષેત્રોમાં તેમની માનસિક સમૃદ્ધિની ઝાંખી અમર છે. વિજ્ઞાનમાં પણ તે રૂપકમાં તેમણે ઊંચા પ્રકારની સમૃદ્ધિ સંપાદન કરેલી હતી. તેમની વિજ્ઞાનસૃષ્ટિ કેવા પ્રકારની હતી અને વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં પ્રાચીન હિન્દીઓનાં શાં પરાક્રમો હતાં, તેમણે કેવી ઉન્નતિ સાધી હતી, તે બધા વિષય વિજ્ઞાનના ઇતિહાસનું દિગ્દર્શન પરિપૂર્ણ ગણાય નહિ.

વિષયની વિલક્ષણતા

આ વિષયની વિલક્ષણતા વિષે બે બોલ કહેવા જરૂરના છે. વિષય વિવાદગ્રસ્ત છે અને ઘણે સ્થળે મતભેદને સ્થાન રહે છે. પ્રાચીન હિન્દુઓનું સ્થાન કેટલું ઊંચે મુકાય તેટલું મૂકવું એ દુરાગ્રહથી દૂર રહેવું જેમ મુશ્કેલ છે, તેવી જ રીતે એક સ્વતંત્ર ઇતિહાસકાર અને નિષ્પક્ષપાતી ટીકાકારના દૃષ્ટિબિન્દુમાંથી ચલિત ન થવું એ પણ મુશ્કેલ છે. હિન્દના ઇતિહાસમાં એક સમય એવો હતો કે હિન્દી પ્રજાને જેમ અને તેમ હલકી પાડવામાં અને તેની સંસ્કૃતિની નિન્દા કરવામાં જ યુરોપીય વિદ્વાનો પોતાના કર્તવ્યનું સ્વારૂપ સમજતા. એ સમય બદલાયો છે. હિન્દની પ્રાચીન સંસ્કૃતિનું ઊંચું સ્થાન હવે સ્વીકારાયું છે-પ્રતિવર્ષે વધારે અંશમાં-સ્વીકારાતું જાય છે. આવી સ્થિતિમાં અસત્ય કે વસ્તુસ્થિતની રજૂઆતકતા હોઈ જ નહિ. પોતાના પૂર્વજોની ખૂબીઓ અને ખામી કરીને પ્રાચીન સમયની ભિન્ન પરિસ્થિતિમાં તેમના જ્ઞાનની અપૂર્ણતા

કે વિજ્ઞાનનો સ્વીકાર થવાને કોઈ પણ અર્વાચીન પ્રજાએ અથાગ પ્રયત્નો કર્યા નહિ આવી સત્યપ્રેમી માનસિક વૃત્તિ વિના આ વિષયનો વાસ્તવિક અભ્યાસ સંભવતો જ નથી.

પ્રાચીન સાહિત્યમાં સાતત્યનો અભાવ

પ્રાચીન સમયના હિન્દુઓના જ્ઞાનનો તે સમયની બીજી પ્રજાઓના જ્ઞાનની સાથે તુલના કરવાને બદલે અર્વાચીન જ્ઞાનની સાથે તુલના કરવામાં ઘણી અયોગ્યતા છે એ સ્પષ્ટ છે પ્રાચીન હિન્દુઓના વિમાનોને અર્વાચીન યુરોપીય કે અમેરિકન વિમાનોની સાથે સરખાવવા કરતાં, પ્રાચીન સમયની પ્રજાઓની જ વિમાન તૈયાર કરવાની શક્તિ સાથે સરખાવવામાં વધારે ગોગ્યતા રહેલી છે પ્રાચીન અને અર્વાચીન પરિસ્થિતિ અને પદ્ધતિમાં અનેક પ્રકારની ભિન્નતા છે. અર્વાચીન વિજ્ઞાન લાખો જ વર્ષનું જૂનું ગણાય, પરંતુ યંત્રકળા અને છાપવાની કળાની શોધને લીધે આ ત્રણસો વર્ષનો ઇતિહાસ લગભગ સંપૂર્ણ રીતે કમિકપણે વ્યવસ્થિત મોજૂદ છે. પ્રાચીન હિન્દના વિજ્ઞાનનો ઇતિહાસ લગભગ ૫૦૦૦ થી પણ વધારે વર્ષ જેટલા ગાળ ઉપર પથરાયેલો છે, તે સમયમાં મોટે ભાગે ગોખવાની મહેનત બચાવવાને માટે ટૂંકાં સૂત્રો બનાવવાની પદ્ધતિ પ્રચલિત હતી તેમાં પણ વૈજ્ઞાન કળા અને મુદ્રણકળાના અભાવને લીધે આ જ્ઞાનનું સાતત્ય જોઈએ તેવા રીતે સચવાયું કહેવાય નહીં આવાં ટૂંકા સૂત્રો ઉપરથી અર્વાચીન વિજ્ઞાનના વિજ્ઞાનવાદ વસ્તુઓની સરખામણી થાય એવી વિગતો ઉખળવી કાઢવી એ કેવળ તર્કનું જ કામ ગણાય અને તેને આપણે જ વિજ્ઞાનનું નામ આપી શકાય

હિન્દુ સંસ્કૃતિનો વ્યાવહારિક ઝોક

વળી આપણે યાદ રાખવું જોઈએ કે પ્રાચીન હિન્દુઓના સૃષ્ટિજ્ઞાનના આધારરૂપ આધ્યાત્મિક જ્ઞાનને અર્વાચીન વિજ્ઞાનમાં સ્થાન છે જ નહિ અર્વાચીન વિજ્ઞાનની બધી રચના અને વિચારસરણી

ઈશ્વરની કર્તૃત્વભાવના દૂર રાખીને ઊહાપોહમાં આવે છે; સૃષ્ટિની ઘટનાના કારણની શોધમાં આ કર્તૃત્વશક્તિનું સ્થાન રહેતું નથી એ વિચાર પ્રકરણ ત્રીજામાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેથી જ્યારે પ્રાચીન હિન્દમાં ધાર્મિક વિચારોનું પ્રાબલ્ય એટલું બધું હતું કે લગભગ દરેક ગ્રન્થની શરૂઆતમાં-પછી તે ચંદ્ર ગણિતવિદ્યાનો કે ઔષધવિદ્યા કે રસાયનવિદ્યાનો હોય-મંગળાચરણમાં ઈશ્વરનું કે કોઈ પણ અધિષ્ઠાતા દેવ કે દેવીનું આહ્વાન તો હોય જ. તે છતાં પણ મધ્યકાલીન યુરોપની પેઠે પ્રાચીન હિન્દમાં રાજ્ય કે સમાજ તરફથી અમુક જ મત ખરો છે એવું જુલ્મથી દબાણ કરવામાં આવતું નહિ; તેથી હિન્દી ધાર્મિક વિચાર અને તત્ત્વજ્ઞાનમાં અપ્રતિમ સ્વતંત્રતા અને વિવિધતા જોવામાં આવે છે. વૈજ્ઞાનિક અન્વેષકો પણ આવી રીતે સ્વતંત્ર હતા; અને દરેક વિષયમાં પ્રતિભા શોધકો, વિદ્વાનો, તત્ત્વજ્ઞો વગેરે પોતપોતાનું કામ કરી શકતા. પરંતુ બધા સમાજનું બંધારણ આધ્યાત્મિક હોવાને લીધે અને બધા વિચારકોનું અંતિમ ધ્યેય આધ્યાત્મિક હોવાને લીધે, પ્રાચીન હિન્દના વૈજ્ઞાનિકો પણ આવા વિચારની પ્રબળ અસર નીચે રહેતા, અને અમુક દર્શન, ધર્મ, કે અમુક સંપ્રદાયને અનુકૂલ થાય તેવા જ વિચારો અને પ્રમાણો તરફ તેમનું વલણ રહેતું. તેટલા અંશે વિજ્ઞાનની દરેક શાખાના આધારભૂત નિયમોના શોધનમાં ખામી રહેતી; તેથી અર્વાચીન વિજ્ઞાનની નિયમશોધનની પદ્ધતિ પ્રાચીન હિન્દમાં બહુ પ્રચલિત નહોતી. ગુરુત્વાકર્ષણના નિયમો કે રાસાયનિક સંયોજનના નિયમો હિન્દમાં નહિ જોવી કહેવાનું એક કારણ આ ધાર્મિક ભાવનાની ઘૂંસરી હશે બીજું કોઈપણ કારણ હોય કે ન હોય તો પણ એટલું તો સ્પષ્ટ છે કે પ્રાચીન હિન્દના વિજ્ઞાન અને અર્વાચીન વિજ્ઞાનની પદ્ધતિ અને દૃષ્ટિબિંદુમાં ઘણો ભિન્નતા છે.

—અપ્રસ્તુત

પ્રાચીન હિન્દી પ્રજામાં વિજ્ઞાનનો પ્રચાર સારો હતો અને બીજી

પ્રાચીન પ્રજાઓ કરતાં તેમની સૃષ્ટિ-જ્ઞાનની સમૃદ્ધિ જેવા પ્રકારની હતી, એટલું સ્વીકાર્યા પછી, વેદમાં બધું અર્વાચીન વિજ્ઞાન છે, વેદમાં જંતુવિદ્યા * હાલના જેવા જ સ્વરૂપમાં વર્ણવેલી છે, વેદમાં હાલના જેવાં વિમાનો બનાવવાનાં સૂત્રો છે, પ્રાચીનકાળમાં રસાયન-વિદ્યા કે ઔષધવિદ્યાનું જ્ઞાન સંપૂર્ણ હતું, વગેરે અત્યુક્તિઓથી દૂર રહેવું એ ક્ષેમ છે. આવી અત્યુક્તિઓના રેલામાં જે ઓટું પંડિત્ય બચવામાં આવે છે તેનો એક નમૂનો અત્રે આપવો યોગ્ય ધારું છું. વેદમાં ઑક્સિજન અને હાયડ્રોજનથી પાણી બની શકે છે એવું જણેલું છે એ સિદ્ધ કરવાને માટે એક લેખકે નીચેની ઋચાનો ઉલ્લેખ કરતાં તેનો ખાસ અર્થ કર્યો હતો:

મિત્રં હુવે પૂતદક્ષં વરુણં च रिशादसम् ।
धियं घृताचीं साधन्ता ॥ ઋગ્વેદ ૧. ૨. ૭.

ખાસ અર્થ—જે વસ્તુઓમાંથી પાણી બનાવવાની ઇચ્છા રાખનારે શુદ્ધ અને ખૂબ તપાવેલું હાયડ્રોજન (પૂતદક્ષં મિત્ર) અને બાળ જવાની શક્તિવાળું ઑક્સિજન (રિશાદસ વરુણં) લેવું.

સાધારણ અર્થ—પવિત્ર અને દક્ષ (ચતુર) મિત્રદેવને, અને શત્રુ-ઓને બાળ જનાર વરુણદેવને ઘી ઝરતી (ઉત્સાહવાળી) બુદ્ધિ સાધનારા (એ બેને) નિમંત્રું છું.

ઉપરની ઋચાનો સાધારણ અર્થ કર્યા અને તેમાંથી ખાસ કરીને હાયડ્રોજન (મિત્ર) અને ઑક્સિજન (વરુણ)ની ઉત્પત્તિ કર્યા? અને તેની સાથે પાણી બનાવવાની ક્રિયાનો સંબંધ કર્યા? અને ધારો કે કાંઈ પણ સંબંધ હોય તો પણ પાણી બનાવવાની ક્રિયાની વિગતોના વર્ણન સિવાય અર્વાચીન શોધની સરખામણી કરવી એ કેટલી અનુચિત છે? પરંતુ મૂર્ખતાની સીમા બાકી જ હોય છે! આનાથી આગળ વધીને મિત્રાવરુણો એ સમાસમાં હાયડ્રોજન (મિત્ર)ના બે અણુઓ અને ઑક્સિજનનો એક અણુ સૂચવે છે એમ કહીને કેટલાક

* Bacteriology

પડિતો સિદ્ધ કરવા મથે છે કે પાણીના રાસાયનિક બંધારણનું ચોકસ જ્ઞાન વેદમાં છે!

પ્રાચીન હિન્દના ઇતિહાસનું વાસ્તવિક અભિમાન દરેક હિન્દીએ રાખવું જોઈએ. પરંતુ ખોટા અભિમાનના આડંબર નીચે અસત્યનો આપણા આત્મપ્રતિનો આશ્રય લેવાની લાલચથી સાવધ રહેવું જોઈએ; કારણ કે તેમ કરવાથી નથી વધતી પ્રાચીન હિન્દુઓની પ્રતિષ્ઠા અને નથી વધતું અર્વાચીન હિન્દુઓનું વાસ્તવિક ગૌરવ. જે પ્રાચીન જ્ઞાનનો વારસો આપણને મળ્યો છે તે દર્શાવી રાખવાનો અને તેમાં વૃદ્ધિ કરવાની આપણી લાયકાતનો આધાર આપણી મહેનત, ખંત, અભ્યાસ અને પરાક્રમ ઉપર જ રહેશે. સદ્ગત દા. પ્રફુલ્લચંદ્ર રોય કે પ્રો. ગાન્ગુલે પ્રાચીન હિન્દુ રસાયનનો વિચાર માત્ર જ કરીને બેસી રહ્યા હોત તો દેશને શો લાભ થયો હોત? સ્વર્ગસ્થ રામાનુજમ, સર જગદીશચંદ્ર બોસ, સર ચંદ્રશેખર રમણ, સર શાન્તિસ્વરૂપ ભટનાગર, મેઘનાદ સાહા, બીરબલ સાહાની અને હોમી ભાભા અને દા. રામન જેવા સમર્થ વિદ્વાનો અર્વાચીન સમયમાં પૃથ્વીના અગ્રગણ્ય વૈજ્ઞાનિકોમાં (F. R. S.) રોયલ સોસાયટીના ફેલો તરીકે) હિન્દનું નામ શોભાવે છે. જે દેશના ઇતિહાસમાં આવા આવા ઉજ્જ્વળ પુત્રોનાં નામ ઝગકે છે અને જે પ્રજાના પૂર્વજોએ પણ પોતાના સમકાલીન વિદ્વાનોમાં પોતાનું અપ્રતિમ સ્થાન સ્થાપી તેને જાગતી રાખ્યું હતું તે દેશના પ્રાચીન કે અર્વાચીન ગૌરવની રક્ષાને માટે સત્ય સિવાય બીજા કશાની જરૂર નથી.

અંકગણિત

અંકગણિતવિદ્યા અને તેની શાખાઓમાં પ્રાચીન હિન્દુઓએ મેળવેલી પ્રવીણતા વિષે કંઈ શંકા નથી. અંકગણિતવિદ્યાના ઇતિહાસકાર કેન્ટોરીનો નીચેનો અભિપ્રાય પ્રમાણરૂપ ગણી શકાયઃ

"આપણા સમયના વિજ્ઞાનમાં હિન્દુ અંકગણિતવિદ્યા કેટલા અંશે પ્રવેશ કરે છે તે નોંધવા યોગ્ય છે. અર્વાચીન સમયના અંકગણિત

અને અંકગણિતનું રૂપ અને ભાવ બંને વાસ્તવિક રીતે ગ્રીક નહિ પણ હિન્દુ વિદ્વાનની પ્રસાદી છે. ગણિતના સ્રોતોમાં સર્વથી ઉત્તમ હિન્દુ અંકપદ્ધતિનો, આપણા કોઠલી જ સંપૂર્ણતાએ પહોંચેલી હિન્દી અંકગણિતની ક્રિયાઓનો, અને તેમની સુન્દર અક્ષરસંક્ષુતની રીતોનો વિચાર કરો—અને પછી નિર્ણય કરો કે ગ્રંથાતરનિવાસી જ્ઞાનસ્રોત કેટલી પ્રશંસાને પાત્ર છે. આપણા દુર્ભાગ્યે અનિશ્ચિત પરિમાણોના પૃથક્કરણના વિષયમાં હિન્દુઓની કેટલીએક ઉત્તમ શોધો યુરોપમાં ઘણી જ મોડી પહોંચી અને જો કે એ ત્રણ શતકો પહેલાં તે પહોંચી હોત તો વધારે ઉપયોગી થઈ પડત."

જ્યોતિર્વિદ્યામાં અને ભૂગોળવિદ્યામાં વપરાતી ગણતરીના અપ્રવાસને લીધે પ્રાચીન હિન્દુઓ ગણતરીમાં એક્કા હતા. સંખ્યાના મુખ્યાકાર, ભાગાકાર, અને મૂલશોધનમાં તેમણે અદ્ભુત મેળવી હતી. વર્ગમૂલ અથવા ઘનમૂલ કાઢવું એ તો રમત વાત હતી. દશ્યપદ્ધ દેશી આંક અને દેશી લેખની પદ્ધતિની સરળતા અને ઉપયોગિતા વિષે શંકા નથી; દૈનિક વ્યવહારમાં પણ દેશી "રામ" "ધા" "સવાયો" "અડિયો" "પોણો" વગેરે આંકની પદ્ધતિથી અને લેખની ટૂંકીથી પણ મોટા હિસાબ ટૂંકામાં અને જલદીથી પતાવી શકાય છે. અંકગણિતના મુખ્ય પાયા રૂપ (૧) સંખ્યાવાચક અક્ષરો—આંકડાની અને (૨) દશાંશની પદ્ધતિ એ બંનેની શોધનનું માન પ્રાચીન હિન્દુઓને ઘટે છે. યુરોપીય ઇતિહાસકારો આ જ્ઞાનના આદ્ય સંપાદકો તરીકે આરબોને અને ગ્રીકોને પૂજે છે, પરંતુ પ્રાચીન આરબો અને ગ્રીકો હિન્દુઓ પાસેથી ઘણું શીખ્યા હતા; ઉત્તર યુરોપના કેટલાએક પ્રદેશો સાથે હિન્દને સીધો સંબંધ નહિ હોવાને લીધે પ્રાચીન હિન્દી સંસ્કૃતિનો પ્રચાર યુરોપમાં તે સમયના આરબો ગ્રીક અને મિસર દેશના વેપારીઓની મારફત જ થયેલો હોવાથી તેવી ભ્રાન્તિ થાય એ સ્વભાવિક છે.

આરોહના સમયના ગણિતજ્ઞોમાં સંખ્યાવાચક અક્ષરોનો

ઉપયોગ થયેલો જોવામાં આવે છે, એટલે ક્રિસ્તીસન પૂર્વે ત્રણસો વર્ષ પહેલાં આ અંકો હિન્દમાં પ્રચલિત હતા. આ અંકો હાલમાં આપણે 'અરેબિક અંકો' તરીકે ઓળખાય છે, કારણ કે તેમની શોધ હિન્દમાંથી આરબ વિદ્વાનોની મારફત જ યુરોપીય પ્રજાને મળી હતી. રોમન સંખ્યાંક કરતાં આરબ ગણાતા સંખ્યાંક વધારે સરળ અને સુગમ છે, તેથી યુરોપના ઇતિહાસકો તેના ખૂબ વખાણ કરે છે; કારણ ચાલુ સાલ રોમન અંકોમાં લખવી હોય તો MCMXLVIII લખવું પડે અને આરબ ગણાતા હિન્દુ અંકોમાં લખવું હોય તો 1948 એમ ટૂંકાણમાં લખી શકાય. આર્યભટ્ટ (ઇ. સ. ૪૭૬), બ્રહ્મગુપ્ત (ઇ. સ. ૫૮૮–૬૬૦) અને ભાસ્કરાચાર્ય (૧૧૫૪) વગેરે વિદ્વાનોએ દશાંશ રીતે વર્ણવેલી છે. છઠ્ઠા સૈકામાં રચાયેલા 'વ્યાસભાષ્ય' માં રાશાપનિક રૂપાંતરને એકડા ઉપર મીંડા મૂકવાથી થતાં રૂપાંતર અને સંખ્યાંતરની સાથે સરખાવવામાં આવ્યું છે. તેથી ડા. ગજેન્દ્રનાથ સીલ અનુમાન કરે છે કે આરબો, અથવા ગ્રીકો-સીરિયન પ્રજાઓના કરતાં ઘણા જ પ્રાચીન સમયમાં હિન્દુઓમાં આ દશાંશપદ્ધતિ પ્રચલિત હતી.

આરબોએ અંકપદ્ધતિ અને ગણનારીતિ જેવે હિન્દુઓ પાસેથી જ્ઞાન મેળવ્યું હતું એ નિઃશંક છે; અલીદ વાલીદ (ઇ. સ. ૭૦૫–૭૧૫) ના સમય સુધી આરબોને સંખ્યાત્મક અંકોનું જ્ઞાન નહોતું, અને તેઓ અંકોને બદલે મૂળાક્ષર વાપરતા. ત્યારપછી કેટલાએક હિન્દુ વિદ્વાનો બગદાદના દરબારમાં ગયા હતા (ઇ. સ. ૭૭૩) અને હિન્દુ જ્યોતિષ અને ગણિતનું જ્ઞાન આરબોને આપ્યું હતું. અલીદ મામુન (ઇ. સ. ૮૧૩–૮૩૩) ના સમયમાં પુસ્તકશાળાના ઉપરી અહમદ બીન મુસાએ બનાવેલા પુસ્તકનો આધાર લઈને કેટલ્યૂકે અભિપ્રાય આપ્યો છે કે હિન્દુ ગણિતનો આરબોમાં પ્રચાર થયો હતો. હિન્દુ અંકને અરબી ભાષામાં "હિન્દુસ" કહે છે. અને અંકગણિતને પણ

હિન્દુઓ " કહે છે. આ ઉપરથી પણ આરબો અંકગણિત સાથે હિન્દુ વિદ્યાનો સંબંધ સ્પષ્ટ સમજાય છે. આ ગ્રન્થ રચીકારતાં અલબેરૂની (ઈ. સ. ૧૦૩૩) નામના પ્રસિદ્ધ આરબ વિદ્વાને લખ્યું હતું:- "અમે જે સંખ્યાવાચક સંજ્ઞાઓ વાપરીએ છીએ તે હિન્દુઓમાં વપરાતી સંજ્ઞાઓનાં ઉત્તમ રૂપો ઉપરથી ઉપજાવી કાઢેલી છે." મુસ્લીમ પુસ્તકો ઉપરથી સ્પેન અને ઇટલીના વિદ્વાનોને સંખ્યા અને હિન્દુ અક્ષરગણિતનું જ્ઞાન થયું હશે એમ ધારવાને સબળ કારણો છે. ઇટલીના લિયોનાર્ડો ફી પીસ્સી નામના વિદ્વાને અંકગણિતની ઉપર ઈ સ. ૧૨૦૨ માં પુસ્તક લખીને યુરોપમાં અર્વાચીન અંકગણિતની શરૂઆત કરી. આ સર્વ પ્રયાસમાં ઇટાલીની પીસાની પાઠશાળા અને સ્પેનમાં કોર્ડોવાની પાઠશાળાઓના મુસલમાન શિક્ષકો સહાયકારક થયા હતા. આ પ્રમાણે યુરોપમાં અંકગણિતનો પ્રચાર આરબો અને મુસલમાનોની મારફત થયો હતો તે સ્પષ્ટ છે, પરંતુ તેથી હિન્દુઓના અંકગણિતના જ્ઞાનની શ્રેષ્ઠતા અને પ્રાચીનતા નષ્ટ થતી નથી.

અક્ષરગણિત

અક્ષરગણિત પણ એક પ્રાચીન હિન્દુ વિદ્યા છે. ગ્રીક દેશનો પ્રાચ્ય અક્ષરગણિતવેત્તા ડાયોફેન્ટસ (ઈ. સ. ૩૫૦) હિન્દુઓથી આ વિદ્યા શીખ્યો હશે એમ કેટલેરી દલીલ કરે છે. કીથના અભિપ્રાય પ્રમાણે અક્ષરગણિતના સાંકેતિક રૂપમાં યુરોપીય પ્રજાનો ફક્ત હિન્દુઓ ઋણી હતા. બરીક અને સાંકેતિક-સંજ્ઞાને અંકગણિતની રીતે લાગુ પાડવાની વિદ્યાને અંકગણિતનું નામ આપી શકાય તો તેના મૂળ શોધકો હિન્દુઓ જ હતા એમ હેન્કલનો અભિપ્રાય છે.

પ્રાચીન હિન્દુઓનું અક્ષરગણિત સંજ્ઞાઓનું ચોક્કસ જ્ઞાન વ્યવસ્થિત રૂપમાં મૂકનાર અને તે નવી વિદ્યાના મૂળ પ્રણેતા તરીકે

* Rational ÷ Irrational

નામ કાઢનાર ગણિતજ્ઞોની આર્યભટ પાટલીપુત્રમાં ઇ. સ. ૪૭૬-માં જન્મ્યો હતો. તેથી તેનો કાળ ડાયોફેન્ટસ કરતાં લગભગ સો વર્ષ જેટલો મોડો કહી શકાય; પરંતુ તેની પદ્ધતિ તેમ જ પરાક્રમની વિચક્ષણતામાં બધા ગ્રીક વિદ્વાનને હિન્દુ ગણિતજ્ઞોનો ગુરુ કહી શકાય નહિ એમ કમીયે સિદ્ધ કર્યું છે. વળી ડી મૉર્ગનના મત પ્રમાણે જે અર્થમાં આ હિન્દુ વિદ્યાને અક્ષરગણિત નામ આપી શકાય તે અર્થમાં ડાયોફેન્ટસના પુસ્તકને તે નામ આપી શકાય નહિ.

ઈ. સ. પાંચમાથી બારમા સૈકા સુધીમાં હિન્દુ અક્ષરગણિતમાં ઘણો વિકાસ થયો જણાય છે. હિન્દુઓએ સંપાદન કરેલું જ્ઞાન યુરોપમાં સત્તરમા અને અઢારમા સૈકા સુધી પ્રાપ્ત થયું નહોતું અને તે પણ એક જ વસ્તુને બીજીવાર શોધી કઢાઇ હતી એમ કહી શકાય. આ સમયનું હિન્દુ અક્ષરગણિત ડાયોફેન્ટસની પેઠે યાકુબ અને મુસાના પુસ્તકોની મારફત આરબોમાં, અને તેમની મારફત મધ્યકાલીન યુરોપમાં પ્રસિદ્ધ થયું હતું. ચીન અને જાપાનમાં પણ ત્યાંના ગણિતજ્ઞોએ હિન્દુ અક્ષરગણિતનો ઉપયોગ જાણ્યો હતો.

ભૂમિતિ

વૈદિકકાળમાં યજ્ઞની અને યજ્ઞકુંડ વગેરેની રચનાના વ્યાવહારિક જ્ઞાન ઉપરથી ભૂમિતિના સિદ્ધાંતોનું જ્ઞાન પ્રાચીન ઋષિઓને પ્રાપ્ત થયું હતું. અને આ વિષયમાં જ્યાંથી પ્રથમ ઉલ્લેખ બૌધાયન અને આપસ્તમ્બની "શુલ્બસૂત્રો" માં મળી આવે છે. આ શુલ્બસૂત્રો યુક્લીડના પૂર્વે આઠમા સૈકા જેટલાં પ્રાચીન છે; અને તેમાં મિસર દેશના ભૂમિતિકારોની મદદ મળી હોય તેમ લાગતું નથી. તેમ જ આ સમયની હિન્દુ ભૂમિતિમાં ગ્રીક સંસ્કૃતિની અસર થવા પામી ન હતી એમ હૂીથનો અભિપ્રાય છે; આ જ્ઞાન કેવળ વ્યાવહારિક ન હતું; તે સમયની લગભગ બધી શોધોમાં વ્યાવહારિક જ્ઞાન ઉપરાંત તર્કબુદ્ધિ અને વિચારશક્તિનો ઉપયોગ થયેલો છે.

પ્રાચીન હિન્દી ભૂમિતિકારોની સંખ્યા નાની ન હતી. બૌદ્ધ, આર્યભટ્ટ (૪૭૬ ઈ. સ.), લલ્લ (૪૯૯), વરાહમિહિર (૫૦૫), પ્રભાકર, શ્રીધર, મહાવીર (૮૫૦), નાનો આર્યભટ્ટ (૯૭૦) અને ઉત્પલ (૯૭૫) એ બધા આચાર્યોના ગ્રંથો ઉપરથી ભાસ્કરાચાર્યે (ઈ. સ. ૧૧૧૪) એક પુસ્તક લખેલું છે; તેમાં પ્રાચીન અન્વેષકોના જ્ઞાનને વ્યવસ્થિત અને સારરૂપમાં આલેખેલું છે. પાયથાગોરસના નામે ઓળખાતો એક સામાન્ય સિદ્ધાન્ત " કાટખૂણાવાળા ત્રિકોણની સામેના બુજનો વર્ગ કાટખૂણાના બે બુજના વર્ગના સરવાળાની બરોબર થાય છે"–ભાસ્કરાચાર્યે એ રીતે સિદ્ધ કર્યો છે; તે એમાંની એક રીત ઈ. સ. ૧૬૧૬–૧૭૦૩ માં વૉલીસે શોધી કાઢી ત્યાં સુધી યુરોપમાં અજ્ઞાત હતી. ગ્રીક ભૂમિતજ્ઞાનીઓના કેટલાં જ પરિણામો અને સિદ્ધાન્તો લાવવા છતાં એટલું કબૂલ કરવું પડશે કે ઈ. સ પૂર્વ ૩૦૬–૨૮૪ ના સમયગાળા યુક્લીડે જે પદ્ધતિ અને વ્યવસ્થા ભૂમિતિમાં આણી હતી તે વ્યવસ્થા હિન્દુ ભૂમિતિમાં જોવામાં આવતી નથી. બાકી કારણ એ હોઈ શકે કે વૈદિક સમય પછી યજ્ઞોનો રિવાજ બંધ થતાંની સાથે મૂર્તિપૂજા અને મંદિરોની વ્યવસ્થા થતાંની ભૂમિતિ ભુલાઈ ગઈ હતી.

ત્રિકોણમિતિ

ત્રિકોણમિતિના વિષયમાં કેટલીકવાર દિશામાં ગ્રીક કરતાં હિન્દુ ભૂમિતજ્ઞાનીઓ આગળ વધેલા હતા; અને બીજી કેટલીકવાર દિશામાં અર્વાચીન ત્રિકોણમિતિમાં અજ્ઞાત સંપાદન કર્યું હતું. " જ્યા ", " કોટિજ્યા " અને " ઉત્ક્રમજ્યા " એ સર્વનાં કોષ્ટકો બનાવવામાં હિન્દુઓ અગ્રગામ હતા. જ્યાને માટે અંગ્રેજીમાં વપરાતો " સાઇન " શબ્દ સંસ્કૃત ઉપરથી આરબોએ કરેલા અપભ્રંશનું ફળ લાગે છે. ગ્રીક ભૂમિતજ્ઞાનીઓ જ્યાના ઉપયોગથી પરિચિત નહોતા, તેઓ પૂર્ણજ્યા–

ચાપકર્ણ[1]ની સહાયથી ગણતરી કરતા. હિન્દુ જ્યોતિષીઓનાં કોષ્ટકો ઉપયોગી. એમ પણ સિદ્ધ થાય છે કે પ્રાચીન હિન્દુઓને તલરૂપ ત્રિકોણમિતિ ઉપરાંત ગોલીય[2] ત્રિકોણમિતિનું જ્ઞાન હતું.

કલનવિદ્યા[3] અને ચલન-કલનવિદ્યા[4] તેમ જ તેનો ખગોળશાસ્ત્ર અને જ્યોતિર્વિદ્યામાં ઉપયોગ કરવામાં ન્યૂટન (૧૬૪૨–૧૭૨૭) કરતાં ભાસ્કરાચાર્ય (૧૧૧૪) ની શોધ લગભગ પાંચમે વર્ષ જેટલી પ્રાચીન હતી. અર્વાચીન ખગોળવિદ્યામાં ગ્રહના ભરિમાણુ[5] નું ગણન દર્શાવવામાં વપરાતું સૂત્ર અને તે સૂત્ર સિદ્ધ કરવાની પદ્ધતિ ભાસ્કરાચાર્યની રીતને લગભગ મળતી આવે છે. ગણેશદત્ત રાયના અભિપ્રાય પ્રમાણે ઓગસ્ટસ ડીમોર્ગન નામના ગ્રીક વિદ્વાનના કરતા ભાસ્કરાચાર્યની રીત અને પરિણામ અર્વાચીન પદ્ધતિને વધારે મળતા આવે છે અને તેથી તેને ગ્રીક કરતા વધારે શ્રેષ્ઠતાનું માન ઘટે છે

ખગોળવિદ્યા

મનુષ્યજાતિની દરેક પ્રાચીન પ્રજા પોતપોતાના નિરીક્ષણ અને અનુભવ પ્રમાણે ખગોળનું જ્ઞાન ધરાવે છે. પ્રાચીન સમયનાં ખાલ્દિયાની, મીસર દેશની, ચીન અને ગ્રીસ દેશની પ્રજાઓએ હિન્દુઓની માફક તારા, ગ્રહ અને સૂર્યની ગતિ સંબંધી કેટલુંક વ્યાવહારિક જ્ઞાન સંપાદન કર્યું હતું, પરન્તુ કેવળ નિરીક્ષણ ઉપરાંત વ્યવસ્થાપૂર્વક ગોઠવણ અને વિચારપૂર્વક ચિંતનથી બીજી પ્રજાઓ કરતાં હિન્દુઓએ આ વિષયમાં વધારે પ્રગતિ મેળવી હતી હીપાર્કસ (ઈ સ પૂર્વ ૧૫૦) અને ટોલેમી (ઇ. સ. ૧૩૯) એ બે ગ્રીક ખગોલવેત્તાઓના કરતાં હિન્દુ ખગોલવેત્તાઓનું જ્ઞાન ઓછું ન હતું તે બતાવી આપવા ઓપ્પોલેઝરનિપનો

1 Chord 2 Plane 3 Spherical 4 Calculus 5 Differential Calculus 6 Magnitude

પાસેથી શીખ્યા હશે એમ મનાય છે. આમ કરીને રાશિચક્ર અને સત્તાવીસ નક્ષત્રોની વ્યવસ્થા તેમની તરફથી મળતી હશે, પરંતુ કૈલાસચંદ્ર અને એકમચંદ્ર જેવા મત ધરાવે છે કે આકાશના નિત્ય દર્શનથી અને ચંદ્રની ગતિના નિરીક્ષણથી આ પ્રમાણે આકારનું વિભાજન કરવાનું હિન્દુઓને સ્વતઃ સૂઝયું હોય.

હિન્દુ રાશિચક્રની સંજ્ઞા યુનાની સંજ્ઞાઓના અર્થ અને સંજ્ઞાદર્શક આકૃતિના આકારને મળતી આવે છે. આ સંજ્ઞાઓ આર્યભટ્ટ (ઈ. સ. ૪૭૬)નાં પુસ્તકોમાં જણાય છે. તેથી હિન્દુ રાશિચક્ર બેબીલોનિયન નહિ પણ યુનાની મૂળ તરફથી મળ્યું હશે એમ માનવું વધારે પડે છે. આર્યભટ્ટને તેમના અઠ્ઠાવીસ "મન્ઝીલ" વિષે હિન્દુઓ પાસેથી આઠમા સૈકામાં જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે વિષે શંકા રહેતી નથી.

પૃથ્વીની ધરી ઉપરની ગતિનું જ્ઞાન આર્યભટ્ટે પાંચમા સૈકામાં મેળવ્યું હતું; અને સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના ખરા કારણની સમજૂતી તેણે આપી છે. એ કે પાછળથી આ સમજૂતી રાહુ કેતુની કલ્પનાથી પૌરાણિક કાળમાં ભુલાઈ ગઈ હતી. આ ઉપરાંત હિન્દુ ખગોળવેત્તાઓએ પૃથ્વીની સરખામણીમાં સૂર્ય અને ચંદ્રનાં કદ, મહત્ત્વ પરિક્રમણકાળની ગણતરી* અપનયચલનની અને બીજા અનેક પ્રકારની ગ્રહ અને તારાઓની ગતિની ગણતરીમાં મેળવેલી ચોકસાઈથી, એ વિષે તેમના સમયની બીજી પ્રજાઓનું જ્ઞાન જોતાં, આપણને અભિમાન અને સંતોષ થાય છે.

યુનાની ખગોળવિદ્યા અને તેના ગ્રંથોથી પ્રાચીન હિન્દુ ખગોળવેત્તાઓ પરિચિત હતા તે વિષે શંકા રહેતી નથી: કારણ કે વરાહમિહિર (ઇ. સ. ૫૮૭) યુનાની પ્રજાનો આ વિષય સુધ્ધપરિચિત છે એમ સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરે છે. પરંતુ આ બન્ને

* Precession of equinoxes.

પ્રજાઓ તેનો કેટલા અંશે વિનિમય કરી શકી હતી તે વિષે શંકા રહે છે; ધર્મોસના અભિપ્રાય પ્રમાણે હિન્દુ અને યુનાની પ્રજા વચ્ચે પરસ્પર બહુ ઓછો વિનિમય થતો હતો, કારણ કે એ બે પ્રજાઓની ભાષાઓમાં અને પરિણામોમાં કોઈ પણ રીતે સંપૂર્ણ સામ્ય જણાતું નથી. હિન્દુઓએ યુનાની પ્રજાની પાસેથી જે કાંઈ લીધું હશે તેમાં હિન્દુ શિષ્ટતાનાં તત્ત્વો દાખલ થયા વિના રહ્યાં નથી. દાખલા તરીકે ચાપકામને બદલે દરેક કેકાવે જગાનો ઉપયોગ જોવામાં આવે છે, અને ભૂમિતિનાં રૂપને બદલે અંકગણિતની રીત વાપરવામાં આવી છે.

ચીનમાં પણ હિન્દુ ખગોલવેત્તાઓની સેવા સ્વીકારાઈ હતી. હિન્દુ વેધશાળાનાં ઉપકરણો ચીનમાં દાખલ કરવામાં આવ્યાં હતાં એવું દેખાડનાર અવતરણો વર્ન રે બતાવ્યાં છે. એકની માન્યતા પ્રમાણે ઈ. સ. સાતમા સૈકામાં અને ત્યાર પછી ચીનાઈ સરકારની નોકરીમાં હિન્દુ ખગોલવેત્તાઓ હતા; અને કેટલાકેક સંસ્કૃત પુસ્તકોનો ચીનાઈ ભાષામાં તરજુમો કરવામાં આવ્યો હતો; ઇત્સીંગ (૬૮૩-૭૨૭) અને બીજા ચીનાઈ વિદ્વાનોએ કરેલા ચીનાઈ પંચાંગના સુધારામાં હિન્દુ ખગોલવિદ્યાની અસર સ્પષ્ટ જોવામાં આવે છે. તેવી જ રીતે આરબોમાં આઠમા સૈકામાં હિન્દુ ખગોલ-વિદ્યાનો પ્રચાર થયો હતો.

તેમના પહેરાળા વ્યાપારને લીધે હિન્દુઓને નૌકાશાસ્ત્રનો સારો અનુભવ હતો અને તેને અંગે તારા અને નક્ષત્રોની ગતિ વિષે સારું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. તારા, ગ્રહો અને નક્ષત્રોનાં નિરીક્ષણોને માટે પ્રાચીન સમયમાં જેની વેધશાળાઓ હતી તેનો ખ્યાલ જયપુરના મહારાજા જયસિંહે બાંધેલી વેધશાળાઓ ઉપરથી આવે છે. ઉજ્જન, જયપુર અને કાશીની હિન્દુ વેધશાળાનાં યંત્રો અને ઉપયંત્રો હિન્દુ પદ્ધતિની પ્રયોગાત્મક બાજુની સાક્ષી પૂરે છે. તે છતાં આપણે કબૂલ કરવું પડશે કે પ્રાચીન હિન્દુઓના સમય પછી

પ્રયોગવિદ્યામાં, અને અર્વાચીન ગણાતી જ્યોતિર્વિદ્યામાં પણ અર્વાચીન સમયમાં યુરોપના વિદ્વાનોએ આપણું જ્ઞાન બહુ વધાર્યું છે.

ભૌતિકવિદ્યા

પ્લેફેર નામના અર્વાચીન ભૌતિકશાસ્ત્રીનાં નીચેનાં વાક્યો ગ્રીક ભૌતિકવિદ્યાને માટે લખવામાં આવ્યાં હતાં: પરંતુ તે વાક્યો ભૌતિકવિદ્યામાં પ્રાચીન હિન્દુઓના જ્ઞાન વિષે વાપરી શકાય. "પ્રાચીન પ્રજાઓમાં—ભૌતિકવિદ્યાની વાસ્તવિક પદ્ધતિ પ્રચલિત હતી એમ કહી શકાય નહિ. તે છતાં તેમનાં પુસ્તકોમાં અનેક ઉન્નત વિચારો; કેટલીએક સુધારાવાળી કલ્પનાઓ અને અનેક દિશામાં પ્રકાશનાં કિરણો જોવામાં આવે છે."

ગ્રીકની ભૌતિકવિદ્યાની પેઠે હિન્દુ ભૌતિકવિદ્યાનાં પરાક્રમોમાં અને પદ્ધતિમાં તે જ પ્રકારનું સામર્થ્ય અને તેવા જ પ્રકારની અપૂર્ણતા જોવામાં આવે છે. તે છતાં હિન્દુ ભૌતિકશાસ્ત્રોના સિદ્ધાન્તો તે સમયની બીજી વિદ્યાઓનાં પરિણામની સાથે સમકક્ષી અને સામન્જસ્યવાળા હતા: અને વૈજ્ઞાનિક અન્વેષણની પદ્ધતિ જે કે બેકનના મતના જેટલી પ્રયોગપૂર્વક આગમનની નહોતી તે છતાં એરિસ્ટોટલના કેવળ તર્કવાદ કરતાં વધારે પ્રયોગાત્મક હતી. તે ઉપરાંત જેટલું પણ કહેવું જોઈએ કે જ્યાં જ્યાં પ્રત્યક્ષ નિરીક્ષણ અને અવલોકનનાં સાધનો અને પ્રસંગ મળતાં ત્યાં ત્યાં ચોકસાઈ વધારે અંશમાં હિંદી વિજ્ઞાનમાં જોવામાં આવે છે.

પ્રાચીન હિન્દુઓના તત્ત્વજ્ઞાનની શ્રેષ્ઠતા સ્વીકારાઈ છે; અને આધ્યાત્મિક જ્ઞાનની સાથે આધિભૌતિક સૃષ્ટિના નિરૂપણમાં પણ તેઓ પછાત ન હતા. "પુરુષ" અને "પ્રકૃતિ" અર્વાચીન ભૌતિકવિદ્યાનાં શક્તિ* અને દ્રવ્ય† સાથે અમુક અંશે સરખાવી શકાય.

---

*Experimental Induction. †Energy ‡Matter.

અર્વાચીન જડવાદના મૂળ રૂપ અણુવાદ અને પરમાણુવાદ મુનાની ગ્રંથોના કરતાં વધારે ઉત્તમ અને વધારે સંપૂર્ણ રીતે હિન્દમાં સમજવવામાં આવ્યો હતો 'દીપ્તબંદરી ઑફ્ ફ્રીનોસોફી'માં આ વિષે લખનાર પ્રો કુઝેમીનના અભિપ્રાય પ્રમાણે "આ અણુવાદ મુનાનમાં નહિ પણ પૂર્વના દેશોમાં પ્રથમ ઉદ્ભવ્યો હતો" કણાદનો વૈશેષિકવાદ અણુવાદની અસંખ્ય હિન્દુ કલ્પનાઓમાંની એક જ છે, પરમાણુ એટલે દ્રવ્યના અવિભાજ્ય કણની કલ્પના અને આત્મને અવિનાશી અને શાશ્વત ગણવાની પદ્ધતિ, પ્રાચીન સમયથી જ સૃષ્ટિરચનાના મૌલિક સિદ્ધાન્ત તરીકે સ્વીકારાય છે જૈન મતમાં પણ અણુઓને અતિસૂક્ષ્મ, શાશ્વત, અને અતિમ ગણવામાં આવે છે ઉમાસ્વાતિ (ઇ સ ૫૦ નામના જૈન વિદ્વાને પરમાણુઓની સંકલના તેમનું પરસ્પર આકર્ષણ અને તેમાંથી અણુઓનું બનવું વગેરે વિષે સારી ચર્ચા કરી છે દા ત જૈનેન્દ્રોના જીવના મત પ્રમાણે એક જ પ્રકારના પ્રાથમિક પરમાણુમાંથી જુદા જુદા પ્રકારના તત્ત્વોનાં પરમાણુ ઉત્પન્ન થવાની માન્યતા જૈનોમાં છે. જે બળથી પરમાણુઓની સંકલના થઇને અણુઓ બને છે તે જ પ્રકારના બળથી પરમાણુઓમાંથી તેમ જ અણુઓમાંથી રાસાયનિક સંયોજનથી નવાં સંશ્લેષણો-પદાર્થો બને છે સૃષ્ટિમાં આ પરમાણુઓ સ્વતંત્ર અને અસંયોજિત દશામાં રહી શકે નહિ, અને તેથી ખાસ આવશ્યકતા અને નિયતિને લીધે સૃષ્ટિનું સર્જન, વર્ધન, અને રૂપાંતર થાય છે. આ વિચારથી જડવાદ અને નાસ્તિકવાદને પોષણ મળે છે એ કહેવાની જરૂર નથી

કણાદના વૈશેષિક સિદ્ધાન્તમાં, તેમ જ જૈન અને બૌદ્ધ મતમાં તેમ જ બીજા તત્ત્વવેત્તાઓના મતમાં પણ દ્રવ્યના સાધારણ ગુણો વિષે વર્ણન કરેલામાં આવે છે સ્થિતિસ્થાપકતા-સ્થૈર્ય[1], સંસક્તિ[2] સંઘાત અભેદ્યતા સાદ્રતા[3] ચિકટતા-સ્નિગ્ધતા[4], પ્રવાહિતા-દ્રવતા[5], છિદ્રમયતા-સૌષિર્ય[6]

1 cohesiveness 2 impenetrability 3 viscosity 4 fluidity.
5 porosity

ચોરે દ્રવ્યના ગુણોનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. વનસ્પતિના મૂળથી ટોચ સુધી રસ[1]ના ઉદ્ગમનથી, તેમ જ છિદ્રમય વાસણોમાંથી પ્રવાહીઓના થતા વ્યાપન[2] અને અભિસર્પણથી[3] કેશીય ગતિની[4] સમજૂતી આપવામાં આવતી હતી.

દ્રવ્ય અને શક્તિનાં સંરક્ષણ[5]ના સિદ્ધાન્તો પ્રાચીન હિન્દુ ભૌતિક વિદ્યામાં સ્વીકારાયેલા હતા. દ્રવ્ય અને શક્તિને અવિનાશી ગણવામાં આવતાં; તેમનામાં વધઘટ થતા છતાં અને વૃદ્ધિ અને નાશ, થતા છતાં, પણ જેવટે તેમની એકંદર માત્રા સ્થિર રહે છે એમ માનવામાં આવતું.

ગતિવિદ્યાના સૈદ્ધાન્તિક જ્ઞાનમાં પ્રાચીન હિન્દુઓ પ્રવીણ હતા; પૃથ્વી, સૂર્ય અને ગ્રહોની ગતિના આનુભવિક અનુભવ ઉપરથી તેમનું જ્ઞાન કુલિત થયું હતું. ગતિમાન પદાર્થની ગતિનું કારણ ગુરુત્વાકર્ષણ છે એમ આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત અને ભાસ્કરાચાર્યના જ્યોતિષના ગ્રંથોમાં મળી આવે છે, પરંતુ ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમો તેમનાથી શોધી કઢાયા નહોતા. ગ્રાવસ્તપાકલ્પના કર્મમીમાંસા વિભાગમાં કર્મ (ગતિ) નું પૃથક્કરણ અને નિરૂપણ કરવામાં આવ્યું છે. પરંતુ "કર્મ" અને "ગતિ"ના દાર્શનિક અને ભૌતિક અર્થમાં ગૂંચવાડો અને ભેળસેળ આપણી અર્વાચીન દૃષ્ટિએ આ વિવેચન આપણને અત્યારે ઉપયોગી નથી. તે છતાં ગતિની વ્યાખ્યા, ગતિના પ્રકાર,* ગતિનાં કારણ, બંધના પ્રકાર,+ અર્વાચીન 'મોમેન્ટમ'ની કલ્પનાના

---

1. sap 2. diffusion 3. capilary motion 4. Conservation of matter and energy 5. Quantity * કર્મ (ક્રિયાની ગૌણ ગતિ), સ્પન્દન (vibratory), કર્ષણ, ભ્રમણ (curvilinear), પતન (downward motion) સ્યન્દન (current-flood), અભિસર્પણ (capillary motion) એ ગતિના પ્રકાર ગણાતા.

+ નોદન pressure, અભિઘાત impact, સંસ્કાર momentum, વેગવત્ અને સ્થિતિસ્થાપક, ગુરુત્વ gravity, દ્રવત્વ fluidity.

જેવી તેમણે સરેરાશ—ગતિનાં બાહ્ય કારણની કલ્પના, એ સર્વે હિન્દુ વિદ્વાનોની બુદ્ધિ અને તર્કશક્તિને શોભાવે તેવી છે. ગતિવિદ્યાના સૈદ્ધાન્તિક વિભાગનાં આપણને ઘણાં બારતાં પુસ્તકો હજુ અપ્રસિદ્ધ હોય અને બીજાં પુસ્તકો અને લેખો મળી આવે તો એ વિષયપર હજુ વધારે પ્રકાશ પડી શકે. પરંતુ ગતિવિદ્યાનું પ્રયોગાત્મક અન્વેષણ અને ગોલીલિયોના જેવું પ્રત્યક્ષ નિરીક્ષણ અને ભાષન પ્રાચીન હિન્દુઓમાં થયું હોય એવી સાબિતી નથી એવો દા. સીલનો અભિપ્રાય છે. તેવી જ રીતે ગતિવિદ્યાની સાથે સંબંધ ધરાવતી સ્થિતિવિદ્યા + અને જલસ્થિતિવિદ્યા * તેમજ યંત્રવિદ્યા+ના મૂળ સિદ્ધાન્તોનું અન્વેષણ થયું હોય એમ લાગતું નથી.

ભૌતિકવિદ્યાની લગભગ દરેક શાખામાં પ્રાચીન હિન્દુઓ યોકકસ થયું જ્ઞાન મેળવી શકયા હતા. પ્રકાશ અને ઉષ્મા બંને એક જ શકિતનાં ભિન્ન સ્વરૂપ છે એમ ઘણાકની માન્યતા હતી; પૃથ્વી ઉપરની બધી ઉષ્માનું મૂળ સૂર્યમાં છે એમ ઉદયનાચાર્યે સિદ્ધ કર્યું હતું; પ્રકાશ અને ઉષ્માનાં કિરણો પ્રકાશિત અને ઉષ્ણ પદાર્થોમાંથી નીકળતા સૂક્ષ્મ અણુઓનાં બનેલાં હોય છે એવી વાચસ્પતિ (૪. સૈ. ૮૫૦)ની કલ્પના હતી, પાણીની ઊકળવાની ઘટના બાષ્પભવન અને પાણીની વરાળ થતાં તેનું વજન હલકું થાય છે એ ઘટનાઓ શંકરમિશ્રે સારી રીતે સમજાવી છે. પ્રકાશના વિષયમાં પણ પારદર્શક, અર્ધ-દર્શક, અને અપારદર્શક વસ્તુઓ અને તેમની છાયા વિષે ઉદ્યોતકરમાં વિવેચન જોવામાં આવે છે. પ્રકાશનાં કિરણોમાં આપતન અને પરાવર્તનનો ક્રમ સરખો રહે છે તે નિયમથી પ્રાચીન ગ્રીકોની પેઠે પ્રાચીન હિન્દુઓ પણ માહિત હતા: વટીજાવનની ઘટના ઉદ્યોતકરે સમજાવી છે, અને પ્રકાશનાં કિરણોથી થતી રાસાયનિક ક્રિયાઓ વિષે જયન્તે ઉલ્લેખ કર્યો છે; કાચ, ત્રિપાર્શ્વ, ગોળ, અને ઊંડાણવાળા અરીસાઓ પ્રયોગોમાં વપરાતા હતા:

+ Statics * Hydrostatics + Engineering

અને તાલ (લયયોગ કાચ)થી ધ્વનિઉત્પન્ન કરી શકાય છે એમ મનાતું હતું. કાચ બનાવવાનો હુન્નર તે વખતે સારી સ્થિતિમાં હતો. પ્લીનીના અભિપ્રાય પ્રમાણે સર્વોત્તમ કાચ તે સમયે હિન્દુઓ બનાવતા; સિંધમાં મોહેન-જોદેરો નામના સ્થળે મળી આવેલા ઈ. સ. પૂર્વે ત્રણ હજાર વર્ષ જેટલા પ્રાચીન સમયના અવશેષોમાં પણ કાચની બંગડીઓ છે.

નાદશાસ્ત્ર વિષેનું પ્રાચીન હિન્દુઓનું જ્ઞાન જેવું તેવું ન હતું. સંગીતનો મૂળ પાયો નાદશાસ્ત્ર અને સ્વરજ્ઞાન ઉપર રચાયેલો છે; પ્રાચીન હિન્દુ સંગીતની નવીનતા અને સંપૂર્ણતા વિષે અર્વાચીન અભ્યાસીઓ પણ માનની દૃષ્ટિએ જુએ છે. ધ્વનિ, પ્રતિધ્વનિ, અને ધ્વનિનું વક્રીભવન અને પરાવર્તન વગેરે વિષે તેમને સારું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. મીમાંસકો અને નૈયાયિકોમાં પણ ધ્વનિની ભૌતિક કારણો વિષે વિવેચન જોવામાં આવે છે. નાદ, ધ્વનિ અને રેકોર્ડ એ ત્રણ તરંગોથી ઉત્પન્ન અને વ્યક્ત થાય છે એમ સ્વીકારાતું; કેટલાકોના મત પ્રમાણે આ તરંગો વાયુ—હવામાં થાય છે, અને બીજા કેટલાકોના મતે એ આકાશમાં થાય છે. શબ્દસંતાન[4]ની કલ્પના અને વીચિતરંગ પક્ષીનાં મોજાં સાથેનું સામ્ય અને શબ્દનાં તારમન્દ્રાદિ ભેદ,[5] તીવ્રમન્દાદિ ભેદ[6] અને અસાધારણ ધર્મ[7] એ સંબંધી નિરૂપણ, અને ક્રમસન્તાનસંસ્કાર[8]ની નિષ્પંદતાની સાથે ધ્વનિની થતી નિષ્પંદતા અને લયની સમજૂતી, શ્રુતિ અને સ્વરના સમ્બન્ધની સમજૂતી, અને શારંગદેવના સંગીતરત્નાકર (૧૨૧૦–૧૨૪૭) અને દામોદરના સંગીતદર્પણ (૧૫૫૦–૧૬૪૭) જેવાં પુસ્તકો ઉપરથી પ્રાચીન હિન્દુઓની આ વિષયના જ્ઞાનની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે.

કેરબોથી ખાસ વગેરે આકર્ષાય છે અને લોખંડની સોય ચુમ્બક

---

1 Lens 2 acoustics 3 ether 4 sound-waves 5 pitch 6 intensity 7 quality 8 momentum of vibration

કૌલમ્બસના અમેરિકાથી પાછા આવ્યા પછી સ્પેનની પ્રજામાં વિસ્ફોટક વગેરે રોગો ચમકમ આખી પ્રજામાં ફૂટી નીકળ્યા હતા. આ રોગને છાપરી કોપ માનવામાં આવતો અને પ્રાર્થના અને ઘન વગેરેથી કોપની શાંતિ કરવાના પ્રયત્ન થતા હતા; વહેમ, અજ્ઞાન, અને અનિશ્ચિતતાના આ સમયમાં હિન્દુઓનું આયુર્વેદ અને ઔષધવિદ્યાનું જ્ઞાન અનેક રીતે શ્રેષ્ઠ હતું. હિન્દુ આયુર્વેદનું જ્ઞાન આરબ અને ગ્રીકની પ્રજાઓની મારફત યુરોપમાં પ્રસરવા પામ્યું હતું અને અર્વાચીન વૈદ્યકશાસ્ત્રના ઉદ્ભવમાં આ પ્રાચીન જ્ઞાન ઉપયોગી થઈ પડ્યું હતું; અને તેથી ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિથી પણ પ્રાચીન હિન્દુઓનાં આ પરાક્રમો માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આયુર્વેદના આ મૂળ સંધકારો ચરક અને સુશ્રુત લગભગ અઢીહજાર વર્ષ જેટલા પ્રાચીન છે. ચરક (ઈ. સ. પૂ. ૫૦૦) ઔષધ-સંગ્રહ માટે વિખ્યાત છે અને સુશ્રુત (ઈ. સ. ૨૦૦) શસ્ત્રવૈદ્ય તરીકે પ્રસિદ્ધ છે. તેમના પૂર્વના સમયમાં સંગ્રહ થયેલા જ્ઞાનભંડારને મૂર્તિમંત સ્વરૂપ આપીને અને પોતાની નવી શોધોની ચોકકસ નોંધ રાખીને તેમણે આયુર્વેદની સ્થાપના કરી છે. તેમનાં પુસ્તકોમાં મળી આવતાં વનસ્પતિ અને ઔષધના વર્ણનો, અને રોગની ચિકિત્સા ઉપરથી તેમની પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાની ટેવ માટે આપણને આશ્ચર્ય અને અભિમાન ઉત્પન્ન થયા વિના રહેતું નથી. કે સમયમાં ગેલન નામના પ્રાચીન ગ્રીક વિદ્વાનની ખોટી માન્યતાઓના અંધકારમાં યુરોપના વૈદ્યો જોયાં ભરતા હતા તે સમયમાં રોગચિકિત્સા અને ઔષધ-ઉપચારમાં હિંદુ વૈદ્યો પ્રવીણ હતા; તેમણે શસ્ત્રવિદ્યામાં પણ નિપુણતા પ્રાપ્ત કરી હતી અને તે સમયનાં પુસ્તકોમાં રેડિયો બનતાં શસ્ત્રોનું વર્ણન કરેલું છે.

ઔષધશાળા અને રોગગ્રહોની પ્રણાલિકા ઇ. સ. પૂ. ત્રીજા સૈકામાં અશોકથી. બૌદ્ધોની જેમ અશોકના અનુયાયીઓએ ઠેર ઠેર અને મનુષ્યના ઉપયોગને માટે ઔષધોનું વર્ણન કરેલાં

આવે છે, ત્યારે યુરોપમાં સાતસો વર્ષ પછી જ પહેલી ઇસ્પાર્ક ઇસિપતારા ઇસની ચોથ સૈકામાં ક્રોન્સ્ટન્ટાઇને બંધાવી હતી. યુરોપમાં નવી ગણાતી કેટલીએક ઔષધિઓ પ્રાચીન કાળથી હિંદમાં વપરાય છે. ધાતુઓ અને તેમની ભસ્મો પણ પહેલી હિન્દમાં ઔષધ તરીકે વપરાતી શરૂ થઇ હતી. પ્રાચીન ગ્રીક અને રોમન ગ્રન્થોમાં ધાતુ-મય ઔષધો આકોપચાર તરીકે વપરાતાં; પરંતુ પારા અને બીજી ધાતુઓનાં ઔષધોની શોધ પહેલાં હિન્દમાં થઇ હતી. ઇસની સાતમા સૈકામાં વરાહમિહિરે પારા અને લોહની ભસ્મોનો ઉલ્લેખ કર્યો છે; જે પહેલાંના સમયના ગ્રંથમાં ધાતુમય ઔષધોનું વર્ણન છે. આ બધા ગ્રંથોને આરબોએ તરજુમો કરીને સ્પેન દ્વારા યુરોપમાં પ્રસિદ્ધ કર્યા હતા. યુરોપમાં ધાતુમય ઔષધોનો ઉપયોગ પેરેસેલ્સસના સમય પછી જ સોળમા સૈકામાં થયો હતો. પારમા સૈકાના ગ્રીક ડૉક્ટરોને પણ સિદ્ધ જેવી પ્રાચીન હિન્દુ ઔષધિનું જ્ઞાન હતું; ઍક્યુપ્રેસ્પિયસ નામના ગ્રીક વૈદ્યે સિદ્ધાનું નામ 'સિદ્રેરા પૂર્વા' આપ્યું હતું. હિન્દુ વૈદ્યકમાં સોમલ, ધોહ, અને પારદ (પારા) નો ઉપયોગ જોઇને આશ્ચર્ય અને ખુશાની દર્શાવો વિસ્મય પામતા. હજુ પણ આપણે કરતાં ખુશાની દવાઓમાં આ ધાતુઓ અને ભસ્મો ઘણા જ ઓછા અંશે જોવામાં આવે છે.

શસ્ત્રવિદ્યા

વૈદ્યકની સાથે પ્રાચીન હિન્દુઓએ શસ્ત્રવિદ્યા સારી રીતે ખિલવેલી હતી. યુદ્ધમાં તો યુદ્ધમાં, પોતીમાં અને શિકારમાં થતા અકસ્માતમાં તેનો ઉપયોગ સારો મદદ આપ્યો હતો; અને તે સમયમાં તીર, ઢાંકણ, ભાલા, વગેરે શરીરમાં દાખલ થયેલા અનિષ્ટ પદાર્થોને દૂર કાઢવાનું કામ આપત્તિક સ્થિતિમાં હશે ; કારણ કે શસ્ત્રવિદ્યાને શલ્યવિદ્યા કહેવામાં આવતી.

બુદ્ધના સમય પહેલાં આ શસ્ત્રવિદ્યા સારી સ્થિતિએ પહોંચી હતી; ગૃધ્ર અને કંક વગેરે પ્રાણીઓને મારીને તેમની

અને છે, આ મેદના સૂક્ષ્મ અંશોમાંથી પૃથ્વી, વાયુ અને તેજના સંઘાતથી શ્લેષ્મના આવરણમાં કર્ણિ દાઢકા-અસ્થિ બંધાય છે: આ અસ્થિના પોલાણમાં મેદ રહે છે અને તે મેદમાંથી શુક્ર બંધાય છે. આ વર્ણનમાં અપૂર્ણતા અને અચોકસાઈ ઘણી છે અને અર્વાચીન જ્ઞાનની સાથે તેને સરખાવી શકાય નહિ.

છતાં રસપરિણમનના આ જ્ઞાન ઉપરથી જોઈશું તો કૃત્રિત થાય છે કે રક્તપરિણમનની ગતિ વિષે પ્રાચીન હિન્દુઓને શંકા ન હતી. રસની અને રક્તની ગતિનું કેન્દ્રસ્થાન હૃદય છે એ વાત સ્વીકારાઈ હતી; રક્ત હૃદયમાં શિરાઓ વાટે જાય છે અને તેમાંથી ધમની વાટે શરીરમાં પ્રસરે છે એટલી સાધારણ વાત તેમની સમજમાં હતી. પરંતુ તે સિવાય રક્તશુદ્ધિમાં ફેફસાં અને ફેફસાંના ઉપયોગ સંબંધી જોઈતું જ્ઞાન અપૂર્ણ હતું; તે છતાં તે સમયની બીજી પ્રાચીન પ્રજા કરતાં ઊતરે તેમ ન હતું એમ કહેવામાં અત્યુક્તિ નથી. હૃદયને અન્નરસનું સ્થાન આપવામાં પ્રાચીન ગ્રીકોની પેઠે પ્રાચીન હિન્દુઓએ પણ ભૂલ કરી હતી. હૃદયને ફક્ત રક્તાશય તરીકે નહિ પણ પ્રાચન પામેલા રસનો ભંડાર ગણવામાં આવતું અને તેની સાથે ચેતનનું પણ સ્થાન ગણવામાં આવતું. આથી જ્ઞાનતંતુસંસ્થાનનું જ્ઞાન પ્રાચીન ભારતમાં વાસ્તવિક રીતે ખીલ્યું ન હતું.

ચરક અને સુશ્રુતમાં હૃદયને મુખ્ય ઇંદ્રિય અને ચેતનનું સ્થાન કહેવામાં આવ્યું છે; પરંતુ તે સમય પછીનાં તાંત્રિક પુસ્તકોમાં જ્યારે બ્રહ્મરંધ્રને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે, તેની સાથે જ્ઞાનતંતુ, નાડી+ અને જ્ઞાનતંતુચક્રોનું અને તે દરેકની માનસિક સ્થિતિ અને વિચારની સાથેના સંબંધનું વર્ણન મળે છે. પૌરાણિક સંપ્રદાય પ્રમાણે કૂર્મ-આકાર મનજના બ્રહ્મરંધ્રના વિભાગમાં ભ્રમરની મધ્યરેખા અને "મનરોઝ ફેરામેન"ની વચ્ચેના સ્થાનમાં રહે છે અને બ્રહ્માંડ (કરોડના

+ Nerve. x Nervous System.

હાકડા–મેરુ) માં બહારની, સુષુમ્ણા નાડી, અને મનોવહા નાડીમાં રમે છે. સુષુમ્ણાના મધ્ય રજ્જુમાંથી ઇડા અને પિંગલા નામની નાડીઓ (જ્ઞાનતંતુઓ) નીકળે છે. આ બધું જ્ઞાનતંતુઓ દ્વારા મગજનાં છે. એક તો બાહ્યાવયવમાંથી મતિ અને મગજના ઉપર બાજુ મેળવી શકાય છે. બીજું મનોવહ, જેમાં જ્ઞાનેંદ્રિયના તંતુઓ–ગંધવહા, રૂપવહા, શબ્દવહા, રસવહા, અને સ્પર્શવહા નાડીઓ એકઠી થાય છે. મનોવહ અંતરવહા નાડીથી ઇડાની સાથે સંયુક્ત થાય છે ત્યારે જ સવિકલ્પ જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ જ્ઞાનતંતુઓની સંખ્યા એકંદર બારસો ઉપરની ગણવામાં આવે છે. આ બધું અર્વાચીન જ્ઞાનતંતુસંસ્થાના બધાંની સાથે સહંતર મળતું આવતું નથી,* તો પણ તેનો ઠેકઠેકાણે ખ્યાલ આવે પડે છે એ માટે તો કાળના હિન્દુઓને ધન્યવાદ ઘટે છે. સાધારણ વૈદ્યકવિદ્યા ચારે આ જ્ઞાન ઉપયોગી નહિ હોય પરંતુ યોગીઓને અને યોગના ઉપાસકો હજુ પણ એ નિચારભૂમિકાને સત્ય સમજીને ચાલે છે.

સુપ્રજનનવિદ્યા

પ્રાચીન હિન્દુઓ ગર્ભવિદ્યા, ગર્ભપોષણ, અને ગર્ભશુદ્ધિ વિષે બધું જાણતા હતા: માત્ર ચીરીને અથવા તો બીજી રીતે પ્રત્યક્ષ નિરીક્ષણ અને અવયોકનથી પ્રાપ્ત કરેલું તેમનું જ્ઞાન અર્વાચીન સમયમાં પણ બહુ અપ્રતિષ્ઠ ગણી શકાય નહિ. સુપ્રજનનવિદ્યા અને આનુવંશિક સંસ્કારના તત્વો પણ તેઓ સારી રીતે સમજ્યા હતા: જાતિની શુદ્ધિ જાળવવા માટે અને વિદેશી અને અનાર્ય પ્રજાઓને દૂર રાખવાને માટે જાતિસંસ્થા ઘણી ઉપયોગી થઈ પડી હશે: અનુલોમ અને પ્રતિલોમ સંબંધના સિદ્ધાન્ત નીચે સુપ્રજનનવિદ્યાના તત્વોનો ખ્યાલ થાય છે. તે ઉપરાંત બીજા રિવાજો અને પ્રથાવિધિ, ગર્ભસંસ્કાર અને સુપ્રજાની ઉત્પત્તિ માટે અનેક રીતે અનુકૂલ હતાં. આ વિષયને અંગેનાં

* વધુ વિગત માટે જુઓ ડા. મધુસૂદનસેનનું પુસ્તક–ગાઈડ.

કાળમાં કેટલે અંશે ઉપયોગી છે એ વિષાદગ્રસ્ત વિષયમાં ન ઊતરતાં આપણે એટલું તો કહી શકીશું કે પ્રાચીન સમયની બીજી પ્રજાઓ કરતાં હિન્દુ વિદ્વાનોનું આ વિષયનું જ્ઞાન ઘણું ઉત્તમ પ્રકારનું હતું.

વનસ્પતિવિદ્યા

ઔષધને માટે આવશ્યક વસ્તુઓને સ્વદેશમાં એકઠી કરવાની પદ્ધતિને લીધે પ્રાચીન હિન્દુ વૈદ્યોનું વનસ્પતિ-વિજ્ઞાનું જ્ઞાન તે સમયમાં ઉચ્ચ પ્રકારનું હતું:

વૈશેષિક સંપ્રદાયના પ્રશસ્તપાદ નીચેનું વર્ગીકરણ કરે છે.

(૧) તૃણ-ઘાસ, (૨) ઔષધિ-ફલ પાકી ગયા પછી સુકાઈ જનાર (૩) લતા-વેલાઓ, (૪) અવતાન-માંડવા ઓ અને છોડવા, (૫) વૃક્ષો-ફૂલ અને ફલ ધારણ કરનાર, (૬) વનસ્પતિ-ફૂલ વગર ફલ ધારણ કરનાર.

વનસ્પતિઓનું ચરક અને સુશ્રુતાદિનાં પુસ્તકોમાં નીચે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું હતું:



હિપ્પન (ઇ. સ. ૬૭૫), ગ્રીક અને વનસ્પતિમાં કુટજ, મરણ, ઊંધ, બાલરણ, રોગ, દવાની અસર, બીજમાંથી સજાતીય અનુબન્ધ,

અનુકૂલ પદાર્થ તરફની ગતિ, અને પ્રતિકૂલ પદાર્થથી દૂર જવું વગેરે સુપ્રસિદ્ધ વર્ણન કરે છે. સૂર્યમુખી ફૂલની સૂર્ય તરફની ગતિના વિચાર ઉપરથી ઊપજતી કવિતા અને બીજી અનેક કલ્પનાઓ સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે. સૂર્યની રશ્મિત વનસ્પતિઓમાં એકત્રિત થાય છે અને મૃત વૃક્ષોને બળતણ તરીકે વાપરતાં આ સૂર્યશક્તિનો જ ઉપયોગ થાય છે.

વનસ્પતિમાં જીવ હોઈ શકે અને તેમનામાં પ્રાણીજીવનનું સાદૃશ્ય પ્રાપ્ત થઈ શકે એ વિચાર અર્વાચીન વનસ્પતિવેત્તાઓને કબૂલ કરાવવાને આટે સર જગદીશચંદ્ર બોઝને વીસ વર્ષ લાગ્યાં પરંતુ પ્રાચીન હિંદુઓને લક્કલવતી-લગ્નમણીમાં સંકોચાવિ જોવામાં જરા પણ વાર લાગી નહોતી. વનસ્પતિજીવનનાં લક્ષણોનું વર્ણન કરતાં સુશ્રુતાચાર્ય નામના જૈન ગ્રંથમાં વનસ્પતિમાં (૧) બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા, (૨) નિયમિત વૃદ્ધિ, (૩) નિદ્રા, જાગ્રતાવસ્થા, (૪) રંગોનો સંકોચ અને વિકાસ, અને આધાર (ટેકા) તરફની ગતિ, (૫) ઘા બાંધવાથી અને ઔષધોથી સુધારો જણાવ્યો, (૬) આહારની અનુકૂલતા અને પ્રતિકૂલતાની સાથે તેમની વૃદ્ધિ અને મરણ, વ્યાધિ-રોગનિદાન, અને વૃક્ષાયુર્વેદ, વગેરેનું વર્ણન જોવામાં આવે છે. વૃક્ષો અને વનસ્પતિમાં ચેતના અને અંતઃકરણ હોય છે એ તો હિંદુશાસ્ત્રોમાં સ્વીકારાયું છે: તેમનામાં સુખ અને દુઃખ અનુભવવાની શક્તિ હોય છે પણ તે અતિમંદ અને ગુપ્ત હોય છે. વૃક્ષાસ્તુ ચૈતન્યવંતોઽપિ તમસ્તમસા જ્ઞાનતયા શાસ્ત્રોપદેશવિષયા એવ। —ચક્રપાણિ. પરંતુ તેમની એ ચેતના મનુષ્ય જેવા પ્રાણીના અસ્તિત્વના વિચારો કરતાં ભિન્ન પ્રકારની છે કે કેમ એ એક ઘણો ગૂઢ પ્રશ્ન છે. મનુષ્ય ઘાયલ થાય છે ત્યારે તેના જ્ઞાનતંતુઓ અને અંગોમાં જે કાંઈ ફેરફાર થાય છે, તેવો માનસિક વ્યવહાર હજુ સુધી સ્પષ્ટ રીતે વનસ્પતિઓમાં જોવામાં આવતો નથી. સર જગદીશચંદ્ર બોઝે શરૂ કરેલું કામ આ દિશામાં ચાલુ છે અને તેનાથી હજુ ઘણી આશા રખાય છે.

પ્રાણીવિદ્યા

વનસ્પતિવર્ણન સાથે પ્રાણીવર્ણન અને તેમના વર્ગીકરણમાં પ્રાચીન હિન્દુઓ પ્રવીણ હતા. યજ્ઞમાં અપાતા પ્રાણીઓની આહુતિના રિવાજને લીધે, ખેતીમાં ઢોરના ઉપયોગને લીધે, અને યુદ્ધમાં ઘોડાઓના અને હાથીના ઉપયોગને લીધે, તેમ જ માંસ મત્સ્યાદિના ખોરાકમાં અથવા ઔષધમાં ઉપયોગને લીધે, પ્રાણીઓના બહારના અવયવ અને તેમની અંદરની રચના વગેરેનું જ્ઞાન તેમને સારી રીતે થયું પામ્યું હતું. કૃમિવર્ગે આપેલું કરવ્યું અને પક્ષીઓનું—તેમના બહારના દેખાવ અને વર્તનનું ચોકસ વર્ણન ઘણા અંશે બરું છે. સુશ્રુતમાં ૭ જાતની કીડીઓ (પિપીલિકા), ૬ જાતની માંખો, પાંચ જાતના મચ્છર, આઠ જાતના કાનખજુરા, ત્રીસ જાતના વીંછી અને ૭ જાતના કરોળિયાનું વર્ણન છે. પ્રાણીઓના વર્ગીકરણમાં તેમના જન્મ અને ઉત્પત્તિ પ્રમાણે, અથવા તો તેમની જ્ઞાનેંદ્રિય, તેમના વર્તન, અને તેમની મનુષ્યને ઉપયોગિતાના ઉપર આધાર રાખવામાં આવતો. ભવિષ્યપુરાણમાં નાગ અને સાપમાં કેવી રીતે પ્રજાની ઉત્પત્તિ થાય છે, કઈ ઋતુમાં ઈંડા ઉત્પન્ન થાય છે અને કઇ ઋતુમાં ઈંડાંનું નર અને માદા ભક્ષણ કરે છે વગેરેનું વર્ણન છે. ઈંડાં પરિપક્વ થતાં તેના લાલ રંગ ઉપરથી નર અને સોનેરી રંગ ઉપરથી સ્ત્રી સર્પની ઉત્પત્તિ કહી શકાય છે. જન્મ્યા પછી સાત દિવસમાં સાપનો રંગ ઘેરો થાય છે અને પંદર દિવસમાં દાંત આવે છે અને બારમે દિવસે દાંતમાં ઝેર ઉત્પન્ન થાય છે અને પચીસમી રાત્રે આ ઝેર પ્રતીક્ષ થાય છે. ૬ ૬ મહીને સાપ કાંચળી ઉતારે છે. અંજુન, નોળિયો, મોર, ચકોર, બિલાડી, અને વીંછીથી સાપનું મોત થાય છે; પરંતુ તેમાંથી બચવા પામે તો ૧૨૦ વર્ષ જીવે છે. આ વર્ણન ઉપરથી પ્રાચીન હિન્દુઓનું સૃષ્ટિઅવલોકન અને નિરીક્ષણશક્તિનું આપણને જ્ઞાન થાય છે. પ્રાણીઓના વર્ગીકરણમાં સ્વેદજ (તાપ અને બેજમાં ઉત્પન્ન થતા), અંડજ (ઈંડામાંથી ઉત્પન્ન થતા કૃમિ, કીડા,

કીડી), ઉદ્ભિજ્જ (અન્યકૃત રૂપમાં ઉત્પન્ન થતા દેડકા વાર્ષાકાલે [ततः मण्डूकः शुक्लवत्] मण्डोदके प्रातः) અને જરાયુજ, જલમાંથી ઉત્પન્ન થતાં પ્રાણીઓ, ચતુષ્પાદીઓ એ મુખ્ય હતા. આ પ્રાથમિક વર્ગીકરણ ઉપરાંત કણાદ, ઉમાસ્વાતી, નાગાર્જુન, સુશ્રુત વગેરે વિદ્વાનોનાં વર્ગીકરણના દાખલા છે. ક્રમ-ક્રમાય રીતે આપેલા છે. પરંતુ તે સઘળામાં બાહ્ય પદાર્થોના સિવાય અંદરની રચના અને અંદરની પ્રકૃતિનું પદાર્થોના આધારભૂત નહિ હોવાથી વાસ્તવિક રીતે અર્વાચીન વિજ્ઞાનમાં તે ઉપયોગી થઇ પડે તેમ નથી. તેથી પ્રાચીન હિન્દુઓને પ્રકૃતિઅભ્યયન, પ્રકૃતિનિરીક્ષણ અને અવલોકન માટે આપણે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ધન્યવાદ તેમની પ્રાણીઓની આંતરરચના અને આંતરપ્રકૃતિના અભ્યાસને માટે આપી શકાય નહિ. તેનું એક કારણ એ કે તેમનું નિરીક્ષણ અને પદાર્થોને એક જ દૃષ્ટિથી કરવામાં આવ્યું હતું અને તે તત્ત્વજ્ઞાન અને ધાર્મિક વિચારના સંગ્રહની દૃષ્ટિથી. દરેક વિદ્વાને ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનથી તદ્દન જુદું પાડવાની હાલની પદ્ધતિ તે સમયમાં પ્રચલિત ન હતી.

સાદૃશ્યીય પ્રવીણતા

ઉપરના વિવેચન ઉપરથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીન હિન્દુઓએ એક જ વિષયમાં નહિ પણ વિજ્ઞાનની સઘળી શાખાઓમાં એક સરખા પ્રકારની પ્રવીણતા પ્રાપ્ત કરી હતી. તત્ત્વજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આયુર્વેદનું તેમનું જ્ઞાન બીજી પ્રાચીન પ્રજાઓના કરતાં અપ્રતિમ હતું, અને બાબીલથી આરબ, તુર્ક અને ગ્રીસની પ્રજાઓ મારફત આ જ્ઞાન યુરોપને પહોંચ્યું ન હોત તો મધ્યકાલીન યુરોપના અંધકારનો સમય વધારે લંબાયો હોત. વિજ્ઞાનની બધી શાખામાં મેળવેલી પ્રવીણતા ધ્યાનમાં રાખીએ તો બાબીલિઅન, ઈજીપ્શિયન, ગ્રીક, ચીનીઓપન, ઍસીરિયન પ્રજાઓના સંસર્ગથી જ હિન્દમાં વિજ્ઞાનનો પાયો નંખાયો હતો એ મત સ્વતઃ તૂટી જાય છે: કારણ કે એક સરખી રીતે હિન્દી વિદ્વાનો પોતાના સ્વતંત્ર અન્વેષણથી એક નહિ

પણ અનેક દિશામાં પ્રકૃતિમાં ગૂઢ સત્યો શોધી કાઢવાને સમર્થ હતા.

બીજું એક યાદ રાખવાનું છે કે હિંદમાં વિજ્ઞાનનો દીપ અમુક સમય સુધી ઝગઝગીને બુઝાઈ ગયો નહોતો. વૈદિક સમયથી પૌરાણિક કાળ સુધીના લગભગ ૨૫૦૦ વર્ષ સુધી અને ત્યાર પછી બીજાં પંદરસો વર્ષ સુધી પણ આ દીપની જ્યોતિનો પ્રકાશ દેશમાં સર્વત્ર પથરાઈ રહ્યો હતો. દેશનો વિસ્તાર વિશાળ હોવા છતાં પણ વિજ્ઞાન-ઝંકારો આ દીપનો પ્રકાશ અધે પહોંચ્યો. તેથી ફક્ત કાશી જેવાં મોટાં શહેરોમાં જ નહિ પણ પંજાબમાં તક્ષશીલા, અંગદેશમાં નાલન્દા, માળવામાં ઉજ્જયિની અને તેમનાં જેવાં બીજાં અનેક સ્થળોમાં વિદ્વાનો વૈજ્ઞાનિક અન્વેષણોમાં મગ્ન રહેતા. નાલન્દા, વિક્રમશીલા, ઉદયપુરના મઠોમાં દસ હજાર વિદ્યાર્થીઓ ભણતા અને તેમને રસાયનશાસ્ત્ર શીખવવામાં આવતું તે વિષે હ્યુએ ઉલ્લેખ કર્યો છે. ચરક (ઇ. સ. પૂ. ૬૦૦) પંજાબનો રહેવાસી હતો; સુશ્રુત (ઈ. સ. ૧૦૦) કાશીનો રહેતો હતો, એમ ધારવામાં આવે છે. વાગ્ભટ્ટ (આશરે ઇ. સ. ૭૦૦)નું નિવાસસ્થાન સિંધમાં હતું; આર્યભટ્ટ (ઇ. સ. ૧૰૫૰) બંગાળી હતો; આર્યભટ્ટ (ઈ. સ. ૪૭૬ માં) પાટલીપુત્રમાં જન્મ્યો હતો અને શાર્ઙ્ગધર (ઇ.સ. ૧૩૫૰) રાજપુતાનામાં રહેતો. તે ઉપરાંત ગુજરાત, ભરૂચ, ઓરંગાબાદ, નેપાલ, તિબેટ, કુમ્ભકોણ, હલિબિડ, અને કોંકણ પ્રદેશોમાં (પંદરમા અને સોળમા સૈકામાં) થયેલા વૈજ્ઞાનિકોનાં નામો મળી આવે છે. આવા મોટા વિસ્તાર ઉપર પથરાઈ ગયેલા વિદ્વાનમંડળમાં દક્ષિણિ કુ અને ક્રમ-ક્રમની ઉન્નતા જોવામાં આવે એ સ્વાભાવિક છે. પરંતુ તેથી પ્રાપ્ત થતી વિવિધતા અને નવીનતા હિંદુ પ્રાચીન વિજ્ઞાનનું એક ખાસ લક્ષણ છે. તેથી ઊલટું વાસ્તવિક સહકાર, ટીકા, અને વિવેચનના અભાવે અપૂર્ણતા વગેરે દોષો જોવામાં આવે છે. તે છતાં પ્રાચીન હિંદુઓનું વિજ્ઞાન ઊંચા પ્રકારનું હતું અને આ વારસો ભોગવવાને અને સાચવવાને માટે, અને તેને અર્વાચીન સમયને અનુકૂળ રૂપમાં

મૂકવાને માટે ઘણી મહેનત અને મતની જરૂર છે. વનસ્પતિ-વિદ્યાના એક જ નિયમની અર્વાચીન દૃષ્ટિએ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં સર જગદીશ બોસે પોતાનું આખું જીવન વ્યતીત કર્યું હતું. એવા અનેક વિદ્વાનો ગુજરાતમાં નીપજે અને ગુજરાતના વિજ્ઞાનના સાહિત્યમાં અભિવૃદ્ધિ કરે અને હિન્દનું પ્રાચીન ગૌરવ અર્વાચીન પદ્ધતિએ સિદ્ધ કરે એમ ઇચ્છીએ છીએ.

ગુજરાતમાં ૧૨ મા સૈકામાં હેમચંદ્રાચાર્યનો નિબંધશેષ, સોમનાથ પાસે દેહકના રહેવાસી નાગાર્જુનનો રસરત્નાકર, સુપદ્મવૈદ્ય સોઢલનો બારમા સૈકામાં લખાયેલો ગદનિગ્રહ અને શુશ્રુતસંગ્રહ એ પુસ્તકો આયુર્વેદના પ્રાચીન ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. પોરબંદરના વિદ્વાન વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇંદ્રજીએ કચ્છ અને અરબની વનસ્પતિઓનો ફાજીલ રીતે અભ્યાસ કરીને અર્વાચીન સમયમાં પણ હિંદી વૈજ્ઞાનિકોની કીર્તિ ઉજ્જ્વળ રાખી છે. મુંબઇની આયુર્વેદ કૉલેજમાં અને જામનગરના રાજવૈદ્યોના આશ્રય નીચે ગુજરાતમાં આયુર્વેદના ઇતિહાસના સંશોધન માટે ઘણું કામ થઇ રહ્યું છે; અને બરોડા આયુર્વેદને સારી મદદ રાજ્ય તરફથી મળતી થઇ છે. તેનો લાભ લઇને જૈન સંશોધનપદ્ધતિ દ્વારા પ્રાચીન હિંદ આયુર્વેદને શુદ્ધ વિજ્ઞાનની સાથે રહી શકે તેવા સ્વરૂપમાં અર્વાચીન રીતે સ્થાપવામાં આવશે એવી આશા રાખી શકાય.

★

પ્રકરણ
૭ મું:

યુરોપમાં મધ્યકાલીન સમય

વિજ્ઞાનના ઇતિહાસનું દિગ્દર્શન (ચાલુ)

પ્રાચીન ગ્રીક પ્રજાના અસ્ત પછી કલા અને તત્ત્વજ્ઞાનને અભ્યસનારા રસિકો યુરોપમાંથી ઓછા થઈ ગયા અને ત્યારપછી રોમનો પણ વિજય અને ધનના મદમાં ચકચૂર અને લહેરી જીવન ગાળવા લાગ્યા. વિદેશી જંગલી પ્રજાઓના આગમન અને સંસર્ગથી પ્રજાની માનસિક શુદ્ધિ દૂષિત થતી જતી હતી; અને સતત યુદ્ધોથી, સત્ત્વશીલ અને પુષ્ટ પુરુષોના ક્ષયથી, તેમજ ઊંચા અને ઉત્તમ કુટુંબોમાં સારા વેપારથી પ્રજાના ઉત્તમ ગુણો અને સંસ્કાર દુર્લભ થતા જતા હતા. વળી મેલેરિયાના ઉપદ્રવથી પણ દેશની આબાદી અને પ્રજાની સુખશાન્તિ અટકી પડી હતી; ઉત્તર અને મધ્ય પ્રદેશની, આદીકન અને સેમેટીક જાતની પ્રજાઓના સંસ્કારથી ઉત્પન્ન થતી મિશ્ર રોમન પ્રજાઓમાં સામાન્ય આદર્શ અને કર્તવ્યદિશાના અભાવને લીધે, તેમ જ રાજ્યનીતિ અને રાજ્યદૃષ્ટિના અભાવને લીધે, તેમનો નાશ સમીપ આવે અને જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા અને વિજ્ઞાનદૃષ્ટિ ક્ષીણ થાય એમાં નવાઈ શું? ગ્રીક તત્ત્વવેત્તાની શાળાઓ જસ્ટીનિયન બાદશાહના હુકમથી બંધ કરવામાં આવી એ પણ અંધકારનો અવધિ હતો. ઇસવી ત્રીજા સૈકા પછી યુરોપમાં સમજાગ સર્વત્ર અવ્યવસ્થા અને અંધકારનું સામ્રાજ્ય હતું. ખ્રિસ્તી ધર્મના પ્રથમ અનુયાયીઓ ગ્રીકો અને ધર્માંધ હતા. અને બાઇબલ અને ખ્રિસ્તી ધર્મની શ્રેષ્ઠતા અને આત્મસિદ્ધિ કરવાને માટે ખરી બાબતો અને બધું સત્ય સંતાડતાં શરમાતા નહિ. આ પરિસ્થિતિમાં સૃષ્ટિજ્ઞાન અને વિજ્ઞાનનો વિકાસ થવો અસંભવિત હતો.

ઇસવી બીજા સૈકામાં લખાયેલા એક પુસ્તકમાં સૃષ્ટિજ્ઞાનનું વર્ણન બાઇબલની દૃષ્ટિથી લખાયેલું છે: તેમાં સિંહનાં બચ્ચાં મુવેલાં જન્મે છે અને ત્રીજે દિવસે સિંહની ગર્જનાથી એ બચ્ચાં સજીવન થાય છે એ અભિપ્રાય પ્રતિપાદન કરવામાં આવેલો છે. આમાં મુસુનુ-

ક્રોસ ઉપરના મરણ પછી ત્રીજે દિવસે સજીવન થયો હોવાના બાઇબલના મતની અસર સ્પષ્ટ દેખાય છે.

ધર્માંધતા

આ પ્રમાણે લગભગ ખ્રિસ્તી મતની શરૂઆતના સમયથી જ ધર્માંધપણાની શરૂઆત હતી. ગ્રીક પ્રજાની પડતીની સાથે તેમની જાહોજલાલી, તેમનું સાહિત્ય, અને તેમના વિચાર અને તેમનું તત્ત્વજ્ઞાન ભુલાઈ ગયું; અને દરેક ધર્મના અનુયાયીને યોગ્ય લાગે તેવા અને તેમના મતને પુષ્ટિ મળે તેવા રૂપમાં સૃષ્ટિજ્ઞાન સમજવામાં આવ્યું. ધર્મિક વિચારની પુષ્ટિમાં તત્ત્વજ્ઞાન જોડાયું અને તેની સાથે સૃષ્ટિજ્ઞાનનું સ્વાતંત્ર્ય ડૂબ્યું. ધર્મિક સિદ્ધાંતોને પ્રચલિત કરવા માટે દરેક વિષય ઉપર ટીકા અને ભાષ્ય લખવાનો રિવાજ શરૂ થયો. પ્રત્યક્ષ નિરીક્ષણ અને અનુભવની પદ્ધતિ ભુલાઈ ગઈ. મોટી સંખ્યા બાબતોથી ફક્ત તર્ક અને વિચારથી જ સત્યપ્રાપ્તિનાં દ્વાર બંધ થવાનું શરૂ થયું. શારીરિક અન્વેષણને બદલે અટકળ અને અસ્પષ્ટ તર્ક-પ્રણાલિકામાં મગ્ન રહેવાનો રિવાજ પડ્યો; અસ્પષ્ટ વિચાર અને સત્ય વિરુદ્ધ સિદ્ધાંત પ્રચલિત થવા માંડ્યા અને સત્યચિંતન અને સત્યશોધનને બદલે કેવળ વિચાર અને અભિપ્રાયોનો સંગ્રહ કરવામાં જ અને તેના અર્થના સૈદ્ધાન્તિક વિવેચન કરવામાં તે સમયના પંડિતો માન અને આનંદ સમજતા થયા. પોતાની બુદ્ધિ અને વિચારમાં શ્રદ્ધા અને વિશ્વાસ નહિ હોવાથી પ્રાચીન સમયના મહાપુરુષોનાં વચનને પ્રમાણ માનવામાં અને તે ઉપર સ્વતંત્ર વિચાર કર્યા સિવાય ફક્ત તેમનાં વચનની સત્તા અને હુકમ પ્રમાણે પોતાનો વિચાર અને જીવનનું નિયંત્રણ કરવામાં કૃતકૃત્યતા માનતા થયા. આ પ્રમાણે બીજાના ઉપર આધાર રાખવાની ટેવથી અને પોતાના અભિપ્રાય બાંધવામાં પોતાની બુદ્ધિનો સ્વતંત્ર ઉપયોગ ઓછો થવાથી, વિરોધીઓ ઉપર ક્રોધ, ઈર્ષ્યા અને કુતૂહલવૃત્તિ પ્રબળ થવા; વિરોધીઓનું દૃષ્ટિબિંદુ જોવા અને તેને નિષ્પક્ષપાતપણે,

વિવેકપૂર્વક તપાસવાની પદ્ધતિના અભાવને લીધે નવીન જ્ઞાન અને વિચારની વૃદ્ધિની આશા રાખવી વ્યર્થ હતી. મધ્યકાલીન સમગ્રનું દિગ્દર્શન કરતાં પ્રખ્યાત બિશપ બેવલ તે સમયનાં ચાર લક્ષણ દર્શાવે છે: (૧) વિચારની અસ્પષ્ટતા (૨) ટીકા અને ભાષ્ય રચવાની પદ્ધતિ, (૩) મતાંધતા (૪) અધ્યાત્મવાદ–આધ્યાત્મિક વિચાર–મોક્ષના વિચારની પ્રબળતા. એ દરેક લક્ષણ તે સમયની પ્રજાઓની માનસિક સ્થિતિનું જ્ઞાન કરાવે છે.

હિન્દુ સમય સાથે સરખામણી

આપણાં કેટલાંક લક્ષણો બીજા મધ્યકાલીન પ્રજાઓની પેઠે હિન્દુ પ્રજામાં પણ જોવામાં આવતાં. વસ્તુઓનાં સ્વરૂપ વિષે તત્ત્વજ્ઞાન-દર્શનશાસ્ત્રની દૃષ્ટિએ જોવું અને વિજ્ઞાનની કેવળ ભૌતિક દૃષ્ટિએ જોવું એ બેમાં ભેદ રહે છે. તેથી વસ્તુઓને પ્રત્યક્ષ જોઈને –તેમના બાહ્ય સ્વરૂપના પ્રત્યક્ષ અનુભવથી–કરવામાં આવતાં વર્ણન અને કેવળ તાત્ત્વિક દૃષ્ટિથી કરેલાં સ્વરૂપનાં લક્ષણોના વર્ણનમાં ફેર પડે છે. દર્શનકારો વસ્તુને પૃથ્વી, તેજ, આપ, વાયુ, અને આકાશના ગુણોની સાથે સરખાવવાનો પ્રયત્ન કરે છે, અને તેથી ઊલટું વિજ્ઞાનીઓ વસ્તુનાં પ્રત્યક્ષ અને ઇન્દ્રિયોપરનાં લક્ષણો ઉપરાંત વધારે ઊંડાણમાં જવાની દરકાર રાખતા નથી; તેથી વિજ્ઞાનીઓના વસ્તુવર્ણનમાં અને વિચારમાં સ્પષ્ટતા અને સરલતા પ્રાપ્ત થાય છે. કાલ્પનિક પદાર્થો અને લક્ષણોની શોધમાં અસ્પષ્ટતા અને સત્યવિરોધનો સંભવ રહે છે; નવું જ્ઞાન–નવી વિચારસૃષ્ટિ–શોધવાને બદલે કેવલ જૂના વિચારો, જૂના આચાર્યો અને તત્ત્વચિંતકો ઉપર જ આધાર રાખીને, તેમને સમજવાને બદલે મોટી મોટી ટીકાઓ રચવામાં જ સંતોષ માનવાની પદ્ધતિથી જ્ઞાન કરતાં હાનિ વધારે છે. સ્વતંત્ર વિચાર કરવાની અને સ્વતંત્ર ગવેષણાની ટેવના અભાવને લીધે ધર્માંધતા–મતાંધતા–અને દેષાંધતાનો પ્રચાર વધી જાય છે. પ્રકૃતિ માનવું અતિમ

બ્રહ્મબિંદુ મોક્ષની ઇચ્છા રાખવામાં આવે, અને તેની સાથે ઐહિક પદાર્થો અને ઐહિક સુખની અવગણના કરવામાં આવે, તો ભૌતિક સૃષ્ટિજ્ઞાન અને પદાર્થજ્ઞાન અને સૃષ્ટિના ભૌતિક બનાવનું જ્ઞાન મેળવવું અશક્ય થઈ પડે. હિંદુ સંસ્કૃતિમાં અંતિમ લક્ષ્યબિંદુ-ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચારે સાથે રાખેલા હોવાથી તત્ત્વચિંતનની સાથે સાથે ભૌતિક સંપત્તિનો ઘણો અંશે વિકાસ થઈ શકેલો હતો. પરંતુ યુરોપમાં મધ્યકાલીન સમયમાં ચારે તરફથી અંધકાર પ્રસરી રહ્યો હતો. ભૌતિક વિષયોમાં પણ નવા જ્ઞાનનાં દ્વાર બંધ હતાં. પરિણામે મોક્ષની તીવ્ર ઇચ્છાથી સમાજની મહાન વ્યક્તિઓ મઠોમાં ધર્મસેવામાં જ મગ્ન રહેતી; અને તેથી જેમ મઠોની સત્તા, ધન, અને આબરૂમાં દિનપ્રતિદિન વૃદ્ધિ જ થતી તેમ તેમ તેમની ધર્માંધતામાં અને મનપરાધીનતામાં જેથી પુષ્ટિ મળતી. પરંતુ તેથી સમાજની વૃદ્ધિ અને વિકાસને માટે આવશ્યક નવા દૃષ્ટિબિંદુના અંકુરો સ્ફુરવાને પ્રસંગ મળ્યો નહિ.

આરબ સંસ્કૃતિ

ગ્રીક ગ્રંથોના જ્ઞાનથી યુરોપના મઠાધિકારીઓ સમગ્ર આઠસો વર્ષ સુધી અજ્ઞાન રહ્યા હતા. મહાન ગ્રીક તત્ત્વવેત્તા એરિસ્ટોટલના પૂરા પુસ્તકોનો લૅટીનમાં અનુવાદ ઈ. સ. ૧૨૧૦–૧૨૨૫ સુધી થયો ન હતો. ત્યારે પહેલાં ધર્માધિકારીઓ અને મઠાધિકારીઓ અને પ્રાચીન સાહિત્યના અભ્યાસી પંડિતોના હાથમાં જ જ્ઞાન માત્રનો ઇજારો રહ્યો હતો. ઇસ્લામની સ્થાપના અને વિજયથી અજ્ઞાન દૂર થવાના કોઈ પ્રસંગો મળ્યા હતા. હિંદુ વિદ્વાન, હિંદુ સંન્યાસીઓ, અને હિંદુ સમૃદ્ધ વ્યાપારી વેપારીઓ અને લશ્કરની મારફત યુરોપમાં દાખલ થયા. એલેક્ઝાન્ડ્રિયા, ફેરો, સ્પેન, કૉન્સ્ટેન્ટિનોપલ વગેરે સ્થળોના સંપર્કને લીધે આ જ્ઞાન યુરોપમાં પ્રસરવું થયું. આરબ રાજ્યની અને ખાસ કરીને મૂર સંસ્થાનોની મારફત આ બધાંયોથી બધું નવું જ્ઞાન યુરોપમાં ફેલાયું. રોમન સંન્યાસીઓ

કઠોળી પદ્ધતિ આ સમયમાં જ પદ્ધતારૂપ બની અને હિંદુ સંખ્યાંક-પદ્ધતિ સર્વત્ર દાખલ થઈ. આ આરબ જ્ઞાન ઉપરાંત ઍરિસ્ટોટલનાં પુસ્તકોનો પ્રચાર થતાં તેરમા સૈકાના પંડિતો અને ધર્માધિકારીઓની માનસિક બંધારણમાં ઘણો ફેરફાર થયો હતો. કેટલાકેક પાદરીઓ તરફથી ઍરિસ્ટોટલની પ્રત્યક્ષ જ્ઞાનની, પ્રયોગાત્મક જ્ઞાન મેળવવાની પદ્ધતિ તરફ તિરસ્કાર દર્શાવવામાં આવતો; અને તેના પરિણામે આપેલાઈ જેવા સ્વતંત્ર વિચારકને પકડવામાં આવ્યો હતો. ઍરિસ્ટોટલમાં આપણને અત્યારે અપૂર્ણતા અને દોષ જણાયે ખાસે તોપણ તે સમયનાં અંધકાર અને અજ્ઞાનનાં આવરણો ભેદ-વાને માટે તેના કરતાં બીજા કોઈ તત્ત્વવેત્તાનાં પુસ્તકો વધારે ઉપયોગી થઈ પડે તેમ ન હતાં, અને તેથી તેનાં પુસ્તકોનું લૅટીનમાં અવતરણ થવાથી તે સમયના સૃષ્ટિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને વિચાર-પદ્ધતિમાં ક્રિસ્તવમય ફેરફારો થયા હતા. અને તેથી જ ૧૨૭૯ માં ઍરિસ્ટોટલનાં પુસ્તકો સામે પારીસની ઑતિક સભા તરફથી કોપ-મય નિષેધ દર્શાવવામાં આવ્યો હતો; પરંતુ નવીન જ્ઞાનપ્રાપ્તિનો ઝુરસો અનિવાર્ય અને રોકી શકાય નહિ તેવો હોવાથી ૧૨૫૫ માં પારિસની યુનિવર્સિટી તરફથી આ નિષેધ દૂર કરવામાં આવ્યો હતો.

થૉમસ ઍકવીનસ

આરબ વિજ્ઞાન અને ઍરિસ્ટોટલના તત્ત્વજ્ઞાનના અભિઅભ્યુથી યુરોપમાં બુદ્ધિવાદના નવા અંકુરો ફૂટવા લાગ્યા. કેવલ તર્ક અને વિતંડાવાદને બદલે વિવેકપૂર્વક વિવેચનની પદ્ધતિ તરફ અને શબ્દપ્રમાણને બદલે ઍરિસ્ટોટલની પ્રત્યક્ષપ્રમાણની પદ્ધતિની ઉત્ત-મતા તરફ વિચારકોનું ધ્યાન ખેંચાવા લાગ્યું. ધાર્મિક વિવેચનમાં પણ આ પદ્ધતિ પ્રમાણે વિચારસંકલના ગોઠવવાની આવશ્યક સ્વીકારવા લાગી. ઓક ઈટાલિયન ઉમરાવ કુટુંબમાં જન્મેલો પાદરી થૉમસ ઍકવીનસ (ઈ.સ.૧૨૨૫–૧૨૭૪) ખ્રિસ્તી શાસ્ત્રો અને ઍરિસ્ટોટલનાં

તત્વજ્ઞાન અને બૌદ્ધિકવિદ્યાનું સમાધાન કરવા તત્પર રહેતા અને ધર્મવિદ્યા અને તત્વજ્ઞાનનો વિરોધ દૂરકરવાને પ્રયત્ન કરતા તેના પ્રયત્નો યોગ્ય અંશે સફળ થયા હતા. તેણે પોતાને મત એટલો તો સ્પષ્ટતા અને પ્રતિભાથી સમજાવ્યો કે તેથી એરિસ્ટોટલનું શિક્ષણ અને ખ્રિસ્તી ધર્મનાં તત્વો બન્ને ઈશ્વરદત્ત જ્ઞાન ગણવા લાગ્યાં અને તેથી તે બેમાંથી એક ઉપર ટીકા અથવા વિવેચન કરવું ગુનાહ ગણાવા પામ્યું. ટોલેમીના વાદ પ્રમાણે વિશ્વનું મધ્યબિંદુ પૃથ્વી છે અને ગ્રહ તારકો, સૂર્ય અને ચંદ્ર એ પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે એ મત તેણે એરિસ્ટોટલના પ્રમાણથી પ્રચલિત કર્યો હતો અને તેણે જેવી વિશ્વસૃષ્ટિ ઉત્પન્ન કરી હતી કે તેથી પ્રાચીન ધર્મવિદ પંડિતોની વિચારપદ્ધતિ તરફ તિરસ્કાર ઉત્પન્ન થયો; તે છતાં આપણે કબૂલ કરવું પડે કે ખ્રિસ્તધર્મ અને ધર્મજ્ઞાનને એકત્રિત કરી નાખીને એરિસ્ટોટલની મદદ એકવીસમે પણ તત્વજ્ઞાન અને ધર્મવિદ્યાની એકતાને નામે તત્વજ્ઞાનની અને વિજ્ઞાનની સ્વતંત્રતા કુંઠાવી હતી, અને સમજણ ચારસે વર્ષ સુધી એની પદ્ધતિ વિરુદ્ધ ટીકા કરવી એ અશક્ય થઈ પડ્યું હતું.

રોજર બેકન

આથી ઊલટું અર્વાચીન વિજ્ઞાનના ઉદયમાં સહાયભૂત થાય એવી પ્રવૃત્તિ તે જ સમયના એક અંગ્રેજ પાદરી રોજર બેકન (૧૨૧૪–૧૨૯૧) ની હતી. તેના વિવેચનના પુસ્તકો ઉપરથી તે સમયની માનસિક સ્થિતિનું જ્ઞાન આપ્યું છે. પ્રકાશવિદ્યા, પ્રકાશના પરાવર્તન અને વક્રીભવન÷ના નિયમોનો તેણે અભ્યાસ કર્યો હતો. તે ઉપરાંત કાચના આયના, ત્રિપાર્શ્વ*અને ગોલાકારપક્ષ–તાલમાંથી પ્રકાશનાં કિરણો કેવી રીતે પસાર થાય છે, અને તેનો લાભ લઈને દૂરદર્શકયંત્ર કેવી રીતે બની શકે તેની સમજ તેણે મેળવી હતી. ત્રિકાળદર્શી આયના, રૂપ બદલવાના કાચ, તોપોને માટે દારૂ, ઔષધયુક્ત્યબ્ધિ, કીમિયા એ સમયના

÷ Refrection * Prism

વધુંનમાં થોડી ખરી વિગતો અને બીજા અનુમાનો અને અંગત અભિપ્રાયોનું મિશ્રણ છે. તે છતાં અધિતવિદ્યા અને અન્વેષણવિદ્યામાં તેણે પ્રશંસનીય મેળવી હતી; અને ખગોળ સુધારવાના પ્રયત્ન કર્યા હતા. તે ઉપરાંત બધા શાસ્ત્રોમાં પ્રયોગાત્મક શાસ્ત્રની આવશ્યકતા તેણે સ્વીકારી હતી. કેવળ તર્ક અને ન્યાયના નિયમો ઉપર આધાર રાખવા કરતાં તેણે પ્રયોગાત્મક જ્ઞાન શ્રેષ્ઠ અને ખૂબ નજીક હોવું જોઈએ એવું કહ્યું. સત્યપ્રાપ્તિનો એક જ માર્ગ છે અને તે પ્રત્યક્ષ પ્રયોગ અને નિરીક્ષણનો છે એ સ્વીકારતાં છતાં પણ સમયનો અને પરિસ્થિતિનો પ્રભાવ એટલો બધો પ્રબળ હતો કે તેના સમયના મધ્યકાલીન પંડિતોના કરતાં તે વધારે ઊંચે ચઢી શક્યો નહિ. બાઇબલ, તેના અક્ષર સ્વરૂપમાં મેળવી શકાય તો તેને સ્વતંત્ર અને અંતિમ પ્રમાણ માનવામાં અને તે સમયની અંધ ધર્મશ્રદ્ધામાં માનવામાં તે અચકાતો નહિ. તે એમ પણ ધારતો કે જ્ઞાન, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન માત્રનો મુખ્ય ઉદ્દેશ ધર્મવિદ્યાને સર્વશ્રેષ્ઠ રાણી તરીકે પૂજવાનો અને તેની પૂજાની સામગ્રી એકત્રિત કરવાનો હતો. આ પ્રમાણે એના ધાર્મિક વિચારથી એની માનસિક વૃત્તિ અકલુષિત ન હતી અને તેનાં પુસ્તકોમાં તદ્દન સ્વતંત્ર વિચારોની સાથે તે કાળના વહેમો અને ખ્રિસ્ટિ અભિપ્રાયોનો અંકુર જોવામાં આવે છે. પરંતુ તે સમય જ એવો કઠિન હતો કે પ્રચલિત ધાર્મિક વિચારથી સ્વતંત્ર અભિપ્રાય દર્શાવવા જ અશક્ય હતા. એકાદ પોપની મહેરબાનીથી કોઈક પોતાનાં પુસ્તકો લખી શક્યો હતો; પરંતુ તે પોપના મૃત્યુ પછી તેને કેદમાં નાખવામાં આવ્યો હતો અને તે પંદર વર્ષ સુધી (૧૨૭૭–૧૨૯૨). આ પ્રમાણે એનું જીવન એના ધર્મના અનુયાયીઓની પ્રજ્વલિતાથી કલુષિત થયું હતું; તેવી જ રીતે તેની ઉચ્ચ માનસિક વૃત્તિ પણ તે જમાનાના દોષથી કલંકિત થઈ હતી. તે છતાં એનાં પુસ્તકો અને એની બુદ્ધિ વિજ્ઞાનના ઇતિહાસમાં એને અમર સ્થાન અપાવે છે. પ્રયોગાત્મક વિજ્ઞાનનો સ્થાપક અને પિતા તેને ગણી શકાય.

૩૫૦ વર્ષ પછીના એના નામરાશિ લૉર્ડ બેકનના કરતાં એના સમય, પરિસ્થિતિ અને સાધન જોતાં રૈજર બેકનનું નામ વિજ્ઞાનના ઇતિહાસમાં વધારે ગૌરવ રહ્યાને રહેશે.

આદીન ફ્યૂથર

રૈજર બેકનની માનસવૃત્તિ તે સમયના બીજા તત્ત્વવેત્તાઓમાં ધીમે ધીમે પ્રગટ થતી જોવામાં આવે છે. ઓકહીનસે ધર્મ અને તત્ત્વજ્ઞાનની જે એકતા પ્રતાપી હતી તેમાંથી છૂટવાના તુટક યત્નો થતા આવ્યા હતા. ડન્સ સ્કૉટ્સ (૧૨૬૫–૧૩૦૮) નામના એક તત્ત્વવેત્તાએ ઈશ્વરની સર્વશક્તિમત્તાની વિરુદ્ધ 'મનુષ્યની સ્વતંત્ર ઇચ્છાનો' સિદ્ધાન્ત સ્થાપવાનો શરૂ કર્યો હતો. વિલિયમ ઑફ ઓકહમ (મૃત્યુ ૧૩૪૫) નામના બીજા ચમત્કારિક વિચારકે બાઇબલના અને પાદરીઓના ઘણા મતોની વિરુદ્ધ ઝૂંડો ઉઠાવ્યો હતો, અને તેનાં પુસ્તકોનો ધર્માધિકારીઓ અને પારીસની યુનિવર્સિટી તરફથી નિષેધ કરવામાં આવ્યો હતો. પરંતુ આ ધર્માંધતા બહુ વખત ચાલી નહિ અને આદીન ફ્યૂથર (૧૪૮૩–૧૫૪૬) ના સામાજિક અને ધાર્મિક વિચારોના પ્રબળ મંથનને લીધે સ્વતંત્રતાના સંગ્રામમાં આ ધર્માંધતાનો સંહાર થઇ ગયો. પોપની કચેરીથી ઘણા લોકો મંદિરો અને દેવળોને માટે પૈસા ખાપતા થયા હતા, પોપની મારફત સ્વર્ગ ઉપર નાણાંની હુંડીઓ વેચાતી અને મૃત્યુ પછી સ્વર્ગમાં આ નાણાંનો ઉપભોગ મળવાની ખાત્રી આપવાને લીધે પોપના ખજાના હંમેશા ભરપૂર રહેતા. તે સમયમાં યુરોપમાં બંધાયેલાં મોટાં મંદિરો અને દેવાલયો જોઇને આપણને આજે આનંદ થાય છે. તે છતાં તે મંદિરો બંધાવવાને માટે આવશ્યક ધન મેળવવાની મહત્તિને લીધે પોપના મહેલોમાં પ્રસરેલી અનીતિ અને પાદરીની પ્રજાનાં અજ્ઞાન અને અંધશ્રદ્ધા જોઇને શોક થાય છે. તે દૂર કરવાને આદીન ફ્યૂથર જેવા સુશિક્ષિત અને ધર્મપરાયણ પાદરીની જરૂર હતી. જો કે તેણે વૈજ્ઞાનિક કાર્ય કંઇ કર્યું ન હતું, પરંતુ ધાર્મિક વિચારની સ્વતંત્રતા સિદ્ધ કરીને, સત્યને માટે ફૂંફા મારવાની તત્પરતા દર્શાવીને, બુદ્ધિવાદની અને વિજ્ઞાન-શક્તિની સ્થાપનાને અનુકૂલ વાતાવરણ તેણે ઉત્પન્ન કર્યું હતું. અને તેથી જ મધ્યકાળના અંતે અને અર્વાચીન વિજ્ઞાનના ઉદયના સમયની સંધિના કાળમાં તેની મૂર્તિ ચિરસ્મરણી રહેશે.

પ્રકરણ ૮ મું :

અર્વાચીન સમય—સામાન્ય લક્ષણો

વિજ્ઞાનના ઇતિહાસનું દિગ્દર્શન (ચાલુ)

અહં જોતાં અર્વાચીન વિજ્ઞાનની શરૂઆત અઢારમા અને ઓગણીસમા સૈકામાં થઇ ગણાય. પરંતુ તેનાં મૂળ પંદરમા સૈકામાં નંખાયાં હતાં. આપણે પ્રાચીન અને મધ્યકાલીન સમયને જુદા રાખ્યા છે; તે કાળના કરતાં જુદાં જ લક્ષણો આ અર્વાચીન સમયમાં પ્રાપ્ત થાય છે. પંદરમા સૈકા પછીના લગભગ પાંચસે વર્ષના સમયને જુદા એક જ વિભાગમાં રાખવામાં કેટલાએક પ્રકારના દોષ છે: તે છતાં તે પહેલાંના સમયથી આ સમય અનેક રીતે જુદો પડે છે. એ હકીકત કેટલીએક રીતે સ્પષ્ટ છે. પ્રથમ તો ધર્મવિચારથી તત્ત્વજ્ઞાનને સ્વતંત્ર સ્થાન મળવા માંડ્યું; તત્ત્વજ્ઞાન સ્વતંત્ર થયા પછી વૈજ્ઞાનિક અન્વેષણની પદ્ધતિ પણ સ્વતંત્ર થઇ. પ્રાચીન સમયની સામાન્ય જાતિ—તત્ત્વની કલ્પનાને બદલે, અને અમૂર્ત* વિચારસૃષ્ટિને બદલે, વધારે મૂર્ત વસ્તુઓનાં વર્ણન અને વિચારની અગત્ય સ્વીકારાવા લાગી. ઘટ અને પટના સ્વરૂપના વર્ણનમાં ઘટત્વ અને પટત્વ જેવા અમૂર્ત વિચારને બદલે ઘટને જોવાની, નીહાળવાની, નિરીક્ષણ કરવાની, તેના બાહ્યસ્વરૂપ અને બાહ્યવર્તનની નોંધ કરવાની અગત્ય વધારે તીવ્ર રીતે જણાવા લાગી. કેવલ અમૂર્ત ભાવો જ સિવાય છે અને બાહ્યસ્વરૂપ છળ-માયા છે એ પ્રાચીન વિચાર તત્ત્વજ્ઞાનીઓને પણ ખોટા લાગવા માંડ્યા. ઇન્દ્રિયગ્રાહ્ય વસ્તુઓની સત્યતા સાધારણ દૃષ્ટિએ પણ ખરી લાગવાથી વૈજ્ઞાનિક પ્રયોગની પદ્ધતિની વાસ્તવિકતા જણાવા લાગી. પ્રયોગાત્મક વિજ્ઞાન એ આ સમયની વિશેષતા સૂચવે છે. તેમાં પણ છેલ્લા પાંચસે વર્ષમાં આ વિશેષતાનાં કેટલાં અને કેવાં રૂપાંતરો થયાં છે, અને તે કેવી રીતે અને કેના પ્રયત્નોથી રચાયાં છે તે જાણવું આવશ્યક છે. આ સમયના વૈજ્ઞાનિક ઇતિહાસની અગત્યતા એટલી બધી છે કે

+ universal ideas—mental concepts * abstract

તે સમયના સામાન્ય એટલે સામાન્ય લક્ષણો અને વિજ્ઞાનની વિવિધ શાખાઓના ઇતિહાસનું વર્ણન એ બંનેના જુદા વિભાગ કરવા યોગ્ય જાણે છે. વિજ્ઞાનની શાખાઓના વિકાસનો વિચાર કરતાં પહેલાં આ સામાન્ય લક્ષણો અને તે સમયની પરિસ્થિતિ સમજવી જોઇએઃ કારણ કે પ્રયત્ન તો વિજ્ઞાન માત્ર એક ગણ્યાતું, પરંતુ અનેક પરિસ્થિતિને લીધે તેની શાખાઓ વધતી ગઇ. તે કાર્યમાં કયાં લક્ષણો કેટલા અંશે ઉપકારક હતા તે જાણવું ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યનું છે. (૧) બારમા અને તેરમા સૈકામાં થયેલો મુસાફરીનો શોખ (૨) ઘંટલી મારફત યુરોપનું થયેલું જ્ઞાનપુનર્જીવન (૩) છાપવાની કળાની શોધ (૪) જુદાજુદા વૈજ્ઞાનિકોને બદલે વૈજ્ઞાનિક સભાઓની મારફત અન્વેષણ કરવાની પ્રથા (૫) મનુષ્યના જ્ઞાનનાં સાધનોમાં યંત્રકળાથી થયેલી વૃદ્ધિ (૬) વિજ્ઞાનની વધતી જતી લોકપ્રિયતા (૭) અર્વાચીન વિજ્ઞાનની સાર્વત્રિકતા : એ સાત મુખ્ય લક્ષણોને લીધે અર્વાચીન વિજ્ઞાન પ્રાચીન વિજ્ઞાનથી જુદું પડે છે. અર્વાચીન વિજ્ઞાનનું વધારે સ્પષ્ટ સ્વરૂપ જોઇએ તે પહેલાં આ લક્ષણો સંબંધી થોડો વિચાર કરીએ.

મુસાફરીનો શોખ

યુરોપમાં મુસાફરીનો શોખ ઇસવી. બારમા સૈકામાં વધ્યો વધ્યો હતો. પ્રાચીન સમયના વહાણવટીઓ વેપારને માટે બધે દૂર સુધી જતા હતાઃ હિન્દ, અરબસ્તાન, મિસર, ગ્રીસ વગેરે દેશોની સાથેનો યુરોપનો વેપારનો સંબંધ દરિયામાર્ગે હતો એ વાત પ્રસિદ્ધ છે. આખી દરિયાઇ મુસાફરીમાં તારા, મહ, અને નક્ષત્રોને લીધે જ તેમને દિશાનું જ્ઞાન થતું હતું; પરંતુ દિવસના જ્યારે આ તારાઓ દેખાય નહિ અથવા રાતે વાદળાં અને ધુમસમાં તેમની સ્થિતિ જણાય નહિ ત્યારે આ મુસાફરીમાં ઘણી મુશ્કેલી નડતી. હોકાયંત્રની શોધથી આ સંબંધી મુશ્કેલી દૂર થવા પામી હતી.

હોકાયંત્ર ચીનમાં પહેલું વપરાતું હતું અને હિંદી વહાણવટીઓ પણ તેનો ઉપયોગ પણ પ્રાચીન સમયથી જાણતા હતા, એમ ધારવાને કારણ છે, પરંતુ યુરોપમાં આ યંત્ર લગભગ ઈ. સ. ૧૩૦૦ સુધી કોઈના જાણવામાં ન હતું. ચુંબકીય ધાતુ ખનિજમાંથી મળી આવે છે અને તેનામાં લોખંડની વસ્તુઓને આકર્ષવાની શક્તિ હોય છે. એ અનુભવ બધાને થયેલો હતો. આ ચુંબકત્વવાળા લોખંડના ટુકડા અથવા સોયને પાણીમાં તરતી રાખવામાં આવે અથવા તો એક અણીદાર ધરીઉપર ટેકવવામાં આવે અથવા તો એક ઝીણી દોરીથી અદ્ધર ટાંગવામાં આવે તો તેનો એક છેડો ચક્કસ ઉત્તરદક્ષિણ દિશામાં જ રહે છે, એ વાતનો અનુભવ ખલાસના એક વહાણવટી કુતુબિયો ગિયોનાને થયો હતો. સોયની ઉપર એક નાનો કાગળ ચોટાડીને તેની ઉપર સોયના એક છેડાને ઉત્તરની નિશાની કરવામાં આવે તો પછી તેમાંથી બીજી દિશાઓ સ્પષ્ટ થાય છે. આ પ્રમાણે દિશાનું જ્ઞાન થઈ ગયા પછી વહાણવટીઓનું કામ ઘણું સહેલું થઈ પડે છે: આવી રીતે સજ્જ થયા પછી ધનની લાલસાએ કોલંબસ, વાસ્કો દી ગામા અને મેગેલન જેવા અડગ વહાણવટીઓ પૃથ્વીની પ્રદક્ષિણા કરવાના પ્રયત્ન આદરી શક્યા હતા. હિંદુસ્તાન તરફ જવાના નવા રસ્તાની શોધ કરવા જતાં કોલમ્બસને અમેરિકાની શોધ કરવાનું માન ૧૪૯૨ માં મળ્યું હતું: વાસ્કો દી ગામાએ આફ્રિકાની દક્ષિણે થઈને હિન્દ તરફ જવાનો માર્ગ ૧૪૯૭માં શોધી કઢાડ્યો હતો: મેગેલનનું વહાણ ૧૫૧૯ માં પૃથ્વીની લગભગ પૂરી પ્રદક્ષિણા કરવામાં કૃતકૃત્ય પામ્યું હતું. વહાણવટીઓના આ અનુભવથી સિદ્ધ થયું કે પૃથ્વી ગોળ છે. દરિયાની સપાટી પર દૂર જતાં વહાણ કેવી રીતે અદૃશ્ય થાય છે અને નજીક આવતાં વહાણ કેવી રીતે ધીમે ધીમે દૃશ્યમાન થાય છે તે જોતાં જ પૃથ્વી ગોળ હોવી જોઇએ એમ નિશ્ચય થાય છે; તેવી જ રીતે જુદા જુદા આગમાં નવા નવા તારા અને નક્ષત્રો જોતાંને પૃથ્વી સપાટ નથી એમ ખાત્રી થાય છે. કારણ કે સપાટ જમીન ઉપર આખા

ચર્ચમાં એક જાતના તારા અને નક્ષત્રો દેખાવા બેસે છે. આ વહા-જપટીઓના અનુભવથી અને આજો પોતે અને ટાવર્નિયર જેવા મુસાફરોના વર્ણનોથી વિદ્વાનોની ખાત્રી થવા લાગી કે આપણા વિષે વિષે જાણવાનું બાકી બાકી છે અને પ્રાચીન જાણતા વિદ્વાનોનું જ્ઞાન સર્વાંશે સંપૂર્ણ ન હતું. આ પ્રમાણે નવા જ્ઞાનની કદર થતી ગઈ અને અંધકારનો નાશ થવાની તૈયારી બધી રીતે થવા માંડી.

યુરોપમાં જ્ઞાનપુનરુજ્જીવન

આજ સમયમાં સાહિત્ય, કવિતા અને પ્રાચીન પુસ્તકોના અભ્યાસ તરફ યુરોપની લગભગ બધી પ્રજાઓનું ધ્યાન ખાસ કરીને ખેંચાયું હતું. તેમાં પણ ઇટાલીના અમુક ચોક્કસ ભાગોમાં આ કામ બધી જ ઉત્તમ રીતે થવા લાગ્યું હતું, કારણ કે તે સ્થળોમાં વહાણવટીઓ અને વિદેશી વેપારીઓ અને બીજા સાંસ્કૃતિક વ્યક્તિઓના સમાગમમાં આવવાથી નવું જ્ઞાન મેળવવું સહેલ થઈ પડયું હતું. દેશવિદેશના વેપારથી યુરોપની સમૃદ્ધિની સ્થાપના થઈ હતી : પ્રજાને શાન્તિ અને સંપત્તિ મળવાથી ઉચ્ચજ્ઞાનની પ્રાપ્તિની અભિલાષા પ્રદીપ્ત થઈ હતી. પ્રાચીન ગ્રીસની ઉન્નતિના છેલ્લા બે સૈકામાં બીજા દેશોની સાથેના યુદ્ધમાં મેળવેલી લૂંટ અને ખંડણીની મદદથી દેશને આરામ અને સ્વસ્થતા પ્રાપ્ત થઈ હતી, તેથી ગ્રીક પ્રજા સંસ્કૃતિની ઉચ્ચ પરાકાષ્ઠાએ પહોંચવાને શક્તિમાન થઈ હતી, તેવી જ રીતે વેપારથી અને મુસાફરીના લાભથી ઇટલીમાં આ સમયમાં ઉચ્ચ જ્ઞાનના અંકુરો ફૂટવા લાગ્યા હતા, અને ત્યારથી આ પુનરુજ્જીવનની શરૂઆત થઈ હતી. પ્રાચીન ગ્રીસમાં રોમન્સ અભ્યાસ અને ગ્રીક ગ્રંથોને લીધે આ પ્રજાઓના જ્ઞાનદીપકમાં ત્યારે તાજેથી આહુતિઓ પૂરવામાં આવી, અને "રેનેસાં" પછીના સમયમાં આ જ્ઞાનદીપકોએ પ્રખર સત્ય રીતે પૃથ્વીના સર્વ દેશો ઉપર પડતો આપ્યો છે. નિર્દોષતાને લીધે દેવ

વધતાં જતાં જ્ઞાનની ઉદ્દેશ્યને લીધે પંડિતોની કેવળ ટીકાઓ વાંચવાને બદલે પ્રાચીન લૅટીન અને ગ્રીક ગ્રંથોની અસલ પ્રતોનો અભ્યાસ કરવાની પદ્ધતિ શરૂ થઈ: તેથી મધ્યકાલીન પંડિતોની બુદ્ધિરોધક પ્રવૃત્તિ તરફ શંકા અને તિરસ્કારની નજરે જોવાનું શરૂ થયું. વહાણવટીની શોધોથી, બીજા દેશોના જ્ઞાનવિનિમયથી, અને ટીકાકારોની સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાની પદ્ધતિથી સાહિત્ય, કલા અને વિજ્ઞાન એ બધા વિષયોમાં યુરોપમાં નવું ચેતન પ્રાપ્ત થયું.

મુદ્રણકળા.

આજ સમયમાં મુદ્રણકળાની શોધ (૧૪૧૪) તેમ જ કાગળ બનાવવાના કુનેરની શરૂઆત થઈ. બાઇબલ પહેલીવાર જર્મનીમાં ૧૪૫૫માં છપાયું; કુટાણીમાં પહેલું અખબાર ૧૪૬૫માં નીકળ્યું, અને ઇંગ્લંડમાં કૅક્સ્ટને ૧૪૭૪માં પહેલું છાપખાનું કાઢ્યું. પુસ્તકોની નકલ કરવામાં પહેલાં ઘણો જ સમય જતો અને તેથી જ્ઞાનના પ્રચારમાં ઘણી મુશ્કેલી નડતી, પરંતુ છાપવાની સગવડ થયા પછી સેંકડો પુસ્તકો છપાતાં અને વેચાતાં થયાં, પ્રાચીન ગ્રીક પુસ્તકોના અનુવાદ વંચિયાની બધાને સગવડ મળવા લાગી; તેવી જ રીતે નવી નવી શોધો અને મુસાફરીના અહેવાલ દેશપરદેશોના વિદ્વાનોને સહેલાઈથી મળવા લાગ્યા. આથી સત્ય શોધકોને અને વૈજ્ઞાનિકોને બીજા દેશોમાં શું શું શ્રમ અને વિચાર થાય છે તે સંબંધી જ્ઞાન સહેલાઈથી થવા લાગ્યું. આ પ્રમાણે રથાનાંતર ધીમે ધીમે નષ્ટ થવા લાગ્યું અને યુરોપની બધી પ્રજાઓના વિદ્વાનોને એક બીજાની સાથે સંબંધમાં આવવાના પ્રસંગો અને સગવડો વધી ગયાં. હાલના જમાનામાં છાપખાની કળાની શોધ વિષે આપણને જરાયે નવીનતા ન લાગે: પરંતુ પ્રાચીન અને અર્વાચીન કાળની સંધ્યા સમયના ઇતિહાસમાં આ કળાએ કરેલા પરિવર્તનની પ્રબળ અસર વિષે અત્યુક્તિ કરવી અશક્ય છે. છાપખાની કળાને લીધે મનુષ્યના વિચારોને રથાયી રૂપ મળે છે અને જો કે શિલા અને ધાતુ ઉપરના લેખો જેવું દીર્ઘાયુષ્ય સાંપ્રત પુસ્તક

મુદ્રિત પુસ્તકોનું ગણી શકાય નહિ, તે છતાં એ પુસ્તકની ઘણી નકલો થવાથી અને મુદ્રણ સસ્તું અને સહેલું થવાથી સારાં પુસ્તકો, શુભ વિચારો, અને નવી શોધોનો નાશ થવો અશક્ય છે. એટલે કે અહીંથી યુરોપ જેવો આખો પ્રદેશ દરિયા નીચે અરક થઈ જાય, તો પણ અર્વાચીન સંસ્કૃતિનો નાશ થઈ શકે તેમ નથી. શેક્સપિયર કે મીલ્ટન, ટેનીસન કે દાન્તે, ન્યૂટન કે કેલ્વીન, ડાર્વિન કે બેકનનાં પ્રતિભાશાળી પુસ્તકો અમેરિકા, આફ્રિકા કે ઑસ્ટ્રેલિયા અને દેશોદેશમાં સારી સંખ્યામાં મળી આવશે.

વૈજ્ઞાનિક સભાઓની સ્થાપના

છાપખાનાની શોધની સાથે અને સસ્તાં પુસ્તકોના પ્રચારની સાથે વિજ્ઞાનના અભ્યાસને માટે અનુકૂલતા પ્રાપ્ત કરી આપવામાં દરેક યુરોપીય દેશમાં થયેલી વિજ્ઞાન-પરિષદની સ્થાપના ઘણી રીતે સહાયભૂત થઈ હતી. 'કુદરતનાં ગુપ્ત સત્યો શોધવાની પ્રથમ સભા' નેપલ્સમાં ૧૫૬૦માં સ્થપાઈ હતી, ત્યાર પછી ફ્લૉરેન્સમાં ૧૬૫૧માં ઍકેડેમી સ્થપાઈ. ઇંગ્લંડમાં પણ ૧૬૪૫ની સાલથી એક સભા લંડનમાં મળવા લાગી હતી; ૧૬૪૮માં યુદ્ધ અને વિપ્લવના સમયમાં સભાસદો ઑક્સફર્ડ જઈ ને રહેવાથી તેઓ ત્યાં મળતા; પરંતુ ૧૬૬૦માં ફરીથી લંડનમાં મળવા લાગ્યા. ત્યાર પછી ૧૬૬૨માં તે સભાને રાજાના ખાસ ફરમાનથી 'રૉયલ સોસાયટી ઑફ લંડન-ફૉર ઇમ્પ્રૂવિંગ નેચરલ નૉલેજ' ના નામથી રજીસ્ટર કરવામાં આવી. વૈજ્ઞાનિક કાર્યમાં આ સોસાયટી અને તેના સભાસદો પોતાની કીર્તિ ઘણી ઉજ્જ્વલ અને પ્રદીપ્ત રાખી શક્યા છે કે તેના સભાસદ થવાનું માન મોટું અને એફ. આર. એસ.ની પદવી પ્રાપ્ત કરવી એ વૈજ્ઞાનિકોની ઉચ્ચતમ અભિલાષાઓમાંની એક હોય છે. ફ્રાન્સમાં પણ ૧૬૬૬માં તેવી જ વિજ્ઞાનપરિષદ રાજા ચૌદમા લુઇએ સ્થાપી હતી; આ 'ફ્રેન્ચ ઍકેડેમી'ની કીર્તિ પણ ઓછી નથી. જર્મનીની

* charter

અને બીજા દેશોમાં પણ આવી વિજ્ઞાનપરિષદો ધીમે ધીમે સ્થપાઈ હતી. આવી પરિષદો અને સભાઓ વૈજ્ઞાનિક અભિપ્રાય, અને વિચારની સ્પષ્ટતા અને એકતાની સિદ્ધિમાં અનેક રીતે ઉપકારક થઈ પડતી આ સભાઓની સ્થાપના પછી જ વિજ્ઞાનના વિકાસની ગતિ એકદમ વધી હતી અને તેમ થવામાં તેમનું કામ નાનું ન હતું. કારણ કે જ્યાં ખાસ કરીને જૂના મતની વિરુદ્ધ નવું કાંઈક કહેવાનું હોય તેવા પ્રત્યેક પ્રસંગે એક વ્યક્તિના કરતાં સમસ્ત સભાનું વજન વધારે પડે તેમાં આશ્ચર્ય નહિ. ફ્રાન્સ, ઇંગ્લંડ અને ઇટાલિયે જેવાના અંગત અભિપ્રાયો માટે તેમને પક્ષપાતમાં ગણવે પરંતુ આ અભિપ્રાયો એક વિદ્વાનમંડળ તરફથી દર્શાવવામાં આવે તો તે મંડળના બધા સભ્યોને પક્ષપાતનું કે શિક્ષા કરવાનું અશક્ય જ થાય. આ રીતે વૈજ્ઞાનિક સભાઓની સ્થાપના વિજ્ઞાનના ઇતિહાસમાં ઘણી રીતે લાભકારક થઈ પડી હતી.

યાંત્રિક સાધનો અને સૈદ્ધાન્તિક વિજ્ઞાન

યુરોપમાં સોળમા, સત્તરમા અને અઢારમા સૈકામાં વૈજ્ઞાનિકો ફક્ત નરી આંખે અને સાદા નિરીક્ષણથી અનુભવી શકાય એવી જ ઘટનાનો અભ્યાસ કરી શકતા. ખગોલવિદ્યામાં પહેલું તો થયું એક કામ નરી આંખે અને વગર દૂરબીને કરવામાં આવ્યું હતું. કોપરનીકસના ખગોળસિદ્ધાન્તની સાબિતીમાં દૂરબીનનો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો; કેપ્લર અને બ્રહેને પણ દૂરબીનના ઉપયોગના કરતાં ગણિતશાસ્ત્રની મદદથી તારાઓ અને ગ્રહોની ગતિ અને માર્ગ નિશ્ચિત કર્યા હતા. તે સમયમાં મનુષ્યના સાધારણ અનુભવથી પરનુઓ અને ઘટનાની સમજૂતીમાં જ વિજ્ઞાનનું કામ સમાપ્ત થતું હતું. પરંતુ સૂક્ષ્મદર્શકયંત્ર, દૂરબીન અને તેમાંથી દેખાતાં દશ્યોની છબી પાડી લેવાની કળાથી, તેમ જ બીજા અનેક પ્રકારનાં યાંત્રિક શક્તિઓના ઉપયોગથી મનુષ્યનું કુદરત અને પ્રકૃતિનું જ્ઞાન સુન્દર રીતે વધ્યું અને થયું છે. સ્ટીમ એંજીન (વરાળથી ચાલતું યંત્ર)

અને બીજા અનેક યંત્રોની શોધથી જે ઔદ્યોગિક પરિવર્તન યુરોપમાં અનુભવાયું છે અને વિદ્યુતની ઘટનાના જ્ઞાનથી બીજળીના ટેલીગ્રાફ, ટેલિફોન, ગ્રામોફોન વગેરે, અને તાર વગર સંદેશા મોકલવાની પદ્ધતિ વગેરેથી મનુષ્યને જે આરામ અને સત્તા મળી ગઈ છે તેની કિંમત આંકવી સહેલી નથી. વિજ્ઞાનનાં આ પરાક્રમો ઔપપત્તિક કહેવાય એટલે કે વિજ્ઞાનનાં પરિણામો ઉપરથી અપરોક્ષ રીતે લાભ થયેલો જણાય. તેના વર્ણન માટે આપણે વધુ પૃષ્ઠાઈ રોકીએ તેમ નથી પરંતુ એટલું તો કહેવું જોઈએ કે યંત્રકળાની આ શોધોની સાથે આપણું સૈદ્ધાન્તિક જ્ઞાન પણ વધતું ગયું છે. દૂરબીનોથી તારા વગેરે ગ્રહોની ગતિ સુનિશ્ચિત થઈ છે. તેમનાં બાહ્યરૂપ અને આંતર રચના માટે પણ કલ્પનાને બદલે પ્રત્યક્ષ નિરીક્ષણ અને અનુભવની ફોટોગ્રાફ દ્વારીકતો પ્રાપ્ત કરવામાં આવ્યાં યંત્રો ઘણા ઉપયોગી થઈ પડ્યાં છે. અણુઓની રચનાના નિશ્ચયમાં પણ આવી યાંત્રિક યુક્તિઓ બહુ ઉપયોગી થઈ પડે છે. વનસ્પતીઓની વૃદ્ધિ આપનાર ઘણા જ બારીક વર્ધનવેધનયંત્રથી[x] સર જગદીશચંદ્ર બોઝે વનસ્પતિની રચના, વૃદ્ધિ અને ઉત્પત્તિ વિષે નવો જ પ્રકાશ પાડ્યો હતો.

વિજ્ઞાનની લોકપ્રિયતા

નવા યુગમાં યાંત્રિક શક્તિના પરાક્રમોને લીધે વિજ્ઞાનની પ્રતિષ્ઠા સાધારણ મનુષ્યની નજરમાં વધી ગઈ છે. અર્વાચીન વિજ્ઞાનની એક વિલક્ષણતા તેની લોકપ્રિયતા છે. વિજ્ઞાનના પ્રચારની સાથે સાથે સાધારણ જનસમાજ પણ વિજ્ઞાનની કિંમત આંકતો આવે સમજવા લાગ્યો. ન્યૂટન, બેકન, ગેલીલિયો, ડેકાર્ટ, હાર્વે વગેરે વૈજ્ઞાનિકો તેમનાં પુસ્તકો લોકોને લખતા અને તેથી તેમના મંડળ સિવાય સાધારણ પ્રજા આ પુસ્તકોથી અજાણ રહેતી, તેમ કરવાનાં બે કારણો હતાં એક તો યુરોપના જુદા જુદા વિભાગોના વિદ્વાનોની સામાન્ય ભાષા લેટીન હતી, અને બીજું, સાધારણ જનસમાજમાં પ્રચલિત મતોથી વિરુદ્ધ વિચારો રજૂ કરવામાં ઘણીવાર ધર્મોધ

x cresscograph

અધિકારીઓના જુલમનો ભય રહેતો અને વૈજ્ઞાનિક અભિપ્રાયની સ્વતંત્રતા સામે મુશ્કેલી થઈ પડતી. પરંતુ એકવાર વિજ્ઞાનના પરાક્રમોની પિછાન થયા પછી જનસમાજ વિજ્ઞાન તરફ ખેંચાતો થયો, અને હમેંશ વહાલે વિજ્ઞાનના પૂજકોને શિક્ષા કરવાનો વિચાર માત્ર અયોગ્ય ગણાયો. દરેક દેશમાં સ્થપાયેલી વિજ્ઞાનની અંજુમનોએ લીધે, અને તેમના વિષેયનો પ્રસિદ્ધ રીતે છપાવાથી, સમાજને પણ વિજ્ઞાન સહજ જાણવાનાં અને સમજવાનાં સાધનો વધતાં ગયાં. એગણીસમા શતકમાં ઔદ્યોગિક પરિવર્તનને પરિણામે, ઇંગ્લંડમાં ઉદ્યોગો અને ધનસંપત્તિની વૃદ્ધિ થઈ હતી; પરંતુ તેની સાથે મજૂરોમાં કષ્ટ, રોગ, અને બીજી અનેક સામાજિક મુશ્કેલીઓ ઊભી થઈ હતી. તે મુશ્કેલીઓ દૂર કરવાને માટે પણ વિજ્ઞાનની જરૂર ઊભી થઈ હતી. આરોગ્યવિદ્યા, સમાજવિદ્યા, મજૂરીશાસ્ત્ર, સુપ્રજાજનનવિદ્યા, વગેરે શાખાઓની મારફત મુરોપમાં મજૂરવર્ગ પણ વિજ્ઞાનમાં રસ લેતો થયો. રોકેટો, હુકરની, ટીન્ડલ જેવા સમર્થ વૈજ્ઞાનિકોની રસિક વાણીથી તેમનાં ભાષણો મારફત વિજ્ઞાન પણ લોકપ્રિય થયું છે. આ લોકપ્રિયતાથી બે પ્રકારના લાભ થાય છે. એક તો વિદ્વાનો અને સામાન્ય પ્રજા વચ્ચેના રોજના વ્યવહારની આવશ્યકતાથી વિદ્વાનોને ભાષા અને વિચારની સરળતા પ્રાપ્ત કરવી પડે છે. બીજું જનસમાજના ઉત્તેજનથી વિજ્ઞાનની પ્રગતિને આવશ્યક પ્રેરક બળ, અને સાધન પ્રાપ્ત થાય છે.

વિજ્ઞાનની સાર્વત્રિકતા

વિજ્ઞાનમાં ઔપપત્તિક પરિણામોમાં વ્યવહારની સાધનની સરળતા મુખ્ય છે; તેને લીધે દેશ, પ્રજા, અંતર, અને ભાષાના અંતરાયો દૂર થયા છે અને વિજ્ઞાનની એકતા અને સર્વતોમુખતા ઉપરાંત વિજ્ઞાનની સાર્વત્રિકતા સિદ્ધ થઈ છે. પ્રાચીન સમયમાં આલ્કિયા, મિસર, ચીન કે હિન્દના વૈજ્ઞાનિકોના દરેકના અભિપ્રાયો અને સિદ્ધાંતો જુદા હતા, પરંતુ હવે વિજ્ઞાનના નિર્ણયો અને સિદ્ધાંતો દરેક દેશમાં

એક જ રીતે એક જ રૂપમાં સ્વીકારાય છે, અને તે પણ બધા જ દેશના સમયમાં. એક નવા તારાની, પ્રવૃત્તિની કે વનસ્પતિની શોધ, અથવા તો નવા ઐતિહાસિક તત્ત્વની શોધ અથવા લૌકિકવિદ્યાના એક નવા નિયમની શોધ થઈ જ સમયમાં પૂર્વની જુદી જુદી પ્રજાઓમાં પ્રસિદ્ધ થાય છે. રેડિયમની શોધ, અને એ નવા તત્ત્વમાંથી વીજવિદ્યુત અને આંખું વગેરે ભૌતિક તત્ત્વોની ઉત્પત્તિની શોધ સ્વીકારાતાં નહિ જેવો જ સમય લાગ્યો હતો. વૈજ્ઞાનિક પદ્ધતિની પ્રવૃત્તિઓ અને વૈજ્ઞાનિક વૃત્તિની પ્રતિષ્ઠા જેવી સારી રીતે જામી છે કે અટકળ કે ટેવ જરાયે ટકી શકતો નથી. આમ હોવાથી વૈજ્ઞાનિક અન્વેષણોના સ્વીકારમાં દેશ કે પ્રજાના રંગના બેદને સ્થાન રહેતું નથી. દક્ષિણ આફ્રિકાના બોઅર રાજ્યારણમાં હિન્દને સરખા હક્ક ન મળે. પણ હિંદી વૈજ્ઞાનિકો તો હવે આખી પૃથ્વીની પ્રજાઓમાં માન પામતા થઈ ગયા છે. આંતરરાષ્ટ્રીય સભાઓમાં હવે હિંદના વૈજ્ઞાનિકોને પૂરતું માન અને ઉચ્ચ સ્થાન મળે છે, અને તેમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે.

*

રચના વગેરે વિષયોમાં પણ લિયોનાર્દોએ પોતાની પ્રયોગાત્મક પદ્ધતિનો ફલોનો સ્વાદ ચાખ્યો હતો. ફ્લોરિયો, બાદુ અને જ્યોતિ-ષની વિરુદ્ધ તેણે ઘણું લખ્યું હતું. સૃષ્ટિનું નિયમન અમુક નિયમ-સર થાય છે તે વિષે તેણે ખાત્રીપૂર્વક વિચારો દર્શાવ્યા હતા. લિયો-નાર્દો પોતાની અંગત મૈત્રી, રાજદરબાર અને સમાજનાં પ્રતિબંધ વગેરે કારણોને લીધે પોતાનાં કૃતિઓ ને વૈજ્ઞાનિક તરીકે સારું માન પામ્યો હતો.

કોપરનીકસ

લિયોનાર્દોની માફક તેનો સમકાલીન ખગોલવેત્તા નિકોલસ કોપરનીકસ (૧૪૭૩–૧૫૪૩) તે સમયની ધર્માંધતાથી બચી જવા પામ્યો હતો. તેણે ટોલેમીના પ્રાચીન સિદ્ધાન્તથી વિરુદ્ધ જઈને પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે છે એ સિદ્ધાન્ત પ્રતિપાદન કર્યો. પોપ તરફથી સહિષ્ણુતા અને કાંઈક સહાનુભૂતિ મળ્યા બાદ તેનું પુસ્તક છપાવવાની રજા મળી, તે પણ લગભગ તેના મૃત્યુ સમયે જ. પરંતુ ઈશ્વરે મનુષ્યને માટે આમ બનાવેલી પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે એ વિચાર જ બાઇબલ વિરુદ્ધ અને મનુષ્યની માનદૃષ્ટિને હાનિકારક લાગતો હતો. તેથી રોપરાજ્યમાં ફરી ધર્માંધતાનો પ્રચાર થતાં ૧૬૧૬ માં આ પુસ્તકનો નિષેધ કરવામાં આવ્યો અને તેના 'સિદ્ધાન્તો બાઇબલ વિરુદ્ધ અને ખોટા છે' એવું ખાસ ફરમાન પણ કાઢવામાં આવ્યું. આ નિષેધ લગભગ ૨૦૦ વર્ષ સુધી રહ્યો, અને ઇ. સ: ૧૮૨૨ સુધી કોપરનીકસનો સિદ્ધાન્ત પોપને અને રોમન કેથોલીક પંથીઓને અસ્વીકાર્ય હતો. પૃથ્વી સૂર્યમંડળનું મધ્યબિંદુ નથી. પરંતુ સૂર્યની પ્રદક્ષિણા કરે છે એ સિદ્ધાન્ત દર્શાવવાને માટે ૧૬૦૦ માં બ્રુનોને કૃતઘ્ન બાળી મૂકવામાં આવ્યો હતો. ગેલીલિયો (૧૫૬૪–૧૬૮૨) પાસે પણ આવા જ ગુનાઓ માટે બળાત્કારથી માફી મંગાવવામાં આવી હતી. ગેલીલિ-યોનો* બીજો અપરાધ એ હતો કે તેણે પદાર્થોની પતનગતિ વિષે

*ગેલીલિયો અને બ્રુનોના જીવન માટેના આમુખ વિષે જુઓ પ્રકરણ બીજું.

ઍરિસ્ટોટલની વિરુદ્ધ મત દર્શાવ્યો હતો. તે ઉપરાંત, પીસાના ટાવર ઉપરથી હલકી અને ભારે વસ્તુ એક જ સાથે નીચે પડે છે એ પ્રત્યક્ષ પ્રયોગથી ઍરિસ્ટોટલને ખોટો પાડવાનો પ્રયત્ન કર્યો હતો. તેના શત્રુઓએ તેને છેવટ સુધી છોડ્યો નહિ અને તેના જીવનનો અંતકાળ અંધારામાં અને મરીયાદમાં કાઢવો પડ્યો હતો.

કેપ્લર

આ પ્રમાણે અનેક રીતે ત્રાસ પામવા છતાં પણ વિજ્ઞાનના પ્રથમ શહીદો પોતાના કર્તવ્યમાંથી ચલિત થતા નહોતા. ટાઇકો-બ્રાહી અને તેના શિષ્ય કેપ્લર (૧૫૭૧–૧૬૩૦)ને આ ત્રાસથી એક બાબતથી બીજે સ્થળ ભટકવું પડ્યું. આખરે બોહીમિયાના રાજાના આશ્રયથી આ ત્રાસ કંઈક ઓછો થયો હતો. ખગોલવિદ્યાના ઇતિહાસમાં ટાઇકો, કેપ્લર અને ગેલીલિયો એ ત્રિપુટીનું નામ અમર રહેશે. તેમનો સ્વભાવ અને તેમનું જીવનકાર્ય ભિન્ન ભિન્ન પ્રકારનું હોવા છતાં તેમણે ખગોલવિદ્યાના જ્ઞાનમાં અજબ્બ રીતે વૃદ્ધિ કરી છે. ટાઇકોનું નામ શુષ્ક અને નીરસ હતું. આકાશનું રાત્રિદિવસ નિરીક્ષણ કરીને ખગોળ વિષેની બધી હકીકતો અને તથ્યો એકઠાં કરીને નોંધી રાખવાનું કામ ઘણાને કંટાળાભરેલું લાગે. પરંતુ આ પ્રમાણે બધી વિગતો એકઠી થઇ ન હોત તો તથ્યો અને સાધનો વિના કેપ્લરના પ્રસિદ્ધ નિયમોની શોધ થઇ શકત નહિ. ગેલીલિયો પણ ઉમંગી અને ઉત્સાહી નિરીક્ષક હતો. આકાશ અને ખગોળના સૌન્દર્યનો એ પરમ પૂજક અને ભક્ત હતો. એને આ સૌન્દર્ય-નિરીક્ષણનો લાભ ઘણી જાતોમાં પોતાને સમ-જાવવામાં આનંદ હોતો. કોપરનીકસનો સૂર્યમધ્યવાદ ખરો છે અને પૃથ્વી સૂર્યની પરિક્રમા કરે છે એ સિદ્ધાન્ત તેણે બોધી સરળતા અને સ્પષ્ટતાથી સમજાવ્યો હતો કે સાધારણ મનુષ્ય પણ પ્રત્યક્ષ નિરીક્ષણથી પોતાની ખાત્રી કરી શકે. તેનાથી કેપ્લરનું કામ જુદા પ્રકારનું હતું. તે ચિંતનશીલ હતો અને પોતાની બુદ્ધિ અને વિચાર-શક્તિથી જ પોતાના ગુરુ ટાઇકોએ મેળવેલાં તથ્યો ઉપરથી જરૂ

નિયમો તારવીને તેમનું સમર્થ રીતે પ્રતિપાદન કર્યું હતું. (૧) ગ્રહોની કક્ષા સાધારણ માન્યતા પ્રમાણે ગોળ એટલે વર્તુળાકાર નથી પરંતુ લંબવર્તુળાકાર* હોય છે. (૨) ગ્રહો સૂર્યની સમીપ હોય ત્યારે તેમની ગતિ વધારે ત્વરિત થાય છે અને સૂર્યથી દૂર હોય છે ત્યારે ગતિ ધીરી પડે છે. (૩) ગ્રહની ગતિનો વેગ તેમની અને સૂર્યની વચ્ચેના અંતરની ઉપર આધાર રાખે છે. આ છેલ્લો નિયમ શોધતાં અને તેને ગણિતથી સિદ્ધ કરતાં કેપ્લરને વર્ષો સુધી મહેનત કરવી પડી હતી અને જ્યારે આ સિદ્ધાંતનું પ્રમાણ તેને સમજ્યું, અને બીજા બધા પ્રયત્નો નિષ્ફળ થયા પછી આ વાત સિદ્ધ થયો અને એ સ્વપ્ન જ છે એમ તેણે કેટલાયેક સમય સુધી માન્યું હતું. કેપ્લરે, ટાઈકો અને ગેલીલિયોના નિરીક્ષણની નોંધ ઉપરથી તર્કબુદ્ધિ અને ગણિતશાસ્ત્ર વાપરીને નિયમોનું સંશોધન અને સ્થાપન કર્યું હતું. આ નિયમો ખરા છે એની તેની ખાત્રી થઈ હતી પરંતુ શા કારણથી તે ખરા પડે છે અને તેનું મૂળ કારણ શું છે તે શોધવાનું માન પચાસ વર્ષ પછી સર આઇઝેક ન્યૂટન નામના પ્રતિભાશાળી અંગ્રેજ વૈજ્ઞાનિકને જ ઘટે છે.

ગેલિલિયો અને હ્યુજેન્સ

ગેલિલિયો ગેલિલી (૧૫૬૪-૧૬૪૨) નામના ઇટાલિયન વિદ્વાને વિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિ સંબંધી નવો પ્રકાશ પાડ્યો હતો: અનુભવસિદ્ધ પ્રત્યક્ષ જ્ઞાન ખરું છે, અને નિયમો સિદ્ધ કરતાં પહેલાં તે વિષયની સાધણી વિગતો-તથ્યો એકઠાં કરવાની આવશ્યકતા ઉપર તેણે ખાસ ધ્યાન ખેંચ્યું હતું. હ્યુજેન્સ (૧૬૨૯) નામના ડચ તત્ત્વવેત્તાએ તે સમયમાં પ્રત્યક્ષ અનુભવથી સાચું જાણવાની અને શબ્દપ્રમાણને ન માનવાની નવી પ્રણાલિકા શરૂ કરી હતી. આપણું જ્ઞાનમાં કોઈ પણ અપૂર્ણતા હોય અથવા અનુમાનથી બતાવાયું કોઈ પણ વિષયનું જ્ઞાન હોય તો તે સમયે 'હું જાણું છું' એ કહેવાને બદલે 'આ સંબંધી મારી ખાત્રી નથી' એ કહેવાની

* Ellipse

જરૂર છે. આ બંને તત્ત્વવેત્તાઓએ વિજ્ઞાનમાં ખાસ નવી શોધ કરી ન હતી; પરંતુ પ્રાચીન અને પ્રચલિત જ્ઞાનને તપાસીને અને તેમાંથી સત્યસંશોધનની વાસ્તવિક પદ્ધતિનું પ્રતિપાદન કરીને વિજ્ઞાનના ઇતિહાસમાં તેઓ પોતાની કીર્તિ સ્થાપી ગયા છે.

ન્યૂટન

જે વર્ષમાં ગેલીલિયો મરણ પામ્યો તે જ વર્ષમાં ન્યૂટન (૧૬૪૨–૧૭૨૭) નો જન્મ ઇંગ્લંડના એક નાના ગામડામાં થયો હતો. નાનપણથી તેનો બાંધો નાજુક હતો, અને તેથી નિશાળમાં તે આળસુ અને બેદરકાર રહેતો તે છતાં મારપીટ તેના ઉપર કોઈ દિવસ કરવું નહિ. રમવાના વખતમાં નાનાં યંત્રોનાં રમકડાં બનાવવાનો તેને શોખ હતો અને પાણીની ઘડિયાળ, ઉંદર ચલાવી શકે તેવી નાની પવનચક્કી, બેસનાર માણસ ચલાવી શકે તેવી ગાડી, વગેરે યંત્રોનાં રમકડાં બનાવ્યાં હતાં. પંદર વર્ષની ઉંમરે તેને ખેતરની વ્યવસ્થા કરવા માટે બોલાવવામાં આવ્યો હતો; પરંતુ તે સમયે તેનું ચિત્ત બીજામાં હોવાથી તેને ફરીથી ભણવા અને કૉલેજમાં મોકલવામાં આવ્યો. તેના બાહ્યરૂપના અભ્યાસક્રમના અંતે તેણે પોતાના નામથી પ્રસિદ્ધ થયેલી બીજી મોટી શોધ ઉપરથી વિચાર કરવાનું રાહ જોયું હતું. ગણિતવિદ્યામાં ચલનકલનની પદ્ધતિ તેણે ૧૬૬૬માં શોધી કાઢી હતી; પ્રકાશનું વિભાજન* થવાથી સૂર્યના શ્વેત પ્રકાશમાંથી સપ્તરંગપટ્ટ દેખાય છે તે બતાવીને અને એક ઓરડા પાસા ઉપર સાત રંગ સાથે સાથે સમાઈને તે ફેરવવાથી તેમાંથી શ્વેત રંગ પાછો ઉત્પન્ન થાય છે તે દેખાડીને તેણે પ્રકાશના સ્વરૂપ સંબંધી સાચેસાચની કલ્પના કરી હતી; તેની જ રીતે નાદ† વિષયમાં કેવી રીતે પ્રસરે છે તથા તેના અવિરોધન કેવી રીતે

* Dispersion † Sound

ઉત્પન્ન થાય છે અને ગતિમાન થાય છે તે સંબંધી પ્રયોગો કરી ગતિના માપનની પદ્ધતિ જેણે બતાવી હતી. પરંતુ તેનું સૌથી મોટું કાર્ય તો ગુરુત્વાકર્ષણના નિયમના સંશોધનનું હતું.

ગુરુત્વાકર્ષણના નિયમની શોધ

ચંદ્ર પૃથ્વીની પ્રદક્ષિણા, અને પૃથ્વી અને બીજા ગ્રહો સૂર્યની પ્રદક્ષિણા શા કારણથી કરે છે તે પ્રશ્ન સંબંધી ન્યૂટને ઘણાં વર્ષ સુધી વિચાર કર્યો હતો. આપણે સાધારણ રીતે એક પથ્થર અથવા દડો ઊછાળીએ તો તે ઘણુંખરું સીધી દિશામાં જ જાય છે અને છેવટે જમીન સાથે અથડાઈને તેની ગતિ બંધ થાય છે. પરંતુ આ ગ્રહો સીધા એક જ દિશામાં જવાને બદલે સૂર્યની પ્રદક્ષિણા કેમ કરે છે? એક વખત ન્યૂટન પોતાના બાગમાં બેઠો હતો ત્યાં ઝાડ ઉપરથી એક ફળ નીચે પડતું જોઈને તેને આ પ્રશ્નનો ઉત્તર મળ્યો હતો એ દંતકથાની સત્યતા વિષે હવે શંકા લેવાય છે. પરંતુ જેવી પૃથ્વી એક પડતા ફળ ઉપર આકર્ષણ કરે છે તેવી જ રીતે સૂર્ય બીજા ગ્રહો ઉપર આકર્ષણ કરે અને તેથી જ તે બધાની ગતિ વર્તુલ અથવા બીજા અમુક બીજા આકારમાં જ થાય છે એ અનુમાન ફલિત થાય એમાં કાંઈ નવાઈ નથી. એક દોરીને છેડે દડો બાંધીને ફેરવવાથી જેમ તે દડો એળ પ્રદક્ષિણા કરે છે તેમ બધા ગ્રહો સૂર્યની પ્રદક્ષિણા કરે છે એ અનુમાન સહેલું છે. પરંતુ વિજ્ઞાનમાં આવાં બાલી અનુમાનો અથવા તર્કો કામમાં આવી શકે તેમ નથી; અને તેથી પૃથ્વી અને ચંદ્ર, અને પૃથ્વી અને સૂર્ય એ બે વચ્ચેનું ગુરુત્વાકર્ષણ માપી શકાય અથવા એ તેની ગણતરી કરી શકાય તો જ તે સિદ્ધાન્ત પ્રમાણભૂત ગણી શકાય. તે વખતે પૃથ્વીના કદની ગણતરીમાં ભૂલ હોવાને લીધે ન્યૂટનની ગણતરી ખોટી પડી અને ચંદ્રની ગતિ તેની ગણતરી કરતાં ઓછી હતી. કહે કે આ ફેર ઘણો ન હતો અને ન્યૂટનને પોતાના સિદ્ધાંતની ખાતરી હતી તે છતાં પણ તે ફિકે રહેવા જાહેર કર્યું નહિ. પરંતુ તેની ગણતરીમાં ભાગલિયો

આવતીને રાખી મૂકયું, સોળ વર્ષ પછી એક વખતે રોયલ સોસાયટી-ની એક સભા વખતે પૃથ્વીના કદની ખરી માપણી નજરે ચઢી છે અને તેથી પૃથ્વીનું કદ ખરી રીતે ધારવા કરતા વધારે મોટું છે એવું તેણે ચાખ્યું. તે સાંભળતાંની સાથે જ તેની જૂની મહેનત યાદ આવી અને તેથી તેને ખરેખર કંટાળો આવીને તરત જ ઘેર જઈને પૃથ્વીના કદનો નવો આંકડો સઘળે પોતાની મહેનત ફરીથી કરવા માંડી. આ મહેનત ચંદ્રની ખરી ગતિની સાથે મળતી આવે છે અને તેથી પોતાનો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ખરો પડે છે એ વિચારથી તે એટલો બધો પ્રોત્સાહિત અને આનંદિત થઇ ગયો કે બાકીની મહેનત પૂરી કરી શક્યો નહિ અને તેને માટે તેને બીજા મિત્રની મદદ લેવી પડી. આ નિયમ અત્યારે આપણને એટલો બધો સ્પષ્ટ અને સરલ લાગે છે કે તેને સિદ્ધ કરવામાં પહેલી મહેનતનો આપણને બ્યાલ માત્ર પણ આવી શકતો નથી. ૧૬૮૭માં જ્યારે આ બધી મહેનત સાથે ન્યૂટનની કીર્તિ બહાર પડી ત્યારે આખી દુનિયાના વિદ્વાનોમાંથી આખે જ આઠ માણસો તેને સમજવાને સક્ષમ હતા. આ નિયમથી ફલિત થતા બીજા અનેક સિદ્ધાન્તો અને ઉપસિદ્ધાંતો પણ જ ઉપયોગી છે, પરંતુ તે સઘળાની લંબાણથી વિવેચના કરવું અસ્થાને છે.

ન્યૂટની જિંદગીનું બીજું મોટું કાર્ય આ રીતે આગળ જોવું દેખાય છે. પરંતુ તેની વિદ્વત્પ્રીતિ, કામ કરવાની ધીરજ અને ખંત, અને ખરા સત્યશોધકને છાજે તેવા બીજા અનેક લક્ષણોથી જોવું જીવન અદ્ભુત હતું. વર્ષો, સુધીની મહેનતના કાગળિયાં ઉપર આગળની બીજુપત્તા પાડી નાખીને તેને નાશ કરનાર પોતાના કૂતરા ઉપર ગુસ્સાને બદલે "ડાયમંડ! ડાયમંડ! તેં શું ગજબનાક કર્યું છે તેનો તને જરાયે ખ્યાલ નથી", એટલા જ શબ્દો બોલીને મહેનત આપનારનાં ધૈર્ય અને શાંતિ માટે શું કહેવું? તે ૮૫ વર્ષની વૃદ્ધ વયે અવસાન પામ્યો તે સમયે પ્રજામાં,

રાજદરબારમાં, અને વૈજ્ઞાનિકોમાં માનથી પૂજાતો હતો; તે છતાં તેની નમ્રતા કેટલી બધી હતી તે વિષે પહેલાં ઉલ્લેખ કર્યો છે.

નેપ્ચ્યુનની શોધ

યુરેને સૈદ્ધાન્તિક ખગોલવિદ્યાની સ્થાપના કરીને તારા અને ગ્રહોની ગતિની કુંચીરૂપ ગુરુત્વાકર્ષણનો નિયમ બતાવ્યો હતો. ત્યારપછી પણ લ આલ્જ અને લ પ્લાસે આ સિદ્ધાન્તને ગણિતશાસ્ત્રની મદદથી વધુ ખીલવીને જેમની ગતિ સમજી શકાય એવી નહોતી તેવા ગ્રહોની અનિયમિત ગતિ પણ સમજાવીને ગુરુત્વાકર્ષણનો નિયમ વધુ સ્પષ્ટ રીતે પ્રતિપાદન કર્યો હતો. આ ગણિતવેત્તાઓની મદદથી ખગોલવિદ્યા એક ચોકસ વિજ્ઞાન હોવાનો દાવો, અને ચોકસાઈ અને નિયમ વિરુદ્ધ કાંઈ પણ બનતા જોવામાં આવે તો તેનું કોયડો ઉકેલવાની પણ હિંમત આવી. નેપ્ચ્યુન નામના નવા ગ્રહની શોધ (૧૮૪૬) એ અર્વાચીન ખગોલવિદ્યાના પરાક્રમની પ્રસાદી છે. યુરેનસ ગ્રહની શોધ (૧૭૮૧) પોતાના નવા દૂરબીન વતી હર્શલે કરી હતી તે શોધને માટે તેને રાજા તરફથી ઘર અને પેન્શન મળ્યાં હતાં. પ્રાચીન સમયમાં યુરેનસ (ગ્રહ નથી પણ) તારો છે એમ મનાતું હતું; અને તેની ગતિની જૂની નોંધ મળી આવતાં જ તેની કક્ષા ખોળવામાં આવી. આ કક્ષા આગળપાછળના બીજા તારા અને ગ્રહોના આકર્ષણની ગણતરી લેવા છતાં પણ અનિયમિત દેખાઈ. તેથી એમ લાગ્યું કે કયાં તો પહેલાંના ખગોલવેત્તાઓની નોંધ ખોટી હતી અથવા તો કોઈ અદૃશ્ય અને અજાણ ગ્રહ અથવા તારાના આકર્ષણને લીધે તેની કક્ષા આટલી બધી અનિયમિત થતી હતી. આ પ્રશ્ન પર એડમ્સ અને એક ફ્રેન્ચ લા વેરિયર એમ બે ગણિતશાસ્ત્રીઓ સ્વતંત્ર રીતે કામ કરતા હતા. પહેલાં તો રૂપ અને બધા ગ્રહોના આકર્ષણની ગણતરી કરીને તેમની ગતિની સાથે યુરેનસની ગતિની જુદા જુદા સ્થાને કેવી અને કેટલી અસર થાય તે ગણવાનું

ચંદ્ર; પછી પુરેનસની નિરીક્ષિત કક્ષામાંથી કેટલું વિષયગમન થાય છે તે મપાતાં તેને આકર્ષનાર નવેા ગ્રહ કેટલેા દૂર હોવેા જોઈએ તેની ગણતરી કરવાની હતી. અને ગણિતશાસ્ત્રીઓએ સ્વતંત્ર રીતે કરેલી મપાતની ગણતરી લગભગ સરખી આવી અને તેથી તે જગાએ શોધ કરવાને ખગોલવેત્તાઓને વિનંતી કરવામાં આવી. દૂરબીનથી તે નિર્દિષ્ટ સ્થાને બારીકાઈથી જોવાયું આ ગ્રહના પહેલીવારે દર્શન થયાં અને તેનું નામ નેપ્ચ્યુન પાડવામાં આવ્યું. આ શોધથી ખગોલવેત્તાઓને ઘણેા આનંદ થયેા. કારણ કે ખગોલવિદ્યાની પ્રતિષ્ઠા સુસ્થાપિત થઈ. પોતાના ઘરમાં બેસીને પુરેનસની ગતિની કાંઈક અનિયમિતતા ઉપરથી ફકત મપાતો કરીને દૂરનો માલૂમ દૂર આવેલા ગ્રહની શોધ કરવી એ ખગોલવિદ્યાની એકકાઠીની નાની નિશાની નથી. આ શોધથી ખગોલવિદ્યાની મહત્તા અને વિજ્ઞાનની પ્રતિષ્ઠા એ બન્નેની સ્થાપના થવા ઉપરાંત ગુરુત્વાકર્ષણના નિયમનું સબળ સમર્થન થયું ગણાય. કારણ કે ન્યૂટનના ગુરુત્વાકર્ષણની કલ્પનાના સિદ્ધાન્તનું રહસ્ય સમજનારને નિયમની બધાને સંપૂર્ણ રીતે ખાત્રીની મળતી મુશ્કેલ છે. સૂર્યમંડળમાંના દરેક દરેક અણુ એક-બીજાને ખેંચે છે અને આ આકર્ષણ તેમની માત્રાના ગુણકના પ્રમાણમાં અને તેમની વચ્ચેના અંતરના વર્ગના ઊલટા પ્રમાણમાં હોય છે, એ ન્યૂટનનેા સાદેા નિયમ નેપ્ચ્યુનની શોધથી સુસિદ્ધ થયેા.

ગ્રહોની ગતિ

તે છતાં પણ ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમોનું રહસ્ય બહવાનું બાકી છે. સાધારણ પરિવેષ ગ્રહના અને ચંદ્રની ઉપરની અસર વગેરેને વિષે ન્યૂટનના નિયમો સારું ક્રમ આપે, પરંતુ મોટા કદના ગ્રહોની ભ્રમણકક્ષામાંની ગતિ અને મોટી કક્ષાઓની ગણતરીમાં અને પ્રકાશની ગતિ જેવી ત્વરિત ગણતરીમાં એ નિયમોમાં ત્રુટિઓ દેખાઈ છે. તેથી કાંઈ કે ન્યૂટનના નિયમો તદ્દન ખોટા ઠરતા નથી; પરંતુ તેમાં સહેજસાજ ફેરફાર કરવાની જરૂર પડી છે. સૂર્યની પ્રદક્ષિણા કરનાર

અણુની ગતિની કક્ષા સ્થિર રહેતી નથી; પરંતુ જરા લંબાય છે અને તેથી કક્ષા ચલિત થાય છે. ધ્રુવની કક્ષા વિષે આ પ્રમાણે ચોક્કસ જ્ઞાન પ્રાપ્ત થયું છે; આ ચલનનાં બધાં કારણો તપાસવા છતાં પણ ૪૨ અંશ જેટલા ફેરફારનું કારણ ન્યૂટનના નિયમોથી મળી શકતું નથી. પરંતુ આઇન્સ્ટાઇન નામના સ્વીસ યાહૂદી પ્રોફેસરે બર્લીનમાં આ વિષે તપાસપૂર્વક શોધખોળ કરી છે તેથી સંતોષકારક જવાબ મળે છે. તેની કલ્પના પ્રમાણે દરેક પદાર્થની ગતિને લીધે તેનામાં અમુક પ્રકારનાં પ્રવર્તન* ઉત્પન્ન થાય છે; તેને લીધે કક્ષાનું રૂપ બદલાય છે. આ પ્રમાણે કક્ષાના ચલનની ગણતરી કરવાથી બુધની કક્ષાની સંપૂર્ણ સમજૂતી મળે છે. આમ એકવાર આઇન્સ્ટાઇનની કલ્પનાનું પ્રાયોગિક નિરીક્ષણ સિદ્ધ થવાથી તેની કલ્પનાની બીજી દિશાઓ તરફ પણ ધ્યાન ખેંચાવા લાગ્યું.

સાપેક્ષતા અને ચોથું પરિમાણ

ગતિને લીધે પદાર્થોમાં ગતિની દિશામાં પ્રવર્તન* ઉત્પન્ન થાય છે, એટલે વસ્તુઓ જરા લાંબી થતી જાય છે, એ કલ્પના સમજવાને માટે ચાર પરિમાણનું સ્વરૂપ સમજવાની જરૂર છે. ન્યૂટન અને બીજા ગતિશાસ્ત્રીઓએ ગતિને કાળથી સ્વતંત્ર માની હતી; પદાર્થોની ગતિ દિક્ અથવા અવકાશ ઉપર જ થાય છે અને તેનું માપ કાલ જેવા સ્વતંત્ર પરિમાણથી આપી શકાય એ ન્યૂટનની કલ્પના હવે જરા ખોટી પડી છે. ગતિ માત્ર સાપેક્ષ છે; અને જેમ આપણે પદાર્થોની ઉંચાઇ, લંબાઇ અને પહોળાઇ માપ્યા સિવાય તેનું સ્વતંત્ર સ્થાન નક્કી કરી શકાતું નથી તેમ જ રીતે એ ત્રણે પરિમાણોનો કાળ સાથેનો સાપેક્ષ નિર્દિષ્ટ થાય નહિ ત્યાંસુધી આપણું જ્ઞાન ચોક્કસ કહેવાય નહિ; કારણ કે કાળ અને દિક્ એ બે આપેક્ષિક પરિમાણોથી વિમુક્ત કોઇપણ વસ્તુ રહી શકે જ નહિ. ગતિ, દિક્ અને કાળ એ બધાંથી

* Strain

સાપેક્ષ હોય છે—ટ્રેનની ગતિ પાટા નીચેની જમીન સ્થિર હોય તો જ દેખાય છે: આ સાપેક્ષતાનો સિદ્ધાન્ત પ્રાચીન સમયના તત્ત્વવેત્તાઓને અજ્ઞાત ન હતો. રાત્રિ માત્ર આપણા મનથી સાપેક્ષ છે—ગતિ માત્ર અમુક વસ્તુની સરખામણીમાં જ છે. પૃથ્વીની સ્વમધ્યગતિ શનિ કે ગુરુ કરતાં અડધી જ છે અને તેથી શનિ કે ગુરુના એક ઉપરનો દિવસ પૃથ્વીના દિવસ કરતાં અડધો જ છે—બુધનું વર્ષ આપણા વર્ષ કરતાં ચોથા ભાગનું જ છે; પરંતુ નેપ્ચ્યુનનું વર્ષ આપણા કરતાં ૧૬૪ ગણું મોટું છે—પણ બુધ કે નેપ્ચ્યુન ઉપર રહેનારને આપણા વિષે તેથી ઊલટો જ અભિપ્રાય આવે. આવા સાપેક્ષ વિચાર ઉચ્ચ ખગોલશાસ્ત્રીઓમાં પણ આવશ્યક છે એમ આઇન્સ્ટાઇને સિદ્ધ કર્યું છે. દિક્ અને કાળ સ્વતંત્ર નથી; પરંતુ સંયુક્ત અને સાપેક્ષ છે અને તેથી લાંબું, પહોળું, જાડું એ ત્રણ વિશેષણ ઉપરાંત વહેલું મોડું એ ચોથું વિશેષણ-પરિમાણ પણ આવશ્યક છે.

આ પ્રમાણે ચોથા પરિમાણની ઝાંખી કર્યા પછી આઇન્સ્ટાઇનનો ઈથર અને પ્રકાશ વિષેનો અભિપ્રાય જોઇએ. ન્યૂટનની પ્રકાશની કલ્પના પ્રમાણે પ્રકાશનાં કણો-રજકણોને લીધે પ્રકાશ પ્રસરે છે; પરંતુ કેટલાક પ્રયોગોથી આ કલ્પના ખોટી ઠરી હતી અને હ્યુ-ઝની તરંગ કલ્પના સ્વીકારાઇ હતી. જેમ પાણીમાં મોજાં થવાથી જલતરંગો દેખાય છે, અને જેમ હવામાં મોજાં થવાથી ધ્વનિ પ્રસરે છે, તેમ જ રીતે ઈથર નામના કાલ્પનિક દ્રવ્યમાં થતા તરંગો વડે પ્રકાશ પ્રસરે છે. આ ઈથર શું છે તે સમજી શકાતું નથી; કેટલા ભૌતિકશાસ્ત્રીઓ તેને કાલ્પનિક દ્રવ્ય સિવાય વધારે કાંઈ માનતા નથી. પરંતુ સર ઑલીવર લૉજ જેવાને મન તો ઈથર એ બધાનું સ્વરૂપ છે—અને મનુષ્યનો આત્મા તેમાં જ લય પામે છે અથવા નિહરે છે. પણ આઇન્સ્ટાઇનની કલ્પના પ્રમાણે તો પ્રકાશના પ્રસરણને માટે ઈથર જેવા દ્રવ્યની જરૂર જ નથી.

પ્રકાશની ગતિ કેવળ સીધી લીટીમાં થતી નથી. પરંતુ પ્રકાશના કણો, દ્રવ્યના કણોની અને વિદ્યુતના કણોની પેઠે ગુરુત્વાકર્ષણના બળથી ખેંચાય છે. પ્રકાશના કણોનું વજન હોય છે, અને તેમ હોય તો તે વજન ઉપર ગુરુત્વાકર્ષણની અસર થવાથી પ્રકાશનાં કિરણોની ગતિ બદલાઈ જાય. વિદ્યુતના કણો ઉપર ચુંબકતત્વની અસર થવાથી તે કણોનો ગતિપંથ બદલાઈ જાય છે એવું પ્રયોગથી સિદ્ધ થયું છે. તેવી જ રીતે પ્રકાશનાં કિરણો ઉપર ગુરુત્વાકર્ષણની કેવી અસર થાય છે તેની શક્યતા આઇન્સ્ટાઇને કરી હતી. તે શક્યતા સિદ્ધ કરવાને માટે પ્રત્યક્ષ નિરીક્ષણની જરૂર હતી; અને ૧૯૧૯ના ખગ્રાસ ગ્રહણ વખતે એ નિરીક્ષણની શોધખોળ કરવામાં આવી હતી. આ નિરીક્ષણ વિષે વધારે સમજૂતી આપવાની જરૂર છે.

એક એવી સ્થિતિનો તારો શોધી કાઢવામાં આવ્યો હતો કે જેના કિરણો સૂર્યની બરાબર નીચે થઇને આવતાં હોય. હવે કિરણોની ગતિ તદ્દન સીધી રહેતી હોય અને તેની ઉપર સૂર્યના ગુરુત્વાકર્ષણની જરા પણ અસર થતી ન હોય—તો તે કિરણો આકાશની લીટી ઉપર થઇને પૃથ્વી ઉપર દેખાશે. પરંતુ જો સૂર્યના ગુરુત્વાકર્ષણથી આ કિરણોનો પથ ચલિત થતો હોય તો એ કિરણો આપણને પૃથ્વી ઉપર ૪" ઠેકાણે દેખાશે અને તેથી તારાની સ્થિતિ ૪૪" ઠેકાણે હોય એમ લાગશે. આ પ્રમાણે તારાનું સ્થાન બદલાય છે કે કેમ તે જોવાને માટે અને તે સ્થાન કેટલું બદલાય છે તે નક્કી કરવાને માટે બધા ખર્ચો અંગ્રેજ વૈજ્ઞાનિક મંડળીએ આપ્યો અને આફ્રિકા એ દેશમાં જ્યાં ખગ્રાસ ગ્રહણ દેખાવાનું હતું ત્યાં પોતાના વિદ્વાનોને મોકલ્યા હતા, અને ગ્રહણ વખતે સૂર્યની નજીકના તારાના ફોટા લઇ લીધા હતા. તે જ સ્થળેથી બે માસ પછી ફોટોગ્રાફ લેવામાં આવ્યા હતા. તે વખતે સૂર્ય સમીપમાં નહોતો. આ બે ચિત્રોની બારીકાઈથી સરખામણી કરીને બધી બાજુએ શાસ્ત્રીઓએ અને ખગોળશાસ્ત્રીઓએ આ નિરીક્ષણને નિર્ણય કર્યો.



સૂર્યના ગુરુત્વાકર્ષણને લીધે પ્રકાશનો પથ પલટાઈ જાય છે, એ ઉપરાંત આઇન્સ્ટાઇનની કલ્પના ખરી છે, તે પણ નિશ્ચયાત્મક રીતે સિદ્ધ થયું. (૧) જો પ્રકાશની તરંગવાહિની કલ્પના ખરી હોય અને વજન કે ગુરુત્વાકર્ષણની અસર ન હોય તો ઉપરના તારાના પ્રકાશના કિરણો જરા પણ વલિત થાય નહિ. (૨) ન્યૂટનની કલ્પના પ્રમાણે પ્રકાશનાં કિરણો જરા પણ વલિત થવાં હોય તો તે ૦.૬૫ અંશ કરતાં વધારે નહિ. (૩) આઇન્સ્ટાઇનની કલ્પના ખરી હોય અને પ્રકાશને વજન હોય તો નવી ગુરુત્વાકર્ષણની અસરો પ્રમાણે તેમાં ૧.૭૫ અંશ જેટલું વલન થાય. ઉપરના અવલોકનોના નિરીક્ષણોના પરિણામે આ વલનની અરેરાશ સંખ્યા ૧.૮૰ નિશ્ચિત થઈ હતી. તેથી આઇન્સ્ટાઇનની નવી કલ્પના સિદ્ધ થઈ : અને વિજ્ઞાન વિષ્યાત વૈજ્ઞાનિકોમાં તેનું નામ તેના જીવતાં જ સ્થાપિત થયું. સર જે. જે. થોમસનના શબ્દોમાં કહીએ તો "ન્યૂટનના સમય પછી ગુરુત્વાકર્ષણના સિદ્ધાન્તના વિષયમાં નવેસર પ્રકાશ આપનાર કોઈ વખત પડ્યો નથી. આઇન્સ્ટાઇનના સિદ્ધાન્તો એ મનુષ્યની વિચાર-શક્તિના ઉત્તમમાં ઉત્તમ પરાક્રમનું પરિણામ છે."

આઇન્સ્ટાઇનના સાપેક્ષતાવાદની બીજી બાજુ તેણે દસ વર્ષ

અગ્નિરૂપી મહાતત્ત્વનું સત્ત્વ; ગંધક એટલે મનુષ્યના સ્વભાવ (રંપીરીટ) નો આધાર અને પીજી રીતે વાયુ મહાતત્ત્વનું સત્ત્વ; ક્ષાર એટલે શરીરનું ભૌતિક સ્વરૂપ અને પૃથ્વીનું સત્ત્વ—આ બધી દોષિત કલ્પનાઓની સાથે જ્યોતિષવિદ્યાનો પણ પાસ હતો. આ બધા ઔષધરસાયનિકો વૈદ્ય તરીકે સારું કામ કરી શકયા ન હતા અને ધાતુનાં ઔષધોથી ઘણા દરદીઓને નુકસાન થતું, તેથી પેરીસ જેવા શહેરમાં આ રસાયનિક-ઔષધોનો નિષેધ કરવામાં આવ્યો હતો.

અર્વાચીન રસાયન વિદ્યાનો પિતા બોયલ

પરંતુ ૧૬૬૧ માં રૉબર્ટ બોયલ નામના અંગ્રેજ વૈજ્ઞાનિકે "સંશયમય રસાયનિક" નામનું પુસ્તક પ્રસિદ્ધ કરીને રસાયનવિદ્યાના ઇતિહાસમાં નવો રંગ લાવ્યો. પારદ, ગંધક અને ક્ષાર એ ત્રિતત્ત્વોના સિદ્ધાન્તનું ખંડન કરીને તત્ત્વોના સ્વરૂપનો નિર્ણય કરવાનો પ્રયત્ન કર્યો. રાસાયનિક સંયોજન અને સંમિશ્રણનો ભેદ બતાવીને તેણે સંયોજનો અને તાત્ત્વિક પદાર્થોનો ભેદ સ્પષ્ટ કર્યો. પ્રયોગવાદની દૃઢ સ્થાપના કરીને રાસાયનિક કામોની ગમજૂતી તેણે સરળ કરી આપી. બોયલ આયર્લૅંડના લૉર્ડ બ્યાન્ડે-બરનું ચૌદમું સંતાન હતો; સદ્ગુણસંપન્નતામાંથી નીકળેલા ચૌદમા રત્નની પેઠે તેને અનેક રીતે બધું ગણી શકાય. કેવળ રસાયનવિદ્યામાં નહિ પણ વિજ્ઞાનની બધી શાખામાં તેણે નવી શોધો કરીને, નવું બળ અને નવા વિચારો આપ્યા હતા. વાયુની ભૂતિ અને આવાજતંત્ર સંબંધમાં તેણે કરેલાં નિયમો હજુ સુધી થોડા ફેરફાર સાથે પ્રમાણભૂત ગણાય છે. પરંતુ તેની ખરી સેવા તો રસાયનવિદ્યાને કીમિયાગીરીથી અને ઔષધવિદ્યાથી સ્વતંત્ર કરવાની હતી. રસાયન-વિદ્યાનું કામ હવે કેવળ ઔષધો શોધવાનું કે પારસમણિ પ્રાપ્ત કરવાનું ન હતું; પરંતુ રાસાયનિક ક્રિયાઓનો નિરંતરાથી અભ્યાસ કરીને, તેમાંથી નિયમો તારવવાનું અને શુદ્ધ સત્યની પ્રાપ્તિ કરવાનું

હતું. આ નવી દૃષ્ટિ રસાયનવિદ્યામાં લાવવાને માટે પૅરાસેલ્સસ અર્વાચીન રસાયનવિદ્યાનો પિતા ગણાય છે. ઇંગ્લૅન્ડની પ્રસિદ્ધ રૉયલ સોસાયટીના ત્રણ સ્થાપકોમાં બૉઇલ પ્રથમ હતો; તેના દૃઢ ચારિત્ર્ય, તેની વૈજ્ઞાનિક શોધો, તેના સાદા પ્રમાણિક અને નિખાલસ સ્વભાવને લીધે સમાજમાં તેની પ્રતિષ્ઠા ઘણી હતી.

બૉયલના પછી જોહાન્સ નામના પ્રૉસિયન રસાયનવેત્તાનું નામ આગળ આવે છે. તે રસાયનવિદ્યા અને ઔષધવિદ્યાનો અધ્યાપક હતો અને પાછળથી પ્રૉસિયાના રાજાનો વૈદ્ય નિમાયો હતો; તેણે રસાયનવિદ્યાનું પ્રયોગાત્મક કામ ઘણું કર્યું હતું; પરંતુ તેની ખ્યાતિ ફ્લોગ્વિસ્ટનવાદની સાથે સંબંધિત રહેશે. તેની પ્રતિષ્ઠા અને લખવાની શૈલી એટલાં ઉત્તમ હતાં કે તેના પ્રતિપાદનમાં અપૂર્ણતા અને વિષમતા હોવા છતાં પણ લગભગ દોઢસો વર્ષ સુધી આ વાદે યુરોપના બધા દેશોના રસાયનવેત્તાઓ ઉપર વિજય મેળવ્યો હતો. બધી સાદી વસ્તુઓમાં ફ્લોગ્વિસ્ટન નામનું તત્ત્વ હોય છે અને બળતી બખતે આ તત્ત્વ જતું રહે છે એ સાદી સાચવી સમજૂતી બધાને ખરી લાગતી. ધાતુઓને પણ બાળવામાં આવે તો તેમાંથી "કાલ્ક્સ" નામનાં બાકીમાં દ્રવ્યો રહે છે અને "ફ્લોગ્વિસ્ટન"ની ખોટ છે: આ "કાલ્ક્સ"માં ફ્લોગ્વિસ્ટન પાછું નાખવામાં આવે અને કોલસાની સાથે ગરમ કરવામાં આવે તો પાછી ધાતુ પ્રાપ્ત થઈ રહે છે. શ્વાસોચ્છ્વાસમાં પણ આ ફ્લોગ્વિસ્ટન શરીરમાંથી બહાર નીકળે છે અને ઓરડામાં આ ફ્લોગ્વિસ્ટન બહુ ભરાઈ જાય તો શ્વાસ લેવો અઘરો થઈ પડે છે. આવી સાધારણ ઘટનાઓ ઉપરથી ફ્લોગ્વિસ્ટનવાદની તરફેણમાં બહુ પ્રમાણો ઘણાં આવતાં, તેની પુષ્ટિમાં બીજાં રાસાયનિક તથ્યો ગોઠવી અપાતાં અને તેથી અનેક પ્રકારનાં રાસાયનિક તથ્યો ગોઠવાઈ થઈ જતાં. આ પ્રમાણે રસાયનવિદ્યાની પ્રગતિમાં આ વાદ સહાયકારક હતો તે છતાં પણ તેમાં રહેલી ભૂલોને લીધે આ પ્રગતિ યોગ્ય પ્રકારની ન બની શકાય. ફ્લોગ્વિસ્ટન પદાર્થ

છે, સાધારણ દ્રવ્યનું સ્વરૂપ છે, પણ અદૃશ્ય છે અને તેનું વજન ઋણ પ્રકારનું છે; તેથી તે વાયુ ઊડી જતા હતાં પણ વસ્તુઓનું વજન વધે છે! બરફનો બરફ થતાં તેનું વજન વધે છે અને તેથી તેમાંથી કોઈ દ્રવ્ય ઊડી જતું નથી પણ ઊલટાનું કાંઈક ઉમેરે થાય છે એ ઘટના સમજવવા માટે ફ્લોજીસ્ટન પણ વજનની કલ્પના આવશ્યક નથી એ લેવોઝિયર નામના રસાયનવેત્તાએ સિદ્ધ કર્યું ત્યાં સુધી આ ફ્લોજીસ્ટનવાદ સુસ્થાપિત રહ્યો.

પ્રાણવાયુની શોધ

આ ખોટી માન્યતાને લીધે ઑક્સિજનની પ્રાપ્ત થયેલી શોધનો ખરો અર્થ કોઈ સમજી શકયું નહિ. એવો નામના અંગ્રેજ શરીરવ્યાપારવાદીએ હવામાં પ્રાણવાયુ નામનો જુદો વાયુ છે અને તે શ્વાસક્રિયાને ઉત્તેજિત કરે છે એ બતાવ્યું હતું; ત્યાર બાદ લગભગ સો વર્ષ પછી પ્રીસ્ટલીએ પારાની ભસ્મ તપાવીને તેમાંથી પ્રાણવાયુ જુદો કાઢયો હતો, અને તેમાં મીણબત્તી સારી રીતે બળે છે અને ઉંદર વગેરે પ્રાણીઓની શ્વસનક્રિયા ઉત્તેજિત થાય છે તે બતાવ્યું હતું. તે છતાં તેના સમયમાં ફ્લોજીસ્ટનવાદની ધૂન પેઠેલી હોવાને લીધે, અને હવા એક જ વાયવી તત્ત્વ છે એવી માન્યતા પ્રચલિત હોવાને લીધે પ્રીસ્ટલી પોતે પોતાની શોધની અગત્ય પહેલવહેલાં તો સમજી શકયો નહિ; અને આ નવા વાયુને ફ્લોજીસ્ટન વગરની હવા એવું નામ આપ્યું. હવા એ એક તાત્ત્વિક વાયુ નહિ પરંતુ એ વાયુનું મિશ્રણ છે એ શોધ કાંઈ નાની કડી ન કહેવાય. પ્રાચીનકાળનાં પંચમહાભૂત તત્ત્વો, અને રાસાયન વૈદ્યોનાં ત્રિતત્ત્વો એ બન્ને કલ્પનાઓનું ખંડન કરનાર આ શોધની સાથે "હવા એ ઈશ્વર સર્જિત તત્ત્વ છે અને તેમાંથી કોઈ જુદાં તત્ત્વો મળી શકે જ નહિ" એ માન્યતા નષ્ટ થઈ.

જલ એ તત્ત્વ નથી

ત્યારપછી થોડા સમયમાં જલ એ પણ તત્ત્વ નથી એ સિદ્ધ

પડ્યું. આ શોધ કરનાર હુની કેવ-ડીશ (૧૭૩૧-૧૮૧૦) ધનાઢ્ય અને નવા રવજ્ઞાનનો અભ્યાસ હતો; તેણે વિજ્ઞાનની લગભગ બધી શાખામાં કાર્ય કામ કર્યું હતું: ખગોળવિદ્યા, ગણિતવિદ્યા, ઉષ્મા—શાસ્ત્ર, અને રસાયનવિદ્યા એ સર્વેમાં તે પ્રવીણ હતો. પૃથ્વીની સરેરાશ ઘનતા+ માપવાનું કામ તેણે કર્યું હતું: પણ સૌથી ઉત્તમ કાર્ય તો પાણીનું પૃથક્કરણ કરવાનું હતું. વીજપ્રવાહથી પાણીમાંથી બે વાયુ ઉત્પન્ન થાય છે, અને આ બે વાયુમાંથી પાછું પાણી બને છે એમ પૃથક્કરણ અને સંયોજન એ વડે પાણીનાં સ્વરૂપનો નિર્ણય કરેલ હતો. પરંતુ પ્રીસ્ટલીની માફક કેવ-ડીશ પણ ફ્લોજીસ્ટનવાદના અંધારામાં કુદાયો હતો, અને તેણે આ બે વાયુઓને "ફ્લોજીસ્ટન" (દહનદ્રવ્યનું નામ પછી બદલાયું) અને ફ્લોજીસ્ટન વગરની હવા (ઑક્સિજન) એવાં નામ આપ્યાં.

લેવોઝિયર

વિજ્ઞાનના સુભાગ્યે લેવોઝિયર નામના ફ્રેંચ રસાયનવેત્તાએ કેવ-ડીશ અને પ્રીસ્ટલીના પ્રયોગો ફરીથી કરી જોયા; તેને લાગ્યું કે આ નવા વાયુઓ ખાસ વિલક્ષણ પ્રકારના નહોતા અને સાધારણ દબાણવાળા જુદા પ્રકારના ગુણધર્મો ફ્લોજીસ્ટન વસ્તુની કલ્પનાની આવશ્યકતા કોઈ પણ રીતે નહોતી. પાણીમાંથી ઉત્પન્ન થતા બે વાયુને ઓક્સિજન માત્રા અને વજન હતાં; અને તેમાંથી એકને ઑક્સિજન (જરૂર બનાવનાર) અને બીજાને ઑક્સિડાઇઝન (તેજાબ—આમ્લ બનાવનાર) એ નામ આપ્યાં, તેમના ગુણો અને બીજાં લક્ષણો સિદ્ધ કરીને લેવોઝિયેર ઑક્સિડાઇઝન—ઑક્સિજનના શોધક તરીકે પ્રસિદ્ધ થયો. લેવોઝિયેરે રસાયનિક તોલનયંત્ર-ત્રાજવાની મદદ લઈને ઑક્સિજન વજન કરવાની પદ્ધતિથી ફ્લોજીસ્ટનવાદનું ચૂંથણું ખંડન કર્યું; અને આવું વજનવાળા હલકા પદાર્થની કલ્પના એટલી તો હાસ્યાસ્પદ થઈ પડી કે છેલ્લો વર્ષ સુધી રસાયનવિદ્યામાં આગ્રહપૂર્વક ભાગ લેનાર તે કલ્પનાને હવે

+ mean density

કચરાપેટીમાં ફરી ફેંકવામાં આવતા. તેથી ઊલટું હાઇડ્રોજન જેવા પદાર્થ ઊડી જવાને બદલે રસાયનિક સંયોજનમાં બધાયે પદાર્થનું વજન સાચવીને તોળી લેવામાં આવે તો એકંદર દ્રવ્યરાશિ વધઘટ થતી નથી એ સિદ્ધ થતું ગયું. લેવોઝિયેરે આ સિદ્ધાન્તને માટે પ્રયોગો કરી જોયા અને તોલનપદ્ધતિથી દ્રવ્યના સંરક્ષણનો સિદ્ધાન્ત પહેલી વાર બહાર પાડ્યો. આ સિદ્ધાન્ત પ્રમાણે દરેક રાસાયનિક કાર્યની પહેલાં અને પછીનાં બધાં દ્રવ્યનું વજન કરવામાં આવે તો તેના વજનમાં વધઘટ થતી નથી, અને દ્રવ્યનું બધું વજન સંરક્ષિત રહે છે.

લેવોઝિયેરનું વૈજ્ઞાનિક જીવન ફ્રેંચ વિપ્લવના તોફાની સમયને લીધે ઘણું સંકુચિત થયું હતું: તેને પોતાનો સમય પ્રયોગશાળામાં કાઢવાને બદલે બહારની બીજી પ્રવૃત્તિમાં રાખવો પડતો હતો. તેનો પિતા ધનાઢ્ય હતો અને મોટી સંપત્તિ મૂકી ગયો હતો. ૧૭૮૯માં ફ્રેન્ચ વિપ્લવ જાગ્યો ત્યારે તે કર ઉઘરાવનારા ઉઘરીનો મોટો ઓદ્દો ભોગવતો હતો. કર ઉઘરાવનારા લુચ્ચા અને તિરસ્કારને પાત્ર હતા એમ લોકો માનતા હતા અને તેથી નવા રાજ્યમાં બધા કર ઉઘરાવનારને મારી નાખવાનો હુકમ કાઢવામાં આવ્યો. તે હુકમમાંથી લેવોઝિયેરને ઉગારવા માટે અને તેને રાજ્ય તરફથી સોંપવામાં આવેલા પ્રયોગો પૂરા થાય ત્યાં સુધી તેની જિંદગી બચાવવાને માટે તેના મિત્રોએ જીવના જોખમે રાજ્યસભાને અરજી કરી હતી. પરંતુ કૂરતાના આવેશમાં સભાએ ઉત્તર આપ્યો કે "અમારે વિદ્વાન માણસોનું કામ નથી" અને તેને ૧૭૯૪માં ૫૧ વર્ષની ઉંમરે ફાંસી દેવામાં આવી. તેની જિંદગીનો અંત અકાળે આવ્યો ન હોત તો તેના હાથે બીજાં અનેક સુંદર વૈજ્ઞાનિક કાર્યો થયાં હોત એમાં શંકા નથી.

રસાયનિક સંયોજનના નિયમો

રાસાયનિક ક્રિયાઓમાં ચોકસાઇથી વજન કરવાની પદ્ધતિથી અને દ્રવ્યના સંરક્ષણના સિદ્ધાન્તથી રસાયનવિદ્યામાં નવા પ્રકારનો

પ્રકાશ પડ્યા માંધેા હતેા. વાયુ, પ્રવાહી અને ઘન પદાર્થોનેા શો સંબંધ છે અને તે જ્યેા સ્થિતિમાં ભૌતિક ગુણેા અને રાસાયનિક પ્રક્રિયા કેવી રીતે થાય છે તેની સમજ પણ્યા માંડી હતી. રાસાયનિક તોલનપદ્ધતિની પૃથક્કરણ કરતાં એમ નક્કી થયું કે દરેક રાસાયનિક સંયેાજનમાં ભાગ લેનાર વસ્તુઓનું વજન હમેશ એક જ પ્રમાણમાં રહે છે; આ વાત નક્કી થવાથી અવાંચીન રસાયનવિદ્યાનું દૃષ્ટિબિંદુ બદલાયું. પાણીને ગમે તેવી રીતે બનાવવામાં આવે તેા પણ તેમાં હાઇડ્રોજન (જલવાયુ) અને આક્સીજનના વજનનું પ્રમાણ એક અને આઠનું જ હોય છે: ઘણી એક કરતાં વધારે સંયેાજનેા બે તત્ત્વેામાંથી થઇ શકતા હેાય તેા તે બંનેના વજનનું પ્રમાણ એક સાદા ગુણના સંબંધવાળું હેાય છે. ડેલ્ટન નામના મેન્ચેસ્ટરના રાસાયનિક આક્સીવાયુ અને નાઇટ્રોજનનાં બધાં સંયેાજનેાની તપાસ કરીને એમ બતાવ્યું હતું કે ચૌદ્રિજનના આઠ ભાગની સાથે નાઇટ્રોજનના એક સંયેાજનમાં ચૌદ ભાગનું અને બીજામાં અઠ્ઠાવીસ ભાગનું સંયેાજન થાય છે. આ પ્રમાણે રાસાયનિક સંયેાજનના નિયમેા સિદ્ધ થવાની તૈયારી થઇ તેમ જ બીજી બાજુએ દ્રવ્યના સ્વરૂપ અને રચના વિષે નવા વિચાર થવા માંડ્યા.

અણુવાદ અને પરમાણુવાદ

વાયુઓની સંયેાજનક્રિયાઓના અભ્યાસથી અને ઉપરના પ્રયેાગેા ઉપરથી ડેલ્ટન (૧૭૬૬–૧૮૪૪) ને લાગ્યું કે દરેક તત્ત્વનું સંયેાજનપ્રમાણ નિશ્ચિત હેાવું જોઇએ; અને તેમ હેાય તેા તે દરેક તત્ત્વના અણુઓના વજનની સાથે તેનેા કાંઇ સંબંધ રહેવેા જોઇએ. તેથી જ્યારે રાસાયનિક ક્રિયા થાય ત્યારે તે અણુઓની વચ્ચે જ થવી જોઇએ અને આ અણુઓથી નાના દ્રવ્યના ટુકડા થઇ શકે જ નહિ. પ્રાચીન હિંદુઓનેા અણુવાદ-

અને પ્રાચીન ગ્રીક ફિલસૂફોના અણુવાદની સાથે આ અણુવાદનું સામ્ય સ્પષ્ટ દેખાઈ આવશે. મુખ્ય ભેદ એટલો કે પ્રાચીન સમયમાં પરમાર્થદર્શક અને અધ્યાત્મવિદ્યાના દૃષ્ટિબિંદુથી આ અણુવાદનો વિચાર કરવામાં આવ્યો હતો; પરંતુ આ અર્વાચીન અણુવાદ પ્રયોગાત્મક અનુભવનું ફળ છે અને રાસાયનિક વ્યવહારમાં ડગલે પગલે તેની જરૂર પડે છે. બે કે વધારે તત્ત્વો જે પ્રમાણમાં સંયોજિત થાય છે તે પ્રમાણ ઉપરથી તેમનો સંયોજનભાર અર્થાત્ નિશ્ચિત થાય છે. જલવાયુ અને પ્રાણવાયુના સંયોજનથી તેમનો સંયોજન-ભાર અનુક્રમે ૧, અને ૮ છે એમ ફલિત થાય છે; આ રીતે ડાલ્ટને વીસેક તત્ત્વોના અણુભાર નિશ્ચિત કર્યા હતા, પરંતુ બર્ઝેલિયસ (૧૭૭૯-૧૮૫૬) અને ગેલેગેડ્રો (૧૭૭૬–૧૮૫૬) નામના બીજા વિદ્વાનોએ એમ બતાવ્યું કે ડાલ્ટનની કલ્પનામાં થોડીઘણી ખામી હતી અને તે દૂર કરવાને માટે અણુ* અને પરમાણુ+ની બે જુદી,જુદી કલ્પનાઓની જરૂર હતી. અણુ એ એક ભૌતિક કલ્પના સમુદાય અને દ્રવ્યની નાનામાં નાની સ્વતંત્ર રીતે રહી શકે તેવી રજકણને અણુ કહેવાય; પરમાણુ એટલે રાસાયનિક સંયોજનમાં ભાગ લઈ શકે તેવું તત્ત્વનું નાનકડું રજકણ. બહુધરા અણુમાં એક કરતાં વધારે પરમાણુ હોય છે; જલવાયુ અને પ્રાણવાયુની વચ્ચેનો ૧ થી ૮ જે રાસાયનિક પ્રમાણાંતર જોવામાં આવે છે તે ઉપરથી અને તેમના આયતન ઉપરથી એમ ફલિત થાય છે કે જલવાયુના બે અણુઓ અને પ્રાણવાયુનો એક અણુ તે પ્રમાણમાં સંઘટન થઈને જલબાષ્પનું એક અણુ ઉત્પન્ન થાય છે અને તેથી જલની રાસાયનિક સંજ્ઞા HO નહિ પણ H_2O થશે.

ડાલ્ટનની કલ્પના આ પ્રમાણે સુધર્યા પછી પરમાણુવાદ આધારભૂત રાસાયનિક વ્યવહારમાં નિશ્ચિતરૂપે સ્વીકારવામાં આવે છે. સંયુક્ત પદાર્થો અને તાત્ત્વિક પદાર્થોના પરમાણુઓ નરી આંખે

*Molecule +Atom

જોવેજ કામમાં નથી પરંતુ પ્રયોગાત્મક રીતથી તપાસ કરતાં તેમના ગુણો અને લક્ષણોનો જે અનુભવ થાય છે તે વિષે શંકા રાખવાને કાંઈ કારણ મળતું નથી. છેલ્લાં લગભગ સવાસો વર્ષમાં ભૌતિકવિદ્યા અને રસાયનવિદ્યાના કઠિનમાં કઠિન સૈદ્ધાન્તિક પ્રશ્નોના ઉકેલમાં અણુવાદ અને પરમાણુવાદ જેટલી બીજી કોઇપણ કલ્પના ઉપયોગી થઇ રહી નથી; અને જેમ જેમ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ અણુવાદ અને પરમાણુવાદના સિદ્ધાન્તોની ઉપયોગિતા સિદ્ધ થાય છે. સૌથી મોટો અને તાત્કાલિક લાભ તો એ થયો કે કઈ વસ્તુને તત્ત્વ કહેવું એ નિશ્ચિત થયું. ગમે તેવી રીતે તે તત્ત્વ બનાવવામાં આવે તો પણ તેનો પરમાણુપ્રકાર નિશ્ચિત અને એક સરખો જ હોવો જોઇએ, અને તેથી જેનું વધારે પૃથક્કરણ અથવા વિભાજન થઇ શકે નહિ તે દ્રવ્યોને આપો તત્ત્વો કહ્યાં. આ તત્ત્વો શોધવાથી અને તેમના અણુપ્રકાર નક્કી કરવાથી રસાયનવિદ્યામાં આજ થયેલી ચોકસાઇ અને જ્ઞાનવૃદ્ધિ આશ્ચર્યકારક છે. ડૉલ્ટનના પહેલાં પચ્ચાસ મહાભૂતની કલ્પના પ્રચલિત હતી: ડૉલ્ટને લગભગ વીસ તત્ત્વોની શોધ કરી હતી; પરંતુ ત્યારપછી હવે લગભગ ૮૨ જાતનાં તાત્ત્વિક દ્રવ્યો સ્વીકારાયા છે. રાસાયનિક કામમાં નવી શોધ થતાં અને નવી રીતથી કામ કરતાં નિશ્ચિત મનાતાં દ્રવ્યોમાંથી પૃથક્કરણ થઇને બીજાં તત્ત્વો મળી આવે છે. ડેવીએ ત્રિપુટના પ્રવાહની મદદથી સોડિયમ, પોટાશિયમ અને તેવી બીજી નરમ ધાતુઓની શોધ કરી હતી: ત્યાર પછી સાધારણ માટીમાંથી એલ્યુમીનિયમની શોધ પણ ત્રિપુટ પ્રવાહના પ્રવાહથી થઇ; પ્રકાશના રંગપટના પૃથક્કરણની પદ્ધતિથી રુબીડિયમ, સીઝિયમ વગેરે નવી ધાતુઓ શોધાઇ છે, તે જ પદ્ધતિથી થેલિયમ, ઇન્ડિયમ, ગેલીનમ, ફ્રીડેલ ક્રાફ્ટ્સની વાયવી તત્ત્વોનો પણ નિર્ણય થયો છે; રેડિયમ, અને તેના સંબંધથી નવાં તત્ત્વોની શોધ થવાથી પરમાણુની રચના, દ્રવ્ય માત્રનાં બંધારણ વગેરે અગત્યના પ્રશ્નો ઉપર નવી જ જાતનો પ્રકાશ પડ્યો છે.

રાસાયનિક ગુણોમા નિયમિતતા

આ બધા રાસાયનિક તત્વોના ભૌતિક ગુણો, અને રાસાયનિક ધર્મોમાં કાંઇ પણ નિયમ હશે કે કેમ? અથવા તો ભૌતિક ગુણ અને રાસાયનિક ધર્મો વચ્ચે કાંઇ સંબંધ હશે કે કેમ? અને હોય તો તે કેવા પ્રકારનો? પરમાણુવાદ સુસ્થાપિત થયા પછી આ પ્રશ્નો ઘણી વાર પુછવા લાગ્યા. રાસાયનિક તત્વોના પરમાણુભારો અને તેમના ગુણધર્મ સાથે કોઈ પણ જાતનો સંબંધ હોવો જોઇએ એ માન્યતા રાસાયનિકોમાં પ્રચલિત થવા લાગી; અને આ સંબંધને બારીકાઇથી તપાસીને તેમાંથી કાંઇ નિયમસર વર્ગીકરણ તૈયાર કરવાના પ્રયત્નો શરૂ થયા. ઇ. સ. ૧૮૧૫ માં ડોબરાઇનરે રાસાયનિક તત્વોના ગુણધર્મ પ્રમાણે ત્રિપુટીઓના સમૂહ પાડયા હતા. ત્યારપછી ૧૮૬૩–૧૮૬૫ નાં વર્ષોમાં ન્યુલેન્ડ નામના અંગ્રેજ રાસાયનિકે આ વિષે કેટલાંએક નિબંધો લખ્યા હતા. રાસાયનિક તત્વોને તેમના અણુભારો પ્રમાણે ગોઠવવાથી દરેક આઠમા તત્વોના ગુણોમાં સામ્ય દેખાય છે તેથી તેણે સમકના નિયમનું પ્રતિપાદન કર્યું હતું. તે વખતે તેને હસી કાઢવામાં આવ્યો હતો, અને એક સભામાં તેને એમ પણ કહેવામાં આવ્યું હતું કે તત્વોને તેમના નામના પહેલા અક્ષર પ્રમાણે ગોઠવવાથી પણ તેમાંથી કાંઇ નિયમિતતા મળશે! પણ ૨૧ વર્ષ પછી તેની શોધની ભારે કિંમત જણાઇ અને રોયલ સોસાયટી તરફથી ન્યુલેન્ડને સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો. આ અખતરાનો નિયમ નવા રૂપમાં સ્વતંત્ર રીતે શોધ કરીને મેન્ડેલીફ નામના રૂશિયન રસાયનવેત્તાએ ૧૮૬૯ માં પ્રસિદ્ધ કર્યો. રોબર્ટ બોયલની માફક મેન્ડેલીફ પણ તેના પિતાની સંતતિમાં ચૌદમા રત્નને હતો, પરંતુ તેનો પિતા અંધ થવાથી તેનું બાલ્યજીવન કષ્ટમય થયું હતું. વિદ્યા સંપાદન કરવામાં ઘણી દરકત પડવા છતાં અત્યંત પરિશ્રમ અને તીવ્ર બુદ્ધિથી તેણે રાસાયનિક તત્વોનાં વર્ગીકરણ અને સમજુતીમાં

આવશ્યક પ્રકાશ પાડનાર નિયમોનું પ્રતિપાદન કર્યું હતું. લાખો રાસાયનિક સંયોજનોના ગુણ અને ધર્મ વાંચ રાખવા મુશ્કેલ છે, અને તેમની વિવિધતા અને સંખ્યા સામાન્યરૂપ મનુષ્યને મૂંઝવે તેવી છે, પરંતુ તે વિવિધતામાં એકતાનું દર્શન કરાવનારી રસાયનવિદ્યાની સમજૂતીની મારી મેન્ડેલીફના નિયમોમાંથી, મળી આવે છે.

મેન્ડેલીફનો નિયમ

મેન્ડેલીફનો નિયમ ટૂંકામાં આ પ્રમાણે વજનથી શકાય. રાસાયનિક તત્ત્વોને તેમના પરમાણુભારરૂપ પ્રમાણે ગોઠવવાથી તેમના ગુણ અને ધર્મમાં અમુક પ્રકારની નિયમિતતા અને સામયિકતા* સ્પષ્ટ થાય છે; તેથી પરમાણુભાર અને તત્ત્વોના (૧) ગુણધર્મ વચ્ચે સામયિક રીતે સંબંધ છે-એમ કહી શકાય. તત્ત્વોના વર્ગીકરણમાં, (૨) પરમાણુભારકિંમતના નિર્ણયમાં અને તેમાં જરૂરપૂરક સુધારવામાં તથા (૩) અજ્ઞાત તત્ત્વોના ગુણધર્મના અવિષ્કારકરણમાં એ ત્રણે કાર્યોમાં આ નિયમ બહોળા પ્રમાણમાં ઉપયોગી થયો છે. તેમાં છેલ્લું કાર્ય તો એક રીતે ચમત્કારિક ગણી શકાય. બારણે કે નવા તત્ત્વની શોધ થતા પહેલાં તેના ગુણ અને ધર્મનો નિર્ણય કરવો એ સહેલું નથી. બધાં તત્ત્વોને પરમાણુભારરૂપ પ્રમાણે નિયમસર એક કોષ્ટકમાં ગોઠવવાથી કેટલીએક જગ્યાઓ ખાલી રહે છે. તે ખાલી સ્થાન અજ્ઞાત તત્ત્વોનાં છે એમ ધારવામાં આવે છે. તેમની આજુબાજુનાં તત્ત્વોના ગુણધર્મો ઉપરથી આ અજ્ઞાત તત્ત્વોના ગુણધર્મોનો નિર્ણય કરી શકાય છે. આ કોષ્ટકમાં સમૂહ+ અને શ્રેણી‡ એ બે જાતના વિભાગ કરવામાં આવ્યા છે; ખાલી સ્થાન ઓછી શ્રેણીમાં હોય તો 'એકા'—એ સંસ્કૃત પ્રત્યય લગાડીને, અને બેવડી શ્રેણીમાં હોય તો 'દ્વિ'—એ સંસ્કૃત પ્રત્યય લગાડીને, મેન્ડેલીફે નવાં રાસાયનિક તત્ત્વોનાં નામ આપ્યાં હતાં. એક દાખલાને એક—એકબોરોનિયમ, એક—સીરોન, એક—સીલિકમ, દ્વિ—સિલિકમ, દ્વિ—ટેલુરિયમ વગેરે અજ્ઞાત તત્ત્વોના ગુણો, ધર્મો અને પરમાણુ

* Periodicity ‡ Group ‡ Series

હતા. તેમનાં પહેલાં ત્રણ તત્ત્વોની શોધ મેન્ડેલીફના આવિષ્કારના બાદ ૧૫ વર્ષ પછી થઈ હતી. તે છતાં પણ તેમના ગુણધર્મ ધાર્યા પ્રમાણે જ નીકળ્યા હતા; એ ત્રણ તત્ત્વોનાં નામ હોફમાં જર્મેનિયમ, સૉલિયમ, અને સ્કૅન્ડિયમ એમ અનુક્રમે અપાયાં છે. તેમના ભૌતિકગુણો અને રાસાયનિક વર્તન ધારવા પ્રમાણે આબેહૂબ નીકળ્યાં અને તેનું આવિષ્કરણ બરાબર પડ્યું. જેવી રીતે નેપ્ચ્યુન નામના અજ્ઞાત ગ્રહની અગોલમાં સ્થિતિ અને ગતિ પહેલેથી નિર્ણીત થઈ હતી અને નિર્ણીત સ્થળે તપાસ કરતાં તે ગ્રહ શોધી કઢાયો હતો એ ઘટનાથી સૈદ્ધાન્તિક ખગોળવિદ્યાની પ્રતિષ્ઠા વધી હતી તેવી જ રીતે આ નવાં તત્ત્વોની શોધથી સૈદ્ધાન્તિક રસાયનવિદ્યાની પ્રતિષ્ઠા વધી. બે લાખ ઉપરાંત રાસાયનિક પદાર્થો અને સંયોજનોના ગુણ અને ધર્મમાં બદલવા અને નિયમની શોધ થવાથી રસાયનવિદ્યાની અનુના ચોક્કસ શાસ્ત્રોમાં થવા લાગી. તે છતાં પણ એટલું તો કહેવું પડશે કે મેન્ડેલીફના નિયમ અને હોફમાં અપૂર્ણતાને લીધે અને બીજી દિશામાં અન્વેષણનો અભ્યાસ વધવાને લીધે તેની અગત્ય રહી નથી. પરંતુ આવા નિયમોનું મુખ્ય કાર્ય તો નવા અન્વેષણને ઉત્તેજન આપવાનું અને જૂના જ્ઞાનને સુનિશ્ચિત કરવાનું છે એ દૃષ્ટિએ મેન્ડેલીફનું કાર્ય રસાયનવિદ્યાના ઇતિહાસમાં ચિરસ્થાયી અને ઉજ્જ્વળ રહેશે.

પરમાણુભારાંકની સાથે પરમાણુની આંતરરચનાનો જે સંબંધ છે એ નિર્વિવાદ અગત્યનું છે. પણ તે વિષય લેતાં પહેલાં તેની સાથે સંબંધ ધરાવતા ભૌતિકશાસ્ત્રવિજ્ઞાનના બીજા વિભાગોના ઇતિહાસની સમાલોચના કરવી આવશ્યક છે.

જોસેફ થૉમ્સન

ભૌતિકવિજ્ઞાનના મુખ્ય વિભાગમાં નાદશાસ્ત્ર, પ્રકાશશાસ્ત્ર, વિદ્યુતશાસ્ત્ર અને ચુંબકશાસ્ત્ર-પ્રથમ ગણી શકાય. ધ્વનિમાં નાદ અને નકકી કર્યા બારાંક

પ્રકાશ કેવી રીતે પ્રસરે છે તે ન્યૂટને બતાવ્યું હતું; પરંતુ તે ઉપરાંત તેમનાં અન્વેષણોનો, વિવિધ સૂરો અને સંગીતની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તેની સમજૂતી પાડવામાં મળી હતી. ઉષ્માશાસ્ત્રની શોધોમાં સાધારણ જનસમાજને જરા વધારે રસ પડે તેમ છે તેથી તેમાંની એકને વધારે વિગતથી ચર્ચવાની જરૂર જણાય છે. બ્લૅક-વરાળ-ના ગુણો સંબંધી બ્લૅક નામના વૈજ્ઞાનિકોના સંશોધનવિષયના અધ્યાપકનું કામ સૈદ્ધાન્તિક અને પ્રાયોગિક બંને દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. બરફનું પાણી થતાં અને પાણીની વરાળ થતાં ઉષ્માનો અમુક જથ્થો ગુપ્ત થાય છે એ તેણે અનેક રીતે સિદ્ધ કર્યું હતું. બરફ અને પાણીને જોખમાં રાખીને નીચેથી તપાવવામાં આવે તોપણ જ્યાં સુધી બરફનો ટુકડો પણ હશે ત્યાં સુધી આ પાણીનું ઉષ્મામાપ 0°C કરતાં વધશે નહિ; તેવી જ રીતે પાણીને ખૂબ ગરમ કરીને ઉકાળ્યા પછી અને તેમાંથી વરાળ નીકળ્યા પછી પણ વધારે ગરમ કરવાથી પાણીનું ઉષ્મામાપ ૧૦૦° C કરતાં વધારે ઊંચું ચઢશે નહિ. આ બનાવનું કારણ શોધતાં બ્લૅકને જણાયું કે વધારાની ઉષ્મા ગુપ્ત થઈ જાય છે; અને તેવી જ રીતે વરાળ-માંથી પાણી થતાં તેમાંથી આવતી ઉષ્મા પડઘા પડે છે. આ શોધ તેના મિત્ર વૉટને બહુ ઉપયોગી પડી; કારણ કે તે સમયે વૉટ એક જૂના વરાળયંત્રની મરામતનું કામ હાથમાં લીધું હતું. વૉટ (૧૭૩૬-૧૮૧૯) નાનપણમાં બીમાર, રમતિયાળ અને બાઘો હતો, તેનું ચિત્ત ભણવામાં ન હતું. ચૂલાદાનીમાંથી નીકળતી વરાળને ચમચાવતી દાબી જોવાના પ્રયોગ જેવી રમત કરવામાં તેનું ધ્યાન રહેવાથી તેની મા તરફથી ઠપકો મળતો. દાર્શનિકનું ચિત્ર પ્રસિદ્ધ છે. મોટો થયા પછી નાનાં મોટાં યંત્રો અને ખાસ કરીને ખગોળ અને ગણિતનાં યંત્રો બનાવવાનું કામ તે કરતો અને તેની બુદ્ધિ અને યાંત્રિક જ્ઞાન જોઈને તો બીરમાં હતાં કે ત્યાંની યુનિવર્સિટીના બધા અધ્યાપકો તેની પાસે વિવેચન અને વાતો કરવા જતા. આવા

એક પ્રસંગે ઇસ્પૅકની શોધ ઉપર વિચાર કરતાં ચૉટને લાગ્યું કે જૂની પદ્ધતિનાં વરાળયંત્રોમાં માથાકૂટ અને ખર્ચ બહુ હતાં; પીસ્ટન ઊંચો ગયા પછી તેને નીચે લાવવાને માટે આખું વરાળનું સીલીંડર ઠંડું કરવું પડતું હતું તેમાં ઊષ્માનો નાશ થતો હતો–એક રતલ વરાળને ઠંડી કરવામાં ૭ રતલ પાણીની જરૂર પડે છે તે બધાને બદલે સીલીંડરને ઠંડું કરવાને બદલે તેમની વરાળ બીજા પાત્રમાં લઇ જઇને ઠંડી કરવામાં આવે તો તેમાં ઊષ્માનો બચાવ થાય, બળતણનો બચાવ થાય, અને યંત્ર અટકાવ્યા વગર વધારે સારી રીતે ચાલી શકે. આ શોધનો લાભ લઇને ચૉટ અને તેના જેવા જ ઉદ્યોગપ્રિયવાળા તેના ભાગીદાર બૉલ્ટને નવી પદ્ધતિનાં વરાળયંત્રો બનાવવાં શરૂ કર્યાં. પોતે વરાળયંત્રનું શોધન કર્યું નથી પરંતુ તેમાં સુધારા દાખલ કર્યા છે એ વાતથી તેના કાર્યની મહત્તા ઓછી થતી નથી. કારણ કે તેની શોધ વગર વરાળયંત્રોથી આગગાડીઓ, કાપડ સૂતરનાં કારખાનાં અને વહાણો ફીમરે ચલાવી શકાત નહિ અને નવા ઔદ્યોગિક પરિવર્તનનાં બીજ રોપાઇ શકત નહિ.

બેન્જામીન ફ્રૅંકલીન

ઉષ્માશાસ્ત્ર કરતાં વીજશાસ્ત્રથી આ ઔદ્યોગિક પરિવર્તનમાં ઓછું કાર્ય થયું નથી. બેન્જામીન ફ્રૅંકલીન (૧૭૦૬–૧૭૯૦) એક ચરબીના વેપારીનો છોકરો હતો. તેણે નાનપણમાં ઘણી હાડમારી વેઠયા પછી તેના ભાઇના ત્રાસથી નાસીને જુદું અખબારનું કાઢવું હતું. તેને ૪૦ વર્ષની ઉંમર સુધી વિજ્ઞાનમાં નથી શોધ કે નવું કામ કરવાને ફુરસદ મળી ન હતી, કેમ કે તેટલા વર્ષ સુધીમાં તેણે ખંત, મહેનત અને અભ્યાસથી જ્ઞાન મેળવવાનું કામ ચાલુ રાખ્યું હતું. પદાર્થ વીજભાર પામે છે ત્યારે તેમાં ઘન અથવા ઋણ કોતની વીજ કયાંથી આવે છે તે સમજાવવા માટે બે જુદી જાતના પ્રવાહોને બદલે એક જ પ્રવાહની કલ્પના તેણે સિદ્ધ કરી હતી. પરંતુ તેનું એક મોટું કાર્ય તો આકાશમાંથી વીજળીના ચમકારા અને

ચુંબકશક્તિ દ્વિપાથી ઉત્પન્ન કરવામાં આવતી વિદ્યુત એ એક જ છે તે સિદ્ધ કરવાનું હતું. આ વાત આપણને જેટલી સહેલી લાગે છે, પરંતુ તે વખતે લંડનની રૉયલ સોસાઇટી ઉપર આ વિષે લેખ મોકલ્યો ત્યારે તેની હાંસી કરવામાં આવી હતી. તેણે એમ પ્રતિપાદન કર્યું હતું કે (૧) વીજળીના પ્રકારો અને વિદ્યુતના તણખા બંનેના પ્રકાશ વચ્ચે સામ્ય છે, (૨) વીજળી અને વિદ્યુત એ બંનેથી વસ્તુઓ બળી જાય છે, (૩) બંનેથી ધાતુઓ ઓગળી જાય છે અને બંનેથી પ્રાણીઓ મરી જાય છે, (૪) જેમ અણીદાર પદાર્થો તરફ વિદ્યુત ઝૂકી જાય છે,—આકર્ષાય છે, તેમ જ વીજળી મિનારાઓ, ઝાડની ટોચ ઉપર અને પર્વતના શિખર ઉપર પડેલી પડે છે. આ પ્રમાણે ગુણો સરખા હોય તો પછી આકાશની વીજળી અને કૃત્રિમ વિદ્યુત બંનેનું આંતિમ સ્વરૂપ એક જ હોવું જોઇએ; અને જેવી રીતે વિદ્યુત તાંબાના તાર કે સળિયામાં જલદીથી સંવહન કરે છે તેવી જ રીતે આ આકાશની વીજળીને પણ તાંબાના સળિયા વતી જમીનમાં ઉતારી દેવામાં આવે તો ઘર વગે મકાનોને અને બીજી વસ્તુઓને થતું નુકસાન અટકાવી શકાય. પરંતુ આ વિચાર તે સમયે રૉયલ સોસાયટીના વિદ્વાન સભ્યોને ગમ્યો નહિ. અને ઊલટું ફ્રેન્કલીનની મશ્કરી થઇ. પણ આથી નિરાશ ન થતાં પ્રત્યક્ષ પ્રયોગ કરીને આકાશની વીજળી નીચે લાવવાને માટે તેણે તૈયારી કરી: રેશમી કપડાનો ટુકડો કરતાં પણ મોટો પતંગ બનાવી તેને ઉપરના છેડે અણીદાર લોખંડનો ટુકડો જડીને સાધારણ સૂતરની દોરી વતી આ પતંગ એક તોફાની અને વર્ષાઋતુની સવારે જોરે આકાશમાં ચડાવ્યો. આ દોરીને છેડે એક કૂંચી બાંધી અને કૂંચીના છેડા ઉપર રેશમી દોરો બાંધ્યો કે જેથી એકઠી થયેલી વીજળી નાસી જાય નહિ. આ પ્રમાણે તૈયારી કરીને અને પતંગની દોરીને ઝાડે બાંધીને ફ્રેન્કલીન અને તેનો છોકરો એકાંતમાં બેઠા. થોડીવાર પછી સખત ઝાપટું આવ્યું, દોરી અને

પતંગ બીનાં થઈ ગયા, અને એકાદ બે વીજળીના ચમકારા થયા. પછી દોરી ઉપરની રુવાંટી ઊભી થઈ ગઇ. ફ્રૅન્કલીનને સંતોષ થયો કે તેનો પ્રયોગ સફળ થયો હતો. કૂંચીને પોતાની આંગળી લગાડતાં તેમાંથી તણખો નીકળ્યો અને થોડીવાર પછી તેણે કૂંચીમાંથી તેના શરીરમાં વિદ્યુતના તણખા જોયા. હવે બન્નેને રેશમી સોસાપટીના સજ્યો હસે અથવા હાંસી કરે, પરંતુ ફ્રૅન્કલીને આકાશની વીજળીને નીચે ઉતારી હતી, અને આ વીજળીનું અને કૃત્રિમ વિદ્યુતનું સ્વરૂપ અને ગુણ એક જ છે એ સિદ્ધ કર્યું હતું. ત્યારપછી તેના ઘરમાં આ વીજળી આકાશમાંથી ખેંચી કરવાનું યંત્ર બનાવ્યું હતું: અને તે શોધ પછી જ ઊંચાં મકાનોની ટોચને ત્રાંબાની પટીથી મઢીને વીજળીના કોપથી રક્ષિત કરવાનો રિવાજ શરૂ થયો છે.

ગૅલ્વેની અને વૉલ્ટા

જે સમયમાં ફ્રૅન્કલીને આકાશની વીજળી અને કૃત્રિમ વિદ્યુત (જે કાચ અને રેશમ અથવા ત્વચાનું ઘસવાથી, અથવા તો લાક્ષ યા કેરબો અને ઊન ઘસવાથી ઉત્પન્ન થાય છે) એ બે એક જ પ્રકારની છે તે સિદ્ધ કર્યું, તે જ સમયે ગૅલ્વેની (૧૭૩૭–૧૭૯૮)–એ પ્રાણીઓમાં રહેતી પ્રાણીજ વિદ્યુતની અને વૉલ્ટાએ (૧૭૪૫–૧૮૨૬) ધાતુઓમાંથી નીકળતી ધાતુજ વિદ્યુતની શોધ કરી હતી. આ પ્રમાણે દેડકાના પગના માંસતંતુઓ બહારના કોઈ પણ સંસર્ગ સિવાય વિદ્યુતપ્રવાહને ઉદ્ભવાવી શકે છે; વૉલ્ટાએ જસત અને ત્રાંબું એ બે ધાતુના ટુકડાને સાથે રાખવાથી તેમાંથી વિદ્યુત-પ્રવાહ ઉત્પન્ન થાય છે એ બતાવી આપ્યું હતું. જીભની ઉપર અને નીચે ત્રાંબાનો પૈસો અને જસતનું ગોળ ચક્રું સાથે રાખવાથી આ વિદ્યુતપ્રવાહનો અનુભવ આપણને મળી શકે છે; આ વિદ્યુતપ્રવાહ પ્રાણીમાંથી ઉત્પન્ન થાય છે કે ધાતુમાંથી ઉત્પન્ન થાય છે તે વિષે ગૅલ્વેની અને વૉલ્ટા વચ્ચે ઘણો વિવાદ થયો હતો; પરંતુ તેઓ બંને ખરા હતા અને બંને જાતની વિદ્યુત ઉત્પન્ન થઇ શકે.

છે તે વાત પછીથી સિદ્ધ થઈ હતી. ચૌદમાની શોધનો પાછળથી બહુ રીતે વિકાસ થયો છે. બે ધાતુની વચ્ચે ફક્ત પાણીને બદલે તેજાબવાળું પાણી રાખવામાં આવે તો આ વિદ્યુતપ્રવાહ સહેલાઇથી પ્રદીપ્ત થઈ શકે છે: તેમાં પણ બે ધાતુના એક કોષને બદલે આવી કોષમાલા તૈયાર કરવામાં આવે તો તેમાંથી ઓટલો બધો પ્રબળ પ્રવાહ નીકળી શકે છે કે તેમાંથી તણખા અને પ્રકાશ પણ દેખાય છે. આ શોધમાંથી હાલના જમાનાના વીજળીના દીપક અને વીજળીના તારવાળા અને તાર વગરના ટેલીગ્રાફ અને ટેલીફોનની શરૂઆત થઈ છે: ત્યાર પછી વીજળી મેળવવાનાં યંત્રો અને વિદ્યુતની અનેક શોધ અને અન્વેષણ થયાં છે. પરંતુ વીજવિદ્યાના બાલ ઉપાસકોમાં ગલ્વાની, ઓર્વેની અને વૌલ્ટાનાં નામ ભૂલી જવાં જોઇએ નહિ.

વીજવિદ્યાનાં સૈદ્ધાન્તિક પરિણામો

વીજવિદ્યાના અભ્યાસથી મનુષ્યને અનેક લાભ થયા છે. આધિભૌતિક સુખ અને આરામ, દીપક અને પંખાઓ, તારના સંદેશા, ટ્રામ, ગાડી અને વ્યવહારનાં સાધનો, ચૌદ્યોગિક બળ વગેરે અનેક પરાક્રમોથી વીજવેત્તાઓએ જનસમાજને ઉપકૃત કર્યો છે. પરંતુ આ લાભના કરતાં મનુષ્યની અંતિમ સત્ય શોધવાની મહત્વાકાંક્ષાને સંતોષનારી સૈદ્ધાન્તિક શોધની કિંમત બહુ જ વધારે છે. દ્રવ્યનું બંધારણ કેવા પ્રકારનું છે, એ પ્રાચીન પ્રશ્નનો ઉત્તર છેલ્લા ત્રીસ વર્ષમાં જે સફળતાથી મળ્યો છે તેનું એક કારણ વીજવિદ્યાનો ઊંડો અભ્યાસ છે. આણ્વવાદ પ્રાચીન સમયથી પ્રચલિત છે પરંતુ તેનું બૌતિક દૃષ્ટિએ સમર્થન અને આ-અણુનું સ્પષ્ટ દર્શન, વીજવિદ્યાના અભ્યાસ પહેલાં અશક્ય હતું. ઈ. સ. ૧૮૬૫ પહેલાં વાતની સરહદ બંધાઈ ગઈ હોય એમ લાગતું હતું, અને તે વખતે કોઇ પણ સિદ્ધાન્તો નવા શોધવાના બાકી રહ્યા હોય, એમ દેખાતું ન હતું. પરંતુ એકાએક જ સાયન્સનો આકાશના દ્રવ્યમાંથી વિદ્યુતપ્રવાહ પસાર થવાથી મળતા દેખાવોનો, વાયુની નળીઓમાંથી

વિદ્યુતપ્રવાહ પસાર થતાં તેમાંથી નીકળતા રોજ્જન ફિરણો, કેથોડ ફિરણો, ક્ષ-ફિરણો, અને રેડિયમની શોધ અને તેમાંથી નીકળતાં ફિરણો અને ઉપરનાં ફિરણોનું સામ્ય—એ બધી ઘટનાઓના અભ્યાસથી દ્રવ્ય અને વિદ્યુતના સ્વરૂપ અને બંધારણ વિષે વિદ્વાનોના વિચારો બદલાઈ ગયા અને લગભગ દશ વર્ષમાં આ વિષયમાં ચિત્તચમત્કૃતિ પરિવર્તનનો અનુભવ થયો.

જલમય દ્રવણમાં વિદ્યુતનો પ્રવાહ

જુદા જુદા રાસાયનિક પદાર્થોને પાણીમાં ઓગાળીને આ દ્રવણમાં વિદ્યુતપ્રવાહ પસાર થવાથી રાસાયનિક પદાર્થોના ધન અને ઋણ એ બે ભાગ પડી જાય છે. ત્રાંબું, રૂપું કે સોનું એમાંથી કોઈપણ ધાતુના ક્ષારનું પાણીમાં દ્રવણ લઈને તેમાંથી વીજ-પ્રવાહ પસાર કરવાથી ઋણ છેડા ઉપર આ ધાતુ છૂટી પડે છે, આનો ઊપપોગ ઠોળ ચઢાવવામાં થાય છે ઋણ તારા ઉપર આ ધાતુઓ ચઢતી હોવાને લીધે એમ સિદ્ધ થાય છે કે આ ધાતુઓના કણો ઉપર ધનવિદ્યુત લાગેલું હોવું જોઇએ; આ બીજવાળા કણમય કણોને "આયન" નું નામ આપવામાં આવે છે. "આયન" બે પ્રકારનાં હોઈ શકે-ધન અને ઋણ. ક્ષારોના દ્રવણના વર્તનની સમજુતી માટે આ "આયોનિક" સિદ્ધાન્ત ઘણો જ ઉપયોગી થઈ પડયો છે. સાધારણ મીઠું રાસાયનિક નામ સોડિયમ ક્લોરાઇડ કહેવાય છે, તેના દ્રવણમાં વિદ્યુતપ્રવાહ દાખલ કરવામાં આવે તો ધન છેડા ઉપર ક્લોરીન વાયુ તાત્ત્વિક રૂપમાં છૂટો પડશે અને ઋણ છેડા ઉપર સોડિયમ ધાતુ છૂટી પડીને તેનું રૂપાંતર થઈ જશે, આ પ્રમાણે થયેલું દ્રવણ તેમાંના ક્લોરીનને લીધે કારખાનાઓમાં નિષ્ણાત કરવાને માટે-બ્લીચીંગ માટે-બહુ ઉપયોગી છે. આ "આયનો" નરી આંખે જોઈ શકાય છે; ત્રાંબાના "આયનો" નો રંગ લીલાશ પડતો હોય છે, તેવી જ રીતે કોબાલ્ટનું "આયનો" અને કોમેટનાં "આયનો" ની ગતિ તેમના રંગને

બીજે સ્પષ્ટ જોઇ શકાય છે. આ "આપનો" અને આણ્વાકૃતિના પરમાણુમાં ફેર એટલો જ કે આ "આપનો" ઉપર વિદ્યુત લાગેલું હોય છે અને તે પાણીના દ્રવ્યમાં જ રહી શકે છે.

વાયુમાં બીજનો પ્રવાહ

પાણીનાં દ્રવ્યોમાંથી બીજપ્રવાહ પસાર થતાંથી જેવા "આપનો" ઉત્પન્ન થાય છે તેવા જ "આપનો" વાયુમાંથી આ પ્રવાહ પસાર થતાંથી ઉત્પન્ન થાય છે. આવા "આપનો" સિવાય બીજનો પ્રવાહ પાણી કે વાયુમાં થઈને પસાર થઇ શકે જ નહિ. કારણ કે તે બંને વસ્તુઓમાં બીજપ્રવાહ પસાર કરવાની શક્તિ છે જ નહિ. જેમ દ્રવ્યમાં ધન અને ઋણ બનતાં "આપનો" જુદા જુદા છેડે પડે છે તેવી જ રીતે વાયુમાં વિદ્યુત પસાર કરવાથી લગભગ તેવી જ ઘટના જોવામાં આવે છે. વાયુનું દબાણ ઓછું કરવાથી ધન છેડેથી અને ઋણ છેડેથી જુદી જુદી જાતનાં કિરણો દેખાય છે. ધન છેડેથી નીકળતાં કિરણોમાં ધનવિદ્યુત હોય છે; તેઓ ફક્ત સીધી દિશામાં જ જઇ શકે છે, પણ વિદ્યુત અને ચુંબકતત્ત્વની અસરથી આ દિશા બદલી શકાય છે. આ વિષયમાન માપવાથી તેમની ગતિ અને ધનતાનું માપ લઇ શકાય છે, તે ઉપરથી એમ સિદ્ધ થયું છે કે, આ ધનકિરણો ઘણાક પરમાણુઓનાં બનેલાં હોય છે અને આ રીતે તેમના પરમાણુભારાંકનો નિર્ણય થઇ શકે છે; આ પ્રમાણે પરમાણુના પ્રત્યક્ષ દર્શનનો-જોવાનો નહિ તો તેમના ગુણોનો અનુભવવાનો લાભ મળે છે.

દ્રવ્ય બીજરૂપ છે.

ઋણ છેડા ઉપર નીકળતાં "કેથોડ કિરણો" બધારે વિલક્ષણ છે. આ કિરણો ઘનીન વસ્તુઓ ઉપર પડે છે ત્યારે તેમાંથી ક્ષ-કિરણો અથવા ક્ષ-કિરણો નીપજે છે. ધન કિરણોમાં ધન બીજવાળાં પરમાણુ હોય છે, તેમ આ ઋણ કિરણોમાં ઋણ-બીજવાળા બીજાણુઓ હોય છે. તેઓ પણ ફક્ત સીધી દિશામાં

જઈ શકે છે; અને વિદ્યુત અને ચુંબક ક્ષેત્રની અસરથી તેમના પથની દિશા બદલી શકાય છે. આ વિષયગ્રહણના આધારે એમ સિદ્ધ થયું છે કે આ અણુકિરણો છટક પીંજાયેલા અણુઓના બનેલા હોય છે. તેમની ગતિ સેકન્ડના ૧૮૦૦૦ માઈલ જેટલી એટલે પ્રકાશનાં કિરણોના કરતાં દશમા ભાગ જેટલી જ છે અને તેમનું વજન ઘણું જ હલકું છે. સર્વથી હલકા ગણાતા હાઈડ્રોજન (જલવાયુ), જેનો અણુભાર(*) એક જ જણાય છે તેના આઠસોમા ભાગ જેટલું જ તેનું વજન છે. ધનકિરણોમાં અણી આવતા પરમાણુઓના ગુણો, અને પરમાણુભાર(*) પ્રયોગમાં વપરાયેલા વાયુની સાથે બદલાય છે, પરંતુ અણુકિરણોના પીંજાણુઓ તો નિશ્ચિત અને નિર્વિકાર સ્વરૂપના છે. ગમે તે વાયુ વપરાય અને ગમે તેવી રીતે પ્રયોગ કરવામાં આવે તો પણ આ અણુકિરણોમાં પીંજાણુનું સ્વરૂપ સ્થાયી રહે છે. બધા રાસાયનિક તત્ત્વોમાં આ પીંજાણુ રહે છે અને તેમનામાં રહેલો વિદ્યુતનો અંશ એ અણુ વિદ્યુતનો નાનામાં નાનો અંશ-એકમ હોવો જોઇએ એમ સિદ્ધ થાય છે. આ પીંજાણુ એક ઘણી જ વિલક્ષણ વસ્તુ છે: તે દ્રવ્યમાત્રના તેમ જ શક્તિના અતિમ બંધારણનું કારણ છે-વિશ્વરચનાની અતિમ ઈંટ છે-એમ કહી શકાય. આ પીંજાણુની ગતિ વધારીએ તો તેનું વજન-ઘનતાક પણ વધે છે અને તેથી દ્રવ્યના વજનમાં આ વિદ્યુતનો ભાગ નાનો ન કહી શકાય. કેટલાએક વૈજ્ઞાનિકો તો એમ કહે છે કે આ પીંજાણુ દ્રવ્ય અને શક્તિની એકતા દર્શાવે છે. પછી ત્યારે તમારે વિશ્વને કેવળ જડ દ્રવ્યનું બનેલું કહ્યું તો કેવળ પીંજાયેલ શક્તિનું બનેલું કહ્યું હોય તો કહો.

રેડિયમવિદ્યા

આ સંબંધમાં રેડિયમની શોધ અને તેમાંથી નીકળતા

* Mass

નિઃસરણ (એમેનેશન) વગેરેનો અભ્યાસ ઘણો જ રસમય અને ઉપયોગી છે. ૧૮૯૬ થી ૧૯૦૨ ના વર્ષોમાં આ સંબંધી મુખ્ય શોધખોળ થઈ હતી. તેમાં મારામ કયુરી નામના સ્ત્રી વૈજ્ઞાનિકને હાથે થયેલી રેડિયમ તત્ત્વની શોધ એ અથાગ મહેનત અને બારીક નિરીક્ષણનું પરિણામ હતું. ત્યારપછી રેડિયમમાંથી નીકળતા નવા પદાર્થો તત્ત્વોની શોધ પ્રતિવર્ષે થતી આવે છે. રેડિયમમાંથી ઉત્પન્ન થતા પદાર્થોમાં વાયુમય નિઃસરણો ઘણાં જ અજાયબીનાં છે. આ વાયુમય નિઃસરણો આલ્ફા, બીટા, ગૅમા કિરણો વગેરે નામોથી ઓળખાય છે; તેમાંથી બે જાતનાં કિરણો ઉપર ઘણુંખરા ધન– અને ઋણ–કિરણોને મળતાં આવે છે. તેમના ગુણો અને વર્તનથી એમ સિદ્ધ થાય છે કે ઋણકિરણો ઋણ વીજાણુઓનાં બનેલાં હોય છે અને ધનકિરણો ધન પરમાણુઓના બનેલા હોય છે. ધનકિરણોમાં હીલિયમ વાયુના પરમાણુ હોય છે એમ સિદ્ધ થયું છે. હવે રેડિયમમાંથી આ પ્રસંગે ઋણ વીજાણુઓ અને હીલિયમની નિષ્પત્તિ થાય છે તે વખતે મોટા રાસાયનિક ફેરફાર થાય છે અને તેમાંથી ઓટલી બધી ઉષ્મા નીકળે છે કે જે લાગ્યે બીજા કોઈપણ રાસાયનિક કાર્યમાં ઉદ્ભવતી હોય; આ રેડિયમમાંથી નીકળતાં તત્ત્વોનો અને સ્વતઃ રેડિયમ જે બીજાં તત્ત્વોમાંથી બની શકે છે તેમનો સંબંધ ઘણો જ વિચક્ષણ છે; યુરેનિયમ નામના મૂળતત્ત્વમાંથી નવાં મૂળતત્ત્વો બને છે એ બધના રસાયનશાસ્ત્રના સાધારણ સિદ્ધાન્તોથી તદ્દન નવા જ પ્રકારની છે. સર વીલિયમ રૈમ્સેએ જ્યારે રેડિયમમાંથી હીલિયમ ગૅસ બને છે એ શોધ કરી, ત્યારે તેને એક તત્ત્વમાંથી બીજું તત્ત્વ પેદા થાય છે એ વિચાર જ ઓટલો બધો વિપ્લવમય લાગ્યો હતો કે તે શોધ ફરી ફરીને તપાસીને ખાત્રી કર્યા પછી જ બહાર પાડી હતી. હવે આ ઘટનાઓની સમજૂતી સારી રીતે મળી ગઈ છે અને રેડિયમ અને તે સમૂહનાં તત્ત્વો રચ્યાથી નથી પરંતુ તેમના પરમાણુઓ ચલેલાઈથી

વિભાજિત થઈ શકે છે એમ મનાય છે. આ પરમાણુભંગવાદ બધી જાણીતી બાતમીની સમજૂતી આપી શકે છે. રેડિયમ સમૂહનાં તત્ત્વોના પરમાણુઓમાંથી એકાદ પરમાણુ દરેક કલાકમાં વિભાજિત થાય છે; આ વિભાજનમાં ઘણી જ ઉષ્માશક્તિના આવિર્ભાવની સાથે હીલિયમ નામનો વાયુ છૂટો પડે છે અને તેની સાથે નવાં તત્ત્વો બને છે. હીલિયમનો પરમાણુભારાંક ૪ છે, અને હીલિયમના એક અયના બે પરમાણુ છૂટા પડવાથી નવાં તત્ત્વોનો આવિર્ભાવ થાય છે તે નીચે પ્રમાણે દર્શાવી શકાય:

હીલિયમના બે અણુ=૮	હીલિયમનો એક અણુ=૪	હીલિયમના ચાર અણુ=૧૬
યુરેનિયમ, ૨૩૮.૫ — આયોનિયમ ૨૩૦.૫	રેડિયમ, ૨૨૬.૫	પોલોનિયમ— ૨૧૦.૫

નવાં તત્ત્વોની નીચે તેમના પરમાણુભારાંક દર્શાવવામાં આવ્યા છે અને તે દરેકની વચ્ચે ચાર અયના ચારના ગુણાકાર જેટલું અંતર રહે છે. એમ જાણવામાં આવી છે કે રેડિયમનું અમુક વજન આવી રીતે આઠ હજાર વર્ષમાં અડધું થઈ જશે. તે દરમિયાન તેમાંથી અમર્યાદિત શક્તિનો આવિર્ભાવ થઈ જશે અને તેમાંથી કેટલાએક નવા પદાર્થો અને તત્ત્વો નીપજશે! રેડિયમમાંથી હીલિયમ અને ત્રાંબું બને છે એ ઘટના બધી જ આશ્ચર્યજનક ગણી શકાય. ત્રાંબામાંથી રૂપું, અને રૂપામાંથી સોનું, અને પારામાંથી સોનું બનાવવાને પારસમણિ શોધવાને કીમિયાગરો અનેક દેશોમાં હજારો વર્ષોથી નિષ્ફળ મહેનત કર્યા કરે છે; પરંતુ રેડિયમનાં સ્વયંભૂ રૂપાંતરો જોઈને કીમિયાગરીની શક્યતા વિષે કાંઈક આશા ઉપજી છે. પારાના અને સોનાના અણુભારાંકમાં બહુ ફેર નથી. પારદના પરમાણુભારાંક (૨૦૦.૬) અને સોનાના પરમાણુભારાંક (૧૯૭.૧) વચ્ચે કેવલ ૩.૪નો ફેર છે: આ ફેર લગભગ હીલિયમના પરમાણુભારાંક (૪) ના જેટલો છે.

અને તેથી રેડિયમ સમૂહના પરમાણુઓના અમાણે પારદમાંથી સોનું અની શકવાના સંભવ ઓછા નથી. ૧૯૨૬ ની આખરમાં નવી શોધ બહાર આવી હતી કે હાયડ્રોજનમાંથી હીલિયમ પ્રાપ્ત થઈ શકે છે. ૧૯૪૬ માં શોધક પ્રસિદ્ધ થયું છે કે પારાની બારીક ધિમ્મ જેવી બાલણી સપાટી ઉપર અતિગતિમાન ન્યૂટ્રોનોને ફેંકવાથી તેમાંથી સોનું બને છે; આ પ્રમાણે કીમિયાગરોનાં સ્વપ્નાં સાચાં પડ્યાં છે. પરંતુ તે પ્રમાણે સોનું બનાવવાનું બધું જોઈ પડે, અને તે ઉપરાંત અર્વાચીન ભૌતિક વિજ્ઞાનીઓ આ ધંધા કરતાં વધારે અગત્ય દ્રવ્યની રચના સંબંધી જ્ઞાન મેળવવાને આપે છે.

એક તત્ત્વમાંથી બીજાં તત્ત્વોનું રૂપાન્તર થાય છે, એ બનાવને લીધે તત્ત્વની બાબતને મૂળથી જ ફેરવવી પડશે. અને તેના બીજા પ્રકારો પણ છે. એક જ તત્ત્વ જુદાં જુદાં રૂપમાં રહી શકે છે એ આપણે જાણીએ છીએ પરંતુ એક જ પરમાણુભારાંકવાળાં જુદાં જુદાં તત્ત્વો હોઈ શકે છે એ બનાવ પણ બહુ ચિંતવન છે. તદ્ધ્રુથી × અને તદ્ધ્વજની + એ નવી જાતનાં તત્ત્વોની શોધથી દ્રવ્યના બંધારણ અને પરમાણુની રચના વિષે નવું જ્ઞાન પ્રાપ્ત થયું છે. હાયડ્રોજનના સાધારણ ૬ હજાર પરમાણુઓમાં એક જ પરમાણુ બીજા જાતનો હોય છે અને તેના પરમાણુભારાંક એક નહિ પણ બે હોય છે. તેવા જાતે હાયડ્રોજનમાંથી જાતે પાણી બને છે; અને આ જાતે પાણીનો બનતા ૨૦૧૬, ઊકળવાનું બિંદુ ૧૦૧૪, અને ઠરવાનું બિંદુ ૩૮૬—સાધારણ પાણીની બનતા ૧૦૦૦, ઊકળવાનું બિંદુ ૧૦૦૦ ઠરવાનું બિંદુ ૦૦૦ છે તેના કરતાં જુદાં—જુદાં હોય છે અને આ જાતે પાણી પ્રાણીજીવનને નુકસાન કરે છે.

રેડિયમ અને પરમાણુવાદ

રેડિયમની શોધથી પરમાણુવાદ તૂટી જતો નથી. દ્રવ્યના

× Isotope + Isobare

નાનામાં નાના કણ તરીકે અણુની કલ્પના વાયુની ગતિ અને આણ્વતન વગેરેની તપાસમાં ઉપયોગી થઈ છે; તેવી જ રીતે રાસાયનિક તત્ત્વોના નાનામાં નાના કણ પરમાણુ છે એ કલ્પના ઘણી જ ઉપયોગી અને ફલપ્રદ છે. રેડિયમની શોધથી જોવામાં આવ્યું કે આ પરમાણુઓ જે અવિભાજ્ય મનાતા હતા તેમનો આ ધારણાને અપવાદ આપે છે: તે છતાં સાધારણ રાસાયનિક સંયોજનમાં પરમાણુ એ સંયોજનનો એકમ છે અને આ સંયોજનમાં પરમાણુબારીક વિના બીજા અણુઓ થઈ શકે નહિ. વળી રેડિયમ સમૂહનાં અસ્થિર મનાતાં તત્ત્વોના પણ પરમાણુબારીક સુનિશ્ચિત છે. આ પ્રમાણે પરમાણુવાદમાં જરા ફેરફાર થવા છતાં પણ મૂળ સિદ્ધાન્ત કાયમ રહ્યો છે. એટલું જ નહિ પણ રેડિયમ ક્રિયાના અભ્યાસથી પરમાણુની રચના અને પરમાણુના ધારણ વિષે ઘણાયે આગળ વધી ગયા છે. અણુનું કદ એટલું નાનું છે કે તેનો તાગ પણ આપણાથી થઈ શકે નહિ: એક ઇંચનો ત્રીસ કરોડમો ભાગ આપણાથી જોઈ શકાય તો આપણને અણુનો ખ્યાલ આવે. અણુના કરતાં પરમાણુ પણ ઘણા જ નાના હોય અને તેથી તે જોઈ શકાય નહિ. પરંતુ રેડિયમ વાયુના કણો જોઈ શકાય એવી ઘડના રેડિયમ-ક્રિયાની શોધખોળમાં મળી આવી છે. રેડિયમના પરમાણુઓ રેડિયમમાંથી છૂટા પડે છે તે વખતે તેમનામાં ધનવીજનો અંશ હોય છે. આ ધનવીજથી રેડિયમના પરમાણુઓની ગતિનું આપણને ભાન થઈ શકે છે.

ભૌતિકશાસ્ત્રમાં અજબ શોધો થઈ છે. અણુ, પરમાણુ અને વીજાણુની ઉત્પત્તિ, અને બંધારણ સંબંધી અને તેમાંથી પ્રોટોન, ઇલેક્ટ્રોન, મેસોટ્રોન, ન્યુટ્રોન, ડ્યુટ્રોન, વગેરે અત્યંત નવા સૂક્ષ્મકણોની, અને વિશ્વરશ્મિ જેવા નવા પ્રકારનાં કિરણો અને અણુબૉમ્બની શોધ એ પણ વિજ્ઞાનપ્રકરણની શોધો ગણી શકાય.

છેલ્લી શોધો પ્રમાણે દ્રવ્યમાત્ર બે પ્રકારના પરમાણુઓનું બનેલું

છે એમ મનાય છે. તે બંને જડ નહિ પણ ચીજમય હોવાથી હવે દ્રવ્યને જડ કહી શકાય નહિ. દ્રવ્યમાત્રમાં ઘન અને ઋણ બીજ સરખા પ્રમાણમાં હોવાને લીધે આ બીજમય દ્રવ્ય આપણે જડ જેવું લાગે, પણ અંદર તો ધનબીજ વાળો ભાગ, પ્રોટોન અને ઋણબીજ વાળો ભાગ, બીજાણુ—ચેતનમય હોવા છતાં સંપીને રહે છે. પ્રોટોનના કણ પંચમારે ભારે—બીજાણુ કરતાં લગભગ ૧૮૪૩ ગણા ભારે હોય છે. વળી પરમાણુમાં પ્રોટોન અને બીજાણુની ગોઠવણ વિલક્ષણ હોય છે પ્રોટોનના કણ અને અડધા બીજાણુઓના કણ સંઘટિત થઈને મધ્યબિંદુ+માં રહે છે: અને બાકીના અડધા બીજાણુઓ સૂર્યની આસપાસ ફરતા ગ્રહોની માફક ફરતા રહે છે. આ છૂટા બીજાણુઓની સંખ્યા ગણી શકાય છે અને તેના ઉપરથી પરમાણુબારાકની સંખ્યા નક્કી થાય છે. સાધારણ ભારમાં રહેવા કાર્બોરીનની રચના બરાબર એવી છે, તેમાં ૬ પ્રોટોન અને ૬ બીજાણુઓ હોય છે, તેમાંથી ૬ પ્રોટોન અને ૬ બીજાણુઓ સંઘટિત સ્વરૂપમાં ધનબીજ સાથે રહે છે: અને ૬ બીજાણુઓ ઋણબીજ સાથે ફરતા રહે છે. આ પ્રમાણે બધાંયે તત્ત્વોના પરમાણુબારાકની સમજૂતી મળે છે. હવે પરમાણુ-ઓમાંથી મધ્યબિંદુઓ તેમ જ બીજાણુઓને છૂટા પાડી શકાય છે. પણ છૂટા પડતી વખતે તેમાંથી પ્રચંડ શક્તિ ઊપજે છે જેનો ઉપયોગ પરમાણુબૉંબ બનાવવામાં થયેલો છે, અને જેને વધારે લાભકારક રૂપમાં પરિવર્તન કરવાને વૈજ્ઞાનિકો મથે છે. આ પરમાણુશક્તિ હથિયારોમાં અને નાનાસાધનો જેવાં રાહતોના નાશમાં વપરાવાને બદલે ઘરો બનાવવામાં કે રોગનિવારણમાં વાપરવાને માટે આંતરરાષ્ટ્રીય અને દરેક દેશની રાજ્યસરકારો પ્રયત્ન કરી રહી છે. તેમાં સાચાઈના બળથી વિશ્વના કલ્યાણના સાધનોમાં જરૂર થશે જ.

બીજુવિજ્ઞાનનું કાર્ય રોગનિવારણમાં વપરાવાનું શરૂ થયું બધું છે. ફ્લોરિનમ, બ્રોમિનમ, અને આયોડિનમ જેવાં ઘણાં તત્ત્વો-

+ Nucleus

આથી વિભાજનથી નવાં તત્ત્વો બને છે તે વાત તો ઘણા સમયથી જાણીતી છે. પરંતુ બોરોન અને પોટાશિયમ જેવા હલકા આણ્વારોહ વાળાં તત્ત્વોને પણ તોડી શકાય છે. અને વિભાજક શક્તિ કેવળ ત્વરિત ગતિવાળા બીજાણુઓ અને પ્રોટોનમાં જ છે એવું નથી. બે પ્રોટોન અને બે બીજાણુના બનેલા હિલિયમના પરમાણુવાળાં ન્યૂટ્રોન અને બે પ્રોટોન અને બે બીજાણુના બનેલા હિલિયમના કણો પણ આ વિભાજનમાં ઉપયોગી હોય છે. વિભાજનકાર્ય સાઇક્લોટ્રોન નામના નવા અદ્ભુત યંત્રમાં કરવામાં આવે છે. આ યંત્રમાં પારદમાંથી સોનું બની શકે છે પરંતુ તેમ ન કરતાં નવા રેડિયમપ્રેરિત દ્રવ્યો (રેડિયમને બદલે) ઔષધતાલોમાં વાપરવા માટે બનાવવામાં આવે છે. પ્રોટોન, ન્યૂટ્રોન, કે ડ્યૂટ્રોન જેવાં પ્રચંડ શક્તિવાળાં કણોનો પ્રવાહ અમુક વસ્તુઓ ઉપર પડે તો તેમના તત્ત્વમય પરમાણુઓને વિભાજન કરીને રેડિયો-સોડિયમ, રેડિયો-ફોસ્ફરસ, રેડિયો-સોડા, રેડિયો-આયોડીન, રેડિયો-કાર્બન, રેડિયો-હેલ્થમ જેવા રેડિયમ પ્રેરિત ગુણોવાળા પદાર્થો બને છે; કે જેનો કરતાં અત્યંત કીમતી અને ઉપયોગી હોય છે.

દ્રવ્યનું મુખ્ય બંધારણ સૂક્ષ્મતમ બીજાણુથી રચાયેલું છે એ કલ્પના પછી છેલ્લાં બસીસ વર્ષમાં તે જ્ઞાનનો ઉપયોગ અસંખ્ય રીતે કરવામાં આવ્યો છે. આ બીજાણુ ફોડી શકાય છે અને તેની ગતિ અને પ્રવાહનું નિયમન કરી શકાય છે: અને તેના અભ્યાસને માટે ઇલેક્ટ્રોનીક્સ-બીજાણુવિદ્યા નામની વિજ્ઞાનની નવી શાખા બંધાઈ છે. તેનાથી બીજાણુનો પ્રવાહ જ્યાં જ્યાં વપરાય છે એ બધા ધંધામાં મહાપરિવર્તન થયું છે; ક્ષ-કિરણો અલ્ટ્રાકિરણો રેડિયોના વપરાશમાં તો બહુ જ રીતે આવે છે; લઘુતમ× તરંગોવાળા બીજાણુને વાપરીને "રડર" નામના પ્રખ્યાત યુદ્ધસાધનની શોધ થઇ છે કે જેથી દૂર દૂર સુધી આકાશમાં ઊડતા એરોપ્લેનની અને રસ્તે ટ્રેનની ગતિનું જ્ઞાન મળી શકે છે. તેનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે

× Ultra short

જો ઓરેપ્લેનો અને રેલ્વે ટ્રેનોના અકસ્માતો ઓછા થઈ શકે અથવા બંધ થઈ શકે. આવા "રેડર" યંત્રો પૂનાની વૈજ્ઞાનિક્માં બનાવ્યા જ મૂકવામાં આવ્યા છે; અને તેનાથી ૧૦૦૦૦ ફીટ જેટલી ઊંચાઈ સુધી વાદળાંની, બીજાનાં વિમાનોની, વર્ષાની ગતિની માહિતી અને નિરીક્ષણ મળી શકે છે, અને અતિદૃષ્ટિ કે બીજાનાં વિમાનોથી બચવાને માટે સૂચના મેળવી શકાય છે. "બાલસ્ટોન" નામનું પ્લાસ્ટીકનું કાપડ બનાવવામાં, સંરક્ષક કાચ બનાવવામાં, બહારના તાપ વગર ખોરાકને રાંધવામાં, અને ઘેરબંધ ખોરાક બગડી ન જાય તેને માટે બહારથી રક્ષણ કરવામાં, આવા ઉચ્ચમતિવાળા* તરંગો ઘણા ઉપયોગી થઈ પડયા છે. ધાતુઓના ઉદ્યોગમાં પણ વીજાણુવિદ્યા ઘણી ઉપયોગી થઈ પડે છે. ધાતુઓનાં પતરાંની પ્લાસ્ટરમાં, પતરાં જોડવાની અને સાંધવાની ક્રિયામાંથી કાંઈપણ ખોટ ન રહી જાય તેને તપાસવા માટે નવી પદ્ધતિ પ્રમાણે ક્ષ-કિરણોનો ઉપયોગ કરવામાં આવે છે.

પરંતુ સર્વથી વધારે અગત્યનો ઉપયોગ તો વિરાટ-સૂક્ષ્મદર્શક યંત્રની શોધમાં થયો છે. સાધારણ સૂક્ષ્મદર્શક યંત્રમાં વસ્તુઓ પચાસ કે સો ગણી જ મોટી દેખાય છે; અને તેમાં ખાસ યુક્તિથી ૪૦૦ કરતાં વધારે મોટી નથી દેખાતી. પરંતુ તેથી વધારે મોટી વસ્તુઓ જોવાને માટે આપણો સાધારણ પ્રકાશ જ ઉપયોગી થતો નથી: કારણ કે તેમાંથી વધારે વિગતો કાંઈ પણ સ્પષ્ટ દેખાઈ શકાતી નથી. જે પ્રકારથી વસ્તુઓ સૂક્ષ્મદર્શકમાં જોવામાં આવે છે તે પ્રકારની શક્તિ બાદ્દી રાખવા તો જ વસ્તુઓ વધારે દેખી શકાય. બનાવેલાતીત પ્રકાશ નથી આંખે જોઈ શકાતો નથી: પણ તેના ફોટો પરથી જોઈ શકાય છે. તેનો ઉપયોગ કરવાથી ઔષધના બંધારણમાં બાલ સુધીની બારીક વિગતો જોઈ શકાય છે અને ૫૦૦૦ જેટલું મોટું કરવું સિદ્ધ કરી શકાય છે: વળી વીજાણુઓનો ઉપયોગ કરવામાં

* Safety I. High frequency

આવે તો વસ્તુઓ મૂળ કરતાં સો ગણી મોટી દેખી શકાય. આ નવીન જાતનાં યંત્રોથી વસ્તુઓને એટલા નાના રૂપમાં આગળ લાવવામાં આવે છે—સૂક્ષ્મતમ રીતે છૂટી પાડવામાં આવે છે અને એટલું મોટા રૂપમાં વસ્તુઓનું રૂપાંતરથી નિરીક્ષણ થઈ શકે છે કે તેમને ૨૦,૦૦૦, ૪૦,૦૦૦ અને ૬૦,૦૦૦ જેટલા મોટા રૂપમાં જોઈ શકાય છે અને એમ પણ ધારવામાં આવે છે કે ૧,૫૦,૦૦૦ જેટલું મોટું મહદી-કરણ મેળવી શકાય એમ છે. આ વસ્તુઓ કેટલી મોટી દેખાય છે તે જાણવાને માટે એક દૃષ્ટાંત બસ છે. સાધારણ પાતળો ચીનાઈ કાગળ આ સૂક્ષ્મદર્શકમાંથી જોવામાં આવે તો નવ ફૂટ જેટલો જાડો દેખાય! આવી રીતે અદૃશ્ય વસ્તુઓ દૃષ્ટિગત થતા પામી છે. તમારું, દમોરા વગેરેના ઊંડાને નાશ કરનારાં અદૃશ્ય મનાતાં સત્ત્વો-રસી[1] અને પુષ્પકુષ્ઠ-જા તાવના કારણરૂપ અંતિમ સત્ત્વોને, પ્રત્યક્ષ જોવામાં આવ્યાં છે. વળી જંતુઓનો નાશ કેવા રીતે થાય છે અને જંતુવિનાશક દ્રવ્યો કેવી રીતે જંતુઓને મારી નાખે છે તે બધી બાબતનાં આ ચીનાઈ-સૂક્ષ્મદર્શકથી સૂક્ષ્મ ચિત્રો લઈ શકાય છે, અને તેનાં ચિત્રો અને ચિત્રપટો પણ દેખાને માટે રાખી શકાય છે. હજુ સુધી પરમાણુઓ આ યંત્ર મારફત જોઈ શકાયા નથી પરંતુ અણુઓ જોઈ શકાય છે તેનું સારું જ્યોતિર્ગણિત તરફથી કહેવામાં આવ્યું છે. જે અણુમાં વીસ હજાર પરમાણુ હોય તેવા અણુઓનાં ચિત્રો લઈ શકાય છે; પણ તેનાથી બારીક પરમાણુ જોઈ શકાતા નથી, કારણ કે તેમને છૂટા પાડવામાં જે આપણા દ્રવ્યનો નાશ થઈ જાય છે, અને અટકાવવામાં ઘણી હિંમત અને બુદ્ધિ વાપરવી પડે છે. પરંતુ સૂક્ષ્મતમ પરમાણુઓના રૂપષ્ટ દર્શનના દિવસો હવે બહુ દૂર નથી. મનુષ્યની સપાટિત દૃષ્ટિ અને જ્ઞાનસાધનને આવી રીતે ઘણો વિકાસ મળ્યો છે. વિશ્વમાં કરોડો માઈલના દૂરના અંતરમાં વસતા તારાઓ, નિહારિકાનું જ્ઞાન મેળવવાને

[1] virus

માટે વિરાટ દૂરબીનો, અને અત્યંત સૂક્ષ્મજંતુઓ, અણુઓ અને પરમાણુઓના સ્પષ્ટ દર્શન માટે મહાસૂક્ષ્મદર્શકો, વિશ્વની ખહારથી આવતા વિશ્વરશ્મિને પકડીને અભ્યાસ કરી શકાય તેવાં સાધનો, આંખ અને કાનને અગોચર એવાં અતિ દૂરનાં વિમાનોની ગતિ માપવા "રડાર" યંત્રો, એ આ યુગની નવી નવી સિદ્ધિઓએ મનુષ્યના જ્ઞાનની સીમા અને વિશ્વના ભૌતિક બળો ઉપરની નિયંત્રણ-શક્તિ પણ વધારી દીધી છે. વીજાણુઓ તેમજ પ્રકાશનાં કિરણો એ બે મુખ્ય પદાર્થોમાં બે રૂપ જોવામાં આવે છે: એક છૂટું તૂટક રૂપ અને બીજું તરંગનું રૂપ. આ ઉપરથી પ્રકૃતિમાં કણરૂપ અને તરંગરૂપ એ બે રૂપ-દ્વૈતરૂપ-પ્રચલિત છે એમ હવે સ્વીકારાય છે.

ઉપર આપેલા દ્રવ્યના બંધારણ, રૂપ અને ગુણો વિષે નવી હકીકતો મેળવવા છતાં પરમાણુવાદના મુખ્ય સિદ્ધાન્તો બદલાયા નથી. પરમાણુઓની અંદરની રચના ગમે તેમ હોય અને અસ્થિર ગણી શકાય, પરંતુ સાધારણ ભૌતિક રાસાયણિક ક્રિયાઓમાં આ પરમાણુઓ સ્થાયી ગણાય છે, અને રાસાયણિક ક્રિયામાં આ પરમાણુઓના પુંજ જ કામ કરે છે એ સિદ્ધાન્ત હજુ પણ અફર છે. તત્ત્વની વ્યાખ્યામાં જોકે જરા ફેરફાર કરવો પડે છે કે તત્ત્વની અવિભાજ્યતા શાશ્વત હોતી નથી. એટલે કોઈ એક તત્ત્વના પરમાણુઓ અસ્થાયી હોવાને લીધે તેમાંથી બીજાં તત્ત્વો ઉદ્ભવતાં રહે. પરંતુ તે રૂપાંતર થવા પહેલાંના સમયમાં તો તે તત્ત્વના ગુણો સ્થાયી જ હોય છે, અને સાધારણ રાસાયણિક સંયોજનના નિયમને આધીન રહે છે.

*

વિજ્ઞાનના ઇતિહાસનું દિગ્દર્શન (ચાલુ)

સૃષ્ટિના સજીવ અને નિર્જીવ એવા બે વિભાગ પાડીને નિર્જીવ-સૃષ્ટિનું વિજ્ઞાન અને સજીવસૃષ્ટિનું વિજ્ઞાન એમ વિજ્ઞાનના બે ભાગ ગોઠવી પ્રકરણમાં દર્શાવ્યા છે. નિર્જીવસૃષ્ટિના સંબંધી રસાયનશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રના ઇતિહાસ વિષે કંઈક પ્રકરણ પાડવામાં આવ્યું છે; જીવવિદ્યાનો વિભાગ ભિન્ન હોવા છતાં પણ આખરે સમગ્ર વિજ્ઞાન તો એક જ છે, વિજ્ઞાનનો ઇતિહાસ પણ બધા એકત્વ ભાવપણાને ડગલે પગલે બતાવે છે. સરળતાને માટે આપણે જીવવિદ્યાને અને માનસશાસ્ત્રને બીજા ભૌતિકશાસ્ત્રોથી જુદું પાડીએ પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ તો આ બધી શાખાઓ સાથે જ ઉછરતી છે; અને ભિન્ન ભિન્ન વિષયમાં કામ કરનારા વૈજ્ઞાનિકોએ સાથે જ કામ કરેલાં છે. પ્રથમ તો એરિસ્ટોટલ કે લિયોનાર્દો ડ વીન્સી જેવા મહાપુરુષો વિજ્ઞાનનાં બધાં ક્ષેત્રો સાથે જ ખીલવી શકતા; પણ ધીમે ધીમે સમય એવો આવતો ગયો અને વિજ્ઞાનની શાખાઓ એટલી બધી વધતી ગઇ કે દરેક શાખામાં કામ કરનારાઓને સ્વતંત્ર રીતે કામ કરવું પડયું હતું. હાલમાં રસાયનવેત્તાઓમાં પણ ખનિજ રસાયન અથવા શરીરવ્યાપારરસાયન અથવા ઔદ્યોગિક રસાયનના જેવા વિષયમાં કામ કરનારાઓ વચ્ચે સમાગમ અને વિવેચનના પ્રસંગો ઓછા થતા જાય છે. તે છતાં વિજ્ઞાન તો એક જ છે. અને જીવવિદ્યાના ઇતિહાસને જુદો પાડવાથી વિજ્ઞાનની આ એકતામાં ક્ષતિ થતી નથી.

વિલિયમ હાર્વે[૧]

જીવવિદ્યાના મુખ્ય બે વિભાગ પાડી શકાય—વનસ્પતિવિદ્યા અને પ્રાણીવિદ્યા. પ્રાચીન ભારતમાં આ બંને વિષયમાં ઘણી માહિતી એકઠી કરવામાં આવી હતી અને તે વિષે જુદા પ્રકરણમાં ઉલ્લેખ કરવામાં

ચાલ્યો છે. યુરોપમાં પણ ૧૮મા સૈકા સુધી બધું જાતનું જ્ઞાન એકઠું કરવામાં આવ્યું હતું; પરંતુ તે સર્વેને સંકલિત કરીને તેમાંથી તારવેલું દોહન કરીને સાર્વત્રિક સિદ્ધાન્તોની તારવણી બહુ જ મોડી થઈ હતી. ઉત્ક્રાન્તિવાદનું ભવ્ય મંદિર તૈયાર થતાં ઘણો સમય લાગ્યો, પરંતુ તે સમયમાં તૈયારી બહુ જ સંગીન પ્રકારની થઈ. મધ્યકાલીન યુરોપમાં અર્ધશિક્ષા અને મંત્રવિદ્યાનું સામ્રાજ્ય જીવનના દરેક ક્ષેત્રમાં હતું. વનસ્પતિના પાંદડાનો આકાર અથવા ફૂલનો રંગ કે બિયારે બાસ કરીને તેના ઉપયોગ બતાવવાને માટે બનાવ્યો હતો એવી પ્રચલિત માન્યતાને લીધે, તેમ જ રાજકીય અંધાધુંધીને લીધે, વનસ્પતિવિદ્યાના અભ્યાસને માટે બાગબગીચા પણ ન હતા. રાજકીય ક્રાંતિ-પ્રસંગો પછી અને વૈદકમાં વનસ્પતિઓના વધતા ઉપયોગને લીધે, તેમ જ ફળફૂલના વધતા જતા શોખને લીધે, બાગબગીચા વધતા ગયા અને વનસ્પતિવિદ્યાનો અભ્યાસ પણ આપોઆપ વધતો ગયો. ક્રૉપરનીકસ અને ગૅલીલિયોના પ્રયાસથી પૃથ્વી અને સૂર્યના સંબંધ વિષેનું અજ્ઞાન દૂર થયું એટલે તરત જ મંત્રવિદ્યારીઓ અને જૂના પંડિતોની સત્તા તૂટવા લાગી. વૈદકની કળા પણ પાદરીઓ પાસેથી છૂટીને સ્વતંત્ર થઈ. દરેક ગામમાં ગોબરૌલોની મંડળી તરફથી વનસ્પતિઓમાંથી દવા બનાવવાને માટે બાગ રાખવામાં આવતા અને તેમનો એક નાનો બાગ હજુ પણ લંડનની ગીચ વસ્તીમાં છે; એકઠા કામ કરવાને બદલે સમાજ સ્થાપવાનો રિવાજ પડી ગયો હતો, અને લંડનમાં હજામ-સર્જનોનું પણ એક સિન્ડિકેટ હતું. તેમની એક કૉલેજમાં રહનારિક્રમબ્રુનોકસોપક વિલિયમ હાર્વે (૧૫૭૮–૧૬૫૭) અધ્યાપક હતો. શરીરમાં રક્ત ફરે છે એ વાત તો પ્રાચીન સમયથી જાણીતી છે. પરંતુ તે કેવી રીતે ફરે છે, અને તેમાં હૃદયનું શું કાર્ય છે અને લોહી જ રક્ત ફરી ફરીને કઈ રીતે આખા શરીરને

---

૧ Apothecaries ૨ Court of Barber Surgeons

* વધુ માટે જુઓ 'વિજ્ઞાનવિનોદ,' પૃ. ૧૦૧ થી ૧૧૬.

પેરી છે તે શોધ કરવાનું અને તેને માટે અઠ્ઠાવીસ વર્ષ સુધી સતત પ્રયોગો કરી સાબિતી બેસાડવાનું કામ ગેલ્ટના બ્રંત, ધૈર્ય, અને સહાયથી કપુર્ર હતું કે હ્યુગેનું નામ વિજ્ઞાનના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાઇ રહેશે. તેના સમયમાં સૂક્ષ્મદર્શક યંત્ર શોધાયું ન હતું તેથી બારીક કૃમિઓ જેની મારફત ધમનિ અને શિરાઓમાંના રક્તને વિનિમય થાય છે તેની પ્રત્યક્ષ સાબિતી તેનાથી થઇ શકી ન હતી. પણ માલપીધી (૧૬૨૮–૧૬૯૪) નામના ઇટાલિયન વૈજ્ઞાનિકે આ કામ સિદ્ધ કર્યું હતું. માલપીધીએ સૂક્ષ્મદર્શકની મારફત્ત માછલી અને વનસ્પતિની અંદરની રચના અને શરીરના વ્યાપારનો અભ્યાસ કર્યો હતો. અને શરીરરચનાશાસ્ત્ર તેમ જ શરીરવ્યાપાર-શાસ્ત્રના મૂલસ્તંભ રોપ્યા હતા.

લીનિયસ

વનસ્પતિવિદ્યા અને પ્રાણીવિદ્યા બંનેમાં સંપાદન કરેલા જ્ઞાનમાં તે સમયમાં વ્યવસ્થા કે નિયમ નહોતાં; અને તે લાવવાનું માન કૅરોલસ લીનિયસ (૧૭૦૭–૧૭૭૮) નામના સ્વીડ વૈજ્ઞાનિકને ઘટે છે. પરિભાષા અને વર્ગીકરણ સંબંધમાં તેણે ઘણું નવું કામ કર્યું હતું અને કેટલાએક વર્ષની મહેનત પછી નવી વર્ગીકરણની પદ્ધતિ બહાર પાડી હતી. પહેલાં તો વૈજ્ઞાનિક સંજ્ઞા નક્કી હતી જ નહિ. એક વનસ્પતિનું નામ લખવું હોય તો તેનું સંપૂર્ણ વર્ણન લખવું પડતું. તેને બદલે લીનિયસે જાતિ અને ઉપજાતિથી ઓળખાવવાની પ્રથા પાડી. "બિલ્લી વાઘ તણી માસી" એ જૂની કહેવત બિલાડી અને વાઘનો સંબંધ દર્શાવે છે; સિંહ, વાઘ અને બિલાડી એ એક જ જાતિની ઉપજાતિઓ છે એ દર્શાવવાને માટે તેમનાં નામ અનુક્રમે "ફેલીસ લીઓ," "ફેલીસ પાર્ડસ" અને "ફેલીસ ડુમેસ્ટિક" એમ પાડવામાં આવ્યાં. આ પ્રમાણે વનસ્પતિઓનાં નામ પણ નિશ્ચિત કરવાથી તે વિષયમાં કામ કરનારાને ઘણી સુગમતા પ્રાપ્ત થઇ. લીનિયસની વર્ગીકરણની પદ્ધતિમાં ફક્ત લિંગભેદ ઉપર

આધાર રાખવામાં આવ્યો હતો, પરંતુ વનસ્પતિનાં ફલ, બીજ, પુષ્પસરની રચના ઉપરાંત સાધારણ રચનાના બીજા પણ લક્ષમાં રાખવા જોઇએ એ દૃષ્ટિએ લીનિયસની પદ્ધતિમાં પાછળથી ફેરફાર કરવા પડયા છે. પરંતુ એ નવા વર્ગીકરણની ઇમારત લીનિયસે રચેલા પાયા ઉપર જ બંધાઈ છે એટલું સ્વીકારવું પડશે. લીનિયસે વનસ્પતિની શોધ માટે લપ્સાંડ દેશ સુધી છેક ઉત્તરમાં મુસાફરી કરી હતી; અને તેથી તેણે પ્રાણીઓનાં વર્ગીકરણમાં પણ સારી પ્રગતિ કરી હતી. દેશદેશના મનુષ્યોની ઉપજાતિઓના અનુભવને લીધે તેણે મનુષ્યનું વર્ગીકરણ બીજાં પ્રાણીઓની સાથે કર્યું હતું; અને બંકિડાને અને મનુષ્યને એક જ વર્ગમાં મૂકયા હતા. પરંતુ તેનો સમકાલીન બુફૉ (૧૭૦૭–૧૭૮૮) નામનો ફ્રેન્ચ વૈજ્ઞાનિક મનુષ્યને પ્રાણીની જાતમાં મૂકતાં અચકાતો; તેમ છતાં બુફૉના વિશાળ અનુભવ અને તીક્ષ્ણ બુદ્ધિને લીધે એકવાર તેનાથી કહેવાઈ ગયું કે 'જો બાઇબલના સ્પષ્ટ શબ્દો વચ્ચે આવતા ન હોત તો ગોરિલા અને ચિમ્પાંઝી, મનુષ્ય અને બંકિડું, એ જાતિઓનું એક જ હોવું જોઇએ એમ માનવાને મન સાચું ઠેરે છે.' પરંતુ આ શબ્દો તેને પાછા ખેંચી લેવા પડયા હતા। બાઇબલની સત્તા તે સમયમાં પણ કેટલી હતી તેનો ખ્યાલ આ ઉપરથી આવી શકે છે.

ઉત્ક્રાન્તિવાદ

બુફૉએ રચેલા પ્રાણીવર્ણનના ઉપરથી કુવિયર (૧૭૬૯–૧૮૩૨) પ્રાણીનું વર્ગીકરણ વધારે અજમાયત પાયા ઉપર મૂકયું. પૃથ્વીના પ્રાચીન સ્તરોમાં મળી આવતા પ્રાણીઓના અવશેષોનો ખાસ અભ્યાસ કરીને તેણે પ્રાણીવિદ્યામાં નવું દૃષ્ટિબિંદુ ઊભું કર્યું. પ્રાણી-અવશેષવિદ્યાના અભ્યાસથી, વિદ્વાનોની ખાતરી થતી ગઇ કે બાઇબલમાં વર્ણવેલો સૃષ્ટિક્રમ કોઇ પણ રીતે વિશ્વસનીય નથી. અમેરિકાની શોધને લીધે, અને મુસાફરોએ દેશવિદેશમાંથી આણેલા

પ્રાણીઓ, વનસ્પતિઓ, અને તેમનાં અવયવોના અભ્યાસથી આદિપ્રકારથી સ્વતંત્ર સૃષ્ટિક્રમ તૈયાર કરવાની આવશ્યકતા દિનપ્રતિદિન દૃઢ થતી ગઈ. આદિપ્રકારના વિચાર પ્રમાણે તો જલપ્રલય પછી બાકી રહેલાં પ્રાણીઓ ફક્ત નોઆની બોટમાં રહેલાં હતાં; તે સિવાયનાં બીજાં પ્રાણીઓની શોધ થવાથી એ વિચાર હાસ્યાસ્પદ બન્યો. તે છતાં પ્રાણીઓની જાતિઓની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે વિષે કંઈ સંતોષકારક ઉત્તર ન મળવાથી સમાજનું વલણ આદિપ્રકારને ઉત્પત્તિક્રમ સ્વીકારવા તરફ હતું. પ્રાણી અને વનસ્પતિની જાતિઓ કેવી રીતે ઉત્પન્ન થાય છે અને તે જાતિઓમાં કેવી રીતે ફેરફાર થાય છે એ સંબંધી ઉત્તર મેળવવો એ વિવેચનાત્મક જીવવિદ્યાનો મુખ્ય અને કૂટ પ્રશ્ન હતો. જીવવિદ્યાના વર્ગીકરણવિભાગ અને ઝીંકરજ્જુવિભાગના કરતાં આ પ્રશ્ન પંદરે અગત્યનો ગણાતો હતો. તેનો ઉત્તર આપણને એક શબ્દમાં અત્યારે મળી રહે—ઉત્ક્રાન્તિવાદ.* એક જાતિમાંથી બીજી જાતિ ઉત્ક્રાન્ત થાય છે એ સ્થાપનારે, અને દરેક જાતિને સ્વતંત્ર રીતે બનાવવી પડે છે એ કલ્પનાને બોટી ઠરાવનાર સિદ્ધાન્તનું નામ ઉત્ક્રાન્તિવાદ. આ ઉત્ક્રાન્તિવાદનો ઇતિહાસ બોધપ્રદ, અને વિજ્ઞાનની સમજૂતીને માટે આવશ્યક છે.

ઉત્ક્રાન્તિવાદની પ્રાચીનતા

એક જાતિમાંથી બીજી જાતિ ઉત્ક્રાન્ત થઈ શકે છે એ કલ્પના ભારતીય તત્ત્વજ્ઞાનમાં અપરિચિત નથી. આદિપ્રકારની પેઠે હિન્દુ-શાસ્ત્રોમાં સૃષ્ટિ સાત જ દિવસમાં થઈ એવો આગ્રહ નથી: પણ ઈશ્વર બહુ સ્થાયી એ વિચાર પરથી જ સૃષ્ટિનો આવિર્ભાવ થાય છે, અને હિરણ્યગર્ભમાંથી એક પ્રકારનાં વનસ્પતિ, પ્રાણીઓ ઉત્ક્રાન્ત થાય છે. મનુષ્યનો આત્મા બીજાં પ્રાણીઓના

* આ શબ્દને બદલે ગુજરાતીમાં વિકાસવાદ અયોગ્ય લાગે છે. વેલ વિકસે છે, ફાલે છે, પરંતુ એક જાતિમાંથી બીજી જાતિ વિકસતી નથી પણ રૂપાંતર પામે છે; ઉત્ક્રાન્ત થાય છે-ચડે છે.

આત્મા કરતાં ભિન્ન પ્રકારનો નથી તેથી મનુષ્યને માટે પ્રયાસ દ્વારા ઈશ્વરપ્રાપ્તિની આવશ્યકતા નથી, વગેરે વિચારસંકલનામાં અર્વાચીન ઉત્ક્રાન્તિવાદના અંશો જોઈ શકાય છે. ચોરાસી અવતારોમાં કપિનો, તેમ જ ચોથીથી સાત યોનિમાં થઈને જ મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ થાય છે એ કથન આવ્યું, અને હિન્દુમતના પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિ અને લયના કાળની ચિરકાલતા, એ સર્વે માન્યતા અર્વાચીન વૈજ્ઞાનિક વિચારોને પોષે છે. કોક તત્ત્વવેત્તાઓએ પણ અમુક જાતના ઉત્ક્રાન્તિવાદનું નિરૂપણ કરેલ છે: ઓરિસ્ટોટલને એવો મત હતો કે જાતિઓનું રૂપાંતર હમેશ ઉચ્ચતર દિશામાં થાય છે. અને નિકૃષ્ટ સૃષ્ટિમાંથી સહજ વનસ્પતિ, પ્રાણી અને આખરે મનુષ્યજાતિ નિર્માણ થાય છે. આ મતની સાથે તૈત્તિરીય ઉપનિષદના કથન પૃથિવ્યા ઔષધયઃ। ઓષધિભ્યોઽન્નમ્। અન્નાત્પુરુષઃ। એવા ભાવના જોવા છે. અર્થાત્ જે તેમાં બાહ્યાર્થની પેઠે ઓકદમ બધી જાતિઓ સાથે ઉદ્ભવતી નથી પરંતુ ધીમેધીમે ઉત્ક્રાન્ત થાય છે એ વિચાર સમાવેલો છે; આ પ્રમાણે અનેક પ્રાચીન ગ્રન્થોમાં આ ઉત્ક્રાન્તિવાદના બીજરૂપ વિચારો મળી આવે છે. અનેક તત્ત્વવેત્તાઓ પણ આ વિષે ઉલ્લેખ કરતા આવ્યા છે. અને એક દૃષ્ટિએ અર્વાચીન ગણતી આધ્યાત્મવાદીઓની કાર્યપ્રણાલી. સિદ્ધાન્તની બાજુએ આ ઉત્ક્રાન્તિવાદ અત્યંત પ્રાચીન છે એમ કહી શકાય, પરંતુ આ ઉત્ક્રાન્તિવાદને અર્વાચીન દૃષ્ટિએ તપાસીને, અને અર્વાચીન વિજ્ઞાનની પદ્ધતિને આવશ્યક લાગતાં પ્રમાણો ઉભાં કરીને, અર્વાચીન રૂપમાં સિદ્ધ કરવાનું માન ડાર્વિન અને તેના અનુયાયીઓને ઘટે છે.

આકાશ કૃષિ ગોઠે

આ જાતની વિચારસરણીને તે પ્રકૃતિ કરતાં દરેકના દરેક પ્રત્યેકમાં પ્રતિબિંબ, પ્રમાણ કરિ ગોઠે અને કહ્યું આ જાતનાં સમાન કોઈ પ્રાણીઓનો, એમના હાથે સહજ-સહજ વિકાસ કરવાનું કહ્યું કરી. પ્રકૃતિ

* theory of relativity

ગ્રૂપે-સરે પણ તે વિચાર ઉપર તેના પુસ્તકમાં ખાસ ભાર દીધો હતો. પણ તે બધાની વિસ્તારસંકલના પ્રયોગ અને નિરીક્ષણ ઉપર રચાયેલી નહોતી. ગોઇટેનું નામ કવિ તરીકે પ્રસિદ્ધ છે, પરંતુ તેણે કવિતાની ઓછ દીકરી પણ લખી ન હોત તો તેના એક વૈજ્ઞાનિક પુસ્તકથી તેનું નામ ચિરસ્મરણીય રહેત થયા પુસ્તકનું નામ "શરીર વિભાગનું રૂપાંતર" (મેટામોરફોસિસ ઑફ પાર્ટ્સ); તેમાં દર્શાવેલા સિદ્ધાન્ત અપ્રતિમ અને ચમત્કારિક ગણી શકાય. કૂલના સર્વ ભાગ સાધારણ પાંદડામાંથી રૂપાંતર પામેલા છે. કૂલના બાહ્યકોશ, રંગીત પાંદડીઓ, પુંકેસર, સ્ત્રીકેસર વગેરે સર્વ વિભાગો મૂળ સાધારણ પાંદડામાંથી જ અસંખ્ય પેઢીઓના ઉતારા પછી રૂપાંતર પામેલા છે; તેવી જ રીતે સપૃષ્ઠવંશી પ્રાણીઓનું માથું અને ખોપરી કરોડના છેવટના હાડકામાંથી પરિવર્તન થઇને રૂપાંતર પામેલા છે; અને તે પ્રમાણે હાલમાં દેખાતી વનસ્પતિ અને પ્રાણીઓની અસંખ્ય જાતિઓ મૂળ થોડીએક પિતૃજાતિમાંથી ઉદ્ભવી હશે. આ વિચારોમાં કવિતની કલ્પનાશક્તિનું પ્રાબલ્ય જણાય લાગે છે, પરંતુ તેમાંના ઘણા વિચારો અત્યંત નિરીક્ષણથી ભરા પડયા છે.

ઇરેસ્મસ ડાર્વિન

ગોઇટેના જેવો જ અભિપ્રાય એક અંગ્રેજ કવિ, તત્ત્વવેત્તા અને વૈદ્યાનિક ઇરેસ્મસ ડાર્વિને દર્શાવ્યો હતો. "બોટેનીક ગાર્ડન-વનસ્પતિનો બાગ" અને "ટેમ્પલ ઑફ નેચર-પ્રકૃતિનું મંદિર" એ બે લાંબા કાવ્યોમાં તેણે ઉત્ક્રાન્તિવાદની ઝાંખી કરાવી છે. પ્રાણીઓનાં રૂપાંતર (જેવું કે માછલી કૂપ-ટેડપોલ-બેડકનું દેડકાનું રૂપાંતર), ઘોડા, કૂતરા, ઘેટાંની જાતિમાં કૃત્રિમ રીતે ઉછેરવાથી થતાં રૂપાંતરો, હવામાન અને ઋતુઓને લીધે થતા ફેરફારો, અને બધાં ગરમ લોહીવાળાં પ્રાણીઓની શરીરવ્યવસ્થાની એકરૂપતા-આ બધી કારણકૂટમાલાથી એમ અનુમાન થઈ શકે છે કે તે સઘળાં એક જ પિતૃજીવમાંથી ઉદ્ભવ્યાં હશે.

* Calyx

લેમાર્ક

પરિસ્થિતિને લીધે આકૃતિઓ અને વનસ્પતિઓનાં રૂપાંતર થાય છે, અને રૂપાંતરોનો પેઢીદરપેઢી વારસો જાતિઓનાં રૂપ પણ બદલાય છે, એ સિદ્ધાન્ત લૅ માર્કે પણ ૧૮૦૯ માં પ્રસિદ્ધ કર્યો હતો. સાધારણ વ્યક્તિમાં આ રૂપાંતર થાડું જ જોવાથી જલદીથી દેખી શકાતું નથી. પરંતુ પરિસ્થિતિ અને હવામાનને લીધે આખી જાતિની ટેવ અને રીતરિવાજ, આકાર વગેરે બદલાઈ જાય છે; અને તેમના કેટલાએક અવયવો બદલાય છે, નાના મોટા થાય છે અથવા તો નષ્ટ થાય છે. ઊંટ અને જિરાફની ગરદન લાંબી થવાનું કારણ આવું જ છે. પ્રાચીન કાળમાં તેમના પૂર્વજોને ઊંચાં ઊંચાં વૃક્ષો ઉપરથી પાંદડાં ખાવાને માટે તેમની ડોક લાંબી કરવી પડતી; અને ઘણા સમયના પ્રયાસથી આ લાંબી થયેલી ડોક, પેઢી-ઉતારને લીધે વધારે ને વધારે લાંબી થતી ગઈ. લૅ માર્કને આ પેઢી-ઉતાર સંબંધમાં પ્રયોગાત્મક સાબિતી મળી ન હતી તે છતાં તે સિદ્ધાંત વિષે પોતાની ખાત્રી થઈ હતી; અને બીજા જીવવેત્તાઓની સામે પોતાના વિચારોનો બચાવ કરવાને તત્પર હતો.

ઇઝ્યૂર જ્યૉફ્રૉય

આ અરસામાં જૉફ્રૉય સેંટ હિલેર, અને જ્યૉર્જ કૉમ્બસ નામના વિદ્વાનો ઉત્ક્રાન્તિવાદ માટે તૈયારી કરતા હતા. પરિસ્થિતિથી આકૃતિઓની બદલાય અને જાતિનાં રૂપાંતર થાય છે એ વિચાર તેમણે પોતાનાં પુસ્તકોમાં સ્પષ્ટ કર્યો હતો. લગભગ તે જ સમયમાં ઇઝ્યૂર જ્યૉફ્રૉય પણ ઉત્ક્રાન્તિવાદનું સમર્થન તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કરી રહ્યો હતો. આ પ્રમાણે બાપદાદાને ઓમ લાગે કે દાદીને ઉત્ક્રાન્તિવાદ પહેલાં ૧૮૪૪ માં પોતાના મનમાં નિશ્ચિત કર્યો, અને ૧૮૫૮ માં પ્રસિદ્ધ કર્યો તે પહેલાં તેને માટે ચૂપચાપ ભૂમિકા તૈયાર કરવામાં રહ્યો હતો; એક રીતે એ વાત ખરી છે. પરંતુ દાદીને પહેલાંના બાપ

તત્ત્વવેત્તાઓ અને વૈજ્ઞાનિકોની વિચારપદ્ધતિ અપૂર્ણ હતી અને તેમની કારણમીમાંસામાં ત્રુટિઓ ઘણી હતી.

ચાર્લ્સ ડાર્વિન

ચાર્લ્સ ડાર્વિન (૧૮૦૯-૧૮૮૨) એક ધનવાન અને પ્રતીષ્ઠિત ડૉક્ટરનો પુત્ર હતો. તેને ધન, ઉપરાંત (દાદા દાદી, પિતા માતા એ બારે તરફથી) વૈજ્ઞાનિક બુદ્ધિ અને તીવ્ર વિવેચકશક્તિનો વારસો મળ્યો હતો. એટલામાં "બીગલ" નામના એક સરકારી વહાણમાં વૈજ્ઞાનિક તરીકે તેને એક બોડા પગારવાળી પણ સારી જગ્યા મળી. ૧૮૩૧ થી ૧૮૩૬ સુધી દક્ષિણ અમેરીકા, પેટાગોનિયા, ચિલિ, પેરૂ વગેરે દેશોની બધી જાતની માપણી × કરવામાં તેણે આ વહાણમાં મુસાફરી કરી. આવી રીતે મુસાફરી કરવાથી ડાર્વિનના બીજા મિત્રોએ (હુકરે ૧૮૩૯ માં અને હક્સલીએ ૧૮૪૬ માં) પણ જ્ઞાન અને કીર્તિ સંપાદન કર્યાં હતાં, અને આ અનુભવ એ ત્રણે વૈજ્ઞાનિકોને તેમના જીવનમાં અનેક રીતે ઘણો જ ઉપયોગી થયો હતો. "બીગલ" ઉપરની મુસાફરીમાંથી પાછા આવ્યા પછી બોડા સમયમાં ડાર્વિને આલ્યસની વસ્તી વિષેનો નિબંધ વાંચ્યો. માલ્થસના અભિપ્રાય પ્રમાણે સૃષ્ટિમાં જીવનકલહ એટલો બધો તીવ્ર છે કે જો દુકાળ, રોગ અને યુદ્ધથી મનુષ્યોનો નાશ ન થાય તો મનુષ્યની વસ્તી એટલી બધી વધતી જાય કે જીવનનાં સાધનો મળવાં મુશ્કેલ થઇ પડે. આ સિદ્ધાન્ત ઉપરથી ડાર્વિનને સૂઝયું કે પોતે પણ નિરીક્ષણ કરેલી જાતિઓમાં આ જીવનકલહમાંથી બચવાને માટે જ કાંઇક રૂપાંતર થાય; આ રૂપાંતર અનુકૂલ પ્રકારનું હોય તો જ રૂપાંતરવાળી નવી જાતિની વૃદ્ધિ થાય છે. પણ જો તે પ્રતિકૂલ પ્રકારનું હોય તો તેનો નાશ થાય છે. પરિસ્થિતિને અનુકૂલ રૂપાંતરો જ સ્થાયી રહી શકે છે, અને બીજાં બધાંનો જીવનકલહને લીધે નાશ થાય છે. આ પ્રમાણે યોગ્યતર રૂપાંતરોની પસંદગી થાય

× Survey

છે અને તેથી જ નવી નવી જાતિઓ ઉદ્ભવે છે. આ વિચાર-સરણીના લક્ષને ડાર્વિને વીસ વર્ષ સુધી સતત આ જ વિષયમાં કામ કર્યું; નવી નવી હકીકતો શોધવામાં અને નવા વિચારને માટે નિર્ણાયક પ્રયોગો કરવામાં જ ચાર્લ્સે સમય ગાળ્યો. મુસાફરીનાં વર્ણનો અને પ્રાકૃતિક સૃષ્ટિવિજ્ઞાનનાં પુસ્તકો ઉપરાંત, પ્રાણીઓ વિષે, પાલતુપણાની પરીક્ષણથી વિષે, અને પાળેલાં પ્રાણીઓના ઉછેર વિષે, અને એવા સંબંધ વિષયો ઉપરનાં અસંખ્ય પુસ્તકો તેણે વાંચ્યાં. પ્રાણી ઉછેરનારા અને બીજાઓ ઉપર પ્રશ્નાવલિઓ મોકલીને હકીકતો એકઠી કરી, વનસ્પતિ અને પ્રાણીઓના ભૌગોલિક અને ભૂસ્તરવિષયક સ્થાનનો અભ્યાસ કર્યો; વનસ્પતિનાં બીજ કેવી રીતે દેશ વિદેશમાં ફરે છે અને નવા દેશોમાં નવી વનસ્પતિઓ કેવી રીતે દાખલ થાય છે તે સંબંધી માહિતી મેળવી; પાળેલાં કબૂતરોની જાતિ તૈયાર કરવાને અનેક પ્રયોગો કર્યા. બેહદ સંભાળ અને સૂક્ષ્મતાથી તેણે બધી હકીકતો એકઠી કરી, તેમાંથી તથ્યો જુદાં પાડી, તેમનો પરસ્પર સંબંધ સમજવામાં, અને તેમાંથી યોગ્ય અનુમાનો તારવવામાં ડાર્વિનનું બુદ્ધિકૌશલ્ય અપ્રતિમ હતું; તે છતાં તેની નિર્મળ પ્રામાણિકતા, સત્યને માટેનો જવલંત પ્રેમ, અને શાંત સાત્ત્વિક માનસિક સ્થિતિ આશ્ચર્યજનક હતાં; તેના જેવા સાત્ત્વિક સ્વભાવ અને માનસિક વૃત્તિ વિરલ છે. પોતાના કાર્યમાં કલાકે કલાકે નવી કલ્પના અને નવા સિદ્ધાન્તો રચવા પડતા હતા પણ નવાં તથ્યો તેનાથી વિરુદ્ધ છે એવી તેની ખાતરી થાય તો તે ગમે તેવા સુન્દર અને પ્રિય લાગતા સિદ્ધાન્તોને તજવાને અચકાતો નહિ.

કોલેજ

સન ૧૮૨૮ માં ડાર્વિનના મનમાં ખાતરી થઇ ગઇ કે

ઉપજાતિઓનાં રૂપાંતર થાય છે અને તે નૈસર્ગિક પસંદગીના નિયમ પ્રમાણેઃ તે છતાં હજુ વધારે સાબિતી અને પ્રમાણોની શોધમાં પોતાનોઃ સિદ્ધાન્ત તેણે પ્રકાર પાડ્યો નહિ. બાર વર્ષ પછી તેના મિત્રોએ તેના અન્વેષણના પરિણામો વિષે પુસ્તક પ્રકાર પાડવાનો આગ્રહ કર્યો, તો પણ ફૂલ્યુંતાના આ પૂજારીને પોતાનું કાર્ય અપૂર્ણ લાગ્યું અને હજુ વધારે સમય જોઇશે એમ જણાવ્યા આપ્યો. તે દરમિયાન તેના મિત્ર વૉલેસે આ જ વિષય ઉપર પોતાના વિચારો અને અનુભવ દર્શાવનારો નિબંધ દૂર દેશાવરથી ડાર્વિનના ઉપર મોકલ્યોઃ તેમાં ડાર્વિને પોતાનો સિદ્ધાન્ત સ્પષ્ટ થયેલો જોયો. આવી મોટી શોધના માનમાં નવો ભાગીદાર લેવો એ સાધારણ મનુષ્યને ગમે નહિ. પોતાનો અનુભવ અને સિદ્ધાન્ત વીસ વર્ષ પહેલાંનિ હતો તે પ્રસિદ્ધ કરીને વૉલેસનો નિબંધ દબાવી રાખવાનું પણ કોઈ નાના મનુષ્યને સૂઝ્યું હોત. પણ આ ધર્મસંકટમાં ડાર્વિનને ઉદાર સ્વભાવ પાછો પડે તેમ ન હતોઃ તેણે બધી વસ્તુસ્થિતિ તેના મિત્રો હુકાર અને લ્યલને જણાવીઃ તેમણે જોયો નિર્ણય કર્યો કે વૉલેસ અને ડાર્વિન બંનેના નિબંધ એક જ સાથે લીનિયન સોસાઇટીમાં પ્રસિદ્ધ કરવા. ૧૮૫૮ની જુલાઇની પહેલી તારીખે વૉલેસનો નિબંધ વંચાયો ત્યારે ડાર્વિને પોતાના સિદ્ધાન્તની ટૂંકી નોંધ ૧૮૪૪માં લખી હતી તે, અને તેના એક વૈજ્ઞાનિક મિત્ર ઉપર અમેરિકામાં ૧૮૫૭માં પત્ર લખ્યો હતો તે પણ વંચાયા. ત્યાર પછી દોઢ વર્ષ પછી ડાર્વિનનું "ઉપજાતિની ઉત્પત્તિ" વિષેનું પુસ્તક ૧૮૫૯ની આખરમાં પ્રસિદ્ધ થયું.

નૈસર્ગિક પસંદગી

મનુષ્યના અર્વાચીન ઇતિહાસમાં આ પુસ્તકની પ્રસિદ્ધિની તિથિ સુવર્ણાંકિત ગણાશે. આ પુસ્તકનું નામ જરા લાંબું છે છતાં તેનું પણ ડાર્વિનની સ્પષ્ટ શૈલીના નમૂના તરીકે અહીં

